ચોથી શ્રેણી

પુસ્તક ૨૭

બુધવાર, તા. ૨૬મી ઓગષ્ટ, ૨૦૧૫
ભાદ્રપદ ૪, ૧૯૩૭ શાકે

થી

ગુરુવાર તા. ૨૭મી ઓગષ્ટ, ૨૦૧૫
ભાદ્રપદ ૫, ૧૯૩૭ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## સાતમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક ૨૭)** **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**


| **વિષય** | **પાના નંબર** | |
|---|---|---|
| **તા. ૨૬મી ઓગષ્ટ,૨૦૧૫ / ભાદ્રપદ ૪, ૧૯૩૭ શાકે** | | |
| શોકદર્શક ઉલ્લેખ | ૧ | ૧૬ |
| **તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ / ભાદ્રપદ ૫, ૧૯૩૭ શાકે** | | |
| અતારાંકિત પ્રશ્નો | ૧૭ | ૨૩૮ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૨૩૯ | ૨૩૯ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬) | ૨૪૦ | ૨૪૬ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત | ૨૪૭ | ૨૫૦ |
| ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૨૫૧ | ૨૫૧ |
| ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા(સુધારા) વિધેયક,૨૦૧૫ | ૨૫૨ | ૨૫૭ |
| ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૨૫૭ | ૨૫૯ |
| રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪) | ૨૬૦ | ૨૬૦ |
| ગુજરાત વિદ્યુત શુલ્ક(સુધારા) વિધેયક,૨૦૧૫ | ૨૬૧ | ૨૬૨ |
| દાખલ કરવાના બિન સરકારી વિધેયકો | ૨૬૩ | ૨૬૪ |

ભાદ્રપદ ૪, ૧૯૩૭ શાકે
શોકદર્શક ઉલ્લેખ

ગુજરાત વિધાનસભા
બુધવાર, તા. ૨૬મી ઓગષ્ટ,૨૦૧૫
ભાદ્રપદ ૪, ૧૯૩૭ શાકે
સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું
અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદે માતરમ્ રાષ્ટ્રગીતની'' ધૂન વગાડીને કરવામાં આવી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ભરમાં પાટીદારો ઉપર ખૂબજ અત્યાચારો કરવામાં આવી રહ્યા છે. (આ તબક્કે કોંગ્રેસના સભ્યશ્રીઓ દ્વારા જગ્યા ઉપરથી ઉભા થઇને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો તથા બેનરો દ્વારા પ્રદર્શન કરવામાં આવ્યું.) (અંતરાય)

અધ્યક્ષશ્રી : સૌ સભ્યશ્રીઓને વિનંતી છે કે આપ સૌ પોતપોતાની જગ્યા ઉપર બેસી જાઓ અને શાંતિ જાળવો. શોકદર્શક ઉલ્લેખ હોય ત્યારે બીજી કોઇ બાબત હાથ ઉપર લઇ શકાતી નથી એવી આપણી જે પરંપરા છે એ જાળવીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ સભ્યશ્રીઓની લાગણી છે એટલે એના ઉપર ચર્ચા કરવામાં આવે.

શોકદર્શક ઉલ્લેખ
ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડો.એ.પી. જે.અબ્દુલકલામના અવસાન અંગે

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ભારતના પૂર્વ રાષ્ટ્રપતિશ્રી અને સ્વપ્નદ્રષ્ટા વિજ્ઞાની ડો. એ. પી. જે. અબ્દુલ કલામનું ૨૭મી જુલાઇ, ૨૦૧૫ના રોજ ૮૩ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ ડો. કલામનો જન્મ ૧૫મી ઓકટોબર, ૧૯૩૧ના રોજ તામિલનાડુ રાજયના રામેશ્વરમ મુકામે થયો હતો. તેઓશ્રીએ ભૌતિકશાસ્ત્ર વિષય સાથે સ્નાતક સુધીનો અભ્યાસ સેન્ટજોસેફ કોલેજ, તિરુચિરાપલ્લી અને એરોસ્પેસ ઇજનેરીનો અભ્યાસ મદ્રાસ ઇન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, ચેન્નાઇ ખાતેથી કર્યો હતો. આ ઉપરાંત, દેશ-પરદેશની વિવિધ ૪૦ યુનિવર્સિટીઓમાંથી તેમને ડોકટરેટની માનદ ડીગ્રી પણ મળી હતી. તેઓશ્રીએ ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO) અને ભારતીય અંતરીક્ષ અનુસંધાન સંગઠન (ISRO) માં એરોસ્પેસ ઇજનેરી તેમજ સાયન્સ એડમિનિસ્ટ્રેટર તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

૧૯૭૦ થી ૧૯૯૦ના બે દાયકા દરમિયાન એસએલવી-૩ તથા પોલર સેટેલાઇટ લોન્ચ વ્હીકલ (PSLV) પ્રોજેકટને સફળ બનાવવા અંગેની મહત્વની કામગીરી તેઓએ સંભાળી હતી, જેનાથી ભારત વિશિષ્ટ સ્પેસ કલબનું સભ્ય બન્યું. બેલેસ્ટિક મિસાઇલ બનાવવા માટેના પ્રોજેકટ Devill અને પ્રોજેકટ Valiantને સફળ બનાવવામાં તેઓની ભૂમિકા અગ્રેસર રહી હતી. 'મિસાઇલમેન ઓફ ઇન્ડિયા' તરીકે જાણીતા થયેલા ડો. કલામે ઇન્ટીગ્રેટેડ ગાઇડેડ મિસાઇલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (GMDO) ના ચીફ એકઝીકયુટીવ તરીકે 'પૃથ્વી' અને 'અગ્નિ' જેવી બેલેસ્ટિક મિસાઇલ ટેકનોલોજી સફળ બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. તેઓશ્રીએ સંરક્ષણ ક્ષેત્રે સ્વનિર્ભરતા પર ભાર મૂકીને લાઇટ કોમ્બેટ એરક્રાફટ વિકસાવ્યું. તેઓશ્રીએ ભારતને અણુ રાષ્ટ્ર તરીકેનું સ્ટેટસ અપાવવામાં બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું. પોખરણ-૨ અણુ પરીક્ષણના તેઓશ્રી પ્રોજેકટ કો-ઓર્ડીનેટર હતા.

સ્વર્ગસ્થ ડો. કલામે તેમના પુસ્તક 'ઇન્ડિયા ૨૦૨૦'માં ભારતને જ્ઞાન-મહાશક્તિ અને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે પ્રખર હિમાયત કરી હતી. ૧૯૯૭માં સ્વ. ડો. કલામને વૈજ્ઞાનિક સંશોધન અને ભારતની સંરક્ષણ તકનિકીના આધુનિકીકરણમાં તેમણે આપેલ યોગદાન માટે દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારતરત્ન'થી સન્માનવામાં આવ્યા હતા. આ એવોર્ડ મેળવનાર તેઓ દેશના ત્રીજા રાષ્ટ્રપતિ બન્યા. તેઓશ્રીના ૭૯મા જન્મ દિવસે તેઓની જન્મ તારીખ ૧૫મી ઓક્ટોબરને સંયુકત રાષ્ટ્રસંઘે '' વિશ્વ વિદ્યાર્થી દિવસ'' તરીકે જાહેર કર્યો છે. આ ઉપરાંત ભારત સરકારે તેમના ઇસરો અને ડી.આર.ડી.ઓ.માં કરેલા કાર્યો તથા ભારત સરકારના વિજ્ઞાન સલાહકાર તરીકેની સેવાઓ બદલ વર્ષ ૧૯૮૧માં તેમને ' પદ્મભૂષણ' અને ૧૯૯૦માં 'પદ્મવિભૂષણ'થી નવાજ્યા હતા. દેશના વડાપ્રધાનના ચીફ સાયન્ટીફિક એડવાઇઝર તરીકે ડો. કલામે વર્ષો સુધી અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થ ડો. કલામે ૨૫મી જુલાઇ, ૨૦૦૨થી ૨૫મી જુલાઇ, ૨૦૦૭ સુધી દેશના અગિયારમા રાષ્ટ્રપતિ તરીકે અવિસ્મરણીય સેવાઓ આપી હતી અને '' પીપલ્સ પ્રેસિડન્ટ'' તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરી હતી. ભારતના રાષ્ટ્રપતિ પદ પર પહોંચનાર તેઓ પ્રથમ વૈજ્ઞાનિક હતા અને રાષ્ટ્રપતિ તરીકે આંતરરાષ્ટ્રીય પરિષદોમાં અને અનેક દેશોમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓશ્રી રાષ્ટ્રપતિ તરીકેનો કાર્યકાળ પૂરો થયા બાદ ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઓફ સાયન્સ જેવી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા રહ્યા અને ૩૦૦ જેટલા જાહેર પ્રવચનો

કરીને ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન '' What can I give movement'' દ્વારા દેશમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવા દેશના યુવાનોને તેઓએ હાકલ કરી.

સ્વર્ગસ્થ ડો. કલામ તમિલ ભાષાના સારા લેખક અને કવિ હતા. તેઓશ્રીએ ''ઇન્ડિયા ૨૦૨૦'', ''વિંગ્સ ઓફ ફાયર'', ''મિશન ઇન્ડિયા'', ''ઇગ્નાઇટેડ માઇન્ડસ'' જેવા અંદાજે ૨૫ પુસ્તકો લખ્યા છે જે અનેક ભાષાઓમાં અનુવાદિત થયા છે.

જીવનપર્યંત રાષ્ટ્રહિતને જીવનમંત્ર બનાવીને કાર્યરત રહેલા ડો. એ.પી.જે. અબ્દુલ કલામના નિધનથી રાષ્ટ્રને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. ભારતે એક અગ્રીમ હરોળના વૈજ્ઞાનિક ગુમાવ્યા છે. ભારતના મિસાઇલ પ્રોગ્રામના ભિષ્મપિતામહ, સાદગી અને સરળ સ્વભાવ માટે ખ્યાતિ મેળવનાર એવા ડો. કલામના નિધનથી આપણે આજીવન પ્રખર વિજ્ઞાની અને બાળકો તથા યુવા વર્ગે વિજ્ઞાન, ટેક્નોલોજી અને સંશોધન શિક્ષણના પ્રખર માર્ગદર્શક અને પ્રેરણાસ્ત્રોત ગુમાવ્યા છે.

બ્રહ્માંડમાં લીન થઇ ગયેલા ભારતના પનોતા પુત્ર સ્વ. ડો. કલામ અને સ્વપ્નદ્રષ્ટા વિજ્ઞાની અને સાચા રાષ્ટ્રવાદી એવા ભારતમાતાના 'સાચા પુત્ર' અને 'ખરા રત્ન' હતા. તેમણે કરેલા પ્રદાનથી આખો દેશ ઉંડા આદરની લાગણી અનુભવે છે. તેમના અવસાનથી રાષ્ટ્રને ન પુરાય તેવી ખોટ પડી છે.

પ્રભુ સદ્ ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

પૂર્વ અધ્યક્ષશ્રી બરજોરજી કાવસજી પારડીવાલાના અવસાન અંગે

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી બરજોરજી કાવસજી પારડીવાલાનું તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ ૮૪ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પારડીવાલાનો જન્મ ૨૦મી એપ્રિલ, ૧૯૩૧ના રોજ મુંબઇ મુકામે થયો હતો. તેઓશ્રીએ એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી પારડીવાલાએ સાતમી ગુજરાત વિધાનસભામાં વલસાડ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓશ્રીએ ગુજરાત વિધાનસભાનું અધ્યક્ષપદ શોભાવ્યું હતું. તદઉપરાંત વલસાડ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે પણ તેઓશ્રીએ સેવાઓ આપી હતી. તેઓશ્રી સૌમ્ય સ્વભાવના તથા નખશીખ પ્રમાણિક તરીકેની છાપ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ સિદ્ધાંતપ્રિય તેમજ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

૧૩મી ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી રાજેન્દ્રભાઇ પરભુભાઇ પટેલના અવસાન અંગે

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે હાલની ૧૩મી ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી રાજેન્દ્રભાઇ પરભુભાઇ પટેલનું તારીખ ૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ ૬૦ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૧લી જૂન, ૧૯૫૫ના રોજ સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના સુલતાનાબાદ મુકામે થયો હતો. તેઓશ્રીએ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલ હતો તથા ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે તેરમી ગુજરાત વિધાનસભામાં ચોર્યાસી મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવી સમાજના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રી સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક પ્રવૃત્તિઓ તેમજ રમત-ગમત યુવા પ્રવૃત્તિ સાથે ઘણા નીકટથી સંકળાયેલા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

પૂર્વ મંત્રીશ્રી સનતકુમાર મગનલાલ મહેતાના અવસાન અંગે

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી,
મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી સનતકુમાર મગનલાલ મહેતાનું તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ ૯૦ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી મહેતાનો જન્મ ૧૯મી એપ્રિલ, ૨૦૨૫ના રોજ ભાવનગર જિલ્લાના જેસર ગામે થયો હતો. તેઓશ્રીએ બી.એસ.સી. સુધીનો અભ્યાસ કરી અમેરિકાની હાવર્ડ બિઝનેસ સ્કૂલમાંથી એજ્યુકેશન ઇન ટ્રેડ યુનિયન પ્રોગ્રામ વિશે પ્રશિક્ષણ મેળવ્યું હતું તથા સમાજસેવા, પત્રકારત્વ, ખેતમજૂર સંગઠન તેમજ મજૂર પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી મહેતાએ ત્રીજી અને ચોથી ગુજરાત વિધાનસભામાં અનુક્રમે રાવપુરા તથા સયાજીગંજ અને પાંચમી તેમજ છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં વાઘોડિયા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવી પ્રજાહિતના કામો કર્યા હતા. સન

૧૯૭૨–૭૩ તેમજ ૧૯૮૦થી ૧૯૮૫ દરમિયાન ગુજરાત સરકારમાં શ્રમ, નાગરિક પુરવઠો, ગૃહ નિર્માણ, નાણાં, આયોજન, રોજગાર, નશાબંધી, આબકારી વગેરે વિભાગોના મંત્રી પદે રહીને તેઓશ્રીએ બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી મહેતાએ ૧૯૫૮ થી ૧૯૬૦ દરમિયાન મુંબઇ વિધાન પરિષદના સભ્ય તરીકે અને અગિયારમી લોકસભામાં સુરેન્દ્રનગર મત વિસ્તારના સંસદ સભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરી અમૂલ્ય સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી મહેતાએ સરદાર સરોવર નર્મદા નિગમના પ્રથમ અધ્યક્ષ તરીકે યાદગાર સેવાઓ આપી હતી તથા ગુજરાત નાણાં પંચ અને કેન્દ્ર સરકારની જુદી જુદી સમિતિઓના અધ્યક્ષ તરીકે સરાહનીય કામગીરી કરેલ હતી. તેઓશ્રીએ હિંદ છોડો આંદોલન, આરઝી હકુમત, મહાગુજરાત ચળવળ અને દમણ સત્યાગ્રહ વગેરે ચળવળોમાં જોડાઇને સક્રિય ભૂમિકા ભજવેલ હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ ગરીબો, કિસાનો–કામદારોના સાચા શુભેચ્છક, બહુમુખી પ્રતિભા ધરાવતા રાજનીતિજ્ઞ, આર્થિક બાબતોના જાણકાર એવા શ્રમિકોના હક્ક માટે લડતા ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

પૂર્વ મંત્રીશ્રી શંકરભાઇ દેસાઇભાઇ વાઘેલાના અવસાન અંગે

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી,

મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી શંકરભાઇ દેસાઇભાઇ વાઘેલાનું તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૫ના રોજ ૮૨ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી વાઘેલાનો જન્મ ૧લી ફેબ્રુઆરી, ૧૯૩૩ના રોજ ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના ચકલાસી ગામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી વાઘેલાએ એસ.એસ.સી. તથા ડિપ્લોમા ઇન રેડિયો એન્જિનિયરીંગનો અભ્યાસ કરેલ હતો અને ખેતી તથા સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી વાઘેલાએ ત્રીજી ગુજરાત વિધાનસભામાં આણંદ અને પાંચમી તેમજ આઠમીથી બારમી ગુજરાત વિધાનસભામાં ચકલાસી મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે લોકોનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓશ્રીએ ૧૯૭૫–૭૬ તેમજ ૧૯૭૭થી ૧૯૭૯ દરમિયાન ગુજરાત સરકારમાં ગ્રામ્ય ગૃહ નિર્માણ, લઘુ સિંચાઇ, પરિવહન, જેલ અને પાટનગર યોજના વિભાગના મંત્રી પદે રહીને સુંદર કામગીરી કરેલ હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

પૂર્વ સભ્યશ્રી ડો.કાંતિલાલ મણીલાલ પટેલના અવસાન અંગે

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી,

મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ડો.કાંતિલાલ મણીલાલ પટેલનું તારીખ ૪થી એપ્રિલ, ૨૦૧૫ના રોજ ૭૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૪૦ના રોજ મહેસાણા જિલ્લાના ઉંઝા તાલુકાના ઉનાવા ગામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી પટેલે એમ.બી.બી.એસ. સુધીનો અભ્યાસ કરેલ હતો અને તબીબી વ્યવસાય સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે પાંચમી ગુજરાત વિધાનસભામાં ઉંઝા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કલજીભાઇ રત્નાજી કટારાના અવસાન અંગે

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કલજીભાઇ રત્નાજી કટારાનું તારીખ ૧૫મી જૂન ૨૦૧૫ના રોજ ૭૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી કટારાનો જન્મ ૫મી માર્ચ, ૧૯૩૭ના રોજ તે સમયના સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકાના વાઘપુર ગામે થયો હતો. તેઓશ્રીએ ફાઇનલ વર્નાક્યુલર સુધી અભ્યાસ કર્યો હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય અને સમાજ સેવા સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી કટારા સાતમી ગુજરાત વિધાનસભામાં ખેડબ્રહ્મા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા હતા અને આદિવાસી સમાજના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

તા. ૨૯મી ઓગષ્ટ,૨૦૧૫
શોકદર્શક ઉલ્લેખ

પ્રભુ સદ્ ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બેચરભાઇ ખાતુજી બારાના અવસાન અંગે

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બેચરભાઇ ખાતુજી બારાનું તારીખ ૧લી ઓગસ્ટ ૨૦૧૫ના રોજ ૮૨ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી બારાનો જન્મ છઠ્ઠી જાન્યુઆરી, ૧૯૩૩ના રોજ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના નાલસેરી ગામે થયો હતો. તેઓશ્રીએ વર્નાક્યુલર સુધીનો અભ્યાસ કરેલ હતો તથા ખેતીના વ્યવસાય તેમજ સમાજ સેવા સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી બારાએ આઠમી ગુજરાત વિધાનસભામાં ખેડબ્રહ્મા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવી આદિવાસી સમાજના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કાનજીભાઇ રાયાભાઇ તળપદાના અવસાન અંગે

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કાનજીભાઇ રાયાભાઇ તળપદાનું તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજ ૭૭ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી તળપદાનો જન્મ ૧૮મી જાન્યુઆરી, ૧૯૩૮ના રોજ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના રૂપગઢ ગામે થયો હતો. તેઓશ્રીએ બી.એ. સુધીનો અભ્યાસ કર્યો હતો તેમજ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી તળપદા દશમી તથા બારમી ગુજરાત વિધાનસભામાં ધોળકા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા હતા અને સમાજના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સરળ, ઉમદા અને સેવાભાવી સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્તે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

રાજ્યમાં અતિવૃષ્ટિ અને પૂરથી મૃત્યુ પામેલ દિવંગતોનો શોકદર્શક ઉલ્લેખ

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે જૂન-જુલાઇ માસમાં અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, અમદાવાદ, કચ્છ, નવસારી તેમજ અન્ય જિલ્લાઓમાં અતિવૃષ્ટિ અને પૂરના કારણે મૃત્યુ પામેલા તમામ દિવંગતોને પણ હું અંતઃકરણપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેર જીવન સાથે સંકળાયેલા મહાનુભાવો, જે આજે આપણી વચ્ચે નથી એમનો શોકદર્શક ઉલ્લેખ કર્યો છે એમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રેસિડન્ટ અબ્દુલ કલામ એ આજીવન પ્રેસિડન્ટ હતા એવું આપણને લાગે. જે માણસ રાજકીય મહત્વાકાંક્ષા જેને કહેવાય એવા નહીં પણ સરળ, સાદા, સીધા, એમણે સ્વપ્ને પણ વિચાર્યું નહીં હોય કે પોતાને રાષ્ટ્રપતિનું પદ મળશે એવા પ્રેસિડન્ટ અબ્દુલ કલામને પદ્મવિભૂષણ અને પદ્મશ્રી મળેલા અને દેશનો સર્વોચ્ચ એવો ૫૭મો ભારત રત્ન એવોર્ડ એ રાષ્ટ્રપતિ બન્યા પહેલાં એમને મળ્યો હતો. એમના સિવાય બે રાષ્ટ્રપતિઓ એવા હતા એમાં ડો. રાધાકૃષ્ણન્ અને ડો. ઝાકીર હુસેન કે જેમને પ્રેસિડન્ટ બન્યા પહેલા એમની સ્કોલરશીપ, એમની વિદ્વતાના આધારે એમને ભારત રત્નનો ખિતાબ મળેલો. એમને પણ પ્રસિડન્ટ પદ મળ્યા પહેલાં ભારત રત્નનો ખિતાબ મળેલો. બે મહાનુભાવો રાષ્ટ્રપત ડો. રાધાકૃષ્ણન્ અને અબ્દુલ કલામ પૈકી ડો. રાધાકૃષ્ણનનો જન્મ ૫મી સપ્ટેમ્બર એ શિક્ષકદિન તરીકે અને બીજા રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામ એમનો જન્મ ૧૫મી ઓકટોબર એ વિદ્યાર્થી દિન તરીકે એટલે એક રાષ્ટ્રપતિ એવા હતા કે જેમના નામે શિક્ષકદિન આખો દેશ આજે ઉજવે છે અને શિક્ષકો એનું ગૌરવ અનુભવે છે. બીજા રાષ્ટ્રપતિ એવા હતા કે જે વિદ્યાર્થી પ્રિય હતા અને વિદ્યાર્થીઓ વચ્ચે ભાષણ કરતાં કરતાં સ્વર્ગવાસી થયા, એટેક આવ્યો શીલોંગમાં એના આપણે સૌ સાક્ષી છીએ. બન્ને તામિલનાડુના હતા. વિદ્વતા, દક્ષિણ ભારતમાં જે અતિ વિદ્વાન મહાપુરુષો જનમ્યા એમાં રાધાકૃષ્ણન્ અને આપણા અબ્દુલ કલામ સાહેબ એ રામેશ્વરમાં રહિમનો જન્મ થયો એમ કહી શકાય. આવા અતિશય સાદા અને સરળ, જ્યારે ૪૦ જેટલી યુનિવર્સિટીઓએ એમને ડોકટરેટનો ઇલ્કાબ આપ્યો એ યુનિવર્સિટીઓ આજે ગૌરવ અનુભવે કે અમે ડો. કલામને ડોકટરેટનો ઇલ્કાબ આપ્યો છે એવી એમની નામના. એ કેવી રીતે રાષ્ટ્રપતિ બન્યા, બહુ ઓછા લોકોને ખબર હશે. બાજપાઇજી પ્રાઇમ મિનિસ્ટર હતા ત્યારે એમના એડવાઇઝર હતા. વેરી સિમ્પલ મેન. એ વખત કૃષ્ણકાંતનું નામ રાષ્ટ્રપતિ તરીકે લગભગનક્કી હતું પણ એક મુસલમાન રાષ્ટ્રપતિ બને તો સારું આવો જે અભિગમ લગભગ બધી જ પાર્ટીઓનો, બીજેપીએ પણ એ વખતે જે અપનાવેલો એમાં મુલાયમસિંહજી ડીફેન્સ મિનિસ્ટર હતા એટલે એમને અબ્દુલ કલામની વિશેષતાની ખબર હતી, એમણે બાજપાઇ સાહેબને ભલામણ કરી કે આમનું નામ રાખો તો અમે સપોર્ટ આપીશું અને એ રીતે લગભગ ૮૦ ટકા જેટલા મત એમને મળ્યાં. બિનહરીફ થવાની એમની અપેક્ષા હતી પણ સ્વાભાવિક રીતે કોઇ ઇલેકશન બિનહરીફ ન પણ થાય. એ

ભાદ્રપદ ૪, ૧૯૩૭ શાકે
શોકદર્શક ઉલ્લેખ

રાષ્ટ્રપતિ થયા પછી એમના વાળનો પ્રોબ્લેમ આવ્યો. પોતાની વિશેષતા માટે એક સ્ટાઇલીશ હેર સ્ટાઇલ હોવી જોઇએ. રાષ્ટ્રપતિ ભવનના બાર્બરે કહ્યું કે સાહેબ આમાં ફેરફાર કરવો પડે, આપ રાષ્ટ્રપતિ થયા. આમાં કોમ્પ્રોમાઇઝ ના થાય, દેશ અને દુનિયામાં આપના ફોટા આપણે મોકલવા પડશે. તો પણ એમણે એમની સ્ટાઇલ સાથે ક્યારેય પણ કોમ્પ્રોમાઇઝ ન કર્યું, જેવો છું એવો જ હું લાગવો જોઇએ. થોડોક ફરક કોટની બાબતમાં પોતાની સ્ટાઇલ સાથે કરેલો એવા અતિશય સીધા–સાદા રાષ્ટ્રપતિ, હું માનું છું કે છેક સુધી, એટલે કે રાષ્ટ્રપતિ મટી ગયા પછી પણ રાષ્ટ્રપતિ તરીકેનો એમનો વ્યવહાર, લોકો એમને કાયમ રાષ્ટ્રપતિ માને એવા રાષ્ટ્રપતિજીને હું એક નીટના કાર્યક્રમમાં લઇ ગયેલો. નેશનલ ઇન્સ્ટિટ્યુટ ફેશન ટેકનોલોજીમાં એક મોટા મહેમાન તરીકે, એમણે કીધું કે મને સ્ટુડન્ટની વચ્ચે છૂટો મૂકી દો, એમાં કોઇએ વચ્ચે નહિ આવવાનું, એટલો આનંદ એમને વિદ્યાર્થીઓની વચ્ચે મળતો હતો કે હું માનું છું ત્યાં સુધી સ્વર્ગ કરતાય વધારે આનંદ એમને બાળકો અને વિદ્યાર્થીઓની વચ્ચે મળતો હતો અને ગાંધીજી વૈષ્ણવજન હતા. સાચા વૈષ્ણવજન પીડ પરાઇ જાણે રે એવા એક સાચા શિક્ષક, એક સાચા વૈષ્ણવ જે બીજાની પીડ, બીજાની તકલીફ હોય તો પોતાના ગજવામાંથી પૈસા આપતાંય વિચાર ના કરે, કોઇને ખબર ના પડે અને સાદગીનો પર્યાય જેને કહી શકાય એવા અબ્દુલ કલામ સાહેબ એ ભલે કદાચ એક સાચા મુસલમાન હતા. પરંતુ ક્યારેય ધર્મનું વળગણ એમને આડે નથી આવ્યું. બે પ્રાઇમ મિનિસ્ટરમાં અણુબોમ્બના જનક જેને કહી શકાય એવા મોરારજી દેસાઇ વખતે અને બાજપાઇ સાહેબ વખતે, એક જીવતા–જાગતા વૈજ્ઞાનિક, શિક્ષક સાદા–સીધા અને કયારેય અનધિકૃત કાંઇ ના લેવું. રાષ્ટ્રપતિ ભવનમાં પરિવાર આવે. આપણે પરિવાર આવે તો બધો જ ખર્ચો, આમ તેમ, જ્યાં જાય ત્યાં એક જાહેર જીવનની સિસ્ટમ પડી ગઇ છે એમાં એક ઉચ્ચ આદર્શ મારા પરિવારના લોકોને મારા તરફથી કોઇ સરકારી બર્ડન આપવાનો મારો રાઇટ નથી. રાષ્ટ્રપતિ ભવનમાં મહેમાન અંગેનું બિલ પણ એમણે પોતે ભોગવેલું. કેટલું બેલેન્સ હશે? બધાને ખબર છે. કેટલાં કપડાં હશે? એ પણ બધાને ખબર છે. સાદગીનો પર્યાય એવા ડો. અબ્દુલ કલામ એક એવા રાષ્ટ્રપતિ થઇ ગયા કે જેને લોકો માનથી, પ્રેમથી, વન સાઇડ એટ લવ જેને કહેવાય, સામેથી પ્રેમ આપેલો. આ દેશમાં ઓટલો બધો પ્રેમ હું માનું છું ત્યાં સુધી આજ સુધી કોઇને નથી મળ્યો એટલો પ્રેમ એક રાષ્ટ્રપતિના હોદ્દાને મળ્યો, જ્યારે પોતે શીલોંગમાં સ્વર્ગવાસી થયા, એ પણ છોકરાઓને ભણાવતાં ભણાવણતાં, એટલો પ્રેમ લઇને આપણી વચ્ચેથી વિદાય થયા છે.

એવા જ બીજા પૂર્વ અધ્યક્ષ, આ જ ખુરશીમાં બિરાજતા બરજોરજી કાવસજી પારડીવાલા, બહુ ઓછા લોકો હિંમતવાળા હોય છે. પારડીવાલા એવા હિંમતવાળા હતા કે ૧૯૭૪માં નવનિર્માણ એજ્યુકેશન વખતે છોકરાઓને સમજાવવા ગયા ત્યાં ફાયરિંગ થયું. એક ગોળીએ ત્રણ જણને વિંધ્યાં એમાં બે છોકરાઓ મરી ગયા અને પોતાને પણ જમણા હાથમાં ગોળી વાગી અને એ બચી ગયા, આટલા હિંમતવાળા. નસીબ હશે એમનું બચવાનું. ફાયરિંગમાં બે જુવાન છોકરા મરી ગયા અને પારડીવાલા બચી ગયેલા. એવા બરજોરજી પોતે વ્યક્તિગત ખૂબ અત્તરના, સ્પ્રેના શોખીન. બાજુમાંથી નીકળે એટલે સ્પેશ્યલ એમની સુગંધ આવે. ગોગલ્સ પહેરેલા અને સરસ મજાના કપડાંના શોખીન એવા પારડીવાલા સાહેબ એ સીધા–સાદા પ્રમાણિક. જીવ્યાં ત્યાં સુધી પારસી સમાજના લગભગ ૪૦ વર્ષ સુધી એ પ્રમુખ રહ્યા. પારસીઓ ઉદવાડામાં ઉતરેલા અને એ પારસી લઘુમતિ કોમ. ઘણી વખત આપણે કાસ્ટ કોમ્બિનેશનમાં પસંદ કરીએ કે આ કોમ છે અને આને મૂકો તો સારું. આ જીતે અને આ હારે. પારસી કોમ નગણ્ય ૧૦૦–૨૦૦ મત પણ ના હોય અને છતાં એ માણસ જીતે અને જીત્યા પછી અહીં અધ્યક્ષની ખુરશીમાં બિરાજે એવા પારડીવાલા સાહેબ એમના એક પુત્ર હાઇકોર્ટમાં જજ છે. એમની બે પુત્રીઓ હતી. બહુ સીધા–સાદા સરળ અતિશય પ્રમાણિક એવા પારડીવાલા સાહેબ પણ આપણી વચ્ચે નથી.

એવા જ આપણી વચ્ચે બેસનારા ધારાસભ્ય ભાઇશ્રી રાજેન્દ્રભાઇ દુબઇ ગયા હશે અને ડેગ્યુનો એમને ચેપ લાગ્યો હશે. ગુજરાતમાં પુરી સેવા નહિ થઇ શકી માટે એમને સુરતથી મુંબઇ લઇ જવા પડયા. રેર, મુંબઇમાં પણ ડેગ્યુંના દર્દનો સામનો ફેઇસ કરવો જોઇએ એમનું શરીર નહિ કરી શકયું અને બહુ સીધા–સાદા સરળ સામાન્ય માણસ. કોળી પરિવારના શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા એવા રાજેન્દ્રભાઇ પણ ડેન્ગ્યુની સામે લડતાં લડતાં મુંબઇમાં એમનું અવસાન થયું એ પણ આપણી વચ્ચે નથી.

સદગત સનત મહેતા ભાવનગરમાં ભલે જન્મ્યા હોય પણ જન્મે સમાજવાદી એ માણસને સમજણ આવતાની સાથે જ જાહેર જીવનનો ચસકો, એટલે કે આર. જી. હકુમત ૧૯૪૭–૪૮ આઝાદી વખતે જુનાગઢ સામે લડાઇ, ૧૯૬૦માં દિવ, દમણ અને ગોવા, એટલે જે માણસ કાયમ લડવૈયો રહ્યો અને એમ કરતા કરતા છેવટે વડોદરામાં સ્થાયી થયા. વડોદરામાં પ્રેમલગ્ન કર્યું, વડોદરામાંથી જ એમ.એલ.એ., સુરેન્દ્રનગરમાંથી એમ.પી., એટલે જે માણસ કાયમ ગરીબો માટે લડે. એ મીઠાના

અગરિયા હોય, કપાસ પકવતા ખેડૂતો હોય, શેરડી પકવતા ખેડૂતો હોય, બાકીના મજૂરો હોય, મિલ મજૂર હોય કોઇપણ હોય એવો એમનો સ્વભાવ હતો એ નાણામંત્રી રહી ગયા. ગુજરાત વિધાનસભામાં હું મુખ્યમંત્રી હતો ત્યારે મેં જે નાણામંત્રીની કલ્પના કરેલી કે ગુજરાતમાં આવું થવું જોઇએ અને એ નહીં કરી શકયા હોય ગુજરાતમાં, એટલે તે અંગેની પ્રપોઝલ્સ મુકવા માટે એવા બધા નાણામંત્રીઓની મેં એક મિટિંગ બોલાવી હતી. એમાં મેં કીધું હતું કે સાહેબ, તમારા મનમાં કંઇક રહી ગયું હોય તો આપ અમને સૂચન કરો જેથી કરીને અમે ગુજરાતની પ્રજા માટે તમારા સ્વપ્નમાં જે કંઇ હતું એ કરવાની કોશિષ કરી જોઇએ. એમાં સનત મહેતા સાહેબના ઘણા બધા સૂચનો હતા એમાં જિલ્લા વિભાજન, તાલુકા વિભાજન ઉપર પણ સરસ મજાનું સૂચન આવ્યું. એક સાચા સારા માણસ, ચળવળીયા જેને કહી શકાય એ સનત મહેતા પણ આજે આપણી વચ્ચે નથી. વિધાનસભામાં ઉભા થાય ત્યારે એ હોય, રાજકોટ યુવરાજ મનોહરસિંહજી હોય, એ બધા અભ્યાસુ માણસ કેવી રીતે પોતાની વાત મુકી શકે, આશરે નહીં, સ્ટડી કરીને, અભ્યાસ કરીને, ૨૪ કલાક અભ્યાસુ માણસ, લડવૈયા અને છેક સુધી જીવ્યા ત્યાં સુધી લડયા. પગ અનુમતિ ન આપે તો પણ સાઇકલમાં જાય. ૯૦ વર્ષે પણ એમના અવસાનના બે દિવસ પહેલા જ મારે વાત થયેલી જયારે એમને ઘરે ખબર કાઢવા ગયો હતો ત્યારે એમનો શ્વાસોશ્વાસ ચાલુ હતો. આવા સનત મહેતા એક સારા લડવૈયા કહી શકાય અને ગુજરાતની ધારાસભાના ઇતિહાસમાં એક બોલકા  એમ.એલ.એ.ની છાપ છોડીને ગયા છે.

એવા જ બીજા શંકરભાઇ દે. વાઘેલા, કાયમ અમારા નામની ગરબડ થાય, એ શંકરભાઇ વાઘેલા અને હું પણ શંકરભાઇ વાઘેલા, એટલે પાર્લામેન્ટમાં હું ઉમેદવાર હતો ત્યારે મને એમનો મોટો ફાયદો મળેલો, એમના સમાજનો, બાકીના બધાનો. બધા કહે કે એ જ છે અમારા છે. એ શંકરભાઇ વાઘેલાએ એચ.એમ.પટેલને હરાવેલા. સામાન્ય પરિવારના માણસ નાનપણથી ખાદીધારી અને સમાજ માટે કામ કરવાવાળા, છેલ્લે છેલ્લે સામૂહિક લગ્નનો કદાચ રેકોર્ડ તોડયો હશે. સામૂહિક લગ્નો એટલા બધા કરાવ્યા સામાન્ય સમાજ દારુના અને બીજા વ્યસનમાં ન આવે એ માટે સો, બસ્સો, પાંચસો લોકોના સામૂહિક લગ્નો એક સાથે ખેડા જિલ્લામાં અને બીજે બધે જાતે ઘરના પૈસા ખર્ચીને કરે એવા સાદા, સીધા, સરળ શંકરભાઇ વાઘેલા અહીં ૧૯૭૫–૭૬માં જયારે બાબુભાઇ જશભાઇની સરકાર હતી ત્યારે બધા જ મિનિસ્ટરોને કેબીનેટ રેન્ક આપેલો. બધા અઢારે અઢાર કેબીનેટ મિનિસ્ટર. એમાં શંકરભાઇ વાઘેલાનો કેબીનેટ મિનિસ્ટર તરીકે સમાવેશ થયેલો.  સાદા સીધા, સરળ માણસ, એ જીવ્યા ત્યાં સુધી સમાજ માટે લડયા.

એ જ રીતે ડો. કાંતિભાઇ પટેલ, બહુ ઓછા લોકોને ખબર હશે કે તેઓ એમ.બી.બી.એસ. ડોકટર, પોતે રમતવીર અને ભારતીય જનસંઘની જવાબદારી એમના ઉપર પાટણમાં હતી. સારો પરિવાર, વેપારી પરિવાર. પરિવાર એમને જનસંઘમાં કામ કરવાની અનુમતિ ન આપે,  એ ડોકટર હતા, એમના પત્ની એમને ઠપકો આપે કે તમારે રાત્રે ઘરમાં મોડા નહીં આવવાનું, આથી રાત્રે ૧૧–૧૨  વાગ્યે મકાનની પાઇપ ઉપર ચડીને, બારીમાંથી કૂદીને ઘરમાં જતા.  આવા ડોકટર કાંતિભાઇ, ઉંઝામાં કદાચ શંકરલાલ ગુરુ એમની સામે ઉમેદવાર હતા. કાનજીભાઇ હશે કે નારણભાઇ લલ્લુભાઇ એ જનતા મોરચાના જનસંઘના ઉમેદવાર નહોતા એટલે મશાલ નિશાન રાખેલું. ડોકટર પટેલે વિજાપુરમાં જનતા મોરચો પડયો એમાં ૧૮ મિત્રો હતા એમાં બે મિત્રો હતા જનસંઘના પણ એમાં જે કંઇ કારણ હોય, પણ ડો. કાંતિભાઇ મશાલના નિશાન ઉપર જીતેલા. બીજા ડો. એ.કે. પટેલ વિજાપુરમાંથી જીતેલા એ અતિશય પ્રમાણિક કુટુંબના પ્રતિનિધિ અને લગભગ જીવ્યા ત્યાં સુધી સંઘર્ષ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, સારી એવી પ્રેકટીસ હોવા છતાં અને તે યુનિવર્સિટીમાં સારા એથ્લેટીક અને રનર  પણ હતા. સારી  કહી શકાય તેવી ઇંજેકશન આપવાની ટેવ કે છૂટું ઇંજેકશન દૂરથી લગાવે,  નજીકથી નહીં, આવા એકસપર્ટ  ડોકટર હતા.

તેવી જ રીતે કલજીભાઇ રત્નાજી કટારા જિલ્લા પંચાયતના સભ્ય હતા અને ખેડબ્રહ્મામાં તેમના સમાજના પ્રમુખ હતા. ડો. જોષીયારા છેલ્લે છેલ્લે પ્રમુખ હતા. ધારાસભા ખેડબ્રહ્મામાંથી જીતેલા. બહુ સીધા સાદા સરળ ગાંધીવાદી હતા. ખાદી પહેરે, શિક્ષણ સંસ્થાઓ ચલાવે, તે વિસ્તારની આદિવાસી પ્રજામાં બહુ મોટી સેવા કહી શકાય તેવા કલજીભાઇ હતા. શિક્ષણ ક્ષેત્રમાં સારું કામ કરેલું. સમાજના પ્રમુખ હતા, ગાંધીવાદી હતા તે પણ આપણી વચ્ચે અત્યારે નથી.

માનનીય અધ્યક્ષશ્રી, તેવી જ રીતે તે જ વિસ્તારમાંથી સ્વ. બેચરભાઇ બારા, મારા ખ્યાલથી પોલીસ ખાતામાં હતા. હું એમના ઘેર પણ ગયેલો છું. બહુ ઓછાબોલા હતા. આદિવાસી આમેય ઓછાબોલા હોય છે. તે વખતે તેમને કહ્યું કે તમે ઉમેદવાર થાઓ. તેઓ કહે કે મન ના પાડે છે મારે ઇલેકશનમાં નથી પડવું. રાજકારણમાં નથી આવવું, હું જે સમાજનું કામ કરું છું તે બરાબર છે. તે બહુ ઓછાબોલા હતા. તે મારા ખ્યાલથી આઠમી વિધાનસભામાં ઉમેદવાર હતા. તેમનો લાભ તેમની દીકરીને પણ મળેલો. પરાણે તેમને ભારતીય જનતા પાર્ટીમાં ઉમેદવાર બનાવીને ટીકિટ આપેલી. તેમની પ્રતિષ્ઠા સારી હતી એટલે તેઓ સારી લીડથી જીતેલા.

માનનીય અધ્યક્ષશ્રી, તેવા જ ધોળકાના ધારાસભ્યશ્રી સ્વ.કાનજીભાઇ તળપદા હતા. કોળી સમાજનો સામાન્ય માણસ તે વખતે ગ્રેજયુએટ થાય. સરકારના પંચાયત ખાતામાં નોકરી કરે, ધારાસભામાં જીતે અને લોકોની સેવા કરે. બહુ સાદા સીધા અને સરળ, તેમને ગમે ત્યાં ઉભા રાખીએ તો ઉભા રહે. હાલતો ચાલતો સભ્ય જો બધાની વચ્ચે રોડ ઉપર ચાલતો હોય, ઉઘાડપગા કહી શકાય તેવા કાનજીભાઇ હતા. તેઓ સીધા સાદા અને સરળ હતા. તેઓએ બી.એ. સુધી અભ્યાસ કરીને ખાસ કરીને તળપદા કોળી સમાજમાં સારી સેવા કરીને ઘણા સારા સામાન્ય સુધારા પણ કરેલા. આ બધા જ મિત્રો માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે શોકદર્શક ઉલ્લેખ કરેલો છે અને દિલસોજી પાઠવી છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

ભાદ્રપદ ૪, ૧૯૩૭ શાકે

શોકદર્શક ઉલ્લેખ

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે અને તેમાં વિપક્ષના નેતાશ્રીએ સમર્થન આપ્યું છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે. અબ્દુલ કલામનું નિધન થયું, મને લાગે છે કે આનાથી મોટો આઘાત આખા દેશની પ્રજાને કયારેય નહીં લાગ્યો હોય એટલો મોટો આઘાત  તેમના નિધનથી લાગ્યો હતો. આપણે એક એવી વ્યક્તિને ગુમાવ્યા છે કે જેણે આપણને અને આપણા દેશને અણુ રાષ્ટ્રનું સ્ટેટસ અપાવ્યું છે. આ એક એવી વ્યક્તિ  હતી કે જેણે એર સ્પેસ એન્જિનિયરીંગનો અભ્યાસ કર્યો હતો અને અણુની બાબતમાં ભારત ખૂબ નબળું છે તેવું રોજબરોજ કહેવાતું હતું ત્યારે અટલ બિહારી બાજપાઇ વખતે પોખરણમાં અણુ ધડાકો કરાવીને તેમણે આ દેશને નામ અપાવ્યું છે અને દેશનું સ્ટેટસ ઉંચું કર્યુ છે તે આ દેશની પ્રજા ભૂલી શકે તેમ નથી. નાનામાં નાના માનવીને મળતા હતા. સાદામાં સાદુ વ્યક્તિત્વ હતું. તેમણે કદીયે દેખાવ કર્યો નથી. તેવું વ્યક્તિત્વ આપણી વચ્ચેથી પસાર થઇ ગયું છે ત્યારે તેમની ખોટ પૂરી શકાય તેમ નથી. આપણે તેમને શ્રદ્ધાંજલિ આપીએ છીએ અને તેમના કુટુંબીજનોને આ શ્રદ્ધાંજિલના સમાચાર મોકલવા માટે હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજેન્દ્રભાઇ જે ઓર્યાસી વિધાનસભા મારો વિસ્તાર હતો તેની અંદર તેઓ લડતા હતા. ખૂબ નાની વયે, ૬૦ વર્ષની ઉંમર હતી. ખૂબ લોકપ્રિય ધારાસભ્ય હતા.  કોળી પટેલ સમાજનું એક એવું વ્યક્તિત્વ હતું કે જે બધાને પ્રિય હતા. અચાનક ડેન્ગ્યુ જેવા મહારોગમાં ફસાયા, તેમના પરિવારે એરક્રાફટમાં તેમને બોમ્બે શીફ્ટ કર્યા. શીફ્ટ કર્યા પછી તેમનો પરિવાર અને આપણા આશિર્વાદ તેમને બચાવી શક્યા નહીં. ખૂબ નાની ઉંમરે આપણા વચ્ચેથી વિદાય લીધી છે. સુરતના આ વિસ્તારના ધારાસભ્ય અને જિલ્લા પંચાયતમાં વર્ષો સુધી જેમણે સેવા આપી હતી. નાનામાં નાના માણસને મદદરૂપ થવા માટે તેમણે પ્રયત્ન કર્યો હતો તે ભૂલી શકાય તેવો નથી. આજે પણ એનો આઘાત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, સનત મહેતાને પણ જ્યારે તેઓ મંત્રી હતા ત્યારે મારે મળવાનું થયું હતું,  એમનું વ્યક્તિત્વ પણ આપણને ભૂલાય એવું નથી. મને યાદ છે એક પ્રસંગ એવો આવ્યો હતો કે ઝૂંપડપટ્ટીને મદદ કરવા માટે ઝૂપડપટ્ટીવાળા એમને ફોન કરે છે ત્યારે વડોદરાની અંદર એક રીક્ષામાં બેસીને પૂર્વ મંત્રી રીક્ષામાં બેસીને ઝૂંપડપટ્ટીમાં મદદ કરવા માટે આવે છે. મને આજે પણ એ દ્રશ્ય યાદ આવે છે કે સનત મહેતા જેવો મોટો માણસ ઝૂંપડપટ્ટીના ગરીબ માણસને મદદ કરવા માટે રીક્ષામાં બેસીને દોડતો આવે અને અમારી સાથે ડાયલોગ કરે. એ સમયનો આ પ્રસંગ યાદ કરવા જેવો પ્રસંગ છે એટલે હું એમને એ રીતે યાદ કરી લઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, એમને પણ ગુજરાત રાજય ક્યારેય ભૂલી શકશે નહીં કારણ કે, અર્થ બાબતમાં અને નાણાં બાબતમાં તેઓ ખૂબ જ વિદ્વાન હતા અને એમણે મૂકેલા ઘણા વિચારો આજે પણ વાપરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી શંકરભાઇ વાઘેલા, સ્વ. ડો. કાંતિભાઇ પટેલ, પૂર્વ અધ્યક્ષ સ્વ. શ્રી બરજોરજી પારડીવાલા, સ્વ. શ્રી બેચરભાઇ બારા અને સ્વ. શ્રી કાનજીભાઇ તળપદા. આ તમામ આપણા ગુજરાતના આગેવાનો આપણી વચ્ચેથી વિદાઇ થઇ ગયા છે એમને હું શ્રધ્ધાંજલિ આપું છું અને એમના પરિવારોને આ શ્રધ્ધાજલિ સંદેશો પહોંચાડવા માટે આપને વિનંતી કરું છું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, અહીં જે શોક દર્શક ઉલ્લેખ થયા છે એમાં ડો.એ.પી.જે.અબ્દુલ કલામ, સામાન્ય રીતે રાષ્ટ્રપતિ એ દેશના રાષ્ટ્રપતિ કહેવાતા હોય છે, આ એક પહેલા એવા રાષ્ટ્રપતિ હતા કે જેને પીપલ્સ પ્રેસિડેન્ટ, લોકોના રાષ્ટ્રપતિ, એ બિરૂદ આ દેશમાં મળ્યું. એક નાના ગરીબ પરિવારમાં વર્તમાન પત્ર વેચીને આર્થિક આવક પરિવારની ઉમેરાય એના માટે કામ કરનારો એક બાળક આ દેશના ઉત્તમ સાયન્ટીસ્ટ બની શકે, આ દેશના રાષ્ટ્રપતિ બની શકે એ આપણા સૌના માટે ગૌરવની વાત છે.  ઉપરવાળાને ત્યાં ગરીબ ઝૂંપડામાં જન્મનાર વ્યક્તિને પણ એજ મગજ અને એજ ઇન્ટેલિજન્સ મળતું હોય છે જે બંગલામાં જન્મનારને મળતું હોય છે. આપણા સૌના માટે જેમાંથી બોધપાઠ લઇ શકાય એવી ઘટના, ડો.કલામ સાહેબે કઇ પોલિટિકલ પાર્ટી અથવા કઇ વ્યક્તિ શું સ્ટેન્ડ લે છે એ મહત્વનું નહીં પણ રાષ્ટ્રને માટે ક્યું સ્ટેન્ડ મહત્વનું છે એને પ્રધાન્ય આપ્યું. આ દેશના હિતમાં અણુ કરાર થયો, એ જે સરકાર હતી એ સરકારની વિરુધ્ધ પરિસ્થિતિ પેદા થઇ અણુ કરારના મુદે સરકાર વિશ્વાસનો મત ગુમાવે અને સરકાર જાય તેવી પરિસ્થિતિ હતી. બધા દેશવાસીઓની નજર હતી, સમાજવાદી પાર્ટી, મુલાયમસિંહજીની પાર્ટી શું સ્ટેન્ડ લેશે? સરકાર બચશે કે સરકાર જશે? અને એ વખતે સમાજવાદી પાર્ટીએ નક્કી કર્યું કે અમે ડો. કલામને પૂછીશું અને જો એ કહેશે કે અણુ કરાર દેશના હિતમાં છે તો અમે આ સરકારને ટેકો આપીશું અને સરકારને બચાવીશું અને જો એમ કહેશે કે આ હિતમાં નથી તો અમે સરકારની વિરુધ્ધ સ્ટેન્ડ લઇશું. એ વખતે જે પોલિટિકલ પરિસ્થિતિ હતી એ આખો દેશ જાણતો હતો. પરંતુ રાષ્ટ્રના હિતને સર્વોપરી ગણી કોણ વ્યક્તિ શું સ્ટેન્ડ લે છે એમ નહીં પરંતુ ડો.એ.પી.જે.અબ્દુલ કલામ હતા કે એમણે મુલાયમસિંહજી અને અમરસિંહ ગયા ત્યારે એમને કહ્યું કે અણુ કરાર આ દેશના હિતમાં છે એમ હું સ્પષ્ટ રીતે માનુ છું અને સમાજવાદી પાર્ટીએ સરકારને ટેકો આપ્યો, સરકાર બચી અને સરકાર વિશ્વાસનો મત જીતી ગઇ. આપણા સૌના માટે એ વાત પ્રેરણાદાયી ગણાય.  રાષ્ટ્રનું હિત, પોલિટિકલ આઇડિયોલોજી, સખ્શ કે પક્ષથી ઉપર રાષ્ટ્રનું હિત જેને હૈયે હતું એવા ડો.એ.પી.જે.અબ્દુલ કલામ સાહેબને હું શોકાંજલિ અર્પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહના અન્ય એક પૂર્વ સભ્યશ્રી સનતભાઇ મહેતા જેના સાથે મારે ત્રણ પેઢીનો સંબંધ હતો. મારા ગ્રાન્ડ ફાધરના એ મિત્ર હતા. મંત્રી તરીકે કામ કરતા હતા ત્યારે મારે એક કોલેજ કેમ્પસના સ્ટુડન્ટ લિડર

તરીકે એમની સાથેના સંવાદો રહેતા અને હું ખુશ કિસ્મત છું કે હું જયારે નર્મદા વિભાગનો મંત્રી થયો ત્યારે સનતભાઇ મહેતા નર્મદા નિગમના ચેરમેન હતા, એમની સાથે કામ કરવાનો મને મોકો મળ્યો અને જે કમિટમેન્ટ સાથે એમણે નર્મદા માટે કામ કર્યું છે એ ગુજરાતના ઇતિહાસમાં હું માનું છું કે ચિરંજીવી રહેશે. એક સમય હતો કે જ્યારે અનેક સંઘર્ષો વચ્ચે નર્મદાનું કામ આગળ વધારવાનું હતું. એક પછી એક હાઇકોર્ટોમાં આપણી સામેની મેટરો જાય, સ્ટે આવે, સ્ટે હટાવવા માટેની મહેનત કરવાની, ચોમાસાનો સમય નર્મદામાં ધસમસતું પુર ચાલે, અલ્હાબાદ હાઇકોર્ટમાંથી લેવાયેલો સ્ટે પાછો ખેંચાયો, સુપ્રિમ કોર્ટમાં કદાચ ફરી એ મેટર જાય અને સુપ્રિમ કોર્ટ કદાચ સ્ટે આપી દે તો નર્મદાનું કામ ફરી ખોરંભે પડે અને એ સમયે જરૂરી હતું સ્લુઇઝ ગેટ બંધ કરવાનું કામ, એક સાઇડમાં બંધનું કામ થઇ ગયા પછી જે સ્લુઇઝ ગેટ મુક્યા હોય પાણીના નિકાલ માટે એમાંથી ખુબ જોરથી પ્રવાહ પસાર થાય, રાતના બે વાગ્યા સુધી અધિકારીઓ સાથે મિટીંગ ચલાવી હતી, બોમ્બે હાઇમાંથી મરજીવાઓ મંગાવ્યા હતા, એક મરજીવો શહિદ થયો, લોખંડના પાંજરા બનાવીને ધસધસતા પાણીમાં એને ઉતારીને એ સ્લુઇઝ ગેટ બંધ કરવાનું કામ ચેલેન્જીંગ જોબ કરવામાં ગુજરાત સફળ રહ્યું, તમામ પોલિટીકલ પાર્ટીઓ એ વખતે એક થઇને ગુજરાતની જીવાદોરી માટે લડતા હતા અને એમાં સનત મહેતાની એ સફળતા હતી, એમની એ હિંમત હતી કે એક જોખમી કામ પાર પડ્યું અને સ્લુઇઝ ગેટ બંધ થયા, સુપ્રિમ કોર્ટમાં મેટર આવી ત્યારે આપણે એવી એફિડેવીટ કરી કે જેના માટે આ મેટર આવી છે એ in fructuous થયું છે કારણકે આ કામ તો હવે પૂર્ણ થઇ ગયું છે. આ એક કમિટમેન્ટ એમની પાસેથી શીખવા જેવું હતું.

સ્વર્ગસ્થ બરજોરજી પારડીવાલા સાથે મારા ખુબ આત્મીય સંબંધો રહ્યા હતા. હસમુખો ચહેરો, ખુબ અભ્યાસુ અને નખશીખ પ્રમાણિક માણસ, સામાન્ય રીતે જાતિ, ધર્મ આધારિત લોકો મતોની વાતો કરતા હોય ત્યારે સંવેદના અને કામને આધારે મત મેળવીને હાઇલી એજયુકેટેડ હોવા છતાં ગરીબની ચિંતા કરે એવા આ ગૃહના પૂર્વ સભ્ય શ્રી બરજોરજી પારડીવાલા હતા. માત્ર બે ચાર લાઇન આ વિધાનસભા ગૃહમાં જે એમણે તારીખ ૨૧મી માર્ચ, ૧૯૮૯ના રોજ કહી હતી, અમારા સૌના માટે એ માર્ગદર્શક એટલા માટે રહી છે કે જે પોલીટિકલ પાર્ટી સાથે જોડાયેલા, એ પોલીટિકલ પાર્ટીની સરકાર અને એમાં માંગણીઓ પરની ચર્ચા ચાલે, ત્યારે માત્ર વાહ વાહ નહિ, પોતાના પક્ષની સરકારની સામેના પણ કેટલાક મુદ્દાઓ એક ગરીબ માણસ માટે અને એમાં પણ ખેરના પાન, કાથો બને એમાંથી, ગરીબ માણસને એમાંથી વધારે પૈસા મળવા જોઇએ આ એમની માગણી હતી અને એ વિશે બોલતા એમણે એક કડક કાગળ લખેલો, એ કાગળનો ઉલ્લેખ એમણે વિધાનસભા ગૃહમાં તારીખ ૨૧મી માર્ચ, ૧૯૮૯ના રોજ કર્યો હતો. જે હું વાંચુ છું.

Quote

"I consider it my bounden duty as a Member of Legislative Assembly to state these facts to the department. I may be wrong in my assessment or judgment, in that case please clarify the reference for fixing up so lesser price and reasons for not complying with the agreements of 1981 and the definition of the High Court. Otherwise I shall be constrained to bring the matter before the House."

Unquote

આમ એમણે ખેરના પાન માટે ગરીબ અને આદિવાસી ભાઇઓને યોગ્ય વળતર મળે એના માટે જો ડિપાર્ટમેન્ટ યોગ્ય નહિ કરે તો હું વિધાનસભા ગૃહમાં આ મુદ્દો લઇને આવીશ. અને માગણીઓ પરની ચર્ચામાં એમણે ધારદાર રજૂઆત કરી અને પોતાની જ પાર્ટીની સરકારના મંત્રીશ્રીએ પણ બરજોરજી પારડીવાલાની રજૂઆતને ધ્યાનમાં લઇને ખેરના પાન માટેની રકમની બાબતમાં સકારાત્મક નિર્ણય કર્યો હતો. આ અમારા સૌના માટે એક માર્ગદર્શક રેખા સમાન એમની કામગીરી રહી હતી. વલસાડમાં રહીને એમણે મારી સાથે સતત ટેલિફોનીક વાતચીત કરી, કેમકે વિધાનસભા ગૃહમાં કંઇ પણ ચાલતુ હોય, કોઇ પણ પક્ષમાં બેઠાં હોઇએ અહીંયા કે ત્યાં એક જીવંત સંપર્ક રહ્યો હતો. એમના જવાથી એમના પરિવારને તો ખોટ પડી જ છે પણ મેં પણ એક મુરબ્બી મિત્ર ગુમાવ્યા છે માનનીય અધ્યક્ષશ્રી હું તેમને શોકાંજલિ અર્પણ કરું છું.

આ ગૃહના માનનીય સભ્યશ્રી રાજેન્દ્રભાઇ પટેલ, શંકરભાઇ વાઘેલા, કાનજીભાઇ તળપદા, કલજીભાઇ કટારા, બેચરભાઇ બારા અને ડો.કાન્તિભાઇ પટેલ માટે જે શોકદર્શક ઉલ્લેખો થયા છે તેમાં હું મારો સૂર પૂરાવીને વિરમું છું.

શ્રી રમણલાલ ઇ. વોરા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ જે સ્વર્ગસ્થ મહાનુભાવો માટેના શોકદર્શક પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપુ છું, સૂર પૂરાવુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના પૂર્વ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે.અબ્દુલ કલામ માટે ઘણું બધુ કહેવાયું છે. આ દેશના એક સર્વશ્રેષ્ઠ નાગરિક તરીકે એક રાષ્ટ્રપતિ આમ જનતાના માણસ તરીકે આ દેશમાં એક ઉંડી છાપ મૂકીને ગયા છે એમ કહીએ તો જરાય ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે આદરણીય પૂર્વ વિધાનસભાના અધ્યક્ષ બરજોરજી પારડીવાલા આપણી સાથે જ બેસતા કામ કરતા પહેલી વખત આપણી સાથે નથી એવા ભાઇશ્રી રાજેન્દ્રભાઇ સ્વર્ગસ્થ પૂર્વ નાણામંત્રી આદરણીય સનતભાઇ મહેતા ટ્રેડ યુનિયન એકટીવીટીના કારણે જેમની સાથે સીધો સંપર્ક હતો એવા આદરણીય સનતભાઇ જેમની સાથે કામ કરવાનો મોકો મળ્યો એવા આદરણીય શંકરભાઇ વાઘેલા, ડો.કાન્તિભાઇ પટેલ અને મારા જ જિલ્લાના વતની મૂળ ભિલોડાના રહેવાસી

પરંતુ ખેડબ્રહ્મા વિધાનસભામાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા અને એવા જ બીજા બેચરભાઇ બારા જેઓ મૂળ વિજયનગરના અને જેઓ ખેડબ્રહ્મા વિધાનસભાની સીટ ઉપરથી ચૂંટાયા આ બન્ને મિત્રો કલજીભાઇ કટારા અને સ્વર્ગસ્થ બેચરભાઇ બારા એક સાદુ જીવન જીવવાવાળા, પગે ચાલીને લોકોનું કામ કરવાવાળા અને એક સાચા સેવક તરીકે આ બન્ને મહાનુભાવાએ માત્ર આદિવાસી વિસ્તાર પૂરતું જ નહીં અન્ય સમાજો માટેનું પણ જે રીતે તેમણે કામ કર્યુ છે તેના માટે અમારો જિલ્લો સદાય એમનો ઋણી રહેશે. આજે આ સર્વ મહાનુભાવો જયારે નથી ત્યારે હું પણ તેમને શ્રદ્ધાંજલિ અર્પુ છું અને આપના થકી તેમને સંદેશો મળે એવી અભ્યર્થના પાઠવું છું.

શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને વિપક્ષના નેતાએ જેમનું સમર્થન કર્યુ છે અને અન્ય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા છે ત્યારે આ શોક પ્રસ્તાવમાં હું મારો સૂર પૂરાવુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રના પૂર્વ રાષ્ટ્રપતિ ડો.કલામ સાહેબ આપણી વચ્ચે નથી. ડો.કલામ સાહેબનું સમગ્ર જીવન જેમણે રાષ્ટ્રને સમર્પિત કરેલ હતું એવા કલામ સાહેબે રાષ્ટ્રનું મસ્તક ઉંચુ થઇ શકે એ પ્રકારના જાહેર જીવનમાં અને વૈજ્ઞાનિક તરીકેની સેવાઓ સમગ્ર રાષ્ટ્ર જાણે છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના છેવાડાના ભાગ કન્યાકુમારી રામેશ્વરમથી લઇને દેશના સર્વોચ્ચ સ્થાન સુધી પહોંચવાનું જેનામા કૌવત હતું એવા ડો.એ.પી.જે.કલામ સાહેબને આપણે અને રાષ્ટ્ર કયારેય ભૂલી શકીએ તેમ નથી. તેમની સાથે આજે જે શોક પ્રસ્તાવમાં અન્ય સભ્યશ્રીનો પણ ઉલ્લેખ છે એ પૈકી બેચરભાઇ બારા, કાનજીભાઇ તળપદા, શંકરભાઇ વાઘેલા અને રાજાભાઇ પટેલ સાથે આ વિધાનસભામાં બેસવાનો મને અવસર મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. શ્રી બરજોરજી પારડીવાલા ૧૯૭૪ના નવનિર્માણ આંદોલનના માધ્યમથી વલસાડની જે વિદ્યાર્થી નેતાગીરી હતી, ત્યારથી એમના સંપર્કમાં આવવાનું થયું હતું, ત્યાર પછી એ વિધાનસભાના અધ્યક્ષ પણ રહી ચૂક્યા હતા, જયારે એમનું અવસાન થયું ત્યારે એમની અંતિમયાત્રામાં ઉપસ્થિત રહેવાની મને તક મળી ત્યારે સમગ્ર વલસાડના વિવિધ સમાજના લોકો અને છેવાડાના, જેને મજૂર કહી શકાય, શ્રમિક કહી શકાય એવા વર્ગના લોકોએ પણ હાજરી આપી હતી એનાથી એટલું ફળિભૂત થાય કે, ખરેખર સાચા અર્થમાં સ્વ. શ્રી બરજોરજી પારડીવાલા જનસેવક હતા એમ કહીએ તો એમાં કોઇ શંકાને સ્થાન નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. શ્રી સનતભાઇ મહેતાનું જાહેરજીવનનું યોગદાન ગુજરાતમાં ખૂબ મોટું છે. ખાસ કરીને એમની જે કામદાર પ્રવૃત્તિઓ હતી. સમાજના અસંગઠિત માણસો માટે એમની જે ચિંતા હતી એ ખરેખર ગુજરાતને માટે એ દિવસોમાં કામદારોનું એક મજબૂત નેતૃત્વ સ્વ. શ્રી સનતભાઇના માધ્યમથી આપણે મેળવી શક્યા હતા. રાજકીય ફિલોસોફીને સાઇડ પર મૂકીને પણ કામદારો માટે એમણે મહેનત કરી હતી એને આજે પણ કામદારો ભૂલી શકે એમ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આવા જ એક વિધાનસભાના આપણા સૌના સાથી અત્યારે આ ચાલુ વિધાનસભામાં ચોર્યાસી મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા હતા એવા રાજાભાઇ ઉર્ફે રાજેન્દ્ર પટેલ એ નામથી રાજા નહીં પણ દિલના પણ રાજા હતા. માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયત કક્ષાએથી એમણે જાહેરજીવનની શરૂઆત કરી હતી અને રાજકીય આટાપાટામાં જેને ખૂબ મોટા માથાઓ કહી શકાય એમની સામે સંઘર્ષ કરીને પંચાયતથી લઇને તાલુકા પંચાયતના સભ્ય, તાલુકા પંચાયતના પ્રમુખ, જિલ્લા પંચાયતના સભ્ય અને છેવટ સુધી જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેન તરીકે પણ રાજાભાઇની સેવા સુરત જિલ્લા અને ચોર્યાસી તાલુકાએ અનુભવી છે. માનનીય અધ્યક્ષશ્રી, સાચા અર્થમાં એમની સ્મશાનયાત્રામાં જે રીતે જંગી માનવમેદની ઉપસ્થિત થઇ હતી એ દર્શાવે છે કે રાજાભાઇનું સ્થાન સમગ્ર સમાજમાં અને માણસોનો પ્રવાહ રોકાય નહીં એ પ્રકારની પરિસ્થિતિ એમની અંતિમયાત્રામાં મેં જોઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, જોગાનુજોગ કહો કે સંજોગવસાત કહો, રાજાભાઇને જયારે મુંબઇમાં હિન્દુજા હોસ્પિટલમાં દાખલ કર્યા, એ વખતે એમના અંતિમ સમયે હું ત્યાં હોસ્પિટલમાં હાજર હતો, જે રીતે હોસ્પિટલમાં ઇમરજન્સી આઇસીસીયુ વોર્ડમાં ચહલપહલ થઇ રહી હતી અને મહારાષ્ટ્રના આરોગ્ય ખાતા સાથેના અધિકારીઓ સાથેની વાતચીતના આધારે અમને એમ લાગતું હતું કે, ના, ના, રાજાભાઇને કંઇ થાય નહીં. સંપૂર્ણ પ્રકારની સારામાં સારી ટ્રીટમેન્ટ રાજાભાઇને આપવા છતાં જયારે ડોકટરે બહાર આવીને એમ કહ્યું કે, સોરી, વી લોસ્ટ રાજાભાઇ, ત્યારે આપણને ડોકટર કહે એટલે માની લઇએ પરંતુ રાજાભાઇ પ્રત્યે એવો પ્રેમ અને લાગણી તેથી ડોકટરના શબ્દો પર પણ મેં વિશ્વાસ નહોતો મૂકયો. એટલે ઇમરન્સી વોર્ડમાં આવેલા આઇસીયુ માં દોડતા જઇને પગ હલાવવાનો પ્રયત્ન કર્યો, બીપીના મશીન પર જોયું તો ઝીરો આવી ગયું હતું તેમ છતાં એની ઉપર વિશ્વાસ ન મૂકયો અને આપણને એમ થાય કે ગઇકાલ સુધી ભેગા હસતા રમતા હતા એ એકા એક આપણને છોડીને કેમ ચાલ્યા જાય? પરંતુ કપરી ક્ષણોમાં પણ હોસ્પિટલની તથા બીજી બધી વિધિ પૂરી કરવાની હોય એ કરીને એની ડેડ બોડીને સુરત ખાતે મોકલવાની કપરી કામગીરી મારે ભારે હૈયે નિભાવવી પડી હતી. આજે એક સાથી તરીકે પણ છેલ્લી બેન્ચ પર નજર જાય તો આપણને રાજાભાઇ બેઠા છે તેવો આભાસ થાય. માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું. પ્રભુ તમામ સદગતોના આત્માને શાંતિ અર્પ તેવી પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે એમના કુટુંબીજનો દિલસોજીનો સંદેશો પાઠવવામાં આવે.

તા. ૨૬મી ઓગષ્ટ,૨૦૧૫

શોકદર્શક ઉલ્લેખ

ડો. અનિલ જોષીયારા(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને અમારા નેતાશ્રીએ એને અનુમોદન આપ્યું છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

આજે જે મહાનુભાવોના શોકદર્શક ઉલ્લેખો આવ્યા છે એમાં અમારા ભિલોડા તાલુકાના સ્વ. કલજીભાઇ રત્નાજી કટારા, જે વાઘપુર ગામના વતની હતા, ત્યાં તેઓનો જન્મ તારીખ છઠ્ઠી મે, ૧૯૩૪ના રોજ થયો હતો. તેઓનું ૮૧ વર્ષની જૈફ વયે અવસાન થયું છે.

તેઓ ખૂબ ઓછું ભણેલા હતા પરંતુ સમાજ કેવી રીતે આગળ વધે એની ખૂબજ ચિંતા કરતા હતા. વિધાનસભામાં ચૂંટાઇ આવ્યા પછી એમણે સમાજ માટે વિવિધ જગ્યાએ સ્કૂલો ચાલુ થાય તથા આ વિસ્તારમાં આશ્રમશાળાઓ તથા જુદી જુદી સંસ્થાઓની પણ સ્થાપના કરી હતી. સહકારી સંસ્થાઓમાં તથા માર્કેટયાર્ડ વગેરે ક્ષેત્રમાં એમની કામગીરી ખૂબજ સારી રહી હતી. એમના મનમાં એમ હતું કે સમાજના છોકરા છોકરીઓ અંગ્રેજી મિડિયમ ભણે તો આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. થાય એટલે તેઓ જયારે પણ સમાજની મિટિંગ થાય ત્યારે ખાસ કહેતા કે સમાજના છોકરા છોકરીઓને અંગ્રેજી માધ્યમમાં ભણાવો જેથી તેઓ આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. થાય. બીજી તેઓની ખાસ ભલામણ હતી કે સમાજના દરેક માણસને પોતાનું કાચું અથવા તો પાકું મકાન હોવું જોઇએ સાથે સાથે શૌચાલય પણ એમાં હોવું જોઇએ તેવી સલાહ આપતા હતા. જેને ઘેર શૌચાલય ન હોય એને ઘેર દીકરી નહિ આપવી એવી પણ વાત કરતા ત્યારે ઘણા બધા મિત્રો હસતા હસતા કહેતા કે શૌચાલય ન હોય તો શું કરીએ. પરંતુ તેઓની લાગણી સાચી હતી કે દીકરી પરણીને સાસરે જાય ત્યાં નહાવા ધોવા અને જાજરૂની વ્યવસ્થા ન હોય તો કયાં જાય એની ચિંતા તેઓ સતત કરતા.

તેઓ સમાજના આગેવાન હતા, સમાજના પ્રમુખ પણ ઘણા વર્ષો સુધી રહ્યા. સમાજના રીત રીવાજોમાં કેમ કરીને ખર્ચ ઓછો થાય તેવો પ્રત્ય તેઓ કરતા. અમારા સમાજના જે ભણેલા ગણેલા શિક્ષિત વર્ગના છોકરા છોકરીઓ હતી એમને કહેતા કે બીજા સમાજમાં જે રીતે સમૂહ લગ્નો થાય છે તેવું આપણા સમાજમાં પણ કરવું જોઇએ. આ હું દસ વર્ષ પહેલાની વાત કરી રહ્યો છું. આ વાત અમે સ્વીકારી લીધી અને કહ્યું કે હું આગેવાની લઇશ, તમારી વાત ખૂબ જ વાજબી છે અને છેલ્લા દસ વર્ષથી અમારા સમાજમાં સમૂહ લગ્નો કરાવીએ છીએ. તેઓ પોતે પ્રમુખપદ શોભાવતા હતા.

એમનુ એક સ્વપ્ન હતું કે સમાજનું એક ભવન થાય, એ શામળાજી નેશનલ હાઇવે ઉપર મળવું જોઇએ, આ એમની ઇચ્છા અધૂરી રહી ગઇ છે. તેઓ તાલુકા પ્રમુખ અને છેલ્લે જિલ્લા પંચાયતમાં મોટા કંધારા સીટ ઉપરથી ચૂંટાઇ આવ્યા હતા. જ્યારે છેલ્લા દિવસે, તેમનું મૃત્યુ થયું ત્યારે વહેલી સવારે તેમને ગભરામણ થઇ અને પછી તાત્કાલિક એ જાતે તેમના ડ્રાઇવરને કહીને શામળાજી સુધી આવી ગયા. શામળાજીથી પછી ૧૦૮ બોલાવી અને એમ્બ્યુલન્સમાં બેસતાની સાથે જ મને લાગે છે કે વધુ એટેક આવ્યો અને તેમનો દેહાંત થયો. અમારા સમાજને પણ ખૂબ મોટી ખોટ પડી છે. અહીં જે શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવેલ તેમાં મારો પણ સૂર પૂરાવું છું.

બીજું, અમારા બેચરભાઇ બારા વિશે કહું તો એમ કહેવાય કે પોલીસ ખાતામાં નિવૃત્ત થયેલા. રાજકારણ અને પોલીસ ખાતુ બન્ને એવા છે કે કોઇ માણસ કયારેય પણ એમને સારા કહેતા નથી. આપણે સૌ જાણીએ છીએ કે રાજકારણમાં કોઇ માણસને કોઇ સારો કયારેય નહીં કહે, પરંતુ બેચરભાઇ બારા માટે એમ કહેવાય કે એક પ્રમાણિક માણસ. એ જયાં સુધી રાજકારણમાં રહ્યા, અમને પણ ખૂબ મોટી હિંમત અને હૂંફ આપતા. એ ધારાસભ્ય તરીકે રહ્યા. સમાજની સેવા કરતા અને સાથે ખેતી પણ કરતા. સાથે સાથે એમના જીવનમાંથી પ્રેરણા લેવા જેવી હતી. એ ખૂબ સાદું જીવન જીવતા. થોડા સમય પછી વિધાનસભા પૂરી થઇ પછી તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી આવી તેમાં એક વખત જિલ્લા પંચાયતના સભ્ય બન્યા અને બીજી વખત તાલુકા પંચાયતના પણ એ સભ્ય બન્યા. ૧૫ દિવસ પહેલાં તેમના બારમાની વિધિ પૂરી થઇ. તે દિવસે ખૂબ વરસાદ પડ્યો, પરંતુ મેદની એટલી હતી, આટલો ધોધમાર વરસાદ હોવા છતાં દરેક માણસે ખૂબ શાંતિથી પ્રસંગ પાર પાડ્યો અને હું પણ એમાં સામેલ હતો. પ્રભુ, તેમના આત્માને શાંતિ આપે.

સાથે સાથે ડો. એ.પી.જે. અબ્દુલ કલામ વિષે મારે બે જ વાક્ય કહેવા છે કે ડો. એ.પી.જે. અબ્દુલ કલામે એક તો સંરક્ષણ ક્ષેત્રે સ્વનિર્ભર થવાની વાત કરેલી. એ ખૂબ અગત્યની બાબત હતી અને બીજું રોજગારી માટે તેમણે જે શબ્દો વાપરેલા છે કે આ દેશમાં જો સમયસર રોજગારી નહીં મળે તો ખૂબ મોટી ખાઇ પેદા થશે અને વર્ગ વિગ્રહ થશે. આ વાક્ય ખૂબ સૂચક હતું, એ.પી.જે. અબ્દુલ કલામ આપણી વચ્ચે નથી. આ તમામ દિવંગત વ્યક્તિઓના અવસાન અંગે શોકદર્શક પ્રસ્તાવ લાવ્યા છે તેમાં મારો પણ સૂર પુરાવું છું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે મહાનુભાવોના શોકપ્રસ્તાવ લઇને આવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે તેમાં હું મારો સૂર પુરાવું છું. આપણાં પૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબ ભારતના ઇતિહાસમાં આ પૃથ્વી જયાં સુધી રહેશે ત્યાં સુધી અમર રહેવાના છે. બરજોરજી કાવસજી પાડીવાલા સાહેબ, તેમની સાથે વિધાનસભામાં કામ કરવાની મને તક મળી છે. સનતભાઇ મહેતા નાણામંત્રી હતા તે વખતે આ વિધાનસભામાં કોઇ પ્રશ્ન લઇને તેમની પાસે જતા, કુશળ રાજનીતિજ્ઞ હતા અને જીવ્યા ત્યાં સુધી દર વર્ષે બનાસકાંઠામાં એક વખત આવવાનું અને આદિવાસી વિસ્તારમાં મિટિંગો કરવાની. આદિવાસીઓના પ્રશ્નો કેવી રીતે હલ થાય તેમાં એ ખૂબ રૂચિ રાખતા. સનતભાઇ મહેતા એક સફળ રાજનીતિજ્ઞ હતા. આપણાં વિધાનસભાના સભ્યશ્રી રાજેન્દ્રભાઇ, શંકરભાઇ વાઘેલા સાહેબ, વિધાનસભાના પૂર્વ સભ્ય કાંતિભાઇ પટેલ સાહેબ અને ખાસ કરીને કલજીભાઇ કટારા સાહેબ સાથે

પણ વિધાનસભામાં કામ કરવાની મને તક મળી છે. તે ઉપરાંત અમરેલીમાં અતિવૃષ્ટિથી અને ખાસ કરીને બનાસકાંઠામાં ૫૦ માણસોના જે મૃત્યુ થયા છે અને તેમાં ખાસ કરીને અમારા મત વિસ્તાર ધાનેરામાં વધુમાં વધુ ૧૩ મૃત્યુ થયા છે એ તમામને પ્રભુ સદગતિ આપે અને તમામ સ્વર્ગસ્થના કુટુંબીજનોને શોકપ્રસ્તાવ મોકલી આપવામાં આવે. આ સાથે મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(ભા.રા.કો.) : આ ગૃહના નેતા જે શોકપ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં અમારા વિરોધપક્ષના નેતાશ્રીએ સમર્થન આપ્યું છે તેમાં હું મારો સૂર પુરાવું છું. મારા ખેડા જિલ્લાના સ્વ. શ્રી શંકરભાઇ વાઘેલા સાહેબનું અવસાન થયું છે. મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી શંકરભાઇ દેસાઇભાઇ વાઘેલાનું તા. ૩જી જુલાઇ-૨૦૧૫ના રોજ ૮૨ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થશ્રી વાઘેલાનો જન્મ ૧લી ફેબ્રુઆરી ૧૯૩૩ના રોજ ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના ચકલાસી ગામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી વાઘેલાએ એસ.એસ.સી. તથા ડિપ્લોમા ઇન રેડિયો એન્જિનિયરીંગનો અભ્યાસ કરેલ હતો. તેઓ ખેતી અને સમાજ સેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હતા. સ્વ.શ્રી શંકરભાઇ અમારા ખેડા જિલ્લાની અંદર દાદાના હુલામણા નામથી ઓળખાતા હતા અને અમારા ક્ષત્રિય સમાજમાં તેમને દાદાના નામથી બોલાવવામાં આવતા હતા. આણંદ અને ખેડા જિલ્લાની અંદર કુરિવાજો અને અંધશ્રદ્ધાને દૂર કરવા માટે તેમણે ખૂબ પ્રયત્નો કરેલ હતા. આણંદ અને ખેડા જિલ્લામાં ક્ષત્રિય સમાજના સમુહ લગ્નનું તેમણે આયોજન કરી ઓછો ખર્ચ થાય તે માટે પ્રયત્નો કરેલ હતા. તેઓ ખૂબ સાદાઇથી રહેતા અને ખૂબ સાદા કપડા પહેરતા હતા. ચકલાસી નગરપાલિકાના તેઓ પ્રમુખ થયા હતા અને ગુજરાત સરકારમાં તેઓ મંત્રી પદે પણ રહ્યા હતા. તેમ છતાં તેઓ નળિયાવાળા ઘરમાં રહેતા હતા. જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી સાદા ઘરમાં જ રહેતા હતા. ૩૫ જેટલા કુટુંબના સભ્યોને સાથે રાખીને તેઓ રહેતા હતા. તેઓએ અમારા સમાજ માટે ખૂબ સારી સેવાઓ કરી છે.

બીજા એવા સ્વ.શ્રી રાજેન્દ્રભાઇ જેઓ રાજાના નામથી ઓળખાતા હતા. તેઓ અને હું સદસ્ય નિવાસમાં ઉપર-નીચેના માળે રહેતા હતા. અમે બન્ને સાથે ચાલવા જતા. કેટલીક સારી એવી વાતો તેઓ જણાવતા હતા. તેઓ હવે આપણી વચ્ચે નથી. બીજા મહાનુભાવો પણ આપણી વચ્ચે નથી. સમાજ સેવકો અને લોક સેવકો આપણી વચ્ચે હવે રહ્યા નથી. તેવા તમામ મહાનુભાવોને હું શ્રદ્ધાંજલિ અર્પું છું. તાજેતરના પુરની અંદર મૃત્યુ પામેલા તમામ લોકોને ગૃહના નેતાશ્રીએ શ્રદ્ધાંજલિ આપી છે તેમાં હું મારો સૂર પુરાવું છું. હાલમાં બે નવયુવાનોના ગોળીબારમાં મૃત્યુ થયા છે તે સર્વેને હું મારી શ્રદ્ધાંજલિ આપું છું અને આ શોકદર્શક ઉલ્લેખમાં હું મારો સુર પુરાવું છું.

શ્રી નારાયણભાઇ  લ. પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ આ સભાગૃહમાં જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું.

હું પણ ઉંઝા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ ધરાવું છું. પાંચમી વિધાનસભામાં સ્વ. ડો. કાંતિભાઇ મણીલાલ પટેલે પ્રતિનિધિત્વ કરેલ હતું. તેઓએ એમ.બી.બી.એસ. સુધીનો અભ્યાસ કર્યો હતો અને પાટણમાં પ્રેક્ટીસ કરતા હતા. તેઓ ખૂબ સેવાભાવી ડોક્ટર હતા અને જનસંઘના સંપૂર્ણ કાર્યકર્તા હતા. તેઓએ જ્યારે વિધાનસભાના સભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરવાનું નક્કી કર્યું ત્યારે તેમના ઘરમાંથી સખત વિરોધ થયો હતો. કારણ કે એ જ વિસ્તારમાંથી શંકરલાલ ગુરૂ પણ પ્રતિનિધિત્વ કરતા હતા. કાંતિભાઇની નિષ્ઠા એવી હતી કે તેઓ ચૂંટણીમાં ઉભા રહ્યા અને જંગી બહુમતીથી ચૂંટાઇ આવ્યા હતા. તેઓ મોટા કુટુંબમાંથી આવતા હતા અને લોકો વચ્ચે હળીભળીને રહેતા હતા. તેઓ હવે આપણી દુનિયામાં રહ્યા નથી. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનોને આપના મારફત દિલસોજીનો સંદેશો પાઠવવામાં આવે તે જ પ્રાર્થના સાથે વિરમું છું.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ તેને અનુમોદન આપ્યું છે તેવા નવ મહાનુભાવો આપણી વચ્ચે રહ્યા નથી.

આ પ્રસંગે ખેડા જિલ્લાના ચકલાસી મત વિસ્તારના સ્વર્ગસ્થશ્રી શંકરભાઇ વાઘેલાને હું યાદ કર્યા વગર રહી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૬માં મને આંગળી પકડીને રાજકારણમાં લાવવાનું કામ કર્યું હોય તો મુરબ્બી સ્વ.શ્રી શંકરભાઇ વાઘેલા હતા. એ મને રાજકારણમાં લાવ્યા હતા. કહેવત છે કે માણસ કેટલું જીવ્યો એને કોઇ યાદ કરતું નથી પણ માણસે એના જીવનમાં કેટલું સારું કાર્ય કર્યું એ હંમેશા યાદ કરતા હોય છે. મને યાદ છે કે બાબુભાઇ જશભાઇ પટેલ વખતે સ્વર્ગસ્થ માનનીય શંકરભાઇ વાઘેલાએ પાટનગર યોજના અને વાહન વ્યવહાર મંત્રી તરીકે પોતાની ફરજો બજાવી હતી. આ ગૃહમાં જો સિનિયરમાં સિનિયર કોઇ હોય તો એ શંકરભાઇ વાઘેલા હતા. વધારેમાં વધારે વિધાનસભામાં જો કોઇ ચૂંટાયા હોય તો શંકરભાઇ વાઘેલા ચૂંટાયેલા. અમારા સમાજની સેવા કરવાનું કામ સંદર્ભે એક મુદ્દાને હું હંમેશા યાદ કરું છું કે અમારા સમાજમાં ગરીબ કુટુંબોમાં જે કન્યાઓ હતી, જરૂરિયાતમંદ કુટુંબોની કન્યાઓ હતી એને સમૂહલગ્નમાં જોડીને વધારે નહીં પણ ૧૨ હજાર કન્યાઓને એમણે કન્યાદાન આપીને સમૂહલગ્ન કર્યા હોય તો શંકરભાઇ વાઘેલાએ કર્યા છે. એક વાત તો ચોક્કસ કહીશ કે હંમેશા આપણે ઘણી વખત ગાંધીજીને યાદ કરીએ છીએ. મારે કહેવું છે કે ગાંધીજીના પૂરેપૂરા ગુણો એમનામાં ઉતર્યા હતા. આખું જીવન ગાંધીવાદી તરીકે જીવ્યા હતા. એટલા માટે કહું છું કે, વધારેમાં વધારે ધારાસભ્ય તરીકે રહ્યા, ગુજરાતના મંત્રી તરીકે રહ્યા છતાં પણ ચકલાસીમાં આજે પણ જુઓ તો એમનું મકાન નળિયાવાળું છે. એ મકાનમાં એક પણ નળિયાનો

ફેરફાર થયો નથી. કોઇ મિલકત વસાવી નથી, કોઇ ભાડાનું મકાન લીધું નથી કે નડિયાદમાં કોઇ મકાન બનાવ્યું નથી. આવી પરિસ્થિતિમાં અંત સુધી સમાજના કામો કરવાનું એમણે કામ કર્યું છે. પૂરેપૂરા ગાંધીવાદી, ખાદી સિવાય કોઇ કપડું પહેર્યું નથી. એમના જવાથી હું માનું છું કે અમારા ખેડા જિલ્લાને ખૂબ મોટી ખોટ પડી છે એવું કહું તો ખોટું નથી. એમના કુટુંબીજનો ઉપર જે આફત આવી છે એને સહન કરવાની શક્તિ આપવા માટે હું ભગવાનને પ્રાર્થના કરું છું અને એમના આત્માને પણ શાંતિ મળે એવી ભગવાનને પ્રાર્થના કરું છું.

શ્રી અશ્વિન કોટવાલ(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને અમારા નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે એમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા મત વિસ્તારમાંથી સ્વર્ગસ્થ બેચરભાઇ ખાતુજી બારા વિશે મારે બે શબ્દો કહેવા છે. સ્વર્ગસ્થ બેચરકાકા પોલીસ ખાતામાંથી નિવૃત્ત થયા હતા. આમ તો નિવૃત્ત થયા ન હતા પણ એમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી. નિવૃત્ત થયા પછી એ સમાજની સેવા કરવા માગતા હતા. સૌ પ્રથમ નિવૃત્ત થયા પછી એમનું ગામ નાલસેરી કે જે એમનું જન્મસ્થાન હતું એ ગામમાં સરપંચ થયા હતા અને સરપંચ તરીકે ચાલુ હતા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ આવી. તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૧૫ સીટો હતી અને ૧૪ સભ્યો કોંગ્રેસના ચૂંટાયા હતા. સ્વર્ગસ્થ બેચરકાકા એક જ એવા સભ્ય હતા કે ભા.જ.પ.માંથી ચૂંટાયા હતા. એના પછી થોડા સમય પછી વિધાનસભાની ચૂંટણી આવી. વિધાનસભાની અંદર પણ એ ૧૯૮૪માં ભારતીય જનતા પાર્ટીના સભ્ય તરીકે મારા મત વિસ્તાર ખેડબ્રહ્મામાંથી ચૂંટાયા હતા. જ્યારે એ ધારાસભ્ય હતા ત્યારે અહીંયા વિધાનસભા અને ગાંધીનગર આવવા માટે અને લોકોના કામો કરવા માટે એમની પાસે જીપ કે એવું કોઇ વાહન ન હતું. એક દાખલો બેસાડવા માટે એમણે અહીંયા આવવા માટે સ્પેશિયલ એસ.ટી.ની બસ ગાંધીનગરથી વિજયનગરની ચાલુ કરાવી. સવારમાં બસમાં આવે અને સાંજે લોકોના કામ કરીને જાય ત્યારે એ બસમાં જાય. વિધાનસભા પૂરી થયા પછી ફરીથી એ જિલ્લા પંચાયતમાં ઉભા રહ્યા અને જિલ્લા પંચાયતમાં સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં એ સામાજિક ન્યાય સમિતિના ચેરમેન બન્યા. સામાજિક ન્યાય સમિતિના ચેરમેન બન્યા પછી એમણે આદિવાસી સમાજના લોકો અને વિસ્તારના લોકોની સેવા કરવાનો એક પણ મોકો જતો ન કર્યો. જ્યારે આદિવાસી સમાજમાં કોઇ મૃત્યુ પામે ત્યારે અમારો સમાજ ભેગો થતો હોય છે અને સમાજને સુધારવાની વાતો થતી હોય છે. જ્યારે સ્વર્ગસ્થ બેચરકાકા ગામમાં કોઇ બસની વ્યવસ્થા ન હોય કે અન્ય સાધનની વ્યવસ્થા ન હોય ત્યારે છકડામાં બેસીને શોકસભામાં સંબોધન કરવા જતાં અને આ રીતે દુઃખી પરિવારને આશ્વાસન આપવા જતાં.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે છેલ્લા દિવસોની અંદર વાત કરું તો છેલ્લા ૧૫ દિવસની અંદર એટલું સાદું જીવન હતું કે ૧૫ દિવસ જ્યારે એમના બાકી હતા ત્યારે કુદરતે એમને સંકેત આપી દીધો હોય એવું લાગતું હતું. એમના પરિવારના લોકોને બોલાવતા હતા. એમના દીકારા-દીકરીઓને બોલાવતા હતા. મને ખબર છે કે કોઇ સમાજની વાત હોય ત્યારે વોરા સાહેબ બોલ્યા હતા. વોરા સાહેબ પણ એમને બોલાવતા હતા. જ્યારે આવી ખરાબ પરિસ્થિતિ હતી ત્યારે વોરા સાહેબને ખબર કાઢવા માટે પણ બોલાવ્યા હતા. હું એમની જગ્યાએ ધારાસભ્ય થયો હતો ત્યારે મને પણ બોલાવતા હતા. એમને પક્ષ સાથે કોઇ લેવા દેવા નહોતી. સમાજની અંદર કેવી રીતના કામ કરવું જોઇએ, લોકોનું કેવું કામ કરવું છે એવી એમના મનમાં એક ધગશ હતી. જ્યારે વિધાનસભાની અંદર પહેલી વખત ચૂંટાયા ત્યારે હું પણ એમની સાથે હતો. એ ચૂંટાયા પછી જ્યારે વિધાનસભાની ફરીથી ચૂંટણી આવી ત્યારે સ્વગર્થ અમરસિંહ ચૌધરી કોંગ્રેસમાંથી લડવા માટે આવ્યા ત્યારે માનનીય અધ્યક્ષશ્રી એક કિસ્સો યાદ કરાવું કે કેવા સ્વભાવના હતા એનો એક દાખલો આપવા માગુ છું. આ ગૃહની અંદર સભ્ય હતા એટલે મારું કહેવું જરૂરી છે. જ્યારે એક ગામની અંદર સ્વ. અમરસિંહભાઇ ચૌધરી ચૂંટણી પ્રચાર કરીને એક ગામમાંથી જ્યારે બહાર નીકળતા હતા ત્યારે અમરસિંહભાઇ ચૌધરીની ગાડી આગળ હું બેઠો હતો અને સામેથી આપણા સ્વ. બેચરજી બારા એક ગામની અંદર પ્રવેશ કરતા હતા. જ્યારે સામે મળ્યા ત્યારે હું અમરસિંહભાઇની ગાડીની નીચે સંતાઇ ગયો અને બેચરકાકાની ગાડી પસાર થઇ ગઇ ત્યારે બહાર નીકળ્યો ત્યારે મને અમરસિંહભાઇએ કીધું કે અશ્વિન તુ કેમ સંતાઇ ગયો? મેં કીધું કે સાહેબ મેં બેચરભાઇ બારા જોડે કામ કર્યુ છે. હું પ્રચારમાં બધાને કહીશ કે ભાઇ, અમરસિંહ ચૌધરીને મત આપજો પણ બેચરભાઇ બારાને મત નહિ આપતાં એવું નહીં કહું, મેં એવું કીધું હતું. માનનીય અધ્યક્ષશ્રી, એમનો સ્વભાવ એ પ્રકારનો હતો. આ ગૃહને બીજો પણ એક દાખલો

આપવા માગુ છું. હું જ્યારે વિધાનસભાની ચૂંટણી લડ્યો. એમની દીકરી પણ મારી સામે ચૂંટણી લડ્યાં ત્યારે અમે ભેગા થયા ત્યારે હું પણ એમની બાજુમાં જઇને બેઠો ત્યારે એમણે મને એક વાત કરી કે, અશ્વિનભાઇ તમારું જે અહેસાન હતું તે મેં ચૂકવી દીધું છે. મેં એમને પૂછ્યું કે બેચર કાકા તમે કયું અહેસાન ચૂકવ્યું? હું જ્યારે ધારાસભ્ય તરીકે ઉભો હતો ત્યારે મને મદદ કરી હતી એટલે આ વખતે મેં અને મારી ધર્મ પત્નીએ મત તમને આલ્યાં છે એટલે મારું હવે તમારા ઉપર કોઇ દેવું રહેતું નથી એવું મને કીધું હતું. આવા સરળ સ્વભાવના, આજે પણ બધા ધારાસભ્યોને દાખલો બેસાડે એવો સ્વભાવ એમનો હતો. નળિયાવાળા મકાનમાં એમણે જે જગ્યાએ જન્મ લીધો હતો એ જ જગ્યાએ એમણે મોત વહાલું કર્યું. એટલે એમના પાસેથી પણ આપણને, અમારા સમાજને એક મોટામાં મોટી ખોટ પડી છે, એ વિસ્તારને ખોટ પડી છે અને એમની કામ કરવાની જે પધ્ધતિ હતી એ પણ બધાને શીખડાવી જાય તેવી છે. એમના પરિવારની અંદર એ જમાનાની અંદર બેચર કાકાએ એમની ત્રણ દીકરીઓ ચાર દીકરાઓને સારી જગ્યાએ ભણાવ્યાં. એમના દીકરી અન્ડર સેક્રેટરી થયા. એમના દીકરા મામલતદાર થયા. સાતે સાત પરિવારના સભ્યોને એમણે ભણાવ્યાં. સાતે સાત લોકોને નોકરી કરાવડાવી અને સમાજની અંદર એક દાખલો બેસાડ્યો. ભણતર કરીને, નોકરી કરીને આપણે સેવા કરી શકીએ એનો દાખલો બેસાડ્યો હતો. એમના પરિવાર ઉપર જે દુઃખ આવી પડ્યું છે એ સહન કરવાની ભગવાન શક્તિ આપે અને આપના મારફતે એમના પરિવારજનોને શોક સંદેશો પાઠવવામાં આવે એવી આપને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા અમારા એક કલજીભાઇ કટારા એ પણ મારા મત વિસ્તારમાંથી આ વિધાનસભામાં સભ્ય બન્યા હતા. કલજીભાઇ કટારા જ્યારે આ વિધાનસભાના સભ્ય બન્યા એના પછી પણ એ જિલ્લા પંચાયતના સભ્ય તરીકે ચૂંટાયા, તાલુકા પંચાયતના પ્રમુખ પણ બન્યા. એના પહેલા શામળાજી પ્રદેશ કેળવણી મંડળ નામની એક એન.જી.ઓ. બનાવી અને એના પછી એમણે નક્કી કર્યુ હતું કે એકેએક આદિવાસી ઘરમાં એક પણ આદિવાસી અભણ ના હોવો જોઇએ ભણેલો હોવો જોઇએ. આદિવાસીનું ઘર ધાબાવાળું હોવું જોઇએ. એમ કરીને એમણે આદિવાસી સમાજની સેવા કરી. એના પછી આદિવાસી સેવા સમાજના એ પ્રમુખ બન્યા પછી સમાજની અંદર લગ્નની બાબત હોય, આદિવાસીઓના જમીનના ઝઘડા હોય, કોર્ટમાં માણસ નહિ જાય અને સમાજ માટે એમણે પ્રયત્નો કર્યા. એ પણ અમારા આદિવાસી સમાજનું એક રત્ન હતા. સારા માણસ હતા એમને પણ એમના પરિવાર ઉપર જે દુઃખ આવી પડ્યું છે એ સહન કરવાની પ્રભુ શક્તિ આપે અને આપના મારફત હું વિનંતી કરું છું કે આપના દ્વારા શોક સંદેશો એમના પરિવારને પહોંચાડવામાં આવે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે મહાનુભાવો માટે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને અમારા નેતાશ્રીએ એને અનુમોદન આપ્યું છે તેમાં હું પણ મારો સૂર પુરાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામસાહેબ, બરજોરજી કાવસજી પારડીવાલાસાહેબ, આ વિધાનસભાના ચાલુ સભ્ય ભાઇશ્રી રાજેન્દ્રભાઇ, સનતભાઇ, શંકરભાઇ વાઘેલા, કાંતિભાઇ મણીભાઇ પટેલ, કલજીભાઇ રત્નાજી કટારા, બેચરભાઇ ખાતુજી બારા અને કાનજીભાઇ રાચાભાઇ તળપદાના શોકદર્શક ઉલ્લેખમાં જે અહીંયા કહેવાયું છે એમાં હું મારો સૂર પુરાવું છું. કાનજીભાઇ તળપદા કોળી સમાજમાંથી આવતા હતા અને ધોળકા મત વિસ્તારમાંથી બે બે વાર

ચૂંટાઇને આ વિધાનસભામાં પ્રતિનિધિત્વ કર્યું છે. ગામડાંના છેવાડાના માણસ માટે ચિંતા કરનારા અને ગરીબોના પ્રશ્નો માટે હંમેશને માટે ચિંતિત રહેતા એવા સરળ સ્વભાવના કાનજીભાઇ તળપદા આજે આપણી વચ્ચે નથી ત્યારે ગુજરાતના કોળી સમાજને કાનજીભાઇ તળપદાના જવાથી મોટી ખોટ પડી છે તેમજ સનતભાઇ મહેતા સાથે આ ગૃહમાં કામ કરવાનો મોકો નથી મળ્યો પરંતુ અન્ય રીતે સનતભાઇની સાથે કામ કરવાનો મોકો મળ્યો છે. એક માર્ગદર્શક તરીકે, એક રાહબર તરીકે હંમેશને માટે સનતભાઇનો મને સંપૂર્ણપણે સહકાર મળી રહ્યો છે અને ખાસ કરીને નિરમા સામેની લડાઇમાં ડો. કનુભાઇ કળસરીયા આ ગૃહના પૂર્વ સભ્યની આગેવાની નીચે નિરમા સામેનું જે આંદોલન ચાલતું હતું અને એ આંદોલનમાં મુખ્ય ભૂમિકા સનતભાઇ મહેતાની રહી હતી. છેક મહુવા વિસ્તારના કાંઠાના ખેડૂતોને મદદ કરવા માટે નિરમા કંપનીથી થનારા નુકસાનની સામે સનતભાઇના માર્ગદર્શન નીચે છેક સુપ્રિમ કોર્ટ સુધી લડવાનું થયું અને એમાં નિરમાની સામે જીત થઇ અને એમાં મુખ્ય ભૂમિકા સનતભાઇની હતી. સનતભાઇ નર્મદા નિગમના પ્રથમ અધ્યક્ષ બન્યા ત્યારથી એમણે કામગીરી કરી, નાણામંત્રી તરીકે કામગીરી કરી પણ એનો એક દાખલો આપવા માગું છું કે છેક સુધી નર્મદા માટે એ હંમેશને માટે ચિંતિત રહેતા. ગયા બજેટ સત્રમાં તારાંકિત પ્રશ્ન પુછવામાં આવ્યો મારા દ્વારા, એ મંજૂર કરવામાં આવ્યો, ચર્ચા થઇ અને એના અહેવાલો છાપામાં આવ્યા. મુખ્ય કેનાલ, પ્રશાખા કેનાલો માટે નેટવર્કનો પ્રશ્ન હતો અને સરકારે જે જવાબ આપ્યો. મૂળ કમાન્ડ એરિયામાં જે જમીનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને પાછળથી કમાન્ડ એરિયામાં ઘટાડો કરવામાં આવ્યો એના અનુસંધાને છાપામાં જે અહેવાલો આવ્યા એ છાપાના અહેવાલોથી સનતભાઇએ મને પત્ર લખ્યો કે આપના તારાંકિત પ્રશ્નના અનુસંધાને સરકારે જે માહિતી આપી છે એ માહિતી અને જાહેર માહિતી અધિકાર નીચે નિગમ પાસેથી મેળવેલી માહિતી આ બંનેમાં વિરોધાભાસ છે તો ખરેખર સાચી હકીકત શું છે એ આ પત્ર દ્વારા હું આપને મોકલું છું. સરકાર પાસેથી સાચી માહિતી મેળવી અને મોકલી આપવામાં આવે એવી વિનંતી કરું છું. છેક છેલ્લે સુધી નર્મદા માટે કાયમી ચિંતા કરતા રહ્યા એવા સનતભાઇ આપણી વચ્ચે નથી એટલે જાહેર જીવનને પણ મોટી ખોટ પડી છે. શંકરભાઇ વાઘેલા સાથે આ વિધાનસભા ગૃહમાં કામ કરવાનો મોકો મળ્યો છે. એક સરળ સ્વભાવના અને ઓછા બોલા ધારાસભ્ય તરીકેની એમની છાપ હતી અને પ્રજાના પ્રશ્ને હંમેશા ચિંતિત રહેતા એવા શંકરભાઇ વાઘેલા પણ આપણી વચ્ચે નથી. આ તમામ મહાનુભાવો આપણી વચ્ચે નથી ત્યારે એમના કુટુંબીજનો ઉપર જે દુઃખ આવ્યું છે એ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે અને અતિવૃષ્ટિમાં જે લોકો મૃત્યુ પામ્યા છે એમના કુટુંબીજનોને પણ શ્રદ્ધાંજલિ અર્પું છું.

અધ્યક્ષશ્રીઃ આ સભાગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જે શોક પ્રસ્તાવ રજૂ કર્યો છે અને વિપક્ષના નેતા માનનીય શ્રી શંકરસિંહજી વાઘેલાએ જેને અનુમોદન આપ્યું છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

ભારતના સ્વપ્નદ્રષ્ટા, વૈજ્ઞાનિક અને મિસાઇલમેન તરીકે ખ્યાતિ પામેલ પૂર્વ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે.અબ્દુલ કલામના અવસાનથી દેશે વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રમાં પ્રેરણાસ્ત્રોત ગુમાવ્યા છે. તેઓ એક સારા લેખક અને કવિ પણ હતા. તેઓએ ૨૫ (પચ્ચીસ) જેટલા પુસ્તકો લખ્યા હતા અને દેશ વિદેશની જુદી જુદી યુનિવર્સિટીઓમાંથી તેઓને ડોકટરેટની માનદ પદવી પણ એનાયત થઇ હતી. તેઓશ્રીને ભારતરત્ન, પદ્મભૂષણ તેમજ પદ્મ વિભૂષણના એવોર્ડથી પણ સન્માનવામાં આવ્યા હતા. વિજ્ઞાન ટેકનોલોજી અને શિક્ષણક્ષેત્રે તેમણે આપેલ યોગદાન ભૂલી શકાય તેમ નથી. ખાસ કરીને સ્કૂલ કોલેજના વિદ્યાર્થીઓને શિક્ષક અને માર્ગદર્શક તરીકે તેઓ મૃત્યુપર્યન્ત કાર્યરત રહ્યા છે. તેના કારણે યુનોએ ૧૫મી ઓકટોબરના તેમના જન્મ દિવસને વિશ્વ વિદ્યાર્થી દિવસ તરીકે જાહેર કર્યો છે. આવા પીપલ્સ પ્રેસીડેન્ટ તરીકે આગવી ઓળખ ઉભી કરનાર

શોકદર્શક ઉલ્લેખ

ડો.કલામના અવસાનથી રાષ્ટ્રને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરું છું.

ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી બરજોરજી પારડીવાલા વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા અને પ્રમાણિક વ્યક્તિત્વ ધરાવતા હતા. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે તેઓએ આપેલ યોગદાન પણ ભૂલી શકાય તેમ નથી. ખૂબ ટૂંકા સમયગાળા માટે અધ્યક્ષપદે રહીને તેઓએ સંસદીય પરંપરાના જતનમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. તેઓના અકાળે અવસાનથી રાજયને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. પ્રભુ તેમના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરું છું.

આ ગૃહના સભ્યશ્રી રાજેન્દ્રભાઇ પટેલના અકાળે થયેલ અવસાનથી રાજયએ પ્રજાના પ્રશ્નોને વાચા આપનાર ઉમદા સમાજ સેવક ગુમાવ્યો છે. તેઓ સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક તથા રમતગતમતની પ્રવૃત્તિ સાથે હંમેશાં સંકળાયેલા રહ્યા હતા. તેઓએ સુરત જિલ્લા પંચાયત તથા સુડાના સભ્ય તરીકે પણ સેવા આપી છે. રાજેન્દ્રભાઇ તેમના નામ પ્રમાણે જેમ આત્મારામભાઇએ કહ્યું તે પ્રમાણે ખરેખર ત્યાંની પ્રજાના રાજા સમાન હતા. તેમના અવસાનના લગભગ વીસેક દિવસ પહેલાં મારી કચેરીમાં તેમણે આવીને એમ કહ્યું હતું કે સાહેબ મારા વિસ્તારના લોકો ખૂબ રાજી છે. કારણકે મારા વિસ્તારનો એકપણ રસ્તો બનવાનો બાકી નથી. તેવા અનેક કામો તેમણે પ્રજા માટે કર્યા હતા. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરું છું.

પૂર્વ મંત્રી અને પૂર્વ સંસદસભ્યશ્રી સનતકુમાર મહેતાના અવસાનથી રાજયએ ગરીબો તથા શ્રમજીવીઓના ઉત્કર્ષ માટે જીવન પર્યંત લડતા રહેલ સમાજ સેવક ગુમાવ્યા છે. તેઓએ શ્રમ, નાગરિક પુરવઠા, ગૃહ નિર્માણ, નાણાં, આયોજન, રોજગાર, નશાબંધી આબકારી વગેરે ખાતાઓના મંત્રી તરીકે યશસ્વી ફરજો અદા કરી હતી. તેમના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક તેમજ રાજનીતિજ્ઞ ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરું છું પૂર્વ મંત્રી સ્વ.શ્રી શંકરભાઇ વાઘેલા જેઓ ખૂબ લાંબા સમય સુધી આ ગૃહના સભ્ય પદે રહીને ઉમદા સમાજ સેવા કરી છે. એક જાગૃત ધારાસભ્ય તરીકે તેમજ મંત્રી તરીકે તેઓએ આપેલ યોગદાન ભૂલી શકાય તેમ નથી. તેઓના અવસાનથી રાજયે એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યો છે. પ્રભુ સદ્ધગતના આત્માને સાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરું છું. આ ઉપરાંત આ સભાગૃહના પૂર્વ સભ્યશ્રી ડો. કાંતિલાલ પટેલ, શ્રી કલજીભાઇ કટારા, શ્રી બેચરભાઇ બારા, શ્રી કાનજીભાઇ તળપદાએ પ્રજાના પ્રતિનિધિ તરીકે આપેલ યોગદાન પણ ભૂલી શકાય તેમ નથી. આ તમામ સદ્ધગતોના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરું છું અને આપ સૌને પણ વિનંતી કરું છું કે આપણે બે મિનિટ ઉભા થઇને મૌન પાળીશું.

( બે મિનિટ મૌન બાદ)

અધ્યક્ષશ્રી : ઓમ શાંતિ, શાંતિ. સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદ્ધગતોના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

આજે ગૃહને મારે એક અન્ય બાબત પણ ધ્યાને મૂકવાની છે કે, આજે જ્યારે શોક પ્રસ્તાવ ચાલતો હતો ત્યારે શાસક પક્ષ અને વિપક્ષના લગભગ સાત જેટલા ધારાસભ્યશ્રીઓએ ચાલુ પ્રસ્તાવે પોતાનું સ્થાન લીધું એ બરાબર નથી અને ભવિષ્યમાં આ બાબતે કાળજી લેવામાં આવે.

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી : ) માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડો.એ.પી.જે. અબ્દુલ કલામ, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ.શ્રી બરજોરજી પારડીવાલા, આ ગૃહના વિદ્યમાન સભ્ય સ્વ.શ્રી રાજેન્દ્રભાઇ પટેલના માનમાં ગૃહની બેઠકનું બાકીનું કામકાજ મુલતવી રાખવામાં આવે.

તા. ૨૬મી ઓગષ્ટ,૨૦૧૫

શોકદર્શક ઉલ્લેખ

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય દંડકશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સુધારો કરવા માગું છું. મારો સુધારો એટલા માટે છે કે, ડો. એ.પી.જે.અબ્દુલ કલામે એવું કહ્યું હતું કે મારા મૃત્યુ પછી કોઇ રજા નહીં રાખતા If you love me, work more. આપણે ચાલુ ધારાસભ્યશ્રીનું અવસાન થયું છે એના માનમાં ગૃહ મુલતવી રાખીએ છીએ. એટલે માત્ર રાજાભાઇ પટેલના સંદર્ભમાં મુલતવી રાખીએ એ વાજબી ગણાશે. This is to keep the record straight.

અધ્યક્ષશ્રી : સભાગૃહનું આજનું કામકાજ આપણે મુલતવી રાખીએ છીએ. સભાગૃહ આવતી કાલે બપોરના ૧૨.૦૦ કલાકે ફરી મળશે.

સભાગૃહની બેઠકનું કામકાજ બપોરના ૧.૩૩ વાગ્યે પુરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૨૭-૮-૨૦૧૫ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
ગુરુવાર, તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫
ભાદ્રપદ ૫, ૧૯૩૭ શાકે
સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર.

સચિવશ્રી : બાબત ક્રમાંક-૧. ટૂંકી મુદતનો પ્રશ્ન.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દિશા વિહિન ગતિશીલતાવાળી આ સરકારે ગુજરાતને અશાંતિની આગમાં ધકેલી દીધું છે. માનનીય અધ્યક્ષશ્રી, પાટીદારોના શાંત અને અહિંસક આંદોલનને હિંસામાં કોણે ફેરવ્યું? (અંતરાય)

અધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ, પહેલાં આપનો પશ્ન છે એ પૂછો, પછી મંત્રીશ્રી આપને પ્રશ્ન પૂછવાની તક આપશે. આપનો પ્રશ્ન પૂછો પહેલાં..

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હાર્દિક પટેલને... (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો પશ્ન પૂછો, પછી મંત્રીશ્રી આપને પ્રશ્ન પૂછવાની તક આપશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસને લાઠીચાર્જનો આદેશ કોણે આપ્યો? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી..

અધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ, આપનો પશ્ન ડેન્ગ્યુને લગતો છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, ગુજરાત આખું અશાંતિની આગમાં હોમાઇ ગયું છે...

અધ્યક્ષશ્રી : નહીં, નહીં. પ્લીઝ. આપના પ્રશ્ન ઉપર આવી જાવ. આપનો પ્રશ્ન ડેન્ગ્યુનો છે તેના ઉપર વાત કરવા માગો છો કે નહીં?..

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, ડેન્ગ્યુના પ્રશ્ન કરતા પણ મહત્વનો પ્રશ્ન આ છે. (અંતરાય) સાહેબ, નવ નવ જેટલા શહીદો થયા. ગુજરાત આખું ભડકે બળે છે...

અધ્યક્ષશ્રી : નહીં, પ્લીઝ. રાઘવજીભાઇ, આપને નમ્ર વિનંતી કરું છું કે આપ આપના ટૂંકી મુદતના પ્રશ્ન ઉપર આવી જાવ. પ્લીઝ. (અંતરાય) નહીં, આપ બેસી જાવ, જો ચર્ચા ન કરવાના હો તો આપ બેસી જાવ. (સતત અંતરાય)

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, આ નિર્ણય કોણે કર્યો લાઠીચાર્જનો?

અધ્યક્ષશ્રી : નહીં નહીં, પ્લીઝ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, આ હાર્દિક પટેલને... (અંતરાય) નિર્દોષ સત્યાગ્રહીઓ ઉપર લાઠીચાર્જ કરવો, એને માર મારવો..

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ પ્લીઝ. પ્લીઝ. આપ પ્રશ્ન ઉપર આવો, નહીં તો આપનું માઇક બંધ કરવામાં આવશે. (અંતરાય) આપના પ્રશ્ન ઉપર આવી જાવ પ્લીઝ. અત્યારે ટૂંકી મુદતના પ્રશ્નની ચર્ચા ચાલે છે. તેના ઉપર આપ ચર્ચા કરો. આપ ડેન્ગ્યુ ઉપર વાત કરો. પ્લીઝ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : ભૂતકાળમાં સાહેબ,..

અધ્યક્ષશ્રી : ટૂંકી મુદતનો પ્રશ્ન છે તેના ઉપર ચર્ચા કરો પ્લીઝ.. પ્લીઝ. પ્લીઝ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, મને મારી વાત તો કરવા દો.

અધ્યક્ષશ્રી : આપ જે વિષયની ચર્ચા કરવા માગો છો, તેમાં રાજયના ગૃહમંત્રીશ્રી નિયમ-૪૪ હેઠળ આજે નિવેદન કરવાના છે, ત્યારે આપણે ચર્ચા કરી શકીશું. પ્લીઝ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, મારો પ્રશ્ન એ છે..

અધ્યક્ષશ્રી : નહીં, અત્યારે નહીં. ટૂંકી મુદતના પ્રશ્ન ઉપર ચર્ચા કરવી હોય તો કરો પ્લીઝ. (સતત અંતરાય) નહીં, ગૃહ ચલાવવાની જવાબદારી તમામ ૧૮૨ ધારાસભ્યશ્રીઓની છે. આપણી પરંપરાઓ, વિધાનસભાના નિયમો અને આપણા બંધારણ પ્રમાણે આપણે વિધાનસભા ચલાવવાની છે પ્લીઝ. જે મુદ્દો ઓર્ડર ઓફ ડેમાં બતાવવામાં આવ્યો હોય તેની આપ ચર્ચા કરો પ્લીઝ. બધાને વિનંતી છે. આપ પણ બેસી જાવ. શક્તિસિંહજી આપ પણ બેસો. રાઘવજીભાઇ આપ બેસો. આપ બેસો તો ખરા, હું વાત કરું છું. આપ બેસી જાવ પ્લીઝ. ( આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો.)

અધ્યક્ષશ્રી : અત્યારે પ્રશ્નોત્તરી અને ટૂંકી મુદતનો પ્રશ્ન છે. તેમાં આપણે કોઇ બીજી ચર્ચા ન કરીએ. મંત્રીશ્રી નિયમ-૪૪નું નિવેદન કરવાના છે. તેમાં તમને પ્રશ્ન પૂછવાની છૂટ આપીશું, પ્લીઝ. અત્યારે નહીં, અત્યારે નહીં. આપ સૌને મારી નમ્ર વિનંતી છે આપ બેસી જાવ. પ્લીઝ. (સતત સૂત્રોચ્ચાર) અત્યારે બેસી જાવ, રાઘવજીભાઇ, પ્લીઝ. અત્યારે બેસી જાવ, મહેરબાની કરીને, પ્લીઝ. (સતત સૂત્રોચ્ચાર) આ પ્રકારના કોઇ પણ સૂત્રોચ્ચાર આપણે કરી શકતા નથી. આપણી ઘણી બધી

પરંપરાઓ છે. વિધાનસભાના નિયમો પ્રમાણે આપણે બધા કામ કરતા હોઇએ છીએ. અત્યારનો જે સમય છે એ ધારાસભ્યોનો ખૂબ જ મહત્વનો પ્રશ્નોત્તરીનો સમય છે. આપ સૌને મારી નમ્ર વિનંતી છે. આપ બેસી જાવ. રાઘવજીભાઇ, આપે ચર્ચા કરવી હોય તો આપે જે ટૂંકી મુદતનો પ્રશ્ન ડેન્ગ્યુ બાબતનો રાજકોટ જિલ્લાનો પૂછ્યો છે એની આપ ચર્ચા કરો. પ્લીઝ. આપ જે ચર્ચા કરવા માગો છો એ બાબતમાં મંત્રીશ્રી નિયમ-૪૪નું નિવેદન કરવાના છે ત્યારે હું આપને તક આપીશ. આપ બેસી જાઓ. એની ચર્ચા થશે. પ્લીઝ, બેસી જાઓ. અત્યારે ટૂંકી મુદતના પ્રશ્નની ચર્ચા કરીએ. તમામ ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે, તેઓ બેસી જાય. પ્રશ્નોત્તરીનો સમય આપણા સૌના માટે ખૂબ મહત્વનો છે. પ્લીઝ, બધા સભ્યશ્રીઓને વિનંતી છે કે, આપ બેસી જાઓ. ગૃહનું સંચાલન કરવામાં આપ સૌની મદદની જરૂર પડે, નહીં તો અધ્યક્ષશ્રી ગૃહનું સંચાલન કેવી રીતે કરશે? પ્લીઝ, (સતત સૂત્રોચ્ચાર) આ પ્રકારના સૂત્રો ન પોકારો! પ્લીઝ, બેસી જાઓ. હું ગૃહનું કામકાજ પ્રશ્નોત્તરીના સમય સુધી મુલતવી રાખું છું. (બપોરના ૧૨.૦૬)

સભાગૃહ બપોરના ૧-૦૦ વાગ્યે ફરી મળ્યું
અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને
અતારાંકિત પ્રશ્નો
ટૂંકી મુદતના પ્રશ્નમાંથી ફેરવવામાં આવેલ
અમદાવાદ અને રાજકોટ શહેરમાં ડેંગ્યુના કેસો

ટૂં. મુ. ૨૭ શ્રી રાઘવજીભાઇ પટેલ (જામનગર-ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

**(૧) તા. ૨૦-૮-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે સપ્તાહમાં અમદાવાદ અને રાજકોટ શહેરમાં ડેંગ્યુના ૨૫૦થી વધુ પોઝીટીવ કેસો નોંધાયા છે તેમજ ડેંગ્યુ ઝડપથી ફેલાઇ રહ્યો છે તે ગંભીર હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને**

**(૨) જો હા તો ડેંગ્યુને સંપૂર્ણપણે કાબૂમાં લેવા સરકાર દ્વારા શા પગલાં લેવાયા છે.**

**(૧) તા. ૨૦-૮-૧૫ની સ્થિતિએ છેલ્લા બે સપ્તાહમાં અમદાવાદ અને રાજકોટ શહેરમાં ડેન્ગ્યુના કુલ ૮૯ કેસો નોંધાયેલ છે તથા ડેન્ગ્યુના રોગની પરિસ્થિતિ બન્ને મહાનગરપાલિકામાં નિયંત્રણ હેઠળ છે.**

**(૨) -તાવ સર્વેલન્સ મારફત શંકાસ્પદ જણાતા ડેન્ગ્યુના કેસોના ગવર્ન્મેન્ટ/મ્યુનિસિપલ/નીએમઆરએસ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પટલ તથા જિલ્લા કક્ષાની હોસ્પિટલ ખાતે કાર્યરત નિદાન કેન્દ્રોમાં લેબૉરેટરી પરીક્ષણ દ્વારા ચોક્કસ નિદાન અને યોગ્ય સારવાર.**
**- ગંભીર પ્રકારના કેસોને સંદર્ભ સેવાઓ ઉપલબ્ધ કરાવવી.**
**- મચ્છર ઉત્પતિ અટકાયત કામગીરી.**
**- નિદાન થયેલ કેસોના વિસ્તારના ઘરોમાં ફોગીંગ અને પોરાનાશક કામગીરી**
**- રોગની પરિસ્થિતિની દૈનિક, અઠવાડિક અને માસિક ધોરણે નિયમિત સમીક્ષા હાથ ધરી રોગ અટકાયત અને નિયંત્રણ પગલાઓનું અમલીકરણ.**
**- અન્ય ખાતાઓનો સાથ સહકાર.**
**- આરોગ્ય શિક્ષણની કામગીરી**

અતારાંકિત પ્રશ્નો
તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ
વલસાડ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૨૦૨૧૯ શ્રી રમણલાલ ના. પાટકર (ઉમરગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૦-૬-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

જવાબ

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| વલસાડ | ૩૬૫૨ |
| પારડી | ૨૫૯૪ |
| વાપી | ૧૧૫૧ |
| ઉમરગામ | ૨૨૮૦ |
| ધરમપુર | ૨૮૭૪ |
| કપરાડા | ૨૩૧૮ |

| | |
|---|---|
| કુલઃ- | ૧૪૮૬૯ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| વલસાડ | ૩૬૫૨ | ૩૫૨૯ | ૪૭ |
| પારડી | ૨૫૯૪ | ૨૪૯૦ | ૨૪ |
| વાપી | ૧૧૫૧ | ૧૦૬૨ | ૪૪ |
| ઉમરગામ | ૨૨૮૦ | ૨૦૨૯ | ૨૧૩ |
| ધરમપુર | ૨૮૭૪ | ૨૭૬૮ | ૫૯ |
| કપરાડા | ૨૩૧૮ | ૨૦૦૯ | ૨૩૭ |
| કુલઃ- | ૧૪૮૬૯ | ૧૩૮૮૭ | ૬૨૪ |

(૩) ઉક્ત નોંધો નામંજૂર કરવાના કારણો શાં છે?

(૩) નિયમોનુસાર ન હોવાથી.

### બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં બટાટાની નિકાસ માટે ખેડૂતોને ટ્રાન્સપોર્ટ સબસીડી

* ૨૦૧૦૫ શ્રી ગોવાભાઇ હ. રબારી (ડીસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૬-૧૫ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ફેબ્રુઆરી-માર્ચ ૨૦૧૫માં થયેલ કમોસમી વરસાદ અને કરા પડવાથી બટાટાના પાકને ભારે નુકશાન થતાં રાજ્ય સરકારે બટાટાની નિકાસ કરવા ખેડુતોને ટ્રાન્સપોર્ટ સબસીડી આપવાની જાહેરાત કરેલ, તે હકિકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં કેટલા ખેડૂતોને ટ્રાન્સપોર્ટ સબસીડી પેટે કેટલી રકમ ચૂકવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલાને સબસીડી ચૂકવવાની બાકી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૫માં ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનસન્સ

* ૨૦૨૬૬ શ્રી હસમુખભાઇ સો. પટેલ (અમરાઇવાડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ (VGGIS) ૨૦૧૫ અંતર્ગત કયા કયા સેકટરમાં કુલ કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનસન્સ થયા, અને ક્યા ક્યા ? | વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ (VGGIS) ૨૦૧૫ માં કુલ ૨૧૩૦૪ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનસન્સ થયેલ છે જેની સેક્ટરવાર વિગતો આ સાથેના પત્રક માં સામેલ છે. |

પત્રક

| અનુ. નં. | સેક્ટર | ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનસન્સની સંખ્યા |
|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ | ૧૫૫૪ |
| ૨ | એનિમલ હસ્બન્ડરી & ફીશરીઝ | ૩૪૫ |
| ૩ | બાયોટેકનોલોજી | ૯૨ |
| ૪ | કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ | ૧૫૩૨ |
| ૫ | સિવિલ એવિએશન | ૭૦ |
| ૬ | કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) | ૩૪ |
| ૭ | એજ્યુકેશન | ૧૩૪ |
| ૮ | એન્જીનીયરીંગ, ઓટો એન્ડ સિરામિક્સ | ૪૭૮૦ |
| ૯ | એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ | ૨૭૭ |
| ૧૦ | ફાઇનાન્સિયલ સર્વિસિસ | ૬૮ |
| ૧૧ | જેમ્સ એન્ડ જવેલેરી | ૧૧૬ |
| ૧૨ | હેલ્થ કેર | ૧૬૦ |

| અનુ. નં. | સેક્ટર | ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેનસન્સની સંખ્યા |
|---|---|---|
| ૧૩ | ઇન્ડસ્ટ્રીયલ પાર્ક | ૧૩૬ |
| ૧૪ | ઇન્ફોર્મેશન ટેકનોલોજી | ૧૨૨ |
| ૧૫ | લોજીસ્ટીક પાર્ક એન્ડ અધર ઇન્ફ્રાસ્ટ્રક્ચર | ૧૦૩ |
| ૧૬ | મિનરલ બેઝ્ડ (સિમેન્ટ) | ૩૦૮ |
| ૧૭ | મિનરલ બેઝ્ડ(જી.એમ.ડી.સી. પ્રોજેક્ટ્સ) | ૧૦૧ |
| ૧૮ | ઓઇલ, ગેસ એન્ડ ફર્ટીલાઇઝર્સ (સ્ટેટ PSU) | ૩૧૪ |
| ૧૯ | અન્ય | ૫૦૮૪ |
| ૨૦ | પેપર | ૨૭૮ |
| ૨૧ | પી.સી.પી.આઇ.આર. એન્ડ જી.આઇ.ડી.સી. લાર્જ પ્રોજેક્ટ્સ | ૧૬૭ |
| ૨૨ | ફાર્માસ્યુટીકલ્સ | ૩૭૮ |
| ૨૩ | પોર્ટ એન્ડ પોર્ટ બેઝ્ ડ | ૯૩ |
| ૨૪ | પાવર | ૭૨ |
| ૨૫ | પાવર–રીન્યુએબલ | ૧૨૬ |
| ૨૬ | રોડ એન્ડ રેઇલ પ્રોજેક્ટ્સ | ૪૨ |
| ૨૭ | રૂરલ ડેવલપમેન્ટ | ૩૪૮ |
| ૨૮ | રૂરબન હાઉસીંગ | ૨૧૩ |
| ૨૯ | સેઝ | ૪ |
| ૩૦ | સ્કિલ ડેવલપમેન્ટ સેક્ટર (CED) | ૧૪ |
| ૩૧ | સ્કિલ ડેવલપમેન્ટ સેક્ટર (DET) | ૮૦ |
| ૩૨ | સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજીઅન | ૨૭ |
| ૩૩ | ટેક્ષ્ટાઇલ એન્ડ એપરલ્સ | ૨૭૮૪ |
| ૩૪ | ટૂરીઝમ | ૯૦ |
| ૩૫ | ટ્રાયબલ ડેવલપમેન્ટ | ૨૯ |
| ૩૬ | અરબન ડેવલપમેન્ટ | ૧૦૯૧ |
| ૩૭ | વોટર રીસોર્સ | ૧૩૮ |
| | કુલ | ૨૧૩૦૪ |

### સુરેન્દ્રનગર જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી

* ૨૦૨૦૩ શ્રી પુનમભાઇ કા. મકવાણા (દસાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ વિભાગ દ્વારા, વેલાવાળા શાકભાજી વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫માં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) કુલ ૨૨ લાભાર્થીઓ<br>કુલ રૂ.૫,૮૩,૫૫૭/– (રૂપિયા પાંચ લાખ ત્યાંસી હજાર પાંચસો સત્તાવન પુરા) |

### ફતેવાડી યોજનાની નહેરોની સુધારણા બાબત

* ૨૦૧૫૩ શ્રી બાબુભાઇ જ. પટેલ (દસક્રોઇ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૭–૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ દરમિયાન ફતેવાડી યોજનાની નહેરોની સુધારણા કામગીરી બાબતે સરકાર તરફથી કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામમાં શું પ્રગતી થઈ, અને | (૨) આ આયોજન હાલ મંજુરીની પ્રક્રિયામાં છે. |
| (૩) આ કામગીરીથી કેટલા વિસ્તારને ફાયદો થશે? | (૩) આ કામગીરીથી કુલ ૧૫૦૦ હેક્ટર વિસ્તારને ફાયદો થશે. |

અતારાંકિત પ્રશ્નો

વિજાપુર તાલુકામાં રસ્તાઓ બનાવવાની માંગણીઓ

* ૨૦૪૦૫ શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ (વિજાપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૭–૨૦૧૫ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં પંચાયત તથા સ્ટેટના કેટલા રસ્તાઓ બનાવવાની કેટલી માંગણીઓ સરકારને મળી, | (૧) ગાડા માર્ગ (કાચા રસ્તા) માંથી ડામર રસ્તા બનાવવાની રાજ્યના રસ્તાઓ બનાવવાની કોઇ માંગણીઓ મળી નથી. જ્યારે પંચાયત રસ્તાઓ માટે કુલ ૧૦૪ રસ્તાઓની માંગણી મળેલ છે. |
| (૨) તે અન્વયે કેટલા રસ્તાઓ મંજૂર કર્યા, અને | (૨) રૂ.૧૪૨૮ લાખના અંદાજિત ખર્ચવાળા ૧૧ રસ્તા. |
| (૩) તેની કામગીરી ક્યારે હાથ ધરવામાં આવશે? | (૩) ૪ પ્રગતિમાં છે. જ્યારે ૭ ની વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે શરૂ થનાર છે. |

જામનગર જિલ્લામાં કલેફ લીપ/પેલેટના થયેલ ઓપરેશન

* ૨૦૨૩૦ શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા (જામજોધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૦૭–૨૦૧૫ની સ્થિતિએ બાળકોમાં જોવા મળતાં ક્લેફ લીપ/પેલેટના ઓપરેશન માટે વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. તા.૩૦–૦૭–૨૦૧૫ થી આ વ્યવસ્થા શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૭–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં કેટલા બાળકોના ઓપરેશન કરવામાં આવેલ છે? | (૨) તા.૩૧–૦૭–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ૧૬ બાળકોના ઓપરેશન કરવામાં આવેલ છે. |

મોડાસા અને ધનસુરા તાલુકામાં સિંચાઈ સુવિધા

* ૧૯૭૨૫ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર (મોડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના મોડાસા અને ધનસુરા તાલુકાના કેટલા ગામોને સિંચાઈ સુવિધા પ્રાપ્ત થાય છે, અને | (૧) તાલુકો – ગામોની સંખ્યા<br>મોડાસા – ૧૦૦<br>ધનસુરા – ૬૬ |
| (૨) તે અન્વયે બાકી રહેતા ગામોને કેટલા સમયમાં સિંચાઈની સુવિધાઓ આપવાનું આયોજન છે? | (૨) જે ગામોમાં સિંચાઇની સુવિધાઓ નથી તે ગામોની સ્થળ પરની ભૌગોલિક પરિસ્થિતિનો અભ્યાસ કરી, શક્ય જણાશે તેવા ગામોમાં તાંત્રિક/આર્થિક પાસાઓ ચકાસી, સીધી/આડકતરી સિંચાઇનો લાભ આપવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

રાજકોટ જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી

* ૨૦૨૦૫ શ્રી જયરાજસિંહ ટે. જાડેજા (ગોંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ વિભાગ દ્વારા, વેલાવાળા શાકભાજી વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫માં રાજકોટ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) ૧૩ લાભાર્થીઓ<br>રૂ.૬,૩૦,૦૦૯/– (રૂપિયા છ લાખ ત્રીસ હજાર નવ પુરા) |

ભરૂચ જિલ્લા નગરપાલિકાઓમાં પીવાના પાણીની યોજના

* ૨૦૨૫૦ શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પીવાના પાણીની યોજના માટે ભરૂચ જિલ્લામાં નગરપાલિકાવાર તા.૩૧–૩–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ભરૂચ જિલ્લાની આમોદ, અંકલેશ્વર, ભરૂચ અને જંબુસર નગરપાલિકાઓ પૈકી તા.૩૧–૩–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંબુસર નગરપાલિકાની એક |

વર્ષમાં કેટલી મંજૂરી આપેલ છે,

પીવાના પાણીની યોજના રૂ.૧૭.૫૧ કરોડના ખર્ચે મંજૂરી આપેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે અને કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૨) યોજનાનું કામ પ્રગતિમાં છે.

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલું અનુદાન ફાળવેલ છે?

(૩) રૂ.૭.૦૦ કરોડનું અનુદાન ફાળવેલ છે.

## રાજ્યમાં મંજૂર કરેલ સેઝ, કેન્દ્ર સરકાર દ્વારા રદ કરવા બાબત

* ૨૦૪૧૮ ડૉ. મિતેષભાઇ ક. ગરાસીયા (ઝાલોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં મંજૂર થયેલા સ્પેશીયલ ઈકોનોમી ઝોન (સેઝ) પૈકી તા. ૩૦–૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ભારત સરકાર દ્વારા કેટલા સેઝ ક્યારે નામંજૂર/રદ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ સેઝ નામંજૂર/રદ કરવાના કારણો શાં છે, અને

(૩) રદ કરવામાં આવેલ સેઝની મંજૂરી ક્યારે મળેલ હતી?

જવાબ

(૧) ૯ (નવ)
વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન.

(૨) એસ.ઇ.ઝેડ. ડેવલોપર અને એકમને તા. ૦૧–૦૪–૨૦૧૨ થી મિનિમમ અલ્ટરનેટ ટેક્ષ (મેટ) ભરવાનો થતો હોવાથી તેમજ એસ.ઇ.ઝેડ. માં આવેલ એકમો તા. ૩૧–૦૩–૨૦૧૪ પહેલાં કાર્યરત થાય તો જ ઇન્કમટેક્ષની રાહતો મળવાપાત્ર હોવાની નવી કાયદાકીય જોગવાઇઓ દાખલ થવાના કારણોસર તેમજ અન્ય કારણોસર કેટલાક ડેવલોપર્સને એસ.ઇ.ઝેડ. બનાવવાની ઇચ્છા ન હોવાથી, તેમના દ્વારા એસ.ઇ.ઝેડ. ની દરખાસ્તો પરત ખેંચવા/ડી–નોટીફાઇડ કરવા માટે અરજીઓ આવેલ. આ ઉપરાંત અમુક ડેવલોપર્સ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી સંતોષકારક ન જણાતાં ભારત સરકારશ્રીના એસ.ઇ.ઝેડ. માટેના બોર્ડ ઓફ એપ્રુવલ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી રદ કરવાનો નિર્ણય લેવામાં આવેલ.

(૩) વર્ષ–૨૦૦૬ થી વર્ષ ૨૦૦૮ દરમ્યાન.

## વલસાડ જિલ્લામાં પાક નિષ્ફળ જતા ખેડુતોને વળતર

* ૧૯૮૨૨ શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ (ધરમપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૭–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં પાક નિષ્ફળતા માટે સહાય ચુકવવાની જાહેરાત અન્વયે કેટલા ખેડુતોને કુલ કેટલી રકમનું વળતર ચુકવાયું,

(૨) જો વળતર ન ચુકવવામાં આવ્યું હોય તો તેના કારણો શાં છે, અને

(૩) કેટલા સમયમાં આ વળતર ચુકવવામાં આવશે?

જવાબ

(૧) તા. ૩૧–૦૭–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં પાક નિષ્ફળતા માટે સહાય ચૂકવવાની જાહેરાત અન્વયે ૫૨૨૦ ખેડુતોને રૂ. ૧૦૮૪.૫૫ લાખ રકમનું વળતર ચુકવાયું,

(૨) વળતર ચુકવાઇ ગયેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) વળતર ચુકવવાની કામગીરી પૂર્ણ થયેલ હોઇ, કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યમાં બી.ટી. કપાસ બિયારણમાં ખરાબી અંગે

* ૧૯૭૨૩ શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા (વિસાવદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં બી.ટી. કપાસના બિયારણમાં ખરાબી હોવાથી કપાસના પાકને ભારે નુકશાન થઈ રહ્યુ છે, તે હકિકતથી સરકાર વાકેફ છે, અને

જવાબ

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં બી.ટી. કપાસના બિયારણમાં ખરાબીના કારણે નુકશાનીના કોઇ અહેવાલ મળેલા નથી.

(૨) જો હા, તો આવા બિયારણની ચકાસણી કરી તેને અટકાવવા સરકારે શા પગલાં લીધા?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

કેન્સર હોસ્પિટલ અમદાવાદને ફાળવેલ ગ્રાન્ટ

* ૨૦૨૩૪ શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કેન્સર હોસ્પિટલ અમદાવાદને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે વર્ષવાર કુલ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) કેન્સર હોસ્પિટલ અમદાવાદને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે (રૂ. કરોડમાં)

| વર્ષ | નોન પ્લાન | પ્લાન | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૫૪.૨૯ | ૩૮.૬૧ | ૯૨.૯૦ |
| ૨૦૧૪–૧૫ | ૫૬.૦૦ | ૨૮.૦૫ | ૮૪.૦૫ |
| કુલ | ૧૧૦.૨૯ | ૬૬.૬૬ | ૧૭૬.૯૫ |

(૨) તે અન્વયે વર્ષવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

(રૂ. કરોડમાં)

| વર્ષ | નોન પ્લાન | પ્લાન | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૫૪.૨૯ | ૧૭.૪૪ | ૭૧.૭૩ |
| ૨૦૧૪–૧૫ | ૫૬.૦૦ | ૨૩.૪૦ | ૭૯.૪૦ |
| કુલ | ૧૧૦.૨૯ | ૪૦.૮૪ | ૧૫૧.૧૩ |

તાપી જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી

* ૨૦૧૮૩ શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર (બારડોલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તાપી જિલ્લામાં તા. ૩૦–૬–૨૦૧૫ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે, અને

(૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

જવાબ

(૧) ૨૨૬૨.

(૨) ઉક્ત પૈકી તા. ૧૨–૮–૧૫ સુધીમાં ૧૫૧૦ નોંધોનો નિકાલ કરવામાં આવેલ છે. બાકી ૭૫૨ નોંધો મુદત પુરી થયેથી સત્વરે નિકાલ કરવામાં આવશે.

અમદાવાદ જિલ્લામાં શહેરી ગરીબોના આવાસ બનાવવા સરકારી સંસ્થાઓને જમીન

* ૨૦૨૦૮ શ્રી સુરેશભાઇ ઘ. પટેલ (મણીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

શહેરી ગરીબોને આવાસો બનાવવાના હેતુસર અમદાવાદ જિલ્લામાં કઈ સરકારી સંસ્થાઓને તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?

જવાબ

અમદાવાદ મ્યુ. કોર્પોરેશનને ૮૨૬૨૩ ચો.મી. જમીન ફાળવવા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને હવાલે મુકવામાં આવેલ છે.

જામનગર જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત

* ૨૦૧૫૪ શ્રી મેઘજીભાઇ અ. ચાવડા (કાલાવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત તળાવો ઉંડા ઉતારવા માટે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) ૬૩.

(૨) ઉક્ત તળાવો ઉંડા ઉતારવા નીચેની વિગતે વર્ષવાર ખર્ચ કરવામાં આવ્યો.

| અનુ. નં. | ખર્ચ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૦૧-૦૪-૨૦૧૩ થી ૩૧-૦૩-૨૦૧૪ | ૧૪૭.૨૩ |
| ૨ | ૦૧-૦૪-૨૦૧૪ થી ૩૧-૦૩-૨૦૧૫ | ૩૭.૧૦ |

સુરત જિલ્લામાં કોકલીયર ઈમ્પ્લાન્ટના કરેલ ઓપરેશન

* ૨૦૩૭૭ શ્રી મુકેશભાઇ ઝી. પટેલ (ઓલપાડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૭-૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં બાળકોને કોકલીયર ઈમ્પ્લાન્ટની વિનામૂલ્યે સારવાર આપવાની કોઈ વ્યવસ્થા છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૦૭-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા દર્દીઓને તપાસવામાં આવ્યા, અને | (૨) તા. ૩૧-૦૭-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાં ૧૪૦ દર્દીઓને તપાસવામાં આવ્યા. |
| (૩) કેટલા ઓપરેશન કરવામાં આવ્યા? | (૩) કુલ-૮૫ ઓપરેશન કરવામાં આવ્યા. |

રાજ્યમાં રાહત ફંડમાં જમા રકમ બાબત

* ૧૯૮૧૪ શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના રાહત ફંડ (કેલીમીટી ફંડ)માં કુલ કેટલી રકમ જમા છે, | (૧) રૂ. ૩૨૭૦.૩૮ કરોડ. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલી કુદરતી આફતો પાછળ થયેલ નુકશાન પેટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, | (૨) તા. ૧-૮-૧૩ થી ૩૧-૭-૧૫ સુધી આવેલ પૂર અને અછતના કારણે ૭૮૪.૨૭ કરોડની ફાળવણી કરવામાં આવી. |
| (૩) નુકશાન પેટે ફાળવેલ રાહતની રકમ ઓછી હોવાની કોઈ ફરિયાદો મળી છે કે કેમ, અને | (૩) કોઇ ફરિયાદો મળેલ નથી. |
| (૪) જો , હા તો સરકારે આ અંગે શું પગલાં લીધાં છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

કચ્છ જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી

* ૨૦૨૦૪ શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ વિભાગ દ્વારા, વેલાવાળા શાકભાજી વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫માં કચ્છ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) ૧૩ લાભાર્થીઓ<br>રૂ. ૧,૯૬,૯૦૦/-<br>(રૂપિયા એક લાખ છન્નુ હજાર નવસો પુરા) |

ખેડા જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૨૦૧૮૪ શ્રી રોહીત પટેલ (આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી, | (૧) |

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | નડીયાદ (શહેર) | ૩૮૦ |
| ૨ | નડીયાદ (ગ્રામ્ય) | ૨૪૪૯ |
| ૩ | વસો | ૯૦૬ |
| ૪ | મહુધા | ૧૩૦૫ |

| | | |
|---|---|---|
| ૫ | માતર | ૧૫૭૪ |
| ૬ | ખેડા | ૧૧૯૧ |
| ૭ | મહેમદાવાદ | ૨૨૬૦ |
| ૮ | કઠલાલ | ૨૫૪૫ |
| ૯ | કપડવંજ | ૩૨૮૧ |
| ૧૦ | ઠાસરા | ૨૫૨૮ |
| ૧૧ | ગળતેશ્વર | ૧૨૮૨ |
| | કુલ | ૧૯૭૦૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરેલ નોંધો | નામંજૂર કરેલ નોંધો |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | નડીયાદ (શહેર) | ૩૮૦ | ૩૨૫ | ૬ |
| ૨ | નડીયાદ (ગ્રામ્ય) | ૨૪૪૯ | ૨૦૨૩ | ૧૬૨ |
| ૩ | વસો | ૯૦૬ | ૭૦૫ | ૧૪૬ |
| ૪ | મહુધા | ૧૩૦૫ | ૧૦૭૦ | ૧૨૮ |
| ૫ | માતર | ૧૫૭૪ | ૧૩૦૪ | ૯૦ |
| ૬ | ખેડા | ૧૧૯૧ | ૮૫૮ | ૧૭૭ |
| ૭ | મહેમદાવાદ | ૨૨૬૦ | ૧૭૩૬ | ૧૭૩ |
| ૮ | કઠલાલ | ૨૫૪૫ | ૧૯૨૨ | ૪૦૯ |
| ૯ | કપડવંજ | ૩૨૮૧ | ૨૮૪૩ | ૧૭૪ |
| ૧૦ | ઠાસરા | ૨૫૨૮ | ૨૧૬૩ | ૯૬ |
| ૧૧ | ગળતેશ્વર | ૧૨૮૨ | ૧૦૪૦ | ૪૯ |
| | કુલ | ૧૯૭૦૧ | ૧૫૯૮૯ | ૧૬૧૦ |

(૩) ઉક્ત નોંધો નામંજૂર કરવાનાં કારણો શાં છે?

(૩) નિયમોનુસાર ન હોવાથી.

## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૫માં સેકટરોમાં ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનસન્સ

* ૨૦૪૪૬ શ્રી પ્રફૂલ્લભાઈ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ (VGGIS) ૨૦૧૫ અંતર્ગત કેટલાં સેકટરમાં ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનસન્સ થયાં, અને કયા ક્યા ?

જવાબ

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ–(VGGIS) ૨૦૧૫માં કુલ ૨૧૩૦૪ ઈન્વેસ્ટમેન્ટ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનસન્સ થયેલ છે જેની વિગતો સેકટરવાર આ સાથેના પત્રકમાં સામેલ છે.

પત્રક

| અનુ. નં. | સેક્ટર | ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનસન્સની સંખ્યા |
|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ | ૧૫૫૪ |
| ૨ | એનિમલ હસ્બન્ડરી & ફીશરીઝ | ૩૪૫ |
| ૩ | બાયોટેકનોલોજી | ૯૨ |
| ૪ | કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ | ૧૫૩૨ |
| ૫ | સિવિલ એવિએશન | ૭૦ |

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

| અનુ. નં. | સેક્ટર | ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનસન્સની સંખ્યા |
|---|---|---|
| ૬ | કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) | ૩૪ |
| ૭ | એજ્યુકેશન | ૧૩૪ |
| ૮ | એન્જીનીયરીંગ, ઓટો એન્ડ સિરામિક્સ | ૪૭૮૦ |
| ૯ | એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ | ૨૭૭ |
| ૧૦ | ફાઈનાન્સિયલ સર્વિસિસ | ૬૮ |
| ૧૧ | જેમ્સ એન્ડ જવેલેરી | ૧૧૬ |
| ૧૨ | હેલ્થ કેર | ૧૬૦ |
| ૧૩ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૧૩૬ |
| ૧૪ | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૧૨૨ |
| ૧૫ | લોજીસ્ટીક પાર્ક એન્ડ અધર ઈન્ફ્રાસ્ટ્રક્ચર | ૧૦૩ |
| ૧૬ | મિનરલ બેઝડ (સિમેન્ટ) | ૩૦૮ |
| ૧૭ | મિનરલ બેઝડ (જી.એમ.ડી.સી. પ્રોજેક્ટ્સ) | ૧૦૧ |
| ૧૮ | ઓઈલ, ગેસ એન્ડ ફર્ટીલાઈઝર્સ (સ્ટેટ PSU) | ૩૧૪ |
| ૧૯ | અન્ય | ૫૦૮૪ |
| ૨૦ | પેપર | ૨૭૮ |
| ૨૧ | પી.સી.પી.આઇ.આર. એન્ડ જી.આઇ.ડી.સી. લાર્જ પ્રોજેક્ટ્સ | ૧૬૭ |
| ૨૨ | ફાર્માસ્યુટીકલ્સ | ૩૭૮ |
| ૨૩ | પોર્ટ એન્ડ પોર્ટ બેઝ્ ડ | ૯૩ |
| ૨૪ | પાવર | ૭૨ |
| ૨૫ | પાવર-રીન્યુએબલ | ૧૨૬ |
| ૨૬ | રૉડ એન્ડ રેઈલ પ્રોજેક્ટ્સ | ૪૨ |
| ૨૭ | રૂરલ ડેવલપમેન્ટ | ૩૪૮ |
| ૨૮ | રૂરબન હાઉસીંગ | ૨૧૩ |
| ૨૯ | સેઝ | ૪ |
| ૩૦ | સ્કિલ ડેવલપમેન્ટ સેક્ટર (CED) | ૧૪ |
| ૩૧ | સ્કિલ ડેવલપમેન્ટ સેક્ટર (DET) | ૮૦ |
| ૩૨ | સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીઅન | ૨૭ |
| ૩૩ | ટેક્ષ્ટાઈલ એન્ડ એપરલ્સ | ૨૭૮૪ |
| ૩૪ | ટૂરીઝમ | ૯૦ |
| ૩૫ | ટ્રાયબલ ડેવલપમેન્ટ | ૨૯ |
| ૩૬ | અરબન ડેવલપમેન્ટ | ૧૦૯૧ |
| ૩૭ | વોટર રીસોર્સ | ૧૩૮ |
| | કુલ | ૨૧૩૦૪ |

બનાસકાંઠા જિલ્લામાં ચાકરીયાત-પસાયતા ધોરણે જમીન ધરાવતા કબજેદારોને જમીન રીગ્રાન્ટ કરવા બાબત

* ૨૦૨૧૪ શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

ચાકરીયાત-પસાયતા ધોરણે જમીન ધરાવતા કબજેદારો પૈકી તા. ૩૦-૦૬-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા ઈસમોને કેટલી જમીન રીગ્રાન્ટ કરવામાં આવેલી છે?

જવાબ

ચાકરીયાત-પસાયતા ધોરણે જમીન ધરાવતા કબજેદારો પૈકી તા.૩૦-૦૬-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ૨૫૪ ખેડૂત ખાતેદારોને હે. ૮૧-૬૦-૧૯ ચો.મી. જમીન રીગ્રાન્ટ કરવામાં આવેલી છે.

વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૫માં યોજાયેલ સેમિનાર

* ૨૦૪૪૯ શ્રી હીરાભાઇ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૫માં કેટલા

જવાબ

વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૫ માં ૨૪

અને કયા કયા સેમિનાર યોજ્યા હતા?

જેટલા સેમિનાર યોજાયા હતા.

ઉપરોક્ત ૨૪ સેમિનારમાંથી ૧૪ દેશો જેવા કે જાપાન, સિંગાપોર, નેધરલેન્ડ, યુ.કે., યુ.એસ.એ., ઓસ્ટ્રેલિયા, ડેન્માર્ક, કેનેડા, સ્વીડન, પોલેન્ડ, અસ્ત્રાખાન પોવીન્સ (રશિયા), બહારીન, ઇઝરાઇલ અને અફઘાનિસ્તાન દ્વારા ૧૪ અલગ કન્ટ્રી સેમિનાર યોજવામાં આવ્યા હતા, અને ૧૦ થીમ આધારિત સેમિનાર સરકારશ્રીના વિવિધ વિભાગો દ્વારા યોજાયા હતા જેવા કે

(૧) ગુજરાતઃ પ્રીફર્ડ હબ ફોર ડીફેન્સ પ્રોડકશન
(૨) સીએસઆરઃ ટર્ચીંગ લાઇવ્સ એન્ડ મેકિંગ એન ઇમ્પેક્ટ
(૩) ઇનોવેશન એન્ડ ટેકનોલોજી ઇન ફૂડ પ્રોસેસિંગ
(૪) એસએમઇઃ ગીયરીંગ અપ ફોર ગ્લોબલ કોમ્પીટીટીવનેસ
(૫) સસ્ટેનેબલ એનર્જી ફોર ઓલ
(૬) વોટર સિક્યુરીટી, કલાયમેટ ચેન્જ એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ
(૭) ઇન્વેસ્ટ ઇન્ડિયાઃ ફાયનાન્સીંગ ફોર ફયુચર ગ્રોથ
(૮) સ્માર્ટ સીટીઝ ફોર ધ નેક્સ્ટ જનરેશન
(૯) ઇનોવેશનઃ ટોચબીયરર ઓફ ૨૧ સેનચ્યુરી
(૧૦)હેલ્થ ફોર ઓલઃ લીવરેજીંગ ટેકનોલોજી, ઇનોવેશન એન્ડ એનેબ્લર્સ

## દુધમતી નદી પરના ડુબાઈ પુલની ઉંચાઈ વધારવાની કામગીરી

* ૨૦૩૦૦ શ્રી વજેસિંહભાઇ પા. પણદા (દાહોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૭–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ તાલુકાના નસીરપુર ગામે આવેલ દુધમતી નદી સ્મશાન તરફ જતા રસ્તા ઉપર ડુબાઈ પુલ આવેલ છે, તે પુલની ઉંચાઈ વધારવાની કામગીરી કયા તબક્કે છે, અને (૨) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | (૧) અને (૨) ઉંચાઇ વધારવાનું હાલમાં કોઈ આયોજન નથી. |

## ઝાલોદ બજાર સમિતિને સહાય

* ૨૦૨૭૮ શ્રી રમેશભાઇ ભુ. કટારા (ફતેપુરા) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૫–૨૦૧૬માં દાહેદ જિલ્લાની બજાર સમિતિ ઝાલોદને કુલ કેટલી સહાય મંજૂર કરવામાં આવેલ છે, | (૧) સહાય મંજુર કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી તા. ૩૧–૦૭–૨૦૧૫ સુધીમાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકીની સહાય ક્યારે ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિથી નુકશાન સામે ચૂકવેલ રકમ

* ૧૯૭૮૭ શ્રી શકિતસિંહ હ. ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં જૂન–જુલાઈ ૨૦૧૫માં અતિવૃષ્ટિનાં કારણે થયેલ નુકશાની પેટે કુલ કેટલી રકમની રાહતની સરકારે જાહેરાત કરી, અને | (૧) ૧. મહેસૂલ વિભાગના તા.૨૭–૦૪–૨૦૧૫, ૧૫–૦૭–૨૦૧૫ અને તા.૦૩–૦૮–૨૦૧૫ના ઠરાવોથી કેશ ડોલ્સ, માનવ મૃત્યુ, ઘરવખરી, પશુ મૃત્યુ મકાન સહાય તથા કૃષિ સહાયની રાહતના ધોરણો સરકારશ્રીએ |

જાહેર કરેલ છે. ઉદ્યોગ વિભાગના તા. ૧૫–૭–૨૦૧૫ના ઠરાવથી લઘુ ઉત્પાદક એકમો, વાણિજિયક અને સેવા એકમોને થયેલ નુકશાન અંગે સહાયના ધોરણો જાહેર કરવામાં આવેલ છે.

૨. તા.૧૫–૭–૨૦૧૫ના મહેસૂલ વિભાગના ઠરાવથી રાજ્ય સરકારે ઘરવખરી સહાય તરીકે SDRF માંથી કુટુંબ દીઠ મળવાપાત્ર રૂ.૩૮૦૦/-ની રકમ ઉપરાંત રાજય બજેટમાંથી કુટુંબ દીઠ રૂ. ૩૨૦૦/-ની વધારાની રકમ આપવાની જાહેરાત કરેલ છે પશુ મૃત્યુ સહાય તરીકે SDRF માંથી ૩ દુધાળા પશુઓની મર્યાદામાં પશુ દીઠ રૂ. ૩૦ હજાર ચૂકવવાની જોગવાઈ છે તેમાં પશુ દીઠ રૂ. ૧૦ હજારની વધારાની રકમ રાજ્યના બજેટમાંથી આપવાનું સરકારશ્રીએ નક્કી કરેલ છે. તદુપરાંત SDRF માંથી મળવાપાત્ર ૩ દુધાળા પશુઓ ઉપરાંત બે વધારાના દુધાળા પશુઓ માટે પશુ દીઠ રૂ. ૩૦ હજાર રાજ્ય સરકારના બજેટમાંથી આપવાનું સરકારશ્રીએ જાહેર કરેલ છે.

૩. જમીન ધોવાણના કીસ્સામાં અને નદીનું વહેણ બદલાઈ જવાને કારણે ભારે જમીન ધોવાણાના કિસ્સામાં SDRF માંથી બે હેકટર સુધીની જમીન ધરાવતા ખેડૂતોને ક્રમશઃ રૂ.૧૨૨૦૦/- પ્રતિ હેકટર અને રૂ. ૩૭૫૦૦/-પ્રતિ હેકટરની સહાય આપવાની જોગવાઈ છે તેમાં રાજ્ય સરકારે પોતાના ભંડોળમાંથી પ્રતિ હેકટર ક્રમશઃ રૂ.૧૨૮૦૦/- અને રૂ.૨૨૫૦૦/-ની વધારાની રકમ આપવાની જાહેરાત કરેલ છે. બે હેકટરથી વધારે જમીન ધરાવતા ખેડૂતો માટે જમીન ધોવાણ કે ભારે જમીન ધોવાણના કિસ્સાઓમાં સહાય આપવાની SDRF માં કોઈ જોગવાઈ નથી. જેથી રાજ્ય સરકારે પોતાના ભંડોળમાંથી એવા અસરગ્રસ્ત ઈસમોને બે હેકટરની મર્યાદામાં ઉપર જણાવ્યા મુજબ જમીન ધોવાણના કિસ્સામાં કુલ રૂ.૨૫ હજાર પ્રતિ હેકટર અને ભારે જમીન ધોવાણના કિસ્સામાં કુલ રૂ.૬૦ હજાર પ્રતિ હેકટરની સહાય આપવાની જાહેરાત કરેલ છે. કેળનો પાક બારમાસી પાકની શ્રેણીમાં આવતો ન હોવાથી તેને પિયત પાક તરીકે રૂ.૧૩૫૦૦/- પ્રતિ હેકટરના દરથી SDRF માંથી નુકશાનીના કેસમાં સહાય મળવાપાત્ર છે એવા કેસોમાં રાજ્યના ભંડોળમાંથી વધારાની રૂ.૪૫૦૦/- પ્રતિ હેકટર ઉમેરીને કુલ રૂ. ૧૮ હજાર પ્રતિ હેકટરના દરથી સહાય ચૂકવવાનું સરકારે નક્કી કરેલ છે.

૪. તા.૦૩–૦૮–૨૦૧૫ના મહેસૂલ વિભાગના ઠરાવથી અનધિકૃત રીતે બાંધેલા રહેણાંકના મકાનોને નુકશાનના કિસ્સાઓમાં પણ, માનવતાની દ્રષ્ટિએ, સહાય આપવાનું સરકારે નક્કી કરેલ છે સહાયના દરો, અધિકૃત મકાનોના કિસ્સામાં SDRF ના જે ધોરણો છે તે મુજબ જ રાખવામાં આવેલ છે પણ એ રકમ રાજ્ય સરકારના ભંડોળમાંથી ચૂકવવામાં આવી રહેલ છે.

૫. સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કેટેગરી ના વાણિજ્યિક અને સેવા એકમો તેમજ સુક્ષ્મ તથા લઘુ ઉત્પાદક એકમો માટે

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૫-૭-૨૦૧૫ના ઠરાવથી સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. સુક્ષ્મ વાણિજ્યિક અને સેવા એકમોને રૂ. ૩૫ હજારની મર્યાદામાં રોકડ સહાય અને લઘુ અને મધ્યમ કેટેગરીના વાણિજ્યિક અને સેવા એકમોએ નાણાંકીય સંસ્થાઓ પાસેથી પુનઃવસન માટે લીધેલ લોન ઉપર એક વર્ષ માટે ૫ ટકાના દરે પણ મહત્તમ રૂ. બે લાખની મર્યાદામાં વ્યાજ સહાય મળવાપાત્ર થશે. એ જ રીતે સુક્ષ્મ ઉત્પાદક એકમોને રૂ.૫૦ હજારની મર્યાદામાં રોકડ સહાય અને લઘુ ઉત્પાદક એકમો પુનઃવસન માટે નાણાંકીય સંસ્થાઓ પાસેથી લોન લે તો એક વર્ષ માટે, ૫ ટકાના દરે પણ મહત્તમ રૂ. ૩ લાખની મર્યાદામાં વ્યાજ સહાય મળવાપાત્ર થશે.

(૨) આ પૈકી તા. ૩૧-૦૭-૨૦૧૫ સુધીમાં કેટલી રકમ ચૂકવવામાં આવી?

(૨) રૂ.૨૫૫૧.૪૮ લાખ
રાહત રકમની ચૂકવણી ચાલુ છે.

ભરૂચ જિલ્લા નગરપાલિકાઓમાં પીવાના પાણીની યોજના

* ૨૦૧૭૦ શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ (ભરૂચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પીવાના પાણીની યોજના માટે ભરૂચ જિલ્લામાં નગરપાલિકાવાર તા. ૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મંજૂરી આપેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે અને કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલું અનુદાન ફાળવેલ છે?

જવાબ

(૧) સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ભરૂચ જિલ્લાની આમોદ, અંકલેશ્વર, ભરૂચ અને જંબુસર નગરપાલિકાઓ પૈકી તા.૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંબુસર નગરપાલિકાની એક પીવાના પાણીની યોજના રૂ.૧૭.૫૧ કરોડના ખર્ચે મંજૂરી આપેલ છે.

(૨) યોજનાનું કામ પ્રગતિમાં છે.

(૩) રૂ.૭.૦૦ કરોડનું અનુદાન ફાળવેલ છે.

ભિલોડા અને મેઘરજ તાલુકામાં રસ્તાઓને ડામર કરવા બાબત

* ૨૦૪૩૧ ડો. અનિલ જોષીયારા ભિલોડા : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જીલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં પ્લાન અને નોન પ્લાન રસ્તાઓ છેલ્લા ૧૦ વર્ષથી વધુ સમય સુધી ડામર ન કરવામાં આવ્યા હોય એવા કયા રસ્તાઓ છે,

(૨) આ રસ્તાઓ ડામર કરવા છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારે શા પ્રયત્નો કર્યા, અને

જવાબ

(૧) પરિશિષ્ટ મુજબ

પરિશિષ્ટ

| રસ્તાનું નામ |
|---|
| માંકડી ફતેપુર-મેડીટીંબા રોડ |
| જાબ ચીતરીયા એપ્રોચ રોડ જો.ટું. ને હા. |
| મઉ ટાંડા કુભારીયા છાપરા રોડ |
| વસાઈ એપ્રોચ રોડ |
| જાબ ઠાકરડાવાસ રોડ |
| જાબ ચીતરીયા રંગપુર રોડ |
| બુઘરાસણ સાંઘાવાળી મહુડી રોડ |
| રોલેશ્વર મહાદેવ રોડ |
| ડચકા મોરડુંગરા રોડ |
| ઈસરી રાજપુર કંટાળુ રોડ |
| લાલાકુપા જેમાના રોડ |
| શાંતીપુરા કંપા કંભરોડા રોડ |

(૨) અને (૩) ૧ કામ પ્રગતિમાં છે જે ચોમાસા બાદ બનતી ત્વરાએ પુર્ણ કરવાનું આયોજન છે. અન્ય રસ્તાઓ

(૩) આ રસ્તાઓ ક્યાં સુધીમાં ડામરના કરવામાં આવશે? — તાંત્રિક જરૂરીયાત, બજેટ જોગવાઈ અનુસાર.

નર્મદા જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી

* ૨૦૩૬૫ શ્રી શબ્દશરણ ભા. તડવી (નાંદોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૭૧૮ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ. |

રાજ્યમાં માવઠુ અને કરાથી ખેતી પાકના નુકશાનનો સર્વે

* ૧૯૭૦૦ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦/૬/૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં ફેબ્રુઆરી–માર્ચ–૨૦૧૫ માં માવઠું અને કરા પડવાના કારણે ખેતીના પાકોને થયેલ નુકશાનનો સર્વે કયારે કયારે કરવામાં આવ્યો, | (૧) સામેલ પત્રક–૧ ના કોલમ નં.૨ મુજબ રાજ્યમાં ફેબ્રુઆરી–માર્ચ, ૨૦૧૫ માં માવઠું અને કરા પડવાના કારણે ખેતીના પાકોને થયેલ નુકશાનનો સર્વે કરવામાં આવ્યો. |
| (૨) તે સર્વે મુજબ નુકશાનનો અંદાજ કેટલો છે, અને | (૨) તે સર્વે મુજબ નુકશાનનો અંદાજ રૂ.૩૨૪૮.૪૬ લાખ જેટલો હતો. |
| (૩) તે સામે રાજ્ય સરકારે કેટલી રકમની કુલ સહાય ચૂકવી ? | (૩) રાજ્ય સરકારશ્રી દ્વારા કુલ રૂ.૨૨,૩૫,૪૧,૨૩૯/– ચુકવેલ છે તે પૈકી રાજ્ય ભંડોળમાંથી રૂ.૧૯,૫૭,૬૧૫/– જેટલી રકમની કુલ સહાય ચુકવી. |

પત્રક–૧

તા.૩૦–૦૬–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં ફેબ્રુઆરી/માર્ચ ૨૦૧૫ માં માવઠું અને કરા પડવાના કારણે ખેતી પાકોને થયેલ નુકશાનની જિલ્લાવાર માહિતી

| જિલ્લાનું નામ | નુકશાનીનો સર્વે ક્યાર–ક્યારે કરવામાં આવ્યો? | નુકશાનનો અંદાજ (રૂ.લાખમાં) | તે સામે રાજ્ય સરકારે કેટલી રકમની કૂલ સહાય ચુકવી? (રૂપિયામાં) ૨૫% થી ૩૩% સુધીનુ નુકશાન | તે સામે CRF કેટલી રકમની કુલ સહાય ચૂકવી? (રૂપિયામાં) ૩૩% થી વધુનુ નુકશાન |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| નર્મદા | ફેબ્રુઆરી ૨૦૧૫ અને માર્ચ ૨૦૧૫ માસમાં થયેલ નુકશાનીનો સર્વે તા.૩૧–૩–૨૦૧૫ ના રોજ કરવાનું શરૂ કરેલ | ૪.૩૬ | રૂ.૦.૦૦/– | રૂ.૪,૩૫,૭૩૫/– |
| ગાંધીનગર | ફેબ્રુઆરી ૨૦૧૫ અને માર્ચ ૨૦૧૫ માસમાં થયેલ નુકશાનીનો સર્વે તા.૦૧–૦૩–૨૦૧૫ થી તા.૦૫–૦૩–૨૦૧૫ સુધીમાં સર્વે કરવામાં આવ્યો.<br>માર્ચ ૨૦૧૫ માસમાં થયેલ નુકશાનીનો સર્વે તા.૧૦–૦૪–૨૦૧૫ સુધીમાં સર્વે કરવામાં આવ્યો. | ૪.૯૬ | રૂ.૦.૦૦/– | રૂ.૪,૯૫,૭૫૯/– |
| સાબરકાંઠા | માર્ચ ૨૦૧૫ માસમાં થયેલ નુકશાનીનો સર્વે માર્ચ માસમાં કરવામાં આવેલ હતો. | ૧૨.૦૦ | રૂ.૧૦,૪૪,૪૯૫/– | રૂ.૦.૦૦/– |

અતારાંકિત પ્રશ્નો

| જિલ્લાનું નામ | નુકશાનીનો સર્વે ક્યાર–ક્યારે કરવામાં આવ્યો? | નુકશાનનો અંદાજ (રૂ.લાખમાં) | તે સામે રાજ્ય સરકારે કેટલી રકમની કૂલ સહાય ચુકવી? (રૂપિયામાં) ૨૫% થી ૩૩% સુધીનુ નુકશાન | તે સામે CRF કેટલી રકમની કુલ સહાય ચૂકવી? (રૂપિયામાં) ૩૩% થી વધુનુ નુકશાન |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| અમદાવાદ | માર્ચ ૨૦૧૫ માસમાં થયેલ નુકશાનીનો સર્વે દસક્રોઇ, ધોળકા, બાવળા, માંડલ અને દેત્રોજ તાલુકામાં તા.૦૧–૦૪–૨૦૧૫ ના રોજથી અને વિરમગામ અને સાણંદ તાલુકામાં તા.૦૯–૦૪–૨૦૧૫ ના રોજથી શરૂ કરાયેલ. | ૧૬૬૦.૬૬ | રૂ.૦.૦૦/– | રૂ.૧૦,૫૩,૯૬,૦૦૦/– |
| આણંદ | માર્ચ ૨૦૧૫ માસમાં થયેલ નુકશાનીનો સર્વે તા.૧૫–૦૩–૨૦૧૫ થી શરૂ કરાયેલ. | ૨૨૮.૦૦ | રૂ.૦.૦૦/– | ૧,૫૪,૬૮,૦૦૦/– |
| પોરબંદર | માર્ચ ૨૦૧૫ માસમાં થયેલ નુકશાનીનો સર્વે માર્ચ અને એપ્રિલ ૨૦૧૫ માસમાં કરવામાં આવ્યો. | ૧૨૫૦.૦૦ | રૂ.૦.૦૦/– | રૂ.૯,૩૬,૦૦,૦૦૦/– |
| કચ્છ | ફેબ્રુઆરી ૨૦૧૫ અને માર્ચ ૨૦૧૫ માસમાં થયેલ નુકશાનીનો સર્વે તા.૨૨–૦૩–૨૦૧૫ ના રોજથી શરૂ કરાયેલ. | ૬૨.૪૮ | રૂ.૦.૦૦/– | રૂ.૬૧,૮૮,૧૩૦/– |
| મહેસાણા | નુકશાનીનો સર્વે તા.૦૨–૦૩–૨૦૧૫ થી તા.૨૫–૦૩–૨૦૧૫ સુધીમાં કરાયેલ. | ૨૬.૦૦ | રૂ.૯,૧૩,૧૨૦/– | રૂ.૦.૦૦/– |
| | કુલ | ૩૨૪૮.૪૬ | રૂ.૧૯,૫૭,૬૧૫/– | રૂ.૨૨,૧૫૮,૩૬૨૪/– |

વાંકાનેર સામૂહિક આરોગ્ય કેન્દ્રને સરકારી હોસ્પિટલમાં અપગ્રેડ કરવા બાબત

* ૨૦૧૩૭ શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા (વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૭/૨૦૧૫ ની સ્થિતિએ મોરબી જિલ્લાના વાંકાનેર સામૂહિક આરોગ્ય કેન્દ્રને સરકારી હોસ્પિટલ વાંકાનેર તરીકે અપગ્રેડ કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ હોસ્પિટલમાં ઉકત સ્થિતિએ સંર્વગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) સામેલ *પત્રક મુજબ. |
| (૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં સરકાર ભરવા માંગે છે? | (૩) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સીંગથી કામગીરી લેવામાં આવે છે. |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ભાવનગર જિલ્લા નગરપાલિકાઓમાં પીવાના પાણીની યોજના

* ૨૦૨૪૮ શ્રી કેશુભાઇ હિ. નાકરાણી (ગારીયાધાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી(શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પીવાના પાણીની યોજના માટે ભાવનગર જિલ્લામાં નગરપાલિકાવાર તા.૩૧–૩–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મંજૂરી આપેલ છે. | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં પીવાના પાણીની યોજના અગાઉ મંજૂર કરી દેવાયેલ હોઇ, તા.૩૧–૩–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર |

જિલ્લામાં કોઇ નગરપાલિકાની પીવાના પાણીની યોજનાને મંજૂરી આપેલ નથી.

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે અને કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલું અનુદાન ફાળવેલ છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫માં યોજાયેલ સેમિનાર

* ૨૦૨૬૮ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૫ માં કેટલા સેમિનાર યોજ્યા હતા, અને કયા કયા ?

જવાબ

વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫ માં ૨૪ જેટલા સેમિનાર યોજાયા હતા.

ઉપરોક્ત ૨૪ સેમિનારમાંથી ૧૪ દેશો જેવા કે જાપાન, સિંગાપોર, નેધરલેન્ડ, યુ.કે., યુ.એસ.એ., ઓસ્ટ્રેલિયા, ડેન્માર્ક, કેનેડા, સ્વીડન, પોલેન્ડ, અસ્ત્રાખાન પોવીન્સ (રશિયા), બહારીન, ઇઝરાઇલ અને અફઘાનિસ્તાન દ્વારા ૧૪ અલગ કન્ટ્રી સેમિનાર યોજવામાં આવ્યા હતા, અને ૧૦ થીમ આધારિત સેમિનાર સરકારશ્રીના વિવિધ વિભાગો દ્વારા યોજાયા હતા જેવા કે

(૧) ગુજરાતઃ પ્રીફર્ડ હબ ફોર ડીફેન્સ પ્રોડકશન

(૨) સીએસઆરઃ ટચીંગ લાઇવ્સ એન્ડ મેકિંગ એન ઇમ્પેક્ટ

(૩) ઈનોવેશન એન્ડ ટેકનોલોજી ઇન ફૂડ પ્રોસેસિંગ

(૪) એસએમઇઃ ગીયરીંગ અપ ફોર ગ્લોબલ કોમ્પીટીટીવનેસ

(૫) સસ્ટેનેબલ એનર્જી ફોર ઓલ

(૬) વોટર સીક્યુરીટી, કલાયમેટ ચેન્જ એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ

(૭) ઇન્વેસ્ટ ઇન્ડિયાઃ ફાયનાન્સીંગ ફોર ફ્યુચર ગ્રોથ

(૮) સ્માર્ટ સીટીઝ ફોર ધ નેક્સ્ટ જનરેશન

(૯) ઇનોવેશનઃ ટોચબીયરર ઓફ ધ ૨૧ સેનચ્યુરી

(૧૦) હેલ્થ ફોર ઓલઃ લીવરેજીંગ ટેકનોલોજી, ઇનોવેશન એન્ડ એનેબ્લર્સ

## છોટાઉદેપુર જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓ મંજૂર કરવા બાબત

* ૨૦૨૮૯ શ્રી ધીરુભાઇ ચુ. ભીલ (સંખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૭–૧૫ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં મંજૂર થયેલ પંચાયત અને સ્ટેટ હસ્તકના કેટલા રસ્તાઓ છે, અને

(૨) ઉકત સ્થિતિએ આ રસ્તાઓની કામગીરી કયા તબક્કે છે અને કેટલા સમયમાં આ કામ પૂર્ણ થશે ?

જવાબ

(૧) તા.૩૧–૭–૧૫ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં પંચાયત હસ્તકના ૪૭ રસ્તા અને રાજ્ય હસ્તકના ૬ રસ્તા નામંજુર થયેલ છે.

(૨)

| ગરબાડા | ૧૪ | ૦ | ૪ | ૧૮ |
| ધાનપુર | ૬ | ૨ | ૨ | ૪ |
| દે. બારીયા | ૧૮ | ૨ | ૦ | ૧૫ |
| લીમખેડા | ૧૪ | ૨ | ૦ | ૧૮ |
| ઝાલોદ | ૩૨ | ૩ | ૬ | ૧૩ |
| ફતેપુરા | ૧૨ | ૩ | ૨ | ૧૧ |
| સંજેલી | ૬ | ૦ | ૧ | ૪ |

(૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરી,

(૨)

| તાલુકાનું નામ | ઈસમોની ધરપકડ |
|---|---|
| દાહોદ | ૧૧૫ |
| ગરબાડા | ૫૩ |
| ધાનપુર | ૨૮ |
| દે. બારીયા | ૩૩ |
| લીમખેડા | ૨૪ |
| ઝાલોદ | ૫૯ |
| ફતેપુરા | ૨૫ |
| સંજેલી | ૯ |

(૩) કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩)

| તાલુકાનું નામ | ઈસમોની ધરપકડ બાકી |
|---|---|
| દાહોદ | ૯૦ |
| ગરબાડા | ૬ |
| ધાનપુર | ૧૮ |
| દે. બારીયા | ૩૮ |
| લીમખેડા | ૦ |
| ઝાલોદ | ૪૧ |
| ફતેપુરા | ૧૦ |
| સંજેલી | ૫ |

(૪) આ બનાવો અટકાવવા સરકારે શાં પગલાંઓ લીધાં?

(૪) આવા ગુનાઓ અટકાવવા સારૂ જિલ્લામાં સઘન નાઈટ પેટ્રોલીંગ રાખવામાં આવે છે. આ સિવાય અવાર–નવાર કોમ્બિંગ નાઈટનું આયોજન કરવામાં આવે છે. તેમજ, મોટર સાઈકલ તથા પી.સી.આર. વાનની ક્રોસ પેટ્રોલીંગ રાખી અસરકારક પરિણામ મળે તે પ્રમાણેની નાઈટો રાખી ઉપરી અધિકારી દ્વારા સતત ચેકીંગ કરી પેટ્રોલીંગને અસરકારક બનાવવામાં આવે છે. નાઈટ રાઉન્ડ દરમ્યાન અવાર–નવાર હિસ્ટ્રી શીટરોને ચેક કરવામાં આવે છે.ભરોસાવાળા બાતમીદારો દ્વારા આવા ગુના કરવાવાળા ઈસમો તથા શંકાસ્પદ ઈસમો ઉપર વોચ રાખવામાં આવે છે.

જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ ખાતે નોંધાયેલા ટેલીફોન કોલ્સ પ્રતિ ત્વરિત પ્રતિક્રિયા દાખવવામાં આવે છે. તેમજ શરીર સંબંધી ગુનાઓમાં વધારો ન થાય તે માટે અગાઉથી મળેલ પબ્લિક અરજીઓ તથા નોનકોગ્નિઝેબલ ફરિયાદોની ત્વરિત તપાસ કરાવડાવી જરૂરી જણાય તાત્કાલિક અટકાયતી પગલાંઓ લેવામાં આવે છે. અપહરણના ગુનાઓ અચાનક બનતા હોવાથી આવા ગુના ન બને તે માટે સ્કુલ, કોલેજ, ભીડભાડવાળી જગ્યાઓ અને એસ.ટી. સ્ટેન્ડ ઉપર ખાનગી કપડામાં પોલીસ તથા મહિલા પોલીસનું પેટ્રોલીંગ રાખવામાં આવે છે. આ ઉપરાંત 'રેડ એલર્ટ' સ્કીમ પ્રમાણેની કાર્યવાહી કરવામાં આવે છે.

### વાગડીયા સિંચાઈ યોજનાના અધુરા કામો

* ૧૯૭૩૫ શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૫–૭–૨૦૧૫ની સ્થિતિએ જામનગર તાલુકાના વાગડીયા સિંચાઈ યોજનાના ક્યા કામો પૂર્ણ થયેલ નથી અને તેના શાં કારણો છે, અને

(૨) ઉકત તમામ અપૂર્ણ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે અને તેની જવાબદારી કોને સોંપવામાં આવી છે ?

**જવાબ**

(૧) વાગડીયા સિંચાઈ યોજનામાં અસરગ્રસ્તોને પ્લોટની ફાળવણી અને પુનઃવસવાટના જાહેર સુવિધાના કામો, મુખ્ય બંધના સ્પીલ વે માં રાખવામાં આવેલ ગેપનું બાંધકામ અને નીચવાસના રસ્તા ઉપરનો માઈનોર બ્રીજના કામો પૂર્ણ થઈ શકેલ નથી. પુનઃ વસવાટ માટે જમીન ઉપલબ્ધ ન થવાથી પૂર્ણ થઈ શકેલ નથી.

(૨) પુનઃ વસવાટ માટે જમીન ઉપલબ્ધ થયા બાદ એક વર્ષમાં તમામ કામો કાર્યપાલક ઈજનેરશ્રી, ઉંડ નહેર વિભાગ, જામનગર દ્વારા પૂર્ણ કરવાનું આયોજન છે.

### પાલનપુર તાલુકામાં રસ્તા તથા પુલ/નાળાને રીપેર કરવા બાબત

* ૨૦૩૯૯ શ્રી મહેશકુમાર અ. પટેલ (પાલનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં જુલાઈ–૨૦૧૫માં થયેલ અતિભારે વરસાદમાં ક્યા રસ્તા તથા પૂલ/નાળાં તૂટી ગયા છે, અથવા નુકશાન થયું છે,

(૨) તેને ક્યાં સુધીમાં ફરી બાંધવામાં આવનાર છે કે રીપેર કરવામાં આવનાર છે, અને

(૩) તા.૩૧–૭–૨૦૧૫ની સ્થિતિએ તે માટે કેટલી ગ્રાન્ટ ફાળવાઈ છે ?

**જવાબ**

(૧) પરિશિષ્ટ મુજબ

(૨) અને (૩)

તાત્કાલિક ધોરણે મરામત કરી રસ્તાઓ વાહન વ્યવહાર યોગ્ય કરવામાં આવેલ છે.

પરિશિષ્ટ

| રસ્તાનું નામ |
|---|
| ધારેવાડા–પાલનપુર |
| જુના ડીસા–ગઢ–કાણોદર |
| દાંતા–પાલનપુર રોડ |
| માનસરોવર એપ્રોચ રોડ |
| મલાણા–આંત્રોલી–રામપુર |
| કુંભાસણ–હોડા–સાંગ્રોસણા રોડ |
| બાદપુરા–ટોકરીયા |
| કાણોદર–સેદ્રાસણ |
| સામઢી–નાઢાણીવાસ–રાણાજીવાસ |
| ચંડીસર–મોટા |
| સુંઢ–મોટા |
| લુણવા–પખણવા–રાજપુર–સાંગલા |
| વાઘણા–દેલવાડા–ડાંગીયા |
| કુશ્કલ–ભુતેડી–વાઘણા |

| |
|---|
| એગોલા થી સ્ટેટ હાઈવે |
| કોટડા–પીરોજપુરા |
| માલણ–હસનપુર રોડ |
| સોગ્રા–અસ્માપુરા–માનપુરા–અલીગઢ રોડ |
| સુરજપુરા–લક્ષ્મીપુરા રોડ |
| માલણ–જડીયાલ રોડ |
| ચડોતર ગઢ ભાટસણ રોડ |
| પાલનપુર વાસણ ધાણધા જલોત્રા રોડ |
| પાલનપુર લાલાવાડા વગદા ખરોડીયા રોડ |
| સદરપુર કરઝોડા સાંગ્રા રોડ |
| પાલનપુર ગઠામણ ટાકરવાડા સાસમ રોડ |
| કુભાસણ સુઢા સામઢી રોડ |
| પાલનપુર મોરીયા ભૂતેડી રોડ |
| ધનીયાળા નળાસર આંબલીયાળ રોડ |
| ધાણધા ગોઢ હાથીદ્રા રોડ |
| ગઢ વાસણી રોડ |
| એન.એચ.થી પીરોજપુર (ટાં) રામપુરા રોડ |
| પાલનપુર બનાસ ડેરી રોડ |
| માલણ આંબલીયાળ કુંપર રોડ |
| આકેષણ ભાવિસણા રોડ |

### થાનગઢ ખાતે દલિતો પરનાં ફાયરીંગના, તપાસપંચના અહેવાલ બાબત

* ૧૯૮૦૯ ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે પોલીસ દ્વારા દલિતો પર થયેલા ફાયરીંગની તપાસ કરવા માટે તપાસપંચે ગૃહ વિભાગને તા.૧–૫–૨૦૧૩ના રોજ અહેવાલ સુપ્રત કરેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) તા.૦૧–૦૫–૨૦૧૩ ના રોજ ગૃહ વિભાગને મળેલ છે. |
| (૨) જો હા, તો મળેલ અહેવાલ અન્વયે સરકારે તા.૩૦–૬–૨૦૧૫ની સ્થિતિએ ક્યારે શાં પગલાં લીધાં ? | (૨) મળેલ તપાસ અહેવાલ સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |

### અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિ સામે બચવા અગોતરૂ આયોજન

* ૨૦૪૫૮ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમરેલી જિલ્લામાં તા.૨૪–૬–૨૦૧૫ના રોજ અતિવૃષ્ટિથી થયેલ નુકશાન સામે બચવા માટે સરકાર દ્વારા શું આગોતરૂ આયોજન કરવામાં આવ્યું હતું ? | જિલ્લાનું District Disaster Management Plan તૈયાર કરવામાં આવેલ અને કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને જિલ્લાના દરેક ખાતાના વડાઓ, પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ વિગેરે સાથે મિટીંગ યોજીને અતિવૃષ્ટિ, પૂર અને વાવાઝોડાની પરિસ્થિતિને પહોંચી વળવા કેવા પ્રકારના પગલાં લેવા જોઈએ તે અંગેની વિગતવાર સૂચના આપવામાં આવેલ.<br>• તા. ૨૩–૬–૨૦૧૫ના રોજ હવામાન ખાતાની સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ થવાની આગાહી ધ્યાને લઈને જિલ્લાના તમામ અધિકારીશ્રીઓને અન્ય માધ્યમો ઉપરાંત રેડીયો ફોન મેસેજથી પણ જાણ કરવામાં આવેલ અને સાવચેતીના તમામ પગલાં લેવા સૂચના આપવામાં આવેલ. સાથોસાથ જિલ્લામાં પ્રસિધ્ધ થતા મુખ્ય વર્તમાનપત્રો અને સ્થાનિક ટીવી |

ચેનલમાં પણ જાહેરાત આપવામાં આવેલ.

- હવામાન ખાતાની આગાહી ફક્ત અમરેલી માટે નહિ પણ સમસ્ત સૌરાષ્ટ્ર માટે આપવામાં આવેલ હતી. રાજ્ય સ્તરે પણ આ આગાહીને ધ્યાનમાં લઈને NDRF અને Air Force ને પણ એલર્ટ સ્થિતિમાં રાખવામાં આવેલ હતાં.

બનાસકાંઠા જિલ્લામાં સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની ભરતી

* ૨૦૩૧૦ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૭-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ અન્વયે સરકારે વર્ષવાર ક્યા સંવર્ગમાં કેટલી જગ્યાઓ પર ભરતી કરી, અને

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો/ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે નીચે મુજબ નિમણૂંક કરવામાં આવેલ છે.

| સંવર્ગનું નામ | તા. ૧-૮-૧૩ થી તા. ૩૧-૭-૧૪ | | તા. ૧-૮-૧૪ થી તા. ૩૧-૭-૧૫ | |
|---|---|---|---|---|
| | સામુહિક આરોગ્ય કેન્દ્રો | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | સામુહિક આરોગ્ય કેન્દ્રો | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો |
| અધિક્ષક/તજજ્ઞ વર્ગ-૧ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ |
| તબિબિ અધિકારી વર્ગ-૨ | ૧૧ | ૦૮ | ૨૨ | ૨૧ |
| દંત સર્જન વર્ગ-૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ફાર્માશીસ્ટ વર્ગ-૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૪૯ |
| લેબોરેટરી ટેકનીશીયન | ૦૭ | ૦૦ | ૦૭ | ૦૦ |
| સ્ટાફ નર્સ | ૦૦ | ૦૦ | ૯૧ | ૧૨ |

(૨) ઉકત સ્થિતિએ ખાલી રહેલ જગ્યાઓ અન્વયે કેટલા ડૉકટરોને એક કેન્દ્રથી વધારે કેન્દ્રના ચાર્જ સોપવામાં આવેલ છે ?

(૨) બનાસકાંઠા જીલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં એક કેન્દ્રથી વધારે કેન્દ્રોના વધારાના ચાર્જ સંભાળનાર તબીબોની વિગતો દર્શાવતું પત્રક-અ આ સાથે સામેલ છે.

પત્રક-અ

| અ.નં. | તબીબી અધિકારી વર્ગ-૨ નું નામ તથા ફરજનું સ્થળ | વધારાના ચાર્જની વિગતો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ડૉ. આઈ.એમ.મકવાણા, સા.આ.કે. વાવ | (૧) અધિક્ષકશ્રી વર્ગ-૧ સામુહિક આરોગ્ય કેન્દ્ર વાવ<br>(૨) અધિક્ષકશ્રી, વર્ગ-૧ સામુહિક આરોગ્ય કેન્દ્ર ટડાવ |
| ૨ | ડૉ. જી. એસ. રામસ્નેહી, સા.આ.કે. અમીરગઢ | (૧) અધિક્ષકશ્રી વર્ગ-૧ સામુહિક આરોગ્ય કેન્દ્ર અમીરગઢ<br>(૨) અધિક્ષકશ્રી, વર્ગ-૧ સામુહિક આરોગ્ય કેન્દ્ર વિરમપુર |
| ૩ | ડૉ.એમ. જે. મોઢ, સા.આ.કે. દીયોદર | (૧) અધિક્ષકશ્રી વર્ગ-૧ સામુહિક આરોગ્ય કેન્દ્ર દિયોદર<br>(૨) અધિક્ષકશ્રી, વર્ગ-૧ સામુહિક આરોગ્ય કેન્દ્ર ભાભર |
| ૪ | ડૉ.એન. એમ. નાયક, સા.આ.કે. ચંડીસર | (૧) અધિક્ષકશ્રી વર્ગ-૧ સામુહિક આરોગ્ય કેન્દ્ર ચંડીસર<br>(૨) અધિક્ષકશ્રી, વર્ગ-૧ સામુહિક આરોગ્ય કેન્દ્ર |

| અ.નં. | તબીબી અધિકારી વર્ગ–૨ નું નામ તથા ફરજનું સ્થળ | વધારાના ચાર્જની વિગતો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| | | ભિલડી |
| ૫ | ડૉ. એલ. એન. સોમાણી, સા.આ.કે. દાંતા | (૧) અધિક્ષકશ્રી વર્ગ–૧ સામુહિક આરોગ્ય કેન્દ્ર મોરિયા |
| ૬ | ડૉ. એકતા એ. ચૌધરી, પ્રા.આ.કે. મડાણા ગઢ | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સામઢી |
| ૭ | ડૉ. ડી. ડી. મેતીયા, પ્રા. આ. કે. માલણ | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ધાણધા |
| ૮ | ડૉ. ભાવેશ બી. પ્રપજાપતિ, પ્રા. આ. કે.જીતપુર | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નવા વાસ |
| ૯ | ડૉ. કે. જે. ડાભી, પ્રા. આ. કે. કુંવારસી | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાંસા |
| ૧૦ | ડૉ. રાજેશ ગોસાઈ, પ્રા. આ. કે. વિરમપુર | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુરેલા |
| ૧૧ | ડૉ. હિરેન ડી. દેસાઈ, પ્રા. આ. કે.ઈકબાલગઢ | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખારા |
| ૧૨ | ડૉ. રાજેશ ગોસાઈ, પ્રા. આ. કે. વિરમપુર | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગાંજી |
| ૧૩ | ડૉ. મીતા કથીરીયા, પ્રા. આ. કે. વરનોડા | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લોરવાડા |
| ૧૪ | ડૉ. સુરેશ એસ. માળી, પ્રા. આ. કે. સમૌ મોટા | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાવિયાણા |
| ૧૫ | ડૉ. જે. જી. ગોસ્વામી, પ્રા. આ. કે. ઝેરડા | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભડથ |
| ૧૬ | ડૉ. ડી. ડી. દરજી, પ્રા. આ. કે. નેનાવા | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જડીયા |
| ૧૭ | ડૉ. મયુરકુમાર જે. શ્રીવાસ્તવ, પ્રા. આ. કે. બાપલા | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અનાપુર ગઢ |
| ૧૮ | ડૉ. વિકાસ ટી. ટાભાણી મોબાઈલ યુનિટ, ધાનેરા | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આલવાડા |
| ૧૯ | ડૉ. પી. એન. મીના પ્રા. આ. કે. જેગોલ | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાજકોટ |
| ૨૦ | ડૉ. આર. આર. પટેલ, પ્રા. આ. કે. કોતરવાડા | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ડુચકવાડા |
| ૨૧ | ડૉ. બ્રીજેશ વ્યાસ, તાલુકા હેલ્થ ઓફિસર, દિયોદર | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મીઠી પાલીડી |
| ૨૨ | ડૉ. અલ્પેશ એસ. ઠક્કર પ્રા. આ. કે. કુંવારસી | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રૂણી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બલોધણ |
| ૨૩ | ડૉ. અલ્પેશ સી. છતત્રાલીયા પ્રા. આ. કે. આંગણવાડા | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ટોટાણા |
| ૨૪ | ડૉ. એસ. એસ. ભાટીયા પ્રા.આ.કે.કંબોઈ | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉમરી |
| ૨૫ | ડૉ. વિ. આર. રાવળ, પ્રા. આ. કે. ઉણ | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેરવાડા |
| ૨૬ | ડૉ. એચ.એચ. ઠાકોર પ્રા. આ. કે. ખીમાણા | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાનેર |
| ૨૭ | ડૉ. વિનોદ ભીમાણી, પ્રા. આ. કે. ડુવા | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાકર |
| ૨૮ | ડૉ. એસ. બી. પટેલ, પ્રા. આ. કે. ભોરડું | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લવાણા (ક) અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, દુધવા |
| ૨૯ | ડૉ. દિનેશ એચ. ચૌધરી, પ્રા. આ. કે. જડિયાલી | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ધુણસોલ |
| ૩૦ | ડૉ. સંજય એસ. સોલંકી, પ્રા. આ. કે. મોરવાડા | ત. અ. વર્ગ–૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉચોસણ |

### વેરાવળ બજાર સમિતિને સહાય

* ૨૦૨૭૯ શ્રી અરવિંદભાઇ કે. લાડાણી (કેશોદ) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૫–૨૦૧૬માં ગીરસોમનાથ જિલ્લાની બજાર સમિતિ વેરાવળને કુલ કેટલી સહાય મંજૂર કરવામાં આવેલ છે, | (૧) રૂ. ૨૨૪.૫૦ લાખ |
| (૨) તે પૈકી તા.૩૧–૭–૨૦૧૫ સુધીમાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) શૂન્ય |
| (૩) બાકીની સહાય ક્યારે ચૂકવવામાં આવશે ? | (૩) પ્રગતિ અહેવાલ રજુ થયેથી |

### સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં બોગસ ખેડૂત ખાતેદાર

* ૨૦૧૧૬ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા (પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૭–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા | (૧) ૨૭. |

અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બોગસ ખેડૂત ખાતેદાર પકડાયા હોય તેવા કેટલા બનાવ સરકારના ધ્યાને આવ્યા, અને

(૨) આ બોગસ ખેડૂત ખાતેદારોએ ક્યા તાલુકાની કેટલી જમીન વેચાણ રાખેલ છે ?

(૨)

| જિલ્લો | તાલુકો | જમીન હે.આરે.ચો.મી. |
|---|---|---|
| સાબરકાંઠા | હિંમતનગર | ૨૧-૪૭-૮૦ |
| | તલોદ | ૧-૫૩-૮૮ |
| | ઈડર | ૧-૪૮-૭૨ |
| અરવલ્લી | મોડાસા | ૨૩-૧૦-૮૩ |
| | બાયડ | ૦-૩૮-૪૫ |
| | માલપુર | ૦-૩૯-૭૩ |

### સરગુડીથી કડુજીના મુવાડાનો રસ્તો બનાવવાની કામગીરી

* ૨૦૩૦૪ શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ (દહેગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૭-૨૦૧૫ની સ્થિતિએ દહેગામ તાલુકાના (૧) સરગુડીથી કડુજીના મુવાડા અને (૨) મોચીયાની મુવાડીથી નવગામ નવાઘરો ખરપડીયાનો ડામરનો રસ્તો બનાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૨) તેની પાછળ અંદાજે કેટલો ખર્ચ થવાની ધારણા છે?

જવાબ

(૧) અને (૨) : બે કામની રૂ. ૨૯૭.૦૦ લાખની દરખાસ્ત વિચારણા હેઠળ છે.

### માળિયા-હાટીના તાલુકામાં મેઘલ નદી ઉપરના ડેમનાં દરવાજા દુરસ્ત કરવા બાબત

* ૨૦૪૨૨ શ્રી બાબુભાઇ કા. વાજા (માંગરોળ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૦-૬-૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માળીયા-હાટીના તાલુકામાં મેઘલ નદી ઉપર ચોરવાડ પાસે આવેલ ડેમના દરવાજા ડેમેજ કે ખરાબ થઈ ગયેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉકત ડેમના દરવાજા ક્યાં સુધીમાં બદલવા કે રીપેર કરવામાં આવશે ?

જવાબ

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નવા તળાવો બાબત

* ૨૦૨૬૧ શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સિંચાઇ યોજના હેઠળ તાલુકાવાર કેટલાં તળાવો નવા બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલાં જુના તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૩) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧) કોઈ માગણી મળેલ ન હોવાથી કામગીરી થયેલ નથી.

(૨) ૩૮

(૩) રૂ. ૧૯૪.૫૦ લાખ

### ગાંધીનગર જિલ્લામાં વરસાદથી નુકશાન સામે વળતર

* ૨૦૪૩૦ શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૭-૧૫ની સ્થિતિએ જુલાઇ-૨૦૧૫માં ચોમાસાના વરસાદથી ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં કૃષિ પાક અને જાન-માલને કેટલી રકમનું નુકશાન થવા પામેલ છે,

જવાબ

(૧) કૃષિ પાકને નુકશાન થવા પામેલ નથી અને જાન-માલને નુકશાનની સર્વેની કામગીરી ચાલુ છે.

(૨) તે અન્વયે સરકાર દ્વારા તાલુકાવાર કેટલું વળતર ચુકવવામાં આવેલ છે, અને

(૨) સર્વેની કામગીરી પુર્ણ થયેથી પ્રવર્તમાન ઠરાવની જોગવાઈઓ મુજબ સહાય ચુકવવામાં આવશે.

(૩) વળતર ચૂકવાયેલ ન હોય તો કેટલા સમયમાં સર્વે કામગીરી પૂર્ણ કરી વળતર ચૂકવવામાં આવશે ?

(૩) સર્વેની કામગીરી ટૂંક સમયમાં પુર્ણ કરી પ્રવર્તમાન ઠરાવની જોગવાઈઓ મુજબ સહાય ચુકવવામાં આવશે.

### તાપી નર્મદા લીંકમાંથી મહારાષ્ટ્ર સરકાર પાણી ન લેતી હોવા બાબત

* ૧૯૭૭૯ શ્રી જશુભાઇ ધા. બારડ (તાલાળા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પાર–તાપી નર્મદા લિંકમાંથી મહારાષ્ટ્રના ફાળાનું પાણી, મહારાષ્ટ્ર રાજ્ય સરકાર લેતું ન હોય અને તે પાણી દરિયામાં વહી જાય છે, તે વાત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત દરિયામાં વહી જતું પાણી ગુજરાતને મળે તે માટે રાજ્ય સરકારે મહારાષ્ટ્ર સરકારને કે અન્ય કઇ કક્ષાએ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે રજુઆત કરી, અને

(૩) ઉક્ત રજુઆતો અન્વયે ક્યારે શો પ્રતિભાવ મળ્યો ?

જવાબ

(૧) ના જી, ભારત સરકારની રાષ્ટ્રીય જળ વિકાસ એજન્સી દ્વારા પાર–તાપી નર્મદા લીંક યોજના અંગેનો ડીટેલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. આથી ડીટેલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ રજુ થયા બાદ બંને રાજ્યો વચ્ચે પાણીની વહેંચણી અંગેની વિગતો ઉપલબ્ધ થઈ શકશે.

(૨) ઉપર જણાવ્યા મુજબ યોજનાના ડીટેલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટનું આખરીકરણ થયેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટયુટને ચૂકવેલ ગ્રાન્ટ

* ૨૦૨૩૫ શ્રી રાકેશ જ. શાહ (એલિસબ્રિજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૭–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદમાં કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટયુટના નવીનીકરણ/વિસ્તરણની કોઇ યોજના હાથ ધરવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના માટે ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) આ યોજના માટે ઉક્ત સ્થિતિએ કુલ રૂ. ૮૪.૩૪/– કરોડની ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે.

### આણંદ જિલ્લામાં રસ્તાઓને રીસરફેશીંગ કરવા બાબત

* ૨૦૪૧૨ શ્રી અમિત અ. ચાવડા (આંકલાવ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૭–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સબડીવીઝનવાર ડામર સપાટી ધરાવતા નોન પ્લાન રસ્તાઓ કેટલી લંબાઈના છે,

(૨) સદર રસ્તાઓ પૈકી ૫ વર્ષથી વધુ સમયથી રીસરફેશીંગ કરવામાં ન આવેલ હોય તેવા રસ્તાઓ કયા અને કેટલા છે,

(૩) સદર રસ્તાઓનુ રીસરફેશીંગ કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા સમયમાં?

જવાબ

(૧)

| ક્રમ | સબડીવીઝન | લંબાઈ (કી.મી.) |
|---|---|---|
| ૧ | આણંદ | ૨૭૮.૪૫ |
| ૨ | ખંભાત | ૧૧૮.૧૦ |
| ૩ | પેટલાદ | ૨૫૧.૭૮ |
| ૪ | બોરસદ | ૨૪૭.૧૨ |

(૨) કુલ ૧૭૭ રસ્તાઓ
(*પરિશિષ્ટ મુજબ)

(૩) અને (૪) : આંતરિક અગ્રતાનુસાર નાણાકિય ઉપલબ્ધતા તથા તાંત્રિક જરૂરિયાત અનુસાર વિચારવામાં આવશે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

અતારાંકિત પ્રશ્નો

વલસાડ બજાર સમિતિને સહાય

* ૨૦૨૮૨ શ્રી ભરતભાઇ કી. પટેલ (વલસાડ) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સને ૨૦૧૫–૨૦૧૬માં વલસાડ જિલ્લાની બજાર સમિતિ વલસાડને કુલ કેટલી સહાય મંજૂર કરવામાં આવેલ છે, | (૧) રૂ. ૪૨.૫૦ લાખ |
| (૨) તે પૈકી તા. ૩૧–૭–૨૦૧૫ સુધીમાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) તા. ૩૧–૭–૨૦૧૫ સુધીમાં કોઈ સહાય ચુકવવામાં આવેલ નથી. પરંતુ રૂ. ૪૨.૫૦ લાખ તા. ૧૦–૮–૨૦૧૫ના રોજ ચુકવવામાં આવેલ છે. |
| (૩) બાકીની સહાય ક્યારે ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

રાજ્યમાં ભારે વરસાદથી નુકશાન સામે વળતર બાબત

* ૧૯૬૯૫ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૦–૬–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં જુન ૨૦૧૫માં પડેલ ભારે વરસાદ અને પુરના કારણે થયેલ નુકશાન અંગેનો સર્વે ક્યારે કરવામાં આવ્યો, અને આ નુકશાનીનો અંદાજ કેટલો છે, અને<br>(૨) આ સર્વેની નુકશાની સામે સરકારે કુલ કેટલી રકમ વળતર પેટે ચૂકવી? | (૧) અને (૨) : સર્વે તુરત જ હાથ ધરવામાં આવેલ. પાક નુકશાની/જમીન ધોવાણના કિસ્સાઓ સિવાય મહદ અંશે સહાય ચૂકવણીની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. બાકી રહી ગયેલ કિસ્સાઓ અને પાક નુકશાની/જમીન ધોવાણના કિસ્સાઓમાં સહાય ચૂકવણી પ્રગતિમાં છે. |

કેન્સર હોસ્પિટલ, અમદાવાદને ફાળવેલ ગ્રાન્ટ

* ૨૦૩૮૦ શ્રી રજનીકાન્ત મો. પટેલ (અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કેન્સર હોસ્પિટલ, અમદાવાદને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

જવાબ

(૧) કેન્સર હોસ્પિટલ, અમદાવાદને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. (રૂ. કરોડમાં)

| વર્ષ | નોન પ્લાન | પ્લાન | કુલ |
| --- | --- | --- | --- |
| ૨૦૧૩–૧૪ | ૫૪.૨૯ | ૩૮.૬૧ | ૯૨.૯૦ |
| ૨૦૧૪–૧૫ | ૫૬.૦૦ | ૨૮.૦૫ | ૮૪.૦૫ |
| કુલ | ૧૧૦.૨૯ | ૬૬.૬૬ | ૧૭૬.૯૫ |

(૨) તે અન્વયે વર્ષવાર કુલ કેટલો ખર્ચ થયો?

(૨) તે અન્વયે વર્ષવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે. (રૂ. કરોડમાં)

| વર્ષ | નોન પ્લાન | પ્લાન | કુલ |
| --- | --- | --- | --- |
| ૨૦૧૩–૧૪ | ૫૪.૨૯ | ૧૭.૪૪ | ૭૧.૭૩ |
| ૨૦૧૪–૧૫ | ૫૬.૦૦ | ૨૩.૪૦ | ૭૯.૪૦ |
| કુલ | ૧૧૦.૨૯ | ૪૦.૮૪ | ૧૫૧.૧૩ |

અરવલ્લી જિલ્લા નગરપાલિકામાં પીવાના પાણીની યોજના

* ૨૦૨૧૮ શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા (હિંમતનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પીવાના પાણીની યોજના માટે અરવલ્લી જિલ્લામાં નગરપાલિકાવાર તા. ૩૧–૩–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મંજૂરી આપેલ છે, | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લાની મોડાસા અને બાયડ નગરપાલિકાઓ પૈકી તા. ૩૧–૩–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોડાસા નગરપાલિકાની એક મોડાસા (ભાગ–૨) પીવાના પાણીની યોજનાને રૂ. ૧૩.૫૮ |

કરોડના ખર્ચે મંજૂરી આપેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે અને કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૨) યોજનાનું કામ પ્રગતિમાં છે.

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલું અનુદાન ફાળવેલ છે?

(૩) રૂ. ૫.૪૩ કરોડનું અનુદાન ફાળવેલ છે.

### કડી તાલુકામાં મામલતદારશ્રીએ વારસાઈ હક્કે નામ દાખલ કરવા નામંજૂર કરેલ અરજીઓ

* ૨૦૪૬૯ શ્રી રમેશભાઇ મ. ચાવડા (કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૭–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકામાં મામલતદારશ્રીએ ખેતીની જમીનોમાં વારસાઈ હક્કે નામ દાખલ કરવા અંગેની કેટલી અરજીઓ નામંજૂર કરી,

(૨) મામલતદારશ્રીએ તકરારી અરજીઓ કેટલી ના મંજૂર કરી, અને

(૩) મામલતદારશ્રીએ વારસાઈ અને તકરારી ના મંજુર કરેલ હોય તે પૈકી કેટલી અરજીઓ પ્રાન્ત અધિકારીશ્રીએ મંજૂર કરી?

**જવાબ**

(૧) ૪૭

(૨) ૫૩

(૩) ૭

### માલપુર અને બાયડ તાલુકામાં ડે. ઈજનેર અને એસ.ઓ. ની જગ્યા ભરવા બાબત

* ૨૦૨૯૫ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા (બાયડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૭–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર (પંચાયત અને સ્ટેટ માર્ગ મકાન) કુલ કેટલા ડે.ઈજનેર અને એસ.ઓ.ની જગ્યાઓ ચાર્જમાં અથવા તો ખાલી છે,

(૨) બાયડ તાલુકાના પંચાયત માર્ગ અને મકાન વિભાગના ડે.ઈજનેરની જગ્યા કેટલા સમયથી ચાર્જમાં ચાલે છે, અને

(૩) સરકાર માલપુર અને બાયડ તાલુકામાં ડે.ઈજનેર અને એસ.ઓ.ની તમામ જગ્યાઓ કેટલા સમયમાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧)

| તાલુકો | પંચાયત | | સ્ટેટ | |
|---|---|---|---|---|
| | ડેપ્યુટી ઈજનેર | એસ.ઓ. | ડેપ્યુટી ઈજનેર | એસ.ઓ. |
| મોડાસા/ધનસુરા | ૧ | ૧ | ૦ | ૦ |
| બાયડ | ૧ | ૧ | ૦ | ૦ |
| ભિલોડા | ૦ | ૨ | ૧ | ૧ |
| માલપુર | ૧ | ૧ | ૦ | ૨ |
| મેઘરજ | ૦ | ૨ | ૦ | |

(૨) તા.૧–૩–૧૩ થી.

(૩) શક્ય તેટલું જલદી.

### બનાસકાંઠા જિલ્લામાં ચાકરીયાત–પસાયતા ધોરણે જમીન ધરાવતા કબજેદારોને જમીન રીગ્રાન્ટ કરવા બાબત

*૨૦૩૬૯ શ્રી કેશાજી શિ. ચૌહાણ (દિયોદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

ચાકરીયાત–પસાયતા ધોરણે જમીન ધરાવતા કબજેદારો પૈકી તા.૩૦–૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા ઇસમોને કેટલી જમીન રીગ્રાન્ટ કરવામાં આવેલી છે ?

**જવાબ**

ચાકરીયાત પસાયતા ધોરણે જમીન ધરાવતા કબજેદારો પૈકી તા.૩૦–૬–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ૨૫૪ ખેડૂત ખાતેદારોને હે.૮૧–૬૦–૧૯ ચો.મી. જમીન રીગ્રાન્ટ કરવામાં આવેલી છે.

### મોરબી–જેતપર–અણીયારી રોડને પહોળો કરવા બાબત

* ૨૦૩૪૬ શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા (ટંકારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૭–૨૦૧૫ની સ્થિતિએ મોરબી

**જવાબ**

(૧) ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ.

જિલ્લાના મોરબી–જેતપર–અણીયારી રોડની ૨૪.૦૦ કિ.મી. લંબાઈને પહોળો કરવાની કામગીરી કયા તબક્કે છે,

(૨) આ રોડને કેટલો પહોળો કરવામાં આવશે, અને — (૨) ૦.૬૦ કિ.મી. લંબાઈમાં ચારમાર્ગીય અને ૨૩.૭૦ કિ.મી. લંબાઈમાં ૧૦ મી. પહોળો.

(૩) આ કામનો અંદાજીત ખર્ચ કેટલો થશે ? — (૩) રૂ.૫૪૯૫.૦૦ લાખ.

## વિજયનગર તાલુકામાં પશુ સારવાર કેન્દ્રો

* ૨૦૪૬૮ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૭–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં કેટલા પશુ સારવાર કેન્દ્રો આવેલા છે,

(૧) પશુદવાખાના ૩ (ત્રણ), ફરતા પશુદવાખાના ૨(બે), પ્રાથમિક પશુસારવાર કેન્દ્રો ૩ (ત્રણ) કુલ પશુ સારવાર કેન્દ્રોની સંખ્યા ૮ (આઠ).

(૨) આ પશુ સારવાર કેન્દ્રો પૈકી કયા કયા પશુ સારવાર કેન્દ્ર ઉપર કેટલા પશુ ડૉકટર અને પશુધન નિરિક્ષકની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨)

આ પશુ સારવાર કેન્દ્રો પૈકી ક્યા ક્યા પશુ સારવાર કેન્દ્ર ઉપર કેટલા પશુ ડોકટર અને પશુધન નિરીક્ષકની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, જેની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | પશુદવાખાના/ ફરતા પશુ દવાખાના/ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો | સ્થળ | હોદ્દો | ખાલી જગ્યાની સંખ્યા | કેટલા સમયથી ખાલી છે |
|---|---|---|---|---|---|
| ૧ | પશુદવાખાનું | વિજયનગર | પશુચિકિત્સા અધિકારી | ૧ | ૧૧/૧૧/૧૪ |
| ૨ | પશુદવાખાનું | ચિઠોડા | પશુચિકિત્સા અધિકારી | ૦ | રદ ૧૮/૮/૧૧ |
| ૩ | પશુદવાખાનું | આંતરસુબા | પશુચિકિત્સા અધિકારી | ૦ | રદ ૧૮–૮–૧૧ |
| ૪ | ફરતુ પશુ દવાખાનું | વિજયનગર | પશુચિકિત્સા અધિકારી | ૦ | રદ ૨૪/૭/૦૭ |
| ૫ | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર | ચિતરીયા | પશુધન નિરીક્ષક | ૧ | ૧/૭/૧૫ |
| ૬ | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર | કાણાદર | પશુધન નિરીક્ષક | ૧ | ૩/૮/૧૧ |

(૩) આ જગ્યા ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) પશુચિકિત્સા અધિકારીની જગ્યાઓ બદલી જિલ્લા/બઢતી/ફેરબદલી અને જગ્યા રદ થવાના કારણે ખાલી રહેલ છે. પશુધન નિરીક્ષકોની જગ્યાઓ બદલી આંતર જિલ્લા/ ફેરબદલી અને વયનિવૃત્તિ થવાના કારણે ખાલી રહેલ છે.

(૪) આ જગ્યાઓ કયારે ભરવામાં આવશે ?

(૪) પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની ખાલી જગ્યાઓ નિયમિત પણે ભરવા માટે સરકારશ્રીએ ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર તૈયાર કરેલ છે. આ ભરતી કેલેન્ડર મુજબ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ મારફત ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપી શકાશે.

પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની પંચાયત સેવા સંવર્ગની ખાલી જગ્યાઓ સંબંધિત જિલ્લા પંચાયત દ્વારા ભરવાની થાય છે.

## કલોલ તાલુકાનાં સાંતેજ ગામની વૃંદાવન કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી.ના વહીવટદારે ગેરકાયદે ફાળવેલ પ્લોટ

* ૧૯૮૫૮ શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૦-૬-૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સાંતેજ ગામની, ધી વૃંદાવન કો.ઓ.હા.સો.લી.ના વહીવટદારશ્રી અને તેમના જમીન-માફીયા મળતીયાઓ દ્વારા સાંતેજ ગામની એકંદરે ૪૪-૮૪-૬૪ હે. આરેઈચો.મી. ખેતીની નવી શરતની અને તે અંગેના સરકારશ્રીમાં વિવાદો ચાલુ હોવા છતાં મંડળીના મૂળ સભાસદોને દૂર કરી મંડળીનો કાર્યક્ષેત્ર બહારના રહીશો આશરે ૧૧૦૦ જેટલા ને મંડળીના સભાસદો બનાવી ગેરકાયદેસર રીતે રહેણાંક પ્લોટોની ફાળવણી કરી મોટા-મસ જમીન કૌંભાડના પ્રકરણની સરકાર ને છેલ્લાં છ માસમાં કેટલી ફરિયાદો મળેલ છે,

(૧) ૪ (ચાર).

(૨) આ અંગે કસુરવારો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) બાબત સહકારી કાયદા હેઠળ વિચારણામાં છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ મંડળી સતત 'ક' વર્ગનો ઓડિટ ધરાવતી હોય, સરકાર નવા વહીવટદાર નિમવા માંગે છે?

(૩) હાલ પ્રશ્ન નથી.

અમદાવાદ જિલ્લામાં તગાવી તારણમાં શ્રી સરકાર થયેલ જમીનો રીગ્રાન્ટ કરવા બાબત

* ૨૦૩૭૧ શ્રી લાલજીભાઈ ચ. કોળી પટેલ (ધંધુકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજય સરકારે તા. ૩૦-૬-૨૦૧૫ની સ્થિતિએ તગાવી તારણમાં શ્રી સરકાર દાખલ થયેલ જમીનો રીગ્રાન્ટ કરવાની જોગવાઈ કયારે કરેલ છે, અને

(૨) આ જોગવાઈ અન્વયે તા.૩૦-૬-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીન કેટલા કિસ્સામાં રીગ્રાન્ટ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા.૩૦-૯-૨૦૧૪ અને તા.૨૪-૪-૧૫ ના ઠરાવોથી જોગવાઈઓ કરવામાં આવેલ છે.

(૨) તા.૩૦-૬-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આવી કોઈ જમીન રીગ્રાન્ટ કરવામાં આવેલ નથી.

છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના માટે મળેલ અરજીઓ

* ૨૦૩૮૯ શ્રી મોહનસિંહ છો. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૭-૨૦૧૫ની સ્થિતિએ મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓએ નોંધણી કાર્ડ મેળવવા માટે અરજીઓ આપી,

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલા નોંધણી કાર્ડ આપવામાં આવ્યા,

(૩) કેટલા નોંધણી કાર્ડ તાલુકાવાર આપવાના બાકી છે, અને

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧૬,૭૦૫ |
| ૨ | જેતપુર પાવી | ૧૬,૮૬૨ |
| ૩ | કવાંટ | ૧૩,૨૮૬ |
| ૪ | નસવાડી | ૧૧,૩૦૯ |
| ૫ | સંખેડા, બોડેલી | ૧૦,૦૮૦ |
| | કુલ | ૬૮,૨૪૨ |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધણી કાર્ડ આપેલાની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧૬,૭૦૫ |
| ૨ | જેતપુર પાવી | ૧૬,૮૬૨ |
| ૩ | કવાંટ | ૧૩,૨૮૬ |
| ૪ | નસવાડી | ૧૧,૩૦૯ |
| ૫ | સંખેડા, બોડેલી | ૧૦,૦૮૦ |
| | કુલ | ૬૮,૨૪૨ |

(૩) કોઈ બાકી નથી.

(૪) બાકી રહેવાના કારણો શાં છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ગાંધીનગર જિલ્લા નગરપાલિકાઓમાં પીવાના પાણીની યોજના

* ૨૦૨૪૯ શ્રી અશોકકુમાર ર. પટેલ (ગાંધીનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પીવાના પાણીની યોજના માટે ગાંધીનગર જિલ્લામાં નગરપાલિકાવાર તા.૩૧–૩–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મંજૂરી આપેલ છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે અને કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલું અનુદાન ફાળવેલ છે ?

જવાબ

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં પીવાના પાણીની યોજના અગાઉ મંજૂર કરી દેવાયેલ હોઈ, તા.૩૧–૩–૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કોઈ નગરપાલિકાની પીવાના પાણીની યોજનાને મંજૂરી આપેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટને ચૂકવેલ ગ્રાન્ટ

* ૨૦૩૭૯ શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ (વેજલપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૭–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદમાં કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટના નવીનીકરણ/વિસ્તરણની કોઈ યોજના હાથ ધરાવમાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના માટે ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) આ યોજના માટે કુલ રૂ.૮૪.૩૪/– કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.

સુજલામ સુફલામ યોજના હેઠળ કેનાલોમાં છોડવામાં આવેલ પાણી

* ૨૦૧૦૮ શ્રી ગોવાભાઇ હ. રબારી (ડીસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૭–૨૦૧૫ની સ્થિતિએ સુઝલામ સુફલામ યોજનાની કેનાલોમાં છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલું પાણી છોડવામાં આવ્યું,

(૨) તે અન્વયે પાણી છોડવામાં ન આવેલ હોય તો તેના કારણો શાં છે, અને

(૩) કેટલા સમયમાં પાણી છોડવામાં આવશે ?

જવાબ

(૧) નીચે મુજબ.

| | | |
|---|---|---|
| ૧ | તા. ૧–૮–૧૩ થી<br>તા. ૩૧–૭–૧૪ | ૨૬૮૫૪<br>MCFT |
| ૨ | તા. ૧–૮–૧૪ થી<br>તા. ૩૧–૭–૧૫ | ૨૪૭૯૨<br>MCFT |

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મોડાસા–ધનસુરા તાલુકામાં રસ્તાઓના પુન: ડામર કામ

* ૧૯૭૨૮ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર (મોડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૦–૬–૨૦૧૫ની સ્થિતિએ મોડાસા–ધનસુરા તાલુકામાં દસ વર્ષથી વધુ સમયથી ડામર થયેલ રસ્તાઓ પર પુન: ડામર કામ ન કરવામાં આવ્યું હોય તેવા નોન પ્લાનના કેટલા રસ્તાઓ છે અને કયા કયા છે, અને

(૨) આ રસ્તાઓના ડામર કામ કેટલા સમયમાં કરવામાં આવશે ?

જવાબ

(૧) મોડાસા તાલુકાના ૧૦ રસ્તા
ધનસુરા તાલુકાના ૬ રસ્તા મળી કુલ :– ૧૬ રસ્તાઓ
પરિશિષ્ટ–૧ મુજબ

(૨) તાંત્રિક જરૂરીયાત, બજેટ જોગવાઈ અનુસાર

પરિશિષ્ટ–૧

| અ. નં. | તાલુકો | રસ્તાનું નામ | લંબાઈ | છેલ્લે ડામર કર્યાનું વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | મોડાસા | દાવલી માલપુર રોડ | ૧.૦૦૦ | ૧૯૯૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | મોડાસા | આદર્શ વિદ્યાલય લીભોંઈ રોડ | ૦.૨૦૦ | ૨૦૦૦ |
| ૩ | મોડાસા | જંબુસર થી મઠ રોડ | ૧.૧૦૦ | ૨૦૦૧ |
| ૪ | મોડાસા | વાંટડા (આદીવાસી) એ. રોડ | ૦.૮૦૦ | ૨૦૦૨ |
| ૫ | મોડાસા | રખિયાલ મહાદેવગ્રામ (કેશરપુરા) રોડ | ૩.૦૦૦ | ૨૦૦૨ |
| ૬ | મોડાસા | બોલુન્દ્રા એ. રોડ | ૦.૪૦૦ | ૨૦૦૧ |
| ૭ | મોડાસા | કઉ મજેરા રોડ | ૧.૨૦૦ | ૨૦૦૩ |
| ૮ | મોડાસા | ખુમાપુર રખિયાલ મરડીયા કેશાપુર રોડ (વિભાગ માલવણ થી કેશાપુર) | ૧.૬૦૦ | ૨૦૦૪ |
| ૯ | મોડાસા | ઉમેદપુર બોલુન્દ્રા જાલીયા રોડ | ૨.૭૦૦ | ૨૦૦૧ |
| ૧૦ | મોડાસા | માધુપુર એ. રોડ | ૧.૨૦૦ | ૨૦૦૪ |
| | કુલ | ૧૦ રસ્તા | ૧૩.૨૦૦ | |

| અ. નં. | તાલુકો | રસ્તાનું નામ | લંબાઈ | છેલ્લે ડામર કર્યાનું વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | ધનસુરા | ધનસુરા એપ્રોચ રોડ | ૧.૦૦ | ૧૯૯૬ |
| ૨ | ધનસુરા | રાજપુર નવાનગર રોડ | ૧.૦૦૦ | ૧૯૯૬ |
| ૩ | ધનસુરા | વખતપુરા એપ્રોચ રોડ | ૨.૭૦૦ | ૨૦૦૧ |
| ૪ | ધનસુરા | મોતીપુરા રૂપણ રોડ | ૨.૦૦૦ | ૨૦૦૧ |
| ૫ | ધનસુરા | જાલમપુર એપ્રોચ રોડ | ૨.૬૦૦ | ૨૦૦૨ |
| ૬ | ધનસુરા | ગલાલની મુવાડી એપ્રોચ રોડ | ૨.૦૦૦ | ૨૦૦૪ |
| | કુલ | ૬ રસ્તા | ૧૧.૩૦૦ | |

### ધરમપુર તાલુકામાં સ્ટેટ હોસ્પિટલમાં સીવીલ હોસ્પિટલના દરજ્જાની સારવાર આપવા બાબત

* ૧૯૮૨૪ શ્રી ઈશ્વરભાઈ ઢે. પટેલ (ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૭–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં સ્ટેટ હોસ્પિટલ કાર્યરત છે તેની સિવિલ હોસ્પિટલના દરજ્જાની જેમજ સારવાર આપવાની જાહેરાત થયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તેનો અમલ ક્યારથી શરૂ કરવામાં આવશે ? | (૨) તા. ૧૧–૦૭–૨૦૧૫થી અમલ કરવામાં આવેલ છે. |

### કુતિયાણા બજાર સમિતિને સહાય

* ૨૦૨૮૧ શ્રી મેઘજીભાઈ અ. ચાવડા (કાલાવડ) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪–૨૦૧૫ અને ૨૦૧૫–૨૦૧૬માં પોરબંદર જિલ્લાની બજાર સમિતિ કુતિયાણાને કુલ કેટલી સહાય મંજૂર કરવામાં આવેલ છે, | (૧) રૂ. ૪૧૧.૯૫ લાખ |
| (૨) તે પૈકી તા. ૩૧–૭–૨૦૧૫ સુધીમાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) રૂ. ૧૩૭.૨૭ લાખ |
| (૩) બાકીની સહાય ક્યારે ચૂકવવામાં આવશે ? | (૩) પ્રગતિ અહેવાલ રજુ થયેથી. |

### વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૫માં જોડાયેલ પાર્ટનર દેશો

* ૨૦૨૬૯ શ્રી રોહીત પટેલ (આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૫માં પાર્ટનર દેશ તરીકે કેટલા દેશો જોડાયા હતા, અને કયા કયા ? | વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫માં પાર્ટનર દેશ તરીકે ૦૮ દેશો જોડાયા હતા. જેમાં (૧) ઓસ્ટ્રેલિયા, (૨) કેનેડા, (૩) યુ. કે., (૪) નેધરલેન્ડ, (૫) જાપાન, (૬) દક્ષિણ આફ્રિકા, (૭) સિંગાપોર, (૮) યુ.એસ.એ.નો સમાવેશ થાય છે. |

અતારાંકિત પ્રશ્નો

### અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિથી પૂરની પરિસ્થિતિમાં વહીવટી તંત્રને મળેલ ફરીયાદો

* ૨૦૪૬૭ શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા (વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩–૮–૧૫ની સ્થિતિએ તા. ૨૪ જુન, ૨૦૧૫ના રોજ થયેલ અતિવૃષ્ટિ દરમિયાન અમરેલી જિલ્લામાં તાલુકાવાર લોકો પૂરના પાણીમાં ફસાયેલા હોવાની કેટલી ફરીયાદો / સૂચનાઓ વહીવટી તંત્રને પ્રાપ્ત થયેલ હતી,

(૨) ઉપરોક્ત પરિસ્થિતિમાંથી લોકોને બચાવવા સરકારી તંત્રએ કેવા પ્રકારની કાર્યવાહી કરેલ, અને

(૩) ઉક્ત કામગીરીથી કુલ કેટલા લોકોને બચાવેલ હતા ?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ ફરીયાદની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમરેલી | ૧૧ |
| ૨ | સાવરકુંડલા | ૮ |
| ૩ | વડીયા | ૯ |
| ૪ | લીલીયા | ૩ |
| ૫ | બગસરા | ૧૩ |
| ૬ | રાજુલા | ૧ |
| ૭ | ધારી | ૨ |
| | કુલ | ૪૭ |

(૨) ઉપરોક્ત મળેલ ફરીયાદો–સૂચનાઓ પૈકી પૂરગ્રસ્ત લોકોને હેલિકોપ્ટર, એન.ડી.આર.એફ. ટીમ, રેસ્કયુ ટીમ, ફાયર બ્રિગેડ ટીમ, જિલ્લા વહિવટી તંત્ર, પોલીસતંત્ર, સરપંચશ્રીઓ, ગ્રામજનો, તરવૈયાઓ, વિ.ની મદદ દ્વારા બચાવવાની કાર્યવાહી વહિવટતંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલ હતી.

(૩) ૪૧૯

### રાજ્યમાં પોલીસ કર્મીઓની ભરતી

* ૧૯૭૪૬ શ્રી માનસિંહ કો. ચૌહાણ (બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૦–૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજયમાં કુલ કેટલા પોલીસ કર્મીઓની સંવર્ગવાર ભરતી કરવામાં આવી?

જવાબ

તા. ૩૦–૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજયમાં પોલીસ કર્મીઓની સંવર્ગવાર કોઈ ભરતી કરવામાં આવેલ નથી. પરંતુ ભરતી કેલેન્ડર મુજબ લોકરક્ષકની ૭૧૫૦ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની પસંદગી યાદી તૈયાર થઈ ગયેલ છે, જેમાંથી નિમણુક આપવાની કામગીરી કરવામાં આવશે. જ્યારે બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ૫૦૦ તથા બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટરની ૮૦૦ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની પસંદગી યાદી તૈયાર કરવાની કામગીરી અંતિમ તબક્કામાં છે.

### ઉના તાલુકામાં આંગણવાડીઓના બાંધકામ પૂર્ણ કરવા બાબત

* ૧૯૬૭૧ શ્રી પુંજાભાઇ ભી. વંશ (ઉના) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ–૨૦૧૩માં ગીર–સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં શ્રી રૂદ્રાક્ષ કંસ્ટ્રકશન–ઉનાને ૧૪૫ અને પ્રણવ બિલ્ડર્સ–જૂનાગઢને ૨૦ આંગણવાડીઓના બાંધકામની કામગીરી આપેલ હતી તે વાત સાચી છે,

(૨) જો હા, તો તે આંગણવાડીઓનું બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું હતું,

જવાબ

(૧) હા જી.

(૨) આ આંગણવાડીઓનું બાંધકામ રૂદ્રાક્ષ કંસ્ટ્રકશન ઉના

પેકેજ નં. -૧૪-૧૧ માસ તા. ૧૯-૭-૧૩ થી તા. ૧૮-૬-૧૪
પેકેજ નં.-૧૫-૧૧ માસ તા. ૧૯-૭-૧૩ થી તા. ૧૮-૬-૧૪
પેકેજ નં.-૧૬-૧૧ માસ તા. ૨૯-૪-૧૩ થી તા. ૨૮-૩-૧૪
પેકેજ નં.-૧૭-૧૧ માસ તા. ૨૯-૪-૧૩ થી તા. ૨૮-૩-૧૪
પેકેજ નં.-૨૮-૦૯ માસ તા. ૮-૬-૧૩ થી તા. ૨૭-૩-૧૪
પેકેજ નં. ૨૯-૧૧ માસ તા. ૨૯-૪-૧૩ થી તા. ૨૮-૩-૧૪ સુધી તથા પ્રણવ બિલ્ડર્સ જુનાગઢ
પેકેજ નં.-૪૪-૧૧ માસ તા. ૬-૬-૧૩ થી તા. ૫-૫-૧૪ સુધીની મુદતમાં આ બાંધકામ પૂર્ણ કરવાના હતાં.

(૩) તા. ૩૦-૬-૨૦૧૫ની સ્થિતિએ કેટલી આંગણવાડીઓનું બાંધકામ પૂર્ણ થયું, કેટલી આંગણવાડીઓનું બાંધકામ ચાલુ છે અને કેટલી આંગણવાડીઓેનું બાંધકામ શરૂ કરવામાં આવેલ નથી, અને

(૩) તા. ૩૦-૬-૨૦૧૫ની સ્થિતિએ
-૨૮ આંગણવાડીઓનું બાંધકામ પૂર્ણ થયેલ છે.
-૨૧ આંગણવાડીઓનું બાંધકામ પ્રગતિ હેઠળ છે.
-૧૧૬ આંગણવાડીઓનું કામ શરૂ થયેલ નથી.

(૪) સમય મર્યાદામાં આંગણવાડીઓના કામો પૂર્ણ ન થયા હોય તો ઉક્ત સ્થિતિએ કઈ એજન્સીઓ સામે ક્યારે, કયા પ્રકારના પગલાં લીધા ?

(૪) સમયમર્યાદામાં કામ પૂર્ણ ન થવા બાબતે ઉપરોક્ત બંને એજન્સીઓના રનીંગ બિલમાંથી કરારખતની જોગવાઈ મુજબ ટાઈમલીમીટ ડિપોઝીટ કાપેલ છે.

### લુણાવાડા તાલુકાના ગોહિલના મુવાડા ગામે આંગણવાડીનું મકાન બનાવવા બાબત

* ૧૯૮૦૦ પ્રો. હીરાભાઇ હ. પટેલ (લુણાવાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૬-૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ગોહિલના મુવાડા ગામે આંગણવાડીનું મકાન બનાવવા માટે ક્યારે મંજૂરી આપવામાં આવી, | (૧) તા. ૩૦-૫-૨૦૧૪ના આદેશ નં. : આઈસીડીએસ/૪૨૬ થી વહીવટી મંજુરી આપવામાં આવેલ. |
| (૨) આંગણવાડીનું મકાન બનાવવા માટે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) લુણાવાડા તાલુકા પેકેજ નં. : ૧૫/૦૭માં બાંધકામ અંગે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. |
| (૩) જો ના કરવામાં આવી હોય તો તેનાં શાં કારણો છે ? | (૩) આંગણવાડી કેન્દ્રના મકાન બાંધકામ અંગે ટેન્ડર પ્રક્રિયા દરમિયાન સ્થળ બાબતે વિવાદ ઉભો થતાં બાંધકામ થઈ શકેલ નથી. |

### ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદને ચૂકવેલ ગ્રાન્ટ

* ૨૦૩૮૨ શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ (સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદના નવીનીકરણ/વિસ્તરણની કોઈ યોજના હાથ ધરવામાં આવી છે કેમ, અને | (૧) હા જી, |
| (૨) જો હા, તો આ યોજના માટે તા. ૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે ? | (૨) આ યોજના માટે તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ કુલ રૂ. ૧૦૦/- કરોડની ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે. |

બોરી આંબા–વાંકલ રોડ પર લો લેવલ બ્રીજ બનાવવાની મંજૂરી

* ૧૯૭૫૦ શ્રી આનંદભાઇ મો. ચૌધરી (માંડવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૬–૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના બોરી આંબા–વાંકલ રોડ પર લો લેવલ બ્રીજ બનાવવાની મંજૂરી ક્યારે આપવામાં આવી, અને | (૧) અને (૨) : લો લેવલ બ્રિજ બનાવવાનું કામ મંજુર થયેલ નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે ? | |

દાહોદ જિલ્લામાં સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ

* ૧૯૬૮૩ શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (ગરબાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૬–૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર થયેલ સંવર્ગવાર મહેકમ સામે કેટ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, | (૧) તા. ૩૦–૬–૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વિગત દર્શાવતુ *પત્રક–અ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોની વિગત દર્શાવતું *પત્રક–બ સામેલ છે. |
| (૨) આ ખાલી જગ્યાઓ સમયસર ન ભરવાના કારણો શાં છે, અને | (૨) સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ–૧ અને તબીબી અધીકારી વર્ગ–૨ ની જગ્યાઓ વોક ઈન ઈન્ટરવ્યુ દ્રારા ભરવાનું આયોજન કરવામાં આવે છે. પરંતુ ઉમેદવારો હાજર ન થતા હોઈ ઘણા કિસ્સાઓમાં જગ્યા ખાલી રહેવા પામે છે જ્યારે રાજ્યકક્ષાની વર્ગ–૩ ની જગ્યાઓ ભરવા માટે ગૌણ સેવા પંસંદગી મંડળ દ્રારા ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. તેજ રીતે પંચાયત સંર્વગની જગ્યાઓ જિલ્લા પંચાયત પસંદગી સમિતિ અને ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ મારફતે ભરવાની કાર્યવાહી થાય છે. |
| (૩) હવે કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે? | (૩) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રી ની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

જામનગર અને મોરબી જિલ્લામાં ખરીફ મગફળી અને કપાસના પાકનો વિમો ન ચૂકવવા બાબત

* ૧૯૭૩૬ શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર અને મોરબી જિલ્લાના કયા તાલુકાને સને ૨૦૧૪ના ખરીફ મગફળી અને કપાસ પાકનો પાક વિમો તા. ૨૯–૦૭–૨૦૧૫ની સ્થિતિએ ચૂકવવામાં આવ્યો નથી, અને | (૧) જામનગર અને મોરબી જિલ્લાના કોઈપણ તાલુકાને સને ૨૦૧૪ના ખરીફ મગફળી અને કપાસના પાકનો પાક વિમો તા. ૨૯–૦૭–૨૦૧૫ની સ્થિતિએ ચૂકવાયેલ ન હતો. |
| (૨) આ બાકી પાક વિમો ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે? | (૨) મોરબી જિલ્લાના ફકત ટંકારા તાલુકામાં સને ૨૦૧૪ ના ખરીફ મગફળી પાક માટે પાક વિમાના દાવા ચૂકવવાપાત્ર થયેલ જે વિમા કંપની દ્રારા તા.૪–૮–૨૦૧૫ તથા તા.૫–૮–૨૦૧૫ ના રોજ ચૂકવી આપેલ છે. જામનગર જિલ્લાના કોઈપણ તાલુકામાં સને ૨૦૧૪ ના ખરીફ મગફળી પાક માટે પાક વિમાના દાવા યોજનાની ગાઈડલાઈન મુજબ ચૂકવવા પાત્ર થતા નથી.<br>જ્યારે સને ૨૦૧૪ ના કપાસ પાક માટે પાક વિમાના દાવાની મંજૂરીની કાર્યવાહી એગ્રીકલ્ચર ઇન્શ્યોરન્સ કંપની કક્ષાએ ચાલુ છે. જામનગર અને મોરબી જિલ્લાના જે તાલુકાઓમાં સને ૨૦૧૪ ના કપાસ પાક માટે પાક વિમાના |

દાવા યોજનાની ગાઈડલાઈન મુજબ ચૂકવવાપાત્ર થશે તો તે તાલુકાઓમાં પાક વિમાના દાવા મંજૂર કરી એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની દ્વારા ચૂકવી આપવામાં આવશે.

પાલનપુર તાલુકામાં ખેતીની જમીનનું ધોવાણ/પાકને નુકશાન બાબત

* ૨૦૩૯૮ શ્રી મહેશકુમાર અ. પટેલ (પાલનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં જુલાઈ–૨૦૧૫માં આવેલ અતિભારે વરસાદના કારણે ખેતીની કેટલી જમીનમાં ધોવાણ થયેલ છે તથા કયા પાકોનું કેટલું નુકશાન થયેલ છે,

(૨) તા. ૩૧–૭–૨૦૧૫ની સ્થિતિએ ઉપરોક્ત નુકશાનમાં જમીન ધોવાણ તથા પાકના નુકશાન પેટે કેટલી સહાય જાહેર કરવામાં આવી છે, અને

(૩) તે માટે કેટલી ગ્રાન્ટની ફાળવણી કરી છે?

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં જુલાઈ–૨૦૧૫માં આવેલ અતિભારે વરસાદના કારણે ખેતીની જમીનમાં ધોવાણ તથા પાકોના નુકશાન ની સર્વેની કામગીરી ચાલુ છે.

(૨) સર્વેની કામગીરી ચાલુ હોય, સંલગ્ન જિલ્લામાંથી સહાય માટેની દરખાસ્ત મળ્યેથી સરકારશ્રીના ઠરાવની જોગવાઈ મુજબ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

(૩) સર્વેની કામગીરી ચાલુ હોય, હાલમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિથી કુટુંબમાં મૃત્યુ પામેલ અને ગુમ થયેલ વ્યક્તિના કુટુંબીજનોને વળતર સહાય

* ૨૦૪૫૯ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૭–૧૫ની સ્થિતિએ તા. ૨૪–જુન–૨૦૧૫ના રોજ થયેલ અતિવૃષ્ટિના કારણે અમરેલી જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ગામોના કુલ કેટલા લોકોના મૃત્યુ થયેલ છે અને કેટલા લોકો ગુમ થયેલ છે,

(૨) ઉપરોક્ત મૃત્યુ પામેલ તથા ગુમ થયેલા લોકોના કુટુંબીજનોને વળતર–સહાય ચૂકવવામાં આવી છે કે કેમ, અને

(૩) જો હા, તો તા. ૩, ઓગસ્ટ–૨૦૧૫ની સ્થિતિએ કુલ કેટલા કુટુંબને, કેટલી રકમની સહાય ચૂકવવામાં આવેલ છે, અને કેટલાને હજુ સહાય ચૂકવવાની બાકી છે?

જવાબ

(૧) તા. ૩૧–૭–૧૫ની સ્થિતિએ તા. ૨૪–જુન–૨૦૧૫ના રોજ થયેલ અતિવૃષ્ટિના કારણે અમરેલી જિલ્લામાં કુલ ૨૪ ગામોના કુલ ૪૭ લોકોના મૃત્યુ થયેલ છે અને ૬ લોકો ગુમ થયેલ છે જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામની સંખ્યા | માનવ મૃત્યુની સંખ્યા | ગુમ થયેલ વ્યકતિઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૧૧ | ૧૮ | ૧ |
| ૨ | સાવરકુંડલા | ૨ | ૨ | ૦ |
| ૩ | લીલીયા | ૩ | ૪ | ૧ |
| ૪ | વડીયા | ૧ | ૧ | ૦ |
| ૫ | બગસરા | ૭ | ૨૨ | ૩ |
| | કુલ | ૨૪ | ૪૭ | ૬ |

(૨) ઉપરોક્ત મૃત્યુ પામેલ કેસો પૈકી ૩૦ કેસોમાં મૃતકના વારસદારોને સહાય ચૂકવવામાં આવી છે અને ગુમ થયેલા વ્યકતિઓના કિસ્સામાં કાર્યવાહી ચાલુ છે.

(૩) તા. ૩, ઓગસ્ટ–૨૦૧૫ ની સ્થિતિએ કુલ ૩૦ કેસોમાં મૃતકના વારસદારોને રૂ.૧.૨૦ કરોડની રકમની સહાય ચૂકવવામાં આવેલ છે, ૧૬ કેસોમાં સીધી લીટીના વારસદારો ન હોવાથી સહાય ચુકવવામાં આવેલ નથી તથા ૧ કેસ ના મંજૂર કરવામાં આવેલ છે.

દેવકરણના મુવાડા ગામે સામુહિક આરોગ્ય કેન્દ્ર આપવા બાબત

* ૨૦૩૦૫ શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ (દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૭–૨૦૧૫ની સ્થિતિએ દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામે સામૂહિક આરોગ્ય કેન્દ્ર આપવા અંગેની કાર્યવાહી કયા તબક્કે છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૦૭–૨૦૧૫ની સ્થિતિએ દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામે સામૂહિક આરોગ્ય કેન્દ્ર આપવા અંગેની રજૂઆત મળેલ છે. વર્ષ ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ દહેગામ તાલુકાની ગ્રામ્ય વસ્તી ૨,૨૫,૯૩૦ છે. વસ્તીના ધોરણ મુજબ દહેગામ તાલુકામાં

| | |
|---|---|
| | ૨ (બે) સામૂહિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર છે. જેની સામે હાલમાં ૨ (બે) સામૂહિક આરોગ્ય કેન્દ્રો–દહેગામ અને રખિયાલ કાર્યરત છે. |
| (૨) તે કેટલા સમયમાં આપવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### માળીયા–હાટીના તાલુકામાં કમોસમી વરસાદથી બાગાયતી પાકોને નુકશાન

* ૨૦૪૨૩ શ્રી બાબુભાઇ કા. વાજા (માંગરોળ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ફેબ્રુઆરી–માર્ચ–૨૦૧૫માં રાજ્યમાં થયેલ કમોસમી વરસાદના કારણે બાગાયતી પાકોને નુકશાન થયેલ હતું, તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૭–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માળીયા–હાટીના તાલુકાના કેટલા ખેડૂતોને બાગાયતી પાકોની નુકશાની અંગેની અરજી કરેલ છે, | (૨) એકપણ નહી. |
| (૩) તે અન્વયે કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા ખેડૂતોને સહાય ચૂકવવાની બાકી છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગૌચરની જમીન ફાળવવા સામે વિરોધ

* ૨૦૨૬૨ શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૧–૭–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગૌચરની જમીન કોને કેટલી ફાળવવામાં આવી,

(૧)

| ક્રમ | સંસ્થા/કંપનીનું નામ | ક્ષેત્રફળ (ચો.મી.માં) |
|---|---|---|
| ૧. | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી. | ૪૯૦૦ |
| ૨. | એસ્સાર પાવર ગુજરાત લી. | ૧૩૭૪૬ |

(૨) આ ફાળવણી સામે સ્થાનિક કક્ષાએથી કોઈ વિરોધી ફરીયાદો મળી છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો આ ફરિયાદો અંગે શી કાર્યવાહી હાથ ધરી છે?

(૩) મહેસૂલ વિભાગનાં તા. ૧૧–૨–૧૫ના ઠરાવથી એસ્સાર પાવર ગુજરાત લી.ને ગૌચર જમીન ફાળવ્યા બાદ નીચે મુજબની કાર્યવાહી થયેલ છે.

- કંપની દ્વારા ગૌચર જમીનના બદલે ગૌચર સુધારણા ફંડ માટે રૂ. ૬૦,૫૮,૩૭૮/– ભરપાઈ કરેલ છે.
- ગૌચર જમીનના બદલામાં એસ્સાર પાવર ગુજરાત લી. ની જમીન ગૌચર તરીકે નીમ કરેલ છે.

### રાજ્ય સરકાર હસ્તકની જનરલ હોસ્પિટલોમાં બાળરોગ નિષ્ણાંતોની મંજૂર થયેલ જગ્યાઓ

* ૧૯૭૮૦ શ્રી જશુભાઇ ધા. બારડ (તાલાળા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની જનરલ હોસ્પિટલોમાં બાળરોગ નિષ્ણાંતોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, અને | (૧) ૭૫ જગ્યાઓ |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે? | (૨) ૨૩ જગ્યાઓ |

### યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદને ચૂકવેલ ગ્રાન્ટ

* ૨૦૩૮૧ શ્રી રાકેશ જ. શાહ (એલિસબ્રિજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યુ.એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદના નવીનીકરણ/વિસ્તરણની કોઈ યોજના હાથ ધરવામાં આવી છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજના માટે તા. ૩૧-૦૭-૨૦૧૫ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે?

(૨) આ યોજના માટે તા. ૩૧-૦૭-૨૦૧૫ની સ્થિતિએ કુલ રૂ. ૭૫.૨૨/- કરોડની ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે.

## આણંદ જિલ્લામાં સિવીલ હોસ્પિટલ બનાવવા બાબત

* ૨૦૪૧૩ શ્રી અમિત અ. ચાવડા (આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૭-૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સંપૂર્ણ સુવિધાસર જિલ્લા કક્ષાની સિવીલ હોસ્પિટલ નથી તે હકીકત સાચી છે,

(૧) હા જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલની મંજુરી અને બાંધકામ સંદર્ભે શું કાર્યવાહી કરાવામાં આવી છે,

(૨) આણંદ શહેરી વિસ્તારની આજુ બાજુ અલગ અલગ જગ્યાએ સિવીલ હોસ્પિટલના નવા મકાનના બાંધકામ માટે જમીન માટે ચકાસણી કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) કયા સ્થળે અને કેટલા સમયમાં સિવીલ હોસ્પિટલ કાર્યરત કરવામાં આવશે, અને

(૩) આણંદ નગરપાલિકા સંચાલિત હોસ્પિટલ ખાતે હાલના તબક્કે ૫૦ પથારીની સુવિધા ધરાવતી જનરલ હોસ્પિટલ શરૂ કરવા માટે સરકારશ્રીની સૈધ્ધાંતિક મંજૂરી મળતા સત્વરે કાર્યરત કરવામાં આવશે.

(૪) સિવીલ હોસ્પિટલ બનાવવામાં વિલંબ થવાનાં કારણો શાં છે?

(૪) આણંદ શહેરી વિસ્તારની આજુબાજુ અલગ અલગ જગ્યાએ સિવીલ હોસ્પિટલના નવા મકાનના બાંધકામ માટેની જમીન મેળવવા માટે સ્થળ પસંદગી કરવા અંગેની કાર્યવાહીના કારણે વિલંબ થયેલ છે.

## કડી તાલુકાના ગામોમાં નાળા બનાવવા બાબત

* ૨૦૪૭૩ શ્રી રમેશભાઇ મ. ચાવડા (કડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૫ની સ્થિતિએ કડી તાલુકામાં અતિવૃષ્ટિના સમયે પાણી ભરાતા હોય તેવા ઢોરીયા-ચારોલ-કમલાપુરા-ઈશ્વરપુરા-ફતેપુરા-નરસિંહપુરા-વિડજ-લુણાસણ- વરખડીઆ-મેડા-આદરજ સાદરા-આલુસણા ગામોએ નાળા અથવા પૂલ બનાવવા બાબત સરકારની વિચારણા હેઠળ છે તે હકિકત સાચી છે, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થળોએ ક્યાં સુધીમાં નાળા અથવા પૂલ બાંધવામાં આવશે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## માલપુર અને બાયડ તાલુકાઓમાં ખૂનના ગુના

* ૨૦૨૯૬ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા (બાયડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના માલપુર અને બાયડ તાલુકાઓમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨-(ખૂન) ના કુલ કેટલા ગુના દાખલ કરવામાં આવેલ છે,

(૧)

| તાલુકાનું નામ | દાખલ કરવામાં આવેલ ગુનાની સંખ્યા |
|---|---|
| માલપુર | ૦૩ |
| બાયડ | ૦૭ |

(૨) તે પૈકી કેટલા ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મળેલ છે,

(૨) ૯

(૩) કેટલા ગુનામાં ભેદ ઉક્ત સ્થિતિ સુધી

(૩) ૧

ઉકેલાયેલ નથી,

(૪) ઉપરોક્ત ગુના પૈકી કેટલા ગુનામાં કેટલા ગુનેગારોની ઉક્ત સ્થિતિ સુધીમાં અટકાયત કરવામાં આવેલ છે, અને

(૪)

| ગુનાની સંખ્યા | ગુનેગારોની સંખ્યા |
|---|---|
| ૭ | ૩૩ |

૨ ગુન્હામાં આરોપી મરણ પામેલ હોઈ, અટકાયત થયેલ નથી.

(૫) બાકીનાની કેટલા સમયમાં અટક કરવામાં આવશે?

(૫) જરૂરી હકીકત મળ્યેથી પકડી અટક કરવામાં આવશે.

ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની ખાલી જગ્યાઓ ભરવા બાબત

* ૨૦૪૭૦ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૭–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં અને પોશીના તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ જગ્યાઓ ખાલી રહેવાના શાં કારણો છે, અને

(૩) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) તા. ૩૧–૭–૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| કેન્દ્રોની વિગત | ખેડબ્રહમા તાલુકામાં ડોકટરોની ખાલી જગ્યા | પોશીના તાલુકામાં ડોકટરોની ખાલી જગ્યા |
|---|---|---|
| સામુહીક આરોગ્ય કેન્દ્રો | ૪ | ૮ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૪ | ૫ |
| કુલ | ૮ | ૧૩ |

(૨) યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ ન થવાને કારણે આ જગ્યાઓ ખાલી છે.

(૩) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આ જગ્યાઓ ભરી શકાશે.

ધરોઈ યોજનામાં સહભાગી સિંચાઈ યોજના હેઠળ આવરેલ વિસ્તાર

* ૨૦૩૬૦ શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૭–૨૦૧૫ની સ્થિતિએ ધરોઈ યોજનામાં સહભાગી સિંચાઈ યોજના હેઠળ કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે, અને

(૨) ધરોઈ યોજનામાં સહભાગી સિંચાઈ યોજના હેઠળ કેટલી મંડળીઓ કાર્યરત છે?

જવાબ

(૧) ૮૪૭૭૧ હેકટર.

(૨) ૩૨૦.

---------

અધ્યક્ષશ્રી : હું પહેલી, બીજી અને ત્રીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

પહેલી અતારાંકિત યાદી

કચ્છ, મોરબી અને બોટાદ જિલ્લામાં ધાન્ય અને રોકડીયા પાકનું વાવેતર

અતારાંકિતઃ ૪૫૪૬ (૨૧–૦૧–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કચ્છ, મોરબી અને બોટાદ જિલ્લામાં ચાલુ વર્ષ ખરિફ–૨૦૧૪માં કઠોળ અને ધાન્ય પાકોનું વાવેતર ઘટ્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનાં શાં કારણો છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ધાન્ય અને રોકડીયા પાકોનું જિલ્લાવાર કેટલા વિસ્તારમાં વાવેતર થયું હતું, અને

(૪) આ વાવેતર વધારવાં સરકારે શું આયોજન કર્યુ છે ?

કૃષિ મંત્રીશ્રી : (૦૬–૦૮–૨૦૧૫)

(૧) કચ્છઃ હા.

મોરબીઃ હાલમાં નવરચિત જિલ્લો હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બોટાદઃ હાલમાં નવરચિત જિલ્લો હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) કચ્છઃ ચાલુ વર્ષે ચોમાસામાં વરસાદ મોડો તથા અનિયમિત થવાથી, છુટક વિસ્તારોમાં વરસાદ થવાથી નાની સિંચાઈના પાણી ભરાયેલ ન હોવાથી, નાના મોટા ચેક ડેમો, સીમ તળાવો અને ખેત તળાવો સંપૂર્ણ ખાલી હોવાથી, બોરવેલના પાતાળના પાણી પણ રીચાર્જ ન થવાથી,

મોરબીઃ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બોટાદઃ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પત્રક આ સાથે બિડાણ કરેલ છે.

(૪) વાવેતર વધારવા સરકારે નીચે મુજબનું આયોજન કર્યુ છે.

| | |
|---|---|
| ૧ | સરકારશ્રી દ્વારા ધાન્ય અને કઠોળ પાકો માટે NFSM અને RKVY જેવી યોજના અમલમાં છે. |
| ૨ | કૃષિ મહોત્સવ, રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરીને કૃષિ વૈજ્ઞાનિક તરફથી રીસર્ચ કરેલ અધ્યતન ટેકનોલોજીનું ખેડૂતો સાથે આદાન – પ્રદાન. |
| ૩ | ખેડૂતોને ખેતી બાબતે નવી નવી યોજનાઓ બનાવી, ખેડૂતોની મીટીંગો યોજી, તેમને તાંત્રીક માર્ગદર્શન આપવું. |
| ૪ | આગામી કૃષિ મહોત્સવ ૨૦૧૫–૧૬માં કઠોળ, ધાન્ય પાકોનો વિસ્તાર વધારવા આયોજન ભાગ રૂપે વિસ્તરણ પ્રવૃત્તિમાં પ્રાથમિકતા આપેલ છે. |

છેલ્લા ત્રણ વર્ષમાં ધાન્ય અને રોકડીયા પાકોનું જિલ્લાવાર અને પાકવાર વાવેતર વિસ્તાર દર્શાવતું પત્રક (વિસ્તાર હેકટરમાં) ખરીફ–૨૦૧૨ ધાન્ય પાકો રોકડીયા પાકો

| અ.નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઇ | અન્ય ધાન્ય | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કચ્છ | ૦ | ૯૭ | ૦ | ૦ | ૦ | ૪૬૭ | ૧૨૯૧ | ૬૨૮ | ૦ |
| ૨ | મોરબી | સદર જીલ્લો તા. ૧૩–૦૮–૨૦૧૩ થી અમલમાં આવેલ હોવાથી ખરીફ–૨૦૧૩ની માહિતી ઉપલબ્ધ થઈ શકે નહિ પરંતુ આગામી ઋતુ–૨૦૧૪ થી સદર જીલ્લાના પાકવાર વાવેતરની માહિતી ઉપલબ્ધ થશે. | | | | | | | | |
| ૩ | બોટાદ | | | | | | | | | |

ખરીફ–૨૦૧૩ ધાન્ય પાકો રોકડીયા પાકો

| અ.નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઇ | અન્ય ધાન્ય | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કચ્છ | ૦ | ૨૨૦ | ૦ | ૦ | ૦ | ૭૦૨ | ૯૭૨ | ૭૮૫ | ૦ |
| ૨ | મોરબી | સદર જીલ્લો તા. ૧૩–૦૮–૨૦૧૩ થી અમલમાં આવેલ હોવાથી ખરીફ–૨૦૧૩ની માહિતી ઉપલબ્ધ થઈ શકે નહિ પરંતુ આગામી ઋતુ–૨૦૧૪ થી સદર જીલ્લાના પાકવાર વાવેતરની માહિતી ઉપલબ્ધ થશે. | | | | | | | | |
| ૩ | બોટાદ | | | | | | | | | |

ખરીફ–૨૦૧૪ ધાન્ય પાકો રોકડીયા પાકો

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ કામગીરીમાં ગેરરિતીની કોઈ ફરિયાદ મળેલ નથી. જેથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### કચ્છ, મોરબી અને બોટાદ જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી

અતારાંકિતઃ ૪૫૩૫ (૨૧-૦૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ, મોરબી અને બોટાદ જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ કેટલા શૌચાલય બાંધવાની કામગીરી કઈ સંસ્થાઓ મારફતે કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ કામગીરીમાં ગેરરિતીની કેટલી ફરિયાદો મળી, તે અંગે શી કાર્યવાહી કરી,

(૩) આ કામગીરી કઈ સંસ્થાઓને બ્લેક લીસ્ટ કરવામાં આવી, આ બ્લેક લીસ્ટ થયેલ સંસ્થાઓને ફરીથી કામગીરી આપેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો તેના શાં કારણો છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૯-૦૪-૨૦૧૫)

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ, મોરબી અને બોટાદ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી કોઈ સંસ્થાઓ મારફતે કરવામાં આવી નથી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નિર્મળ ભારત યોજના હેઠળ કોઈ પણ સંસ્થા મારફત શૌચાલય બાંધવાની કામગીરી સોંપવામાં આવેલ નથી. જેથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન જ નથી.

(૩) સંસ્થાઓને કામગીરી સોંપેલ ના હોય જેથી બ્લેક લીસ્ટ કરવામાં આવી નથી.

(૪) પ્રશ્ન રહેતો નથી.

### વડોદરા, આણંદ અને ખેડા જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી

અતારાંકિતઃ ૪૫૪૦ (૨૧-૦૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા, આણંદ અને ખેડા જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ કેટલા શૌચાલય બાંધવાની કામગીરી કઈ સંસ્થાઓ મારફતે કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ કામગીરીમાં ગેરરિતીની કેટલી ફરિયાદો મળી, તે અંગે શી કાર્યવાહી કરી,

(૩) આ કામગીરી કરતી કઈ સંસ્થાઓને બ્લેક લીસ્ટ કરવામાં આવી, આ બ્લેક લીસ્ટ થયેલ સંસ્થાઓને ફરીથી કામગીરી આપેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો તેના શાં કારણો છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૯-૦૪-૨૦૧૫)

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા અને ખેડા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી કોઈ સંસ્થાઓ મારફતે કરવામાં આવી નથી. જ્યારે આણંદ જિલ્લામાં અમુલ સંસ્થા દ્વારા ૧૨૬૨ શૌચાલયો બનાવવાની કામગીરી કરવામાં આવી. (આણંદ-૭૧૭, ઉમરેઠ-૩૨૪, પેટલાદ-૨૨૧)

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નિર્મળ ભારત યોજના હેઠળ આ કામગીરીમાં ગેરરિતીની કોઈ ફરિયાદ મળેલ નથી. જેથી પ્રશ્ન રહેતો નથી.

(૩) આ કામગીરી કરતી કોઈ સંસ્થાઓને બ્લેક લીસ્ટ કરવામાં આવી નથી. જેથી પ્રશ્ન રહેતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

દાહોદ, પંચમહાલ અને છોટાઉદેપુર જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી

અતારાંકિતઃ ૪૫૪૧ (૨૧-૦૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ, પંચમહાલ અને છોટાઉદેપુર જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ કેટલા શૌચાલય બાંધવાની કામગીરી કઈ સંસ્થાઓ મારફતે કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ કામગીરીમાં ગેરરિતીની કેટલી ફરિયાદો મળી, તે અંગે શી કાર્યવાહી કરી,

(૩) આ કામગીરી કરતી કઈ સંસ્થાઓને બ્લેક લીસ્ટ કરવામાં આવી, આ બ્લેક લીસ્ટ થયેલ સંસ્થાઓને ફરીથી કામગીરી આપેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો તેના શાં કારણો છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૯-૦૪-૨૦૧૫)

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ, પંચમહાલ અને છોટાઉદેપુર જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી કોઈ સંસ્થાઓ મારફતે કરવામાં આવી નથી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નિર્મળ ભારત યોજના હેઠળ કોઈ સંસ્થા મારફતે શૌચાલય બાંધવાની કામગીરી સોંપવામાં આવેલ નથી. જેથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

(૪) પ્રશ્ન રહેતો નથી.

સુરત, ભરૂચ, નર્મદા અને તાપી જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી

અતારાંકિતઃ ૪૫૪૨ (૨૧-૦૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત, ભરૂચ, નર્મદા અને તાપી જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ કેટલા શૌચાલય બાંધવાની કામગીરી કઈ સંસ્થાઓ મારફતે કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ કામગીરીમાં ગેરરિતીની કેટલી ફરિયાદો મળી, તે અંગે શી કાર્યવાહી કરી,

(૩) આ કામગીરી કરતી કઈ સંસ્થાઓને બ્લેક લીસ્ટ કરવામાં આવી, આ બ્લેક લીસ્ટ થયેલ સંસ્થાઓને ફરીથી કામગીરી આપેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો તેના શાં કારણો છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૯-૦૪-૨૦૧૫)

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત. ભરૂચ, નર્મદા અને તાપી જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી કોઈ સંસ્થાઓ મારફતે કરવામાં આવી નથી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ કામગીરી કોઈ સંસ્થા મારફત કરવામાં આવી નથી. જેથી ગેરરિતી અંગેની કોઈ ફરિયાદ મળેલ નથી. જેથી કાર્યવાહી કરવાની રહેતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અમરેલી અને ભાવનગર જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી

અતારાંકિતઃ ૪૬૧૮ (૨૧-૦૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ કેટલા શૌચાલય બાંધવાની કામગીરી કઈ સંસ્થાઓ મારફતે કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ કામગીરીમાં ગેરરિતીની કેટલી ફરિયાદો મળી, તે અંગે શી કાર્યવાહી કરી,

(૩) આ કામગીરી કરતી કઈ સંસ્થાઓને બ્લેક લીસ્ટ કરવામાં આવી, આ બ્લેક લીસ્ટ થયેલ સંસ્થાઓને ફરીથી કામગીરી આપેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો તેના શાં કારણો છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૯-૦૪-૨૦૧૫)

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી કોઈ સંસ્થાઓને સોંપવામાં આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ કામગીરીમાં ગેરરિતિની કોઈ ફરિયાદો મળી નથી. તેની કાર્યવાહી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) લાગુ પડતું નથી.

(૪) લાગુ પડતું નથી.

ઈન્દિરા આવાસ યોજનામાં વણવપરાયેલ ભંડોળ

અતારાંકિતઃ ૪૮૦૨ (૨૬-૦૨-૨૦૧૫) શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) ઈન્દિરા આવાસ યોજનામાં વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૩ ના સમયગાળામાં વર્ષવાર ઉપલબ્ધ ભંડોળ કેટલું હતું તે પૈકી કેટલું ભંડોળ વપરાયેલ છે. ન વપરાયેલ ભંડોળના કારણે કેન્દ્ર સરકારની સહાય પ્રાપ્ત થઈ ન હતી તે સાચું છે, અને

(૨) આ વિલંબના કારણે કેટલી રકમની કેન્દ્રિય સહાયતા પ્રાપ્ત થઈ શકી ન હતી ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૯-૦૪-૨૦૧૫)

(૧) ઈન્દિરા આવાસ યોજનામાં વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૩ ના સમયગાળામાં ઉપલબ્ધ ભંડોળની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ઉપલબ્ધ ભંડોળની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૧-૧૨ | ૯૨૫૯૭.૮૭ |
| ૨ | ૨૦૧૨-૧૩ | ૭૭૮૧૩.૮૧ |
| ૩ | ૨૦૧૩-૧૪ | ૭૭૧૦૨.૮૦ |
| | કુલ | ૨૪૭૫૧૪.૪૮ |

તે પૈકી વપરાયેલ ભંડોળની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ઉપલબ્ધ ભંડોળની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૧-૧૨ | ૫૭૯૧૩.૫૫ |

| | | |
|---|---|---|
| ૨ | ૨૦૧૨-૧૩ | ૪૩૩૮૯.૪૭ |
| ૩ | ૨૦૧૩-૧૪ | ૩૭૮૭૦.૮૬ |
| | કુલ | ૧૩૯૧૭૩.૯૮ |

ન વપરાયેલ ભંડોળને કારણે કેન્દ્ર સરકારની સહાય પ્રાપ્ત થઈ ન હતી તે સાચું નથી.

ઈન્દિરા આવાસ યોજનામાં જેમ જેમ ખર્ચ થતો જાય તેમ તેમ વધારાની સહાય આપવા કેન્દ્ર સરકારને દરખાસ્ત કરાય છે. અને દરખાસ્ત આધારે કેન્દ્ર સરકાર વધારાનું અનુદાન આપે તેવી કાર્યપધ્ધતિ હોઈ કેન્દ્ર સરકારની સહાયતા પ્રાપ્ત ન થાય તેવું નથી.

(૨) ઉક્ત ખંડ-૧ ના જવાબની નજરે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાજ્યની મહાનગરપાલિકાઓમાં ધારાસભ્યશ્રીઓની માસિક સંકલનની બેઠક ન બોલાવવા બાબત

અતારાંકિતઃ ૪૮૦૦ (૧૯-૨-૨૦૧૫) શ્રી શકિતસિંહ હ. ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની મહાનગરપાલિકાઓમાં ધારાસભ્યશ્રીઓ સાથે સંકલનની માસિક મીટીંગ બોલાવવામાં આવે છે, તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ પ્રકારની મીટીંગો નહીં બોલાવતી કેટલી મહાનગરપાલિકાઓ છે, અને

(૩) તે અન્વયે સંબંધિત કમિશ્નરશ્રીઓ સામે શું પગલાં લીધા છે?

મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) : (૧૮-૦૪-૨૦૧૫)

(૧) હા, જી.

(૨) ત્રણ

(૩) સામાન્ય રીતે જિલ્લા સંકલન સમિતિઓની બેઠકમાં મહાનગરપાલિકાઓના પ્રશ્નોની ચર્ચા વખતે સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહીને જવાબ આપતા હોય છે. જામનગર મહાનગરપાલિકાએ હવેથી દર માસના પ્રથમ ગુરૂવારે આવી બેઠક બોલાવવા નક્કી કર્યું છે. અન્ય મહાનગરપાલિકામાં યોજવામાં આવેલ બેઠકોની વિગત પત્રક મુજબ છે. દરેક મહાનગરપાલિકાને આવી બેઠક બોલાવવા તા. ૨૦-૦૩-૨૦૧૫ના પત્રથી સૂચના આપી છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પત્રક

સને ૨૦૧૩-૧૪ તથા ૧૪-૧૫ દરમ્યાન મહાનગરપાલિકામાં ધારાસભ્યશ્રી/સંસદસભ્યશ્રીઓની સંકલન સમિતિની બેઠક બોલાવવામાં આવેલ તેની માહિતી

અમદાવાદઃ-

| માસ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ |
|---|---|---|---|
| જાન્યુઆરી | - | - | ૧૮-૧-૧૪ |
| ફેબ્રુઆરી | ૧૭-૨-૧૨ | ૧૬-૨-૧૩ | ૧૫-૨-૧૪ |
| માર્ચ | ૧૭-૩-૧૨ | ૧૬-૩-૧૩ | સદર સમયગાળા |
| એપ્રિલ | ૨૧-૪-૧૨ | ૨૦-૪-૧૩ | દરમ્યાન વિધાનસભા |
| મે | ૧૯-૫-૧૨ | ૧૮-૫-૧૩ | ચુંટણી હોવાથી સંકલન સમિતિની બેઠક રાખવામાં આવેલ નથી. |
| જુન | ૨૧-૬-૧૨ | ૧૫-૬-૧૩ | ૨૧-૬-૧૪ |
| જુલાઈ | ૨૧-૭-૧૨ | ૨૦-૭-૧૩ | ૧૯-૭-૧૪ |
| ઓગષ્ટ | - | ૧૭-૮-૧૩ | ૧૬-૮-૧૪ |
| સપ્ટેમ્બર | ૧૫-૯-૧૨ | ૨૧-૯-૧૩ | ૨૦-૯-૧૪ |
| ઓક્ટોબર | સદર સમયગાળા | ૧૯-૧૦-૧૩ | ૧૮-૧૦-૧૪ |
| નવેમ્બર | દરમ્યાન વિધાનસભા ચુંટણી હોવાથી સંકલન સમિતિની બેઠક રાખવામાં આવેલ નથી. | ૧૬-૧૧-૧૩ | ૧૫-૧૧-૧૪ |

| | | |
|---|---|---|
| ડીસેમ્બર | ૨૧–૧૨–૧૩ | ૨૦–૧૨–૧૪ |

સુરતઃ–

| ક્રમ | મળેલ મીટીંગની તારીખ |
|---|---|
| ૧. | તા. ૩–૩–૨૦૦૭ |
| ૨. | તા. ૫–૫– ૨૦૦૭ |
| ૩. | તા. ૨–૬– ૨૦૦૭ |
| ૪. | તા. ૭–૭– ૨૦૦૭ |
| ૫. | તા. ૪–૮– ૨૦૦૭ |
| ૬. | તા. ૧–૯– ૨૦૦૭ |
| ૭. | તા. ૨–૮– ૨૦૦૮ |
| ૮. | તા. ૫–૪– ૨૦૦૮ |
| ૯. | તા. ૩–૫– ૨૦૦૮ |
| ૧૦. | તા. ૭–૬– ૨૦૦૮ |
| ૧૧. | તા. ૬–૯– ૨૦૦૮ |
| ૧૨. | તા. ૪–૧૦– ૨૦૦૮ |
| ૧૩. | તા. ૬–૧૨– ૨૦૦૮ |
| ૧૪. | તા. ૩–૧– ૨૦૦૯ |
| ૧૫. | તા. ૧૬–૨– ૨૦૦૯ |
| ૧૬. | તા. ૬–૬– ૨૦૦૯ |
| ૧૭. | તા. ૪–૭– ૨૦૦૯ |
| ૧૮. | તા. ૧–૮– ૨૦૦૯ |
| ૧૯. | તા. ૩–૧૦– ૨૦૦૯ |
| ૨૦. | તા. ૭–૧૧– ૨૦૦૯ |
| ૨૧. | તા. ૬–૩– ૨૦૧૦ |
| ૨૨. | તા. ૩–૪– ૨૦૧૦ |
| ૨૩. | તા. ૫–૬– ૨૦૧૦ |
| ૨૪. | તા. ૩–૭– ૨૦૧૦ |
| ૨૫. | તા. ૭–૮– ૨૦૧૦ |
| ૨૬. | તા. ૧–૧– ૨૦૧૧ |
| ૨૭. | તા. ૩–૯– ૨૦૧૨ |
| ૨૮. | તા. ૨૧–૧– ૨૦૧૩ |
| ૨૯. | તા. ૬–૭– ૨૦૧૩ |
| ૩૦. | તા. ૮–૭– ૨૦૧૩ |
| ૩૧. | તા. ૨૨–૮–૨૦૧૪ |
| ૩૨. | તા. ૨૫–૯–૨૦૧૪ |
| ૩૩. | તા. ૧–૧૧–૨૦૧૪ |
| ૩૪. | તા. ૬–૧૨–૨૦૧૪ |
| ૩૫. | તા. ૩–૧–૨૦૧૫ |
| ૩૬. | તા. ૧૩–૨–૨૦૧૫ |

વડોદરાઃ–

| | | |
|---|---|---|
| ૧૯–૧૦–૨૦૦૬ | ૦૫–૦૯–૨૦૦૯ | ૧૭–૧૨–૧૧ |
| ૨૪–૧૧–૨૦૦૬ મુલતવી | ૧૯–૧૯–૨૦૦૯ | ૨૧–૧–૨૦૧૨ |
| ૧૬–૧૨–૨૦૦૬ | ૧૭–૧૦–૨૦૦૯– મુલતવી | ૧૮–૦૨–૨૦૧૨ |
| ૨૦–૦૧–૨૦૦૭ | ૨૧–૧૧–૨૦૦૯ | ૧૭–૦૩–૨૦૧૨ |
| ૧૭–૦૨–૨૦૦૭ | ૧૯–૧૨–૨૦૦૯ | ૧૯–૦૫–૨૦૧૨ |
| ૧૭–૦૩–૨૦૦૭ | ૧૬–૧–૨૦૧૦ | ૧૬–૬–૨૦૧૨ |

| | | |
|---|---|---|
| ૧૯–૦૫–૨૦૦૭ | ૨૦–૨–૨૦૧૦ | ૨૧–૭–૨૦૧૨ |
| ૨૧–૭–૨૦૦૭ | ૨૦–૩–૨૦૧૦ | ૧૫–૯–૨૦૧૨ |
| ૧૮–૮–૨૦૦૭ | ૧૭–૪–૨૦૧૦ | ૧૬–૨–૨૦૧૩ |
| ૧૫–૯–૨૦૦૭ મુલતવી | ૧૫–૫–૨૦૧૦ | ૧૬–૩–૨૦૧૩ |
| ૨૦–૧૦–૨૦૦૭ મુલતવી | ૧૯–૬–૨૦૧૦ | ૨૦–૪–૨૦૧૩ |
| ૧૭–૧–૨૦૦૮ | ૧૭–૭–૨૦૧૦ મુલતવી | ૧૮–૫–૨૦૧૩ |
| ૧૬–૨–૨૦૦૮ | ૨૧–૮–૨૦૧૦ | ૧૫–૬–૨૦૧૩ |
| ૧૫–૩–૨૦૦૮ મુલતવી | ૧૯–૯–૨૦૧૦ | ૨૦–૭–૨૦૧૩ |
| ૧૯–૪–૨૦૦૮ | ૨૦–૧૧–૨૦૧૦ મુલતવી | ૧૭–૮–૨૦૧૩ |
| ૧૭–૫–૨૦૦૮ | ૧૮–૧૨–૨૦૧૦ | ૨૧–૯–૨૦૧૩ |
| ૨૧–૬–૨૦૦૮ | ૧૫–૧–૨૦૧૧ મુલતવી | ૧૮–૧૧–૨૦૧૩ |
| ૧૯–૭–૨૦૦૮ મુલતવી | ૧૭–૨–૨૦૧૧ મુલતવી | ૨૧–૧૨–૨૦૧૩ |
| ૧૬–૮–૨૦૦૮ | ૧૯–૩–૨૦૧૧ | ૧૮–૧–૨૦૧૪ |
| ૩૦–૮–૨૦૦૮ | ૧૬–૪–૨૦૧૧ | ૨૧–૬–૨૦૧૪ |
| ૨૦–૯–૨૦૦૮ | ૨૧–૫–૨૦૧૧ | ૧૯–૭–૨૦૧૪ |
| ૧૮–૧૦–૨૦૦૮ | ૧૮–૬–૨૦૧૧ મુલતવી | ૧૪–૮–૨૦૧૪ |
| ૧૫–૧૧–૨૦૦૮ | ૧૬–૭–૨૦૧૧ | ૨૫–૯–૨૦૧૪ |
| ૨૦–૧૨–૨૦૦૮ | ૨૦–૮–૨૦૧૧ | ૨૦–૧૨–૨૦૧૪ |
| ૧૭–૧–૨૦૦૯ | ૩–૯–૨૦૧૧ | ૧૯–૧–૨૦૧૫ |
| ૨૧–૨–૨૦૦૯ | ૧૭–૯–૨૦૧૧ | |
| ૪–૭–૨૦૦૯ | ૧૫–૧૦–૨૦૧૧ | |
| ૧૮–૦૭–૨૦૦૯ | ૧૯–૧૧–૨૦૧૧ | |

રાજકોટઃ–

| ક્રમ | સંકલન સમિતિની મીટીંગની તારીખ |
|---|---|
| ૧. | તા. ૩–૧–૨૦૦૯ |
| ૨. | તા. ૧૦–૨– ૨૦૧૨ |
| ૩. | તા. ૧૩–૦૪– ૨૦૧૨ |
| ૪. | તા. ૦૮–૦૬– ૨૦૧૨ |
| ૫. | તા. ૧૩–૦૭– ૨૦૧૨ |
| ૬. | તા. ૧૪–૯– ૨૦૧૨ |
| ૭. | તા. ૧૮–૦૧– ૨૦૧૩ |
| ૮. | તા. ૧૫–૦૩– ૨૦૧૩ |
| ૯. | તા. ૧૨–૦૭– ૨૦૧૩ |

જામનગરઃ–

તા. ૧૨–૨–૨૦૧૫ અન્વયે દર માસનાં પ્રથમ ગુરૂવારે સવારે ૧૧:૩૦ કલાકના સમયે માન. ધારાસભ્યશ્રી તથા માન. સંસદસભ્યશ્રી સાથે સંકલનની મીટીંગ આયોજીત કરવા બાબતે આદેશ પસાર કરવામાં આવેલ છે.

ભાવનગરઃ–

| ક્રમ | વર્ષ | તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧. | ૨૦૧૩–૧૪ | તા. ૨૦–૪–૧૩<br>તા. ૧૮–૫–૧૩<br>તા. ૧૯–૬–૧૩<br>તા. ૨૦–૭–૧૩<br>તા. ૧૭–૮–૧૩<br>તા. ૧૯–૧૦–૧૩<br>તા. ૧૬–૧૧–૧૩<br>તા. ૨૧–૧૨–૧૩ | કુલ–૧૦ |

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | વર્ષ | તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|
| | | તા. ૧૮-૧-૧૪<br>તા. ૧૫-૨-૧૪ | |
| ૨. | ૨૦૧૪-૧૫ | તા. ૧૮-૬-૧૪<br>તા. ૧૯-૭-૧૪<br>તા. ૨૩-૮-૧૪<br>તા. ૨૦-૯-૧૪<br>તા. ૧૮-૧૦-૧૪<br>તા. ૧૭-૧૧-૧૪<br>તા. ૧૭-૧-૧૫<br>તા. ૨૧-૨-૧૫ | કુલ-૮ |

પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં રમતગમતની ફાળવેલ કીટ

અતારાંકિતઃ ૪૧૪૬ (૯-૧-૨૦૧૫) શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ગ્રીમકો મારફતે કેટલી ક્રિકેટ કીટસ, વોલીબોલ કીટસ અને ચેસ કીટસની ખરીદી કરવામાં આવી,

(૨) ઉક્ત વર્ષવાર દરેક કીટસવાર કે નંગ દીઠ અને કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે, અને

(૩) ખરીદવામાં આવેલી કીટસમાં પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ક્યારે કેટલી કીટ ફાળવવામાં આવી?

રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૧૦-૦૪-૨૦૧૫)

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લીમીટેડ (ગ્રીમકો) મારફતે છેલ્લા એક વર્ષથી જ નીચે મુજબ ખરીદી કરવામાં આવી

| ક્રમ | કીટસનું નામ | નંગ |
|---|---|---|
| ૧ | ક્રિકેટ | ૩૧,૫૧૭ |
| ૨ | વોલીબોલ | ૫૬,૬૧૭ |
| ૩ | કેરમ | ૬,૪૧૭ |
| ૪ | ચેસ | ૬,૪૧૭ |

(૨) ૨૦૧૩ના વર્ષમાં દરેક કીટસને નંગદીઠ નીચે મુજબ રકમ ચૂકવવામાં આવી.

| ક્રમ | કીટસ | નંગ | નંગદીઠ ભાવ | રકમ રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | ક્રિકેટ | ૩૧૫૧૭ | ૯૯૦.૧૩ | ૩,૧૨,૦૫,૯૨૭ |
| ૨ | વોલીબોલ | ૫૬૬૧૭ | ૮૧૦.૦૦ | ૪,૫૮,૫૯,૭૦૦ |
| ૩ | કેરમ | ૬૪૧૭ | ૧,૪૨૧.૦૦ | ૯૧,૧૮,૫૫૭ |
| ૪ | ચેસ | ૬૪૧૭ | ૨૦૦.૦૦ | ૧૨,૮૩,૪૦૦ |
| | | | કુલ | ૮,૭૪,૬૭,૬૫૪ |

(૩) વર્ષ - ૨૦૧૩માં ખરીદવામાં આવેલ કિટસમાંથી પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ફાળવવામાં આવેલ કિટસ

| ક્રમ | કીટસનું નામ | પંચમહાલ | મહીસાગર |
|---|---|---|---|
| ૧ | ક્રિકેટ | ૧,૭૯૭ | ૦૦ |
| ૨ | વોલીબોલ | ૩,૫૯૪ | ૦૦ |
| ૩ | કેરમ | ૧૬૬ | ૦૦ |
| ૪ | ચેસ | ૧૬૬ | ૦૦ |

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૪૫૪૬, ૪૫૪૭, ૪૫૫૦ | ૦૩ |
| ૨ | અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૪૧૪૮, ૪૩૩૨ | ૦૨ |
| ૩ | વન અને પર્યાવરણ વિભાગ | ૪૦૩૯, ૪૭૦૬, ૪૭૪૭, ૪૭૪૮, ૪૭૫૬, ૪૭૫૯, ૪૭૬૭, ૪૭૮૦, ૪૭૮૧, ૪૭૮૨, ૪૭૮૫, ૪૭૮૭, ૪૭૯૦, ૪૭૯૫, ૪૭૯૬ | ૧૫ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૪૦૨૩, ૪૦૯૫ | ૦૨ |
| ૫ | ગૃહ વિભાગ | ૩૫૭૭, ૪૧૧૧, ૪૧૧૫, ૪૨૪૯, ૪૩૩૫, ૪૩૩૭, ૪૩૩૮, ૪૩૪૧, ૪૩૪૨, ૪૪૫૧ | ૧૦ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪૮૦૩, ૪૮૦૪ | ૦૨ |
| ૭ | શ્રમ અને રોજગાર વિભાગ | ૪૧૦૫, ૪૪૧૮, ૪૪૧૯ | ૦૩ |
| ૮ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૪૪૦૮, ૪૪૦૯, ૪૪૮૪, ૪૪૮૭, ૪૫૩૩, ૪૫૩૫, ૪૫૪૦, ૪૫૪૧, ૪૫૪૨, ૪૬૧૮, ૪૮૦૨ | ૧૧ |
| ૯ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૪૮૦૦ | ૦૧ |
| ૧૦ | રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૪૧૪૬ | ૦૧ |
| | | કુલ | ૫૦ |

બીજી અતારાંકિત યાદી

તાપી જિલ્લામાં આયોજનના કામો માટે ફાળવેલ કામો

અતારાંકિતઃ ૪૮૦૧ (૨૪–૨–૨૦૧૫) શ્રી પુનાભાઇ ઢે. ગામીત (વ્યારા) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં આયોજન અંગેની કેટલી રકમ ક્યા કામો માટે ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે ક્યા કામો હાથ ધરાયા અને કેટલો ખર્ચ થયો ?

આયોજન મંત્રીશ્રી : (૪–૫–૨૦૧૫)

(૧) અને (૨) : તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં આયોજનના કામો માટે ફાળવેલ રકમ, હાથ ધરવામાં આવેલ કામો અને થયેલ ખર્ચ અંગે વર્ષ ૨૦૧૩–૧૪ની વિગતો *પત્રક–૧ થી ૨૭માં અને વર્ષ ૨૦૧૪–૧૫ની વિગતો *પત્રક–૨૮ થી ૪૯ માં રજૂ કરેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

જૂનાગઢ જિલ્લામાં તાલુકાના વિકાસ કામો માટે ફાળવેલ રકમ

અતારાંકિતઃ ૪૮૨૮ (૧૬–૩–૨૦૧૫) શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા (વિસાવદર) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાના વિકાસ કામો માટે તાલુકા દીઠ કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા વિકાસના ક્યા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) કેટલા કામો પ્રગતિમાં છે ?

આયોજન મંત્રીશ્રી : (૪–૫–૨૦૧૫)

(૧) વર્ષ ૨૦૧૩–૧૪ની વિગતો *પત્રક–૧ માં અને વર્ષ ૨૦૧૪–૧૫ની વિગતો *પત્રક–૨ માં રજૂ કરેલ છે.

(૨) વર્ષ ૨૦૧૩–૧૪માં પૂર્ણ કરેલ કામોની સંખ્યા *પત્રક–૩ માં અને વર્ષ ૨૦૧૪–૧૫ માં પૂર્ણ કરેલ કામોની સંખ્યા *પત્રક–૪ માં રજૂ કરેલ છે.

વર્ષ ૨૦૧૩–૧૪ માં તાલુકાવાર પૂર્ણ કરેલ કામોની યાદી *પત્રક–૫ માં અને વર્ષ ૨૦૧૪–૧૫ માં તાલુકાવાર પૂર્ણ કરેલ કામોની યાદી *પત્રક–૬ માં રજૂ કરેલ છે.

(૩) વર્ષ ૨૦૧૩–૧૪ માં કુલ ૩૪૦ કામો અને વર્ષ ૨૦૧૪–૧૫ માં કુલ –૨૯૩ કામો પ્રગતિમાં છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

પોરબંદર, ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં ધાન્ય અને રોકડીયા પાકનું વાવેતર

અતારાંકિતઃ ૪૫૪૫ (૨૧–૧–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પોરબંદર, ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં ચાલુ વર્ષ ખરિફ–૨૦૧૪ માં કઠોળ અને ધાન્ય પાકોનું વાવેતર ઘટયું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શાં કારણો છે,

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ધાન્ય અને રોકડીયા પાકોનું જિલ્લાવાર કેટલા વિસ્તારમાં વાવેતર થયું હતું, અને

(૪) આ વાવેતર વધારવા સરકારે શું આયોજન કર્યુ છે ?

કૃષિ મંત્રીશ્રી : (૧–૫–૨૦૧૫)

(૧) પોરબંદર : કઠોળ પાકનું વાવેતર ઘટેલ છે.

ગીર સોમનાથ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જૂનાગઢ : હા.

(૨) પોરબંદર : રોકડીયા પાક કપાસ હેઠળ વાવેતર વિસ્તાર વધવાથી તેમજ ચાલુ વર્ષે વરસાદની અનિયમિતતાના કારણે કઠોળ પાકનું વાવેતર ઘટેલ છે.

ગીર સોમનાથ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જૂનાગઢ : ચાલુ વર્ષે અગાઉના વર્ષની સરખામણીએ ઓછો વરસાદ થવા પામેલ હોય, જેથી વાવેતર વિસ્તારમાં સદર તફાવત જોવા મળેલ છે.

(૩) પત્રક આ સાથે બિડાણ કરેલ છે.

(૪) વાવેતર વધારવા સરકારે નીચે મુજબનું આયોજન કર્યુ છે.

| | |
|---|---|
| ૧ | સરકારશ્રી દ્વારા ધાન્ય અને કઠોળ પાકો માટે NFSM અને RKVY જેવી યોજના અમલમાં છે. |
| ૨ | કૃષિ મહોત્સવ, રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરીને કૃષિ વૈજ્ઞાનિક તરફથી રીસર્ચ કરેલ અદ્યતન ટેકનોલોજીનું ખેડૂતો સાથે આદાન – પ્રદાન. |
| ૩ | ખેડૂતોને ખેતી બાબતે નવી નવી યોજનાઓ બનાવી, ખેડૂતોની મીટીંગો યોજી, તેમને તાંત્રીક માર્ગદર્શન આપવું. |
| ૪. | આગામી કૃષિ મહોત્સવ ૨૦૧૫–૧૬ માં કઠોળ, ધાન્ય પાકોનો વિસ્તાર વધારવા આયોજન ભાગ રૂપે વિસ્તરણ પ્રવૃત્તિમાં પ્રાથમિકતા આપેલ છે. |

પ ત્ર ક

છેલ્લા ત્રણ વર્ષમાં ધાન્ય અને રોકડીયા પાકોનું જીલ્લાવાર અને પાકવાર વાવેતર વિસ્તાર દર્શાવતું પત્રક
(વિસ્તાર ૦૦ હેકટરમાં)

| ખરીફ–૨૦૧૧ | | ધાન્ય પાકો | | | | | રોકડીયા પાકો | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ |
| ૧ | પોરબંદર | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૭૬૦ | ૫૫ | ૧૨૨ | ૦ |
| ૨ | જૂનાગઢ | ૨ | ૯૨ | ૦ | ૦ | ૨ | ૩૮૨૮ | ૨૨ | ૬૮૬ | ૦ |
| ૩ | ગીર સોમનાથ | વર્ષ–૨૦૧૧ માં સદર જિલ્લો અસ્તિત્વમાં નથી. | | | | | | | | |
| ખરીફ–૨૦૧૨ | | ધાન્ય પાકો | | | | | રોકડીયા પાકો | | | |
| અ.નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૧૯ | ૧ | ૫૦ | ૦ |
| ૨ | જૂનાગઢ | ૦ | ૫૦ | ૦ | ૦ | ૦ | ૩૦૫૧ | ૦ | ૬૪૧ | ૦ |
| ૩ | ગીર સોમનાથ | વર્ષ–૨૦૧૨ માં સદર જિલ્લો અસ્તિત્વમાં નથી. | | | | | | | | |
| ખરીફ–૨૦૧૩ | | ધાન્ય પાકો | | | | | રોકડીયા પાકો | | | |
| અ.નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ |
| ૧ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૮૫૪ | ૨૩ | ૮૯ | ૦ |
| ૨ | જૂનાગઢ | ૦ | ૯૯ | ૦ | ૦ | ૦ | ૩૮૬૨ | ૫ | ૭૯૨ | ૦ |
| ૩ | ગીર સોમનાથ | સદર જિલ્લો તા.૧૩–૮–૨૦૧૩ થી અમલમાં આવેલ હોવાથી ખરીફ–૨૦૧૩ની માહિતી ઉપલબ્ધ થઈ શકે નહિ પરંતુ આગામી ઋતુ–૨૦૧૪ થી સદર જિલ્લાના પાકવાર વાવેતરની માહિતી ઉપલબ્ધ થશે | | | | | | | | |

## રાજ્યની સરકારી શાળા/કોલેજોમાં લાયબ્રેરીયનનું મહેકમ

અતારાંકિતઃ ૩૩૪૯ (૨૧–૧૦–૨૦૧૪) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૮–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી કોલેજો, માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક શાળાઓમાં લાયબ્રેરીયનનું મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૩) આ ખાલી રહેલ જગ્યાઓ કાયમી ધોરણે ભરવાનું સરકારનું શું આયોજન છે, અને

(૪) આ જગ્યાઓ ખાલી રહેવાના શાં કારણો છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૨–૫–૨૦૧૫)

(૧) ૫૬ સરકારી કોલેજોમાં ૫૬ લાયબ્રેરીયનનું મહેકમ છે. જ્યારે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં "લાયબ્રેરીયન" નું મહેકમ મંજૂર કરવામાં આવતું નથી.

(૨) ૫૬ જગ્યાઓ વર્ષ ૧૯૯૬ થી ૨૦૧૩ વચ્ચે તબક્કાવાર ખાલી પડેલ છે.

(૩) ૩૬ જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગતિમાં છે.

(૪) ભરતીની પ્રક્રિયા ન થવાના કારણે.

## રાજ્યમાં ભૂખમરો અને કુપોષણને લીધે મૃત્યુ

અતારાંકિતઃ ૪૩૩૩ (૧૩–૧–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૧૪ની સ્થિતિએ સર્વોચ્ચ અદાલતે ઓકટોબર–૨૦૦૨ માં આપેલ હુકમ મુજબ રાજ્યમાં ભૂખમરો અને કુપોષણને લીધે મૃત્યુ રોકવાની જવાબદારી રાજ્ય સરકારની છે તે હકીકત ખરી છે,

(૨) જો હા, તો આ હુકમને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા કેવી યોજના ક્યારે અમલમાં મુકવામાં આવી,

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લાવાર આ યોજનાની વિગતો શી હતી તથા તેમાં કેવી કામગીરી કરવાની હતી, અને શી કામગીરી કરી અને કોને લાભ મળેલ હતો, અને

(૪) આ અદાલતના હુકમનો અમલ કરવામાં વિલંબ થવાના શા કારણો છે તથા આ અંગે કોણ જવાબદાર હતું અને તેની સામે શી કાર્યવાહીઓ કરી ?

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી : (૨–૫–૨૦૧૫)

(૧) હા, જી.

(૨) રાજ્યમાં ભુખમરો અને કુપોષણને લીધે થતા મૃત્યુ રોકવા માટે રાજ્ય સરકાર દ્વારા અન્નમબ્રહ્મ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

(૩) આ યોજનામાં જે વ્યકિત પાસે કોઈપણ પ્રકારનું રેશનકાર્ડ નથી તેવી અત્યંત ગરીબ/નિરાધાર/અશકત વ્યકિત, હોસ્પિટલના બિછાને પડેલ દર્દી કે અનાથ બાળકો/ઘર વિહોણી એકલ વ્યકિત/કુટુંબને "અન્નમબ્રહ્મ" યોજના હેઠળ કાર્ડ પર પ્રથમ તબક્કામાં ૬ (છ) માસ માટે વિના મૂલ્યે પ્રતિ માસ ૧૦ થી ૧૫ કિ.ગ્રા. અનાજ આપવામાં આવે છે. તથા જરૂર જણાયે બીજા ૬ (છ) માસ માટે રીન્યુ પણ કરી આપવામાં આવે છે.

તા.૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લાવાર આ યોજના હેઠળના લાભાર્થીને કરેલ વિતરણની વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે. છેલ્લા પાંચ વર્ષમાં નીચે મુજબ આ યોજનાનો લાભ મળેલ છે.

| વર્ષ | સરેરાશ માસિક લાભાર્થીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૦ | ૩૧૨૧ |
| ૨૦૧૧ | ૩૩૦૩ |
| ૨૦૧૨ | ૪૭૩૩ |
| ૨૦૧૩ | ૬૪૫૬ |
| ૨૦૧૪ | ૮૨૩૧ |

પ ત્ર ક

જિલ્લાવાર અન્નમબ્રહ્મ યોજના હેઠળના વિતરણની છેલ્લા પાંચ વર્ષની વિગતનું પત્રક

| અ.નં. | જિલ્લાનું નામ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ (ફેબ્રુઆરી અંતિત) |
|---|---|---|---|---|---|---|
| | | વિતરણ (આંકડા કિવ.માં) | વિતરણ (આંકડા કિવ.માં) | વિતરણ (આંકડા કિવ.માં) | વિતરણ (આંકડા કિવ.માં) | વિતરણ (આંકડા કિવ.માં) |
| ૧ | અમદાવાદ શહેર | ૪૯.૦૦ | ૬૦.૦૦ | ૭૬૧.૪૦ | ૨૯૨૩.૦૦ | ૪૪૭૧.૪૦ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫૮.૪૦ | ૨૮.૪૦ |
| ૩ | અમરેલી | ૩૬.૦૦ | ૩૩.૦૦ | ૩૦.૦૦ | ૩૦.૦૦ | ૨૦.૦૦ |
| ૪ | અરવલ્લી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩.૦૦ |
| ૫ | આણંદ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫૯.૪૦ | ૦.૦૦ |
| ૬ | બનાસકાંઠા | ૪૮.૦૦ | ૫૦.૦૦ | ૩૦.૯૦ | ૦.૦૦ | ૧૭૨.૫૦ |
| ૭ | ભરૂચ | ૫૮.૦૦ | ૫૩.૦૦ | ૫૧.૦૦ | ૧૦૧.૦૦ | ૮૪.૦૦ |
| ૮ | ભાવનગર | ૦.૦૦ | ૧.૦૦ | ૦.૦૦ | ૫.૦૦ | ૯.૦૦ |
| ૯ | બોટાદ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫.૦૦ |
| ૧૦ | છોટા-ઉદેપુર | ૦.૦૦ | ૦.૦૦ | ૮૨૧.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૧ | દાહોદ | ૧૨.૦૦ | ૧૨.૦૦ | ૦.૦૦ | ૧૭૬.૬૦ | ૩૯૭.૩૦ |
| ૧૨ | ડાંગ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૩ | દેવભૂમિ-દ્વારકા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૫૦ |
| ૧૪ | ગાંધીનગર | ૨૭.૦૦ | ૨૪.૦૦ | ૪૮.૦૦ | ૫૪.૫૦ | ૪૧.૦૦ |
| ૧૫ | ગીર સોમનાથ | ૦.૦૦ | ૦.૦૦ | ૬.૦૦ | ૦.૦૦ | ૧.૦૦ |
| ૧૬ | જામનગર | ૦.૦૦ | ૩.૦૦ | ૦.૦૦ | ૨.૦૦ | ૧.૧૦ |
| ૧૭ | જૂનાગઢ | ૫.૦૦ | ૧૪.૦૦ | ૬.૦૦ | ૧૨.૯૦ | ૧૧.૩૦ |
| ૧૮ | ખેડા | ૨૮.૦૦ | ૩૮.૦૦ | ૮૧.૬૦ | ૮૪.૧૦ | ૧૪૭.૩૦ |
| ૧૯ | કચ્છ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૯૮.૨૦ | ૧૩.૦૦ |
| ૨૦ | મહીસાગર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૧ | મહેસાણા | ૦.૦૦ | ૦.૦૦ | ૧૧૨.૬૦ | ૧૨.૦૦ | ૭.૫૦ |
| ૨૨ | મોરબી | ૦.૦ | ૦.૦૦ | ૫.૮૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૩ | નર્મદા | ૧૪.૦૦ | ૬.૦૦ | ૯૮.૯૦ | ૫.૦૦ | ૦.૭૦ |
| ૨૪ | નવસારી | ૬૫.૦૦ | ૫૩.૦૦ | ૪૪.૫૯ | ૩૦૮.૦૦ | ૩૧૨.૫૦ |
| ૨૫ | પંચમહાલ | ૧૫.૦૦ | ૯.૦૦ | ૧૦.૯૯ | ૩૨.૦૦ | ૨૫.૦૦ |
| ૨૬ | પાટણ | ૧.૦૦ | ૪.૦૦ | ૦.૦૦ | ૫૭.૦૦ | ૩૯.૫૦ |
| ૨૭ | પોરબંદર | ૧.૦૦ | ૪.૦૦ | ૧૯.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૮ | રાજકોટ | ૧૩.૦૦ | ૧૩.૦૦ | ૧૭૮.૮૦ | ૩૯.૦૦ | ૨૧.૦૦ |
| ૨૯ | સાબરકાંઠા | ૮.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૦૦ | ૪.૫૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૧૯.૦૦ | ૨૨.૦૦ | ૧.૬૦ | ૯.૦૦ | ૧૩૨.૫૦ |
| ૩૧ | સુરત | ૧૫.૦૦ | ૧૦.૦૦ | ૨૮૨.૧૦ | ૩૯૦.૦૦ | ૧.૫૦ |
| ૩૨ | તાપી | ૧૦.૦૦ | ૭.૦૦ | ૩૩.૦૦ | ૧૪.૫૦ | ૦.૦૦ |
| ૩૩ | વડોદરા | ૧૦૦.૦૦ | ૧૧૫.૦૦ | ૮૬.૪૦ | ૧૪૫.૦૦ | ૩૬.૫૦ |
| ૩૪ | વલસાડ | ૯૫.૦૦ | ૧૦૩.૦૦ | ૦.૦૦ | ૧૮૮.૪૦ | ૧૫૦.૨૦ |
| | કુલ | ૬૧૯.૦૦ | ૬૩૪.૦૦ | ૨૭૧૦.૧૮ | ૫૦૦૬.૦૦ | ૬૧૩૮.૨૦ |

(૪) પ્રશ્ન નથી.

## પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં વૃક્ષો કાપવાની મંજૂરી

અતારાંકિતઃ ૪૦૮૦ (૯-૧-૨૦૧૫) શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા વૃક્ષો ક્યા હેતુ માટે કાપવાની મંજૂરી માંગવામાં આવી,

(૨) માંગવામાં આવેલ મંજૂરી પૈકી ક્યારે કેટલી મંજૂરી આપવામાં આવી,

(૩) આ મંજૂરી આપવાની કોઈ સમય મર્યાદા નક્કી થયેલ છે કે કેમ અને જો હા, તો કેટલા સમયમાં મંજૂરી આપવાની જોગવાઈ છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી મંજૂરીઓ આપવાની બાકી છે, અને બાકીની મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

વન મંત્રીશ્રી : (૧૧-૫-૨૦૧૫)

(૧) સામેલ એનેક્ષર મુજબ.

### એનેક્ષર

તા.૩૦-૧૧-૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કુલ ૫૦૨૧૬ વૃક્ષો કાપવાની મંજૂરી નીચેની વિગતે આપવામાં આવી.

| અ.નં. | વર્ષ | જિલ્લો | તાલુકો | ક્યા હેતુ માટે પરવાનગી આપવામાં આવેલ છે | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | રસ્તા પહોળા કરવા માટે | ખેતીના પાકને નડતર કર્તા ઘરવપરાશના હેતુ સિવાય અન્ય હેતુ માટે | ખાતારાહે આયોજન પ્રમાણે | પાવર ટ્રાન્સમીશન લાઇન નાખવા માટે | ઘર વપરાશના કામે | પોતાની રીતે નિકાલ (વેચાણ) કરવા માટે | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ૨૦૧૦-૧૧ | પંચમહાલ | ગોધરા | ૧૨૫ | ૭ | ૩૨૪૩ | ૦ | ૮ | ૧૭૨ | ૩૫૫૫ |
| | | | હાલોલ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૫૫૩ | ૫૫૮ |
| | | | શહેરા | ૦ | ૦ | ૦ | ૦ | ૪૯ | ૧૮૨ | ૨૩૧ |
| | | | મોરવા | ૦ | ૦ | ૦ | ૦ | ૧૯ | ૧૫૫ | ૧૭૪ |
| | | | ઘોઘંબા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | કાલોલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ | ૯ |
| | | | જાંબુઘોડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૦૯૨ | ૨૦૯૨ |
| | | | ઘોઘંબા | ૦ | ૫૦ | ૦ | ૦ | ૫૦ | ૩૮૪ | ૪૮૪ |
| | | | કુલ | ૧૨૫ | ૫૭ | ૩૨૪૩ | ૦ | ૧૩૧ | ૩૫૪૭ | ૭૧૦૩ |
| ૨ | ૨૦૧૧-૧૨ | | ગોધરા | ૪૨૩૦ | ૬ | ૦ | ૦ | ૩ | ૨૮ | ૪૨૬૭ |
| | | | હાલોલ | ૩૦૨ | ૦ | ૩૧૬ | ૦ | ૦ | ૧૯૧ | ૮૦૯ |
| | | | શહેરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૩૮ | ૧૩૮ |
| | | | મોરવા | ૯૩૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૮ | ૯૯૧ |
| | | | ઘોઘંબા | ૦ | ૧૮ | ૦ | ૦ | ૩૨ | ૯૨૮ | ૯૭૮ |
| | | | કાલોલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ |

| અ.નં. | વર્ષ | જિલ્લો | તાલુકો | ક્યા હેતુ માટે પરવાનગી આપવામાં આવેલ છે | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | રસ્તા પહોળા કરવા માટે | ખેતીના પાકને નડતર કર્તા ઘરવપરાશના હેતુ સિવાય અન્ય હેતુ માટે | ખાતારાહે આયોજન પ્રમાણે | પાવર ટ્રાન્સમીશન લાઇન નાખવા માટે | ઘર વપરાશના કામે | પોતાની રીતે નિકાલ (વેચાણ) કરવા માટે | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | જાંબુઘોડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | કુલ | ૫૪૬૫ | ૨૪ | ૩૧૬ | ૦ | ૩૫ | ૧૩૪૬ | ૭૧૮૬ |
| ૩ | ૨૦૧૨-૧૩ | | ગોધરા | ૦ | ૩૯ | ૦ | ૦ | ૦ | ૪૨ | ૮૧ |
| | | | હાલોલ | ૦ | ૦ | ૧૨૬ | ૦ | ૩૫ | ૧૩૬ | ૨૯૭ |
| | | | શહેરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૧૦ |
| | | | મોરવા | ૦ | ૦ | ૦ | ૦ | ૨૩ | ૨૧૯ | ૨૪૨ |
| | | | ઘોઘંબા | ૦ | ૧૮ | ૦ | ૦ | ૩૩ | ૭૪૮૯ | ૭૫૪૦ |
| | | | કાલોલ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૨૪ | ૨૯ |
| | | | જાંબુઘોડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | કુલ | ૦ | ૬૨ | ૧૨૬ | ૦ | ૯૧ | ૭૯૨૦ | ૮૧૯૯ |
| ૪ | ૨૦૧૩-૧૪ | | ગોધરા | ૦ | ૩૪ | ૦ | ૦ | ૦ | ૫૩૩ | ૫૬૭ |
| | | | હાલોલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૯૭ | ૧૯૭ |
| | | | શહેરા | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧૧૪ | ૧૧૫ |
| | | | મોરવા | ૦ | ૦ | ૦ | ૦ | ૧૭ | ૩૯ | ૫૬ |
| | | | ઘોઘંબા | ૦ | ૧૫ | ૦ | ૦ | ૫૬ | ૧૦૪૮૦ | ૧૦૫૫૧ |
| | | | કાલોલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | જાંબુઘોડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | કુલ | ૦ | ૪૯ | ૦ | ૦ | ૭૪ | ૧૧૩૬૩ | ૧૧૪૮૬ |
| ૫ | ૨૦૧૪-૧૫ | | ગોધરા | ૧૦૧૦ | ૦ | ૪૫૮૭ | ૦ | ૦ | ૩૨૭ | ૫૯૨૪ |
| | | | હાલોલ | ૫૩ | ૦ | ૦ | ૧૪ | ૦ | ૨૧૫ | ૨૮૨ |
| | | | શહેરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૯ | ૧૯ |
| | | | મોરવા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૮૮ | ૧૮૮ |
| | | | ઘોઘંબા | ૦ | ૧૨ | ૦ | ૦ | ૧૧૪ | ૩૪૦ | ૪૬૬ |
| | | | કાલોલ | ૨૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૯ |
| | | | જાંબુઘોડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | કુલ | ૧૦૯૨ | ૧૨ | ૪૫૮૭ | ૧૪ | ૧૧૪ | ૧૦૮૯ | ૬૯૦૮ |
| ૧ | ૨૦૧૦-૧૧ | મહીસાગર | લુણાવાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૮૭ | ૯૩૪ | ૧૦૨૧ |
| | | | કડાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૦ | ૬૦ |
| | | | ખાનપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૧૦ |
| | | | સંતરામપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨ | ૬૯ | ૮૧ |
| | | | બાલાશિનોર | ૦ | ૬ | ૬૮૧ | ૦ | ૦ | ૦ | ૬૮૭ |
| | | | વિરપુર | ૦ | ૮૩૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૮૩૪ |
| | | | કુલ | ૦ | ૮૪૦ | ૬૮૧ | ૦ | ૯૯ | ૧૦૭૩ | ૨૬૯૩ |
| ૨ | ૨૦૧૧-૧૨ | | લુણાવાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૧૨ | ૨૧૨ |
| | | | કડાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | ખાનપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૭ | ૧૭ |
| | | | સંતરામપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૮૧ | ૧૨ | ૯૩ |
| | | | બાલાશિનોર | ૦ | ૦ | ૪૮૨ | ૦ | ૩ | ૦ | ૪૮૫ |
| | | | વિરપુર | ૦ | ૫૩૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૩૦ |
| | | | કુલ | ૦ | ૫૩૦ | ૪૮૨ | ૦ | ૮૪ | ૨૪૧ | ૧૩૩૭ |
| ૩ | ૨૦૧૨-૧૩ | | લુણાવાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૬ | ૩૪૦ | ૪૪૬ |
| | | | કડાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૧૬ | ૪ | ૨૦ |
| | | | ખાનપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૬ |
| | | | સંતરામપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૨૧ | ૨૦૩ | ૨૨૪ |
| | | | બાલાશિનોર | ૦ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ |

| અ.નં. | વર્ષ | જિલ્લો | તાલુકો | ક્યા હેતુ માટે પરવાનગી આપવામાં આવેલ છે | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | રસ્તા પહોળા કરવા માટે | ખેતીના પાકને નડતર કર્તા ઘરવપરાશના હેતુ સિવાય અન્ય હેતુ માટે | ખાતારાહે આયોજન પ્રમાણે | પાવર ટ્રાન્સમીશન લાઇન નાખવા માટે | ઘર વપરાશના કામે | પોતાની રીતે નિકાલ (વેચાણ) કરવા માટે | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | વિરપુર | ૦ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ |
| | | | કુલ | ૦ | ૧૭ | ૦ | ૦ | ૧૪૩ | ૫૫૩ | ૭૧૩ |
| ૪ | ૨૦૧૩-૧૪ | | લુણાવાડ | ૧૪૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૦ | ૧૯૨ |
| | | | કડાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | ખાનપુર | ૦ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૫૪૬ | ૫૫૮ |
| | | | સંતરામપુર | ૨૪૫ | ૧૭ | ૦ | ૦ | ૩૧ | ૪૪૨ | ૭૩૫ |
| | | | બાલાશિનોર | ૦ | ૧૬ | ૧૧૨ | ૦ | ૦ | ૦ | ૧૨૮ |
| | | | વિરપુર | ૦ | ૫૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૦૦ |
| | | | કુલ | ૩૮૭ | ૫૪૫ | ૧૧૨ | ૦ | ૩૧ | ૧૦૩૮ | ૨૧૧૩ |
| ૫ | ૨૦૧૪-૧૫ | | લુણાવાડ | ૧૫૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૪૭ | ૩૦૪ |
| | | | કડાણા | ૧૩૯ | ૮૮ | ૦ | ૦ | ૧ | ૨ | ૨૩૦ |
| | | | ખાનપુર | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧૧૮ | ૧૧૯ |
| | | | સંતરામપુર | ૧૩૪૪ | ૧૯૯ | ૦ | ૦ | ૯૬ | ૯ | ૧૬૪૮ |
| | | | બાલાશિનોર | ૦ | ૨૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૩ |
| | | | વિરપુર | ૦ | ૧૫૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૫૪ |
| | | | કુલ | ૧૬૪૦ | ૪૬૫ | ૦ | ૦ | ૯૭ | ૨૭૬ | ૨૪૭૮ |
| | | | એકંદરે કુલ | ૮૭૦૯ | ૨૬૦૧ | ૯૫૪૭ | ૧૪ | ૮૯૯ | ૨૮૪૪૬ | ૫૦૨૧૬ |

(૨)

| અ.નં. | જિલ્લો | વર્ષ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | |
| ૧ | પંચમહાલ | ૭૧૦૩ | ૭૧૮૬ | ૮૧૯૯ | ૧૧૪૮૬ | ૬૯૦૮ | ૪૦૮૮૨ |
| ૨ | મહીસાગર | ૨૬૯૩ | ૧૩૩૭ | ૭૧૩ | ૨૧૧૩ | ૨૪૭૮ | ૯૩૩૪ |
| | કુલ | ૯૭૯૬ | ૮૫૨૩ | ૮૯૧૨ | ૧૩૫૯૯ | ૯૩૮૬ | ૫૦૨૧૬ |

(૩) હા, જી. સૌરાષ્ટ્ર ટ્રી ફીલીંગ એક્ટ, ૧૯૫૧ મુજબ ૩૦ દિવસની સમય મર્યાદા નક્કી થયેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ કોઈ મંજૂરી આપવાની બાકી રહેતી નથી.

## પૂર્ણા અભ્યારણ્યમાંથી વૃક્ષો કાપવા બાબત

અતારાંકિતઃ ૪૪૯૩ (૨૧-૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યના પૂર્ણા અભ્યારણ્યમાંથી વૃક્ષો કાપવા માટે નામદાર સુપ્રિમ કોર્ટની મંજૂરી લેવી જરૂરી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પૂર્ણા અભ્યારણ્યમાંથી કેટલા વૃક્ષો કાપવામાં આવ્યા અને તેના શાં કારણો હતાં, અને

(૩) જો નામદાર સુપ્રિમ કોર્ટની મંજૂરી લીધા સિવાય આ વૃક્ષો કાપવામાં આવ્યા હોય તો જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

વન મંત્રીશ્રી : (૨-૫-૨૦૧૫)

(૧) હા, જી.

(૨) નામ. સુપ્રિમ કોર્ટની મંજૂરીથી ઉકત સ્થિતિએ પૂર્ણા અભ્યારણ્યમાંથી એક પણ વૃક્ષ કાપવામાં આવેલ નથી. પરંતુ છેલ્લા એક વર્ષમાં પૂર્ણા અભ્યારણ્ય વિસ્તારમાંથી પવનથી ઉખડી પડેલા (પડઝડના) ૪૫૫ વૃક્ષોના ટુકડા કરીને ખસેડવામાં આવેલ છે, જેના કારણો નીચે મુજબ છે.

૧. પાયાના ક્ષેત્રિય કર્મચારીઓમાં નીતિ અંગેની ગેરસમજ.

૨. ક્ષેત્રિય કર્મચારીઓની નિષ્કાળજી.

(૩) પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવેલ છે.

સિંહો અને સિંહબાળના મૃત્યુ

અતારાંકિતઃ ૪૭૩૦ (૨૭–૧–૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલા સિંહો અને કેટલા સિંહબાળના મૃત્યુ થયેલ છે,

(૨) મૃત્યુ પામેલ સિંહો અને સિંહબાળ પૈકી કેટલાનું કુદરતી મૃત્યુ થયેલ છે અને કેટલાનું અન્ય કારણોસર મૃત્યુ થયેલ છે, અને

(૩) અન્ય કારણોસર સિંહો કે સિંહબાળનું મૃત્યુ ન થાય તે માટે સરકારે શાં પગલાં લીધા ?

વન મંત્રીશ્રી : (૧૨–૫–૨૦૧૫)

(૧)

| ક્રમ | વર્ષ | મરણ પામેલ સિંહો અને બાળસિંહની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | સિંહો | બાળ સિંહ | |
| ૧ | ૨૦૧૦ | ૨૯ | ૧૫ | ૪૪ |
| ૨ | ૨૦૧૧ | ૧૮ | ૨૨ | ૪૦ |
| ૩ | ૨૦૧૨ | ૩૦ | ૨૨ | ૫૨ |
| ૪ | ૨૦૧૩ | ૩૭ | ૩૯ | ૭૬ |
| ૫ | ૨૦૧૪ | ૪૬ | ૩૨ | ૭૮ |
| | કુલ | ૧૬૦ | ૧૩૦ | ૨૯૦ |

(૨)

| ક્રમ | વર્ષ | કુદરતી મૃત્યુ આંતરિક ઝઘડા, ઉંમર/બિમારી વગેરે | | | અન્ય કારણોસર મૃત્યુ કુવામાં પડવાથી, ઇલે.શોક, અકસ્માત વગેરે | | | એકંદરે કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | સિંહો | બાળસિંહ | કુલ | સિંહો | બાળસિંહ | કુલ | |
| ૧ | ૨૦૧૦ | ૨૭ | ૧૪ | ૪૧ | ૦૨ | ૦૧ | ૦૩ | ૪૪ |
| ૨ | ૨૦૧૧ | ૧૩ | ૨૨ | ૩૫ | ૦૫ | ૦૦ | ૦૫ | ૪૦ |
| ૩ | ૨૦૧૨ | ૨૭ | ૨૦ | ૪૭ | ૦૩ | ૦૨ | ૦૫ | ૫૨ |
| ૪ | ૨૦૧૩ | ૩૨ | ૩૭ | ૬૯ | ૦૫ | ૦૨ | ૦૭ | ૭૬ |
| ૫ | ૨૦૧૪ | ૩૬ | ૨૯ | ૬૫ | ૧૦ | ૦૩ | ૧૩ | ૭૮ |
| | કુલ | ૧૩૫ | ૧૨૨ | ૨૫૭ | ૨૫ | ૦૮ | ૩૩ | ૨૯૦ |

(૩) ગીર તેમજ બૃહદગીર વિસ્તારમાં વન્યપ્રાણી સંરક્ષણ માટેની સંકલિત યોજના અને સિંહોની સુરક્ષા અને સંવર્ધન માટેની સર્વગ્રાહી યોજના અમલમાં મૂકેલ છે.

સુરક્ષા સુદ્રઢ કરવા માટે જીપીએસ, વાયરલેસ સેટ, વોકીટોકી, સેલફોન, બાઈનોક્યુલર તેમજ મોટર સાયકલ વગેરે આધુનિક સાધનો/ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. બૃહદગીર (રેવન્યુ) વિસ્તારમાં ખુલ્લા કુવા ફરતે પેરાપીટ વોલનું બાંધકામ કરવામાં આવે છે. રાજુલા–પીપાવાવ વિસ્તારમાં આવેલ રેલ્વે ટ્રેક પર સિંહોના અકસ્માત અટકાવવા માટે સિંહની અવર–જવરવાળા સંવેદનશીલ વિસ્તારમાં રેલ્વે ટ્રેકની બંને બાજુ ચેનલીક ફ્રેન્સીંગની કામગીરી ઈ–ટેન્ડરીંગ તબક્કે કાર્યવાહી ચાલુ છે.

અતારાંકિત પ્રશ્નો

વન વિભાગના રોજમદાર મજૂરોની સંખ્યા

અતારાંકિતઃ ૪૭૩૩ (૨૭–૧–૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ વન વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં રોજમદાર મજૂરોની સંખ્યા કેટલી છે,

(૨) ઉકત સ્થિતિએ રોજમદાર મજૂરોને માસિક અને દૈનિક કેટલી રકમ આપવામાં આવે છે,

(૩) રાજ્ય સરકાર ઉકત સમયમાં કોઈ વધારો કરવા માંગે છે કે કેમ, અને

(૪) જો હા તો કેટલો વધારો ક્યારથી ?

વન મંત્રીશ્રી : (૨૮–૪–૨૦૧૫)

(૧) ૭૭૬૨

(૨) સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય, ગાંધીનગરના તા.૧૫–૯–૨૦૧૪ના ઠરાવ મુજબ લાયકાત ધરાવતા રોજમદારોને ૪૪૪૦–૭૪૪૦ ના પગાર ધોરણમાં મુળ પગાર રૂપિયા ૪૪૪૦+૧૩૦૦ ગ્રેડ–પે+ પ્રવર્તમાન ધોરણે મોંઘવારી ભથ્થુ+તબીબી સવલત આપવામાં આવે છે જે કેટેગરીવાર રોજમદારોને નીચે મુજબ માસિક રકમની ચૂકવણી કરવામાં આવે છે.

<table>
<tr><th>અ.નં.</th><th>રોજમદારોની સેવાનો સમય ગાળો</th><th colspan="7">ચૂકવવામાં આવતાં વેતન અને ભથ્થાઓ</th></tr>
<tr><td>૧</td><td>૫ વર્ષ કે તેથી વધુ પરંતુ ૧૦ વર્ષથી ઓછા</td><td colspan="7">રૂ.૪૪૪૦ ફીકસ પગાર + રૂ.૧૩૦૦ ગ્રેડ–પે તથા તેના પર પ્રવર્તમાન ધોરણે મળવાપાત્ર મોંઘવારી ભથ્થુ, તબીબી ભથ્થુ ગણતરીમાં લઈ (રૂ.૫૭૪૦+૩૦૦) તે માસિક વેતન રૂ.૧૧૭૮૦/– થાય તેને દૈનિકના ધોરણે ગણીને હાજરીના દિવસોની તથા રવિવારની રજાઓનું વેતન ચૂકવવામાં આવે છે.</td></tr>
<tr><td></td><td></td><td></td><td>રોજમદારની શ્રેણી</td><td>મૂળ પગાર (વેતન)</td><td>ગ્રેડ પગાર</td><td>મોંઘવારી ભથ્થું</td><td>તબીબી સવલત</td><td>કુલ</td></tr>
<tr><td></td><td></td><td>૨</td><td>૧૦ વર્ષ કે તેથી વધુ પરંતુ ૧૫ વર્ષથી ઓછા</td><td>રૂ.૪૪૪૦</td><td>૧૩૦૦</td><td>૫૭૪૦</td><td>૩૦૦</td><td>૧૧૭૮૦</td></tr>
<tr><td></td><td></td><td>૩</td><td>૧૫ વર્ષ કે તેથી વધુ પરંતુ ૨૦ વર્ષથી ઓછા</td><td>રૂ.૪૬૨૦</td><td>૧૩૦૦</td><td>૫૯૨૦</td><td>૩૦૦</td><td>૧૨૧૪૦</td></tr>
<tr><td></td><td></td><td>૪</td><td>૨૦ વર્ષ કે તેથી વધુ પરંતુ ૨૫ વર્ષથી ઓછા</td><td>રૂ.૪૮૦૦</td><td>૧૩૦૦</td><td>૬૧૦૦</td><td>૩૦૦</td><td>૧૨૫૦૦</td></tr>
<tr><td></td><td></td><td>૫</td><td>૨૫ વર્ષ કે તેથી ઉપર</td><td>રૂ.૪૯૯૦</td><td>૧૩૦૦</td><td>૬૨૯૦</td><td>૩૦૦</td><td>૧૨૮૮૦</td></tr>
<tr><td></td><td></td><td colspan="7">વધુમાં ઉપરોકત ઠરાવ મુજબ લાયકાત ધરાવતા ન હોય તેવા અન્ય રોજમદારોને સરકારશ્રીના શ્રમ આયુકત ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્રાંકઃ શ્ર.આ.૬/લવધ/ખા.ભથ્થુ/૨૩૩૮–૨૩૪૧, તા.૧–૧૦–૨૦૧૪ થી લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ સરકારશ્રીએ જે તે વ્યવસાય માટે નિયત કરેલ પ્રવર્તમાન દર મુજબ બિન કુશળ (અનસ્કીલ્ડ) રોજમદાર મજૂરોને દૈનિક વેતન દર રૂ.૨૧૯.૦૦ પ્રમાણે કરેલ કામગીરીના દિવસો પ્રમાણે રકમ આપવામાં આવે છે.</td></tr>
</table>

(૩) રાજ્ય સરકાર હાલ નામદાર સુપ્રિમ કોર્ટના તા.૯–૭–૨૦૧૩ના ચૂકાદા મુજબ વન વિભાગમાં કામ કરતા લાયકાત ધરાવતાં રોજમદારોને ચૂકવણી કરવામાં આવે છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વાંદરાઓની નમુના રૂપ મોજણી

અતારાંકિતઃ ૪૭૪૪ (૪–૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં વન વિભાગ દ્વારા તા.૩૦ જૂન–૨૦૧૪ની સ્થિતિએ વાંદરાઓની છેલ્લી નમુના રૂપ મોજણી ક્યારે કરવામાં આવી,

(૨) આ નમુનારૂપ મોજણીમાં શી હકીકતો જાણવા મળી, અને

(૩) આ નમુનારૂપ મોજણીમાં જાણવા મળેલી હકીકતો પરથી તેના અમલીકરણની કામગીરી શરૂ કરાઈ છે કે કેમ અને તેની શી વિગતો છે ?

વન મંત્રીશ્રી : (૨-૫-૨૦૧૫)

(૧) મે-૨૦૧૪ માં ગીર વિસ્તાર પુરતી હનુમાન વાંદરાઓની વસતિ અંદાજવામાં આવેલ.

(૨) વાંદરાઓની સંખ્યા ૨૩૩૨૬ અંદાજવામાં આવી.

(૩) આ અંદાજમાં વાંદરાઓની વસતિ વધી રહેલ હોવાનું પ્રતિપાદિત થયેલ છે.

રક્ષિત નીલગાયના બચ્ચાને ગેરકાયદે રાખવા અંગે

અતારાંકિતઃ ૪૭૪૬ (૨-૨-૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) વડોદરા જિલ્લાના વાઘોડીયા નજીક રૂસ્તમપુરા ગામમાંથી વન્યજીવન સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨માં રક્ષિત નીલગાયના બચ્ચાને ગેરકાયદે રાખવામાં આવ્યું હતું જેને વન વિભાગે સપ્ટેમ્બર-૨૦૧૪ માં બચાવી લીધુ હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રક્ષિત નીલગાયના બચ્ચાને ગેરકાયદે રાખનાર ઈસમ કોણ હતા અને તેની સામે તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ શી કાનુની કાર્યવાહી થઈ છે, અને

(૩) આ ઈસમે નીલગાયના બચ્ચાને ક્યાંથી પકડ્યું હતું અને તે કઈ જગ્યાએ સુરક્ષિત રાખવામાં આવ્યું છે ?

વન મંત્રીશ્રી : (૪-૫-૨૦૧૫)

(૧) હા, જી.

(૨) તા.૨૬-૯-૨૦૧૪ના રોજ વાઘોડીયા તાલુકાના રૂસ્તમપુરા (વાવ વસાહત) ના શ્રી ઢીંગરીભાઈ ભીલો નાયક દ્વારા જંગલમાં નીલગાયનું બચ્ચું નીલગાયના ટોળામાંથી છુટુ પડી જવાથી બચાવી લેવાના આશયથી પકડીને પોતાના ઘરે લઈ આવેલ અને જીએસપીસીએ સંસ્થાના સ્વયંસેવકોને નીલગાયનું બચ્ચું સહી સલામત હાલતમાં સુપ્રત કરેલ. ત્યારબાદ સ્વયંસેવકો દ્વારા નીલગાયના બચ્ચાંને તદુંરસ્ત હાલતમાં રેંજ ફોરેસ્ટ ઓફીસરશ્રી, વડોદરાને સુપ્રત કરવામાં આવેલ. જેથી સદર કામે કાનુની કાર્યવાહી કરવાની રહેતી નથી.

(૩) સદર ઈસમે નીલગાયનું બચ્ચું રૂસ્તમપુરા (વાવ વસાહત) ના નજીકના જંગલમાંથી નીલગાયના ટોળામાંથી છુટું પડી જવાથી બચાવી લેવાના આશયથી પકડેલ હતું અને સદર નીલગાયના બચ્ચાને જીએસપીસીએ સંસ્થાના સ્વયંસેવકો દ્વારા તદુંરસ્ત હાલતમાં રેંજ ફોરેસ્ટ ઓફીસરશ્રી, વડોદરાને સુપ્રત કરાયેલ અને સ્ટાફ દ્વારા તા.૨૭-૯-૨૦૧૪ના રોજ રૂસ્તમપુરા (વાવ વસાહત) ની નજીકના જંગલભાગમાં નીલગાયના ટોળા સાથે આવેલ નીલગાયના બચ્ચાંની મા સાથે સહી સલામત રીતે મુકત કરવામાં આવેલ હતું.

બાલારામ અભ્યારણ્યમાં પ્રાણીઓના ગેરકાયદે શિકાર

અતારાંકિતઃ ૪૭૫૦ (૦૫-૦૨-૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) બાલારામ અભ્યારણ્યમાં સન ૨૦૧૨, ૨૦૧૩ તથા ૨૦૧૪ માં કેટલા અને ક્યા પ્રાણીના ગેરકાયદે શિકાર નોંધાયા,

(૨) ગુનાહીત શિકારના આરોપીઓ સામે તા.૩૧-૧૨-૧૪ ની સ્થિતિએ શી કાનૂની કાર્યવાહી થઇ,

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી અને કેટલા કિસ્સામાં કેટલી રકમની માંડવાળ કરવામાં આવી, અને

(૪) આ અભ્યારણ્યમાં વન્ય પ્રાણીને પુરેપુરી સુરક્ષા પુરી પાડવા શી પાકી વ્યવસ્થા થઇ છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

વન મંત્રીશ્રી : (૧૩-૦૫-૨૦૧૫)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)
- વન્યપ્રાણી બાબતની માહિતી આપલે થઇ શકે અને ગુનાહિત પ્રવૃત્તિ બાબતમાં સમયસર માહિતી ઉપલબ્ધ થઇ શકે તે હેતુથી વાયરલેસ નેટવર્ક કાર્યરત છે.
- જ્યાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે.
- વન્યપ્રાણી રહેણાંક સુરક્ષિત રહે અને તેને નુકશાન ન થાય તે હેતુથી સમસ્ત વન્યપ્રાણી વિસ્તારમાં દવ નિયંત્રણ માટે ફાયર લાઇન બનાવવામાં આવે છે અને ઓચિંતા કોઇ દવનો બનાવ બને ત્યારે તાત્કાલિક દવને નિયંત્રણ કરી શકાય તે માટે ફાયર ગાર્ડ રાખવામાં આવે છે.
- સ્ટાફ વધારે વિશ્વાસ સાથે પેટ્રોલીંગ અને વન્યપ્રાણી સંરક્ષણની કામગીરી કરી શકે તે માટે સ્ટાફના સ્વબચાવ માટે બંદૂક ફાળવવામાં આવેલ છે.
- કોઇ સંજોગોના કારણે વન્યપ્રાણીને ઇજા થાય તો તે માટે વન્યપ્રાણીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી વન્યપ્રાણી વિસ્તારોમાં સારવાર અને રેસ્ક્યુ કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે.
- વન્યપ્રાણી વિસ્તારોની અંદર કોઇપણ ઘટનાના સમયે સમયસર પહોંચી શકાય તે માટે રોડ નેટવર્કને વ્યવસ્થીત રાખવા દર વર્ષે જાળવણી કરવામાં આવે છે.
- ઉનાળાના દિવસોમાં વન્યપ્રાણીનું વ્યવસ્થિત વિતરણ રહે તે હેતુથી પાણીની વ્યવસ્થાનું પણ આયોજન કરેલ છે.
- સ્ટાફને વન્યપ્રાણીઓ સાથે કેવું વલણ રાખવું જોઇએ તે બાબતે જરૂરી ટ્રેનિંગ આપવામાં આવે છે.
- વન્યપ્રાણીઓની અવર–જવર બાબતે સચોટ માહિતી ઉપલબ્ધ રહે અને અવર–જવર કરતી વખતે વન્યપ્રાણીઓની સુરક્ષામાં કોઇ ચેડાં ન થાય તે માટે વન્યપ્રાણી મિત્રની નિમણૂંક કરવામાં આવેલ છે.
- લોકો વન્યપ્રાણીને નુકશાન ન કરે તે માટે માનવ મૃત્યુ, માનવઇજા, પશુ મારણના કિસ્સાઓમાં વળતર ચુકવવાની યોજના સરકારશ્રી તરફથી અમલમાં છે.
- વન્યપ્રાણીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું આયોજન અને સદર વિસ્તાર તેમજ વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરના આયોજન કરવામાં આવે છે.

### ઘુડખર અભ્યારણયમાં વન્ય પ્રાણીના ગેરકાયદે શિકાર

અતારાંકિતઃ ૪૭૫૩ (૦૫–૦૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ઘુડખર અભ્યારણયમાં સન ૨૦૧૨, ૨૦૧૩ તથા ૨૦૧૪ માં કેટલા અને ક્યા વન્ય પ્રાણીના ગેરકાયદે શિકાર નોંધાયા,

(૨) ગુનાહિત શિકારના આરોપીઓ સામે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ શી કાનૂની કાર્યવાહી થઇ,

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી અને કેટલા કિસ્સામાં કેટલી રકમની માંડવાળ કરવામાં આવી, અને

(૪) આ અભ્યારણયમાં વન્ય પ્રાણીને પૂરેપૂરી સુરક્ષા પૂરી પાડવા શી પાકી વ્યવસ્થા થઇ છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

વન મંત્રીશ્રી : (૧૧–૦૫–૨૦૧૫)

(૧)

| વર્ષ | વન્ય પ્રાણીની સંખ્યા | વન્ય પ્રાણીનું નામ |
|---|---|---|
| ૨૦૧૨ | ૫ | સાંઢા |
| | ૨ | સસલા |
| | ૫ | ઘુડખર |
| ૨૦૧૩ | ૦ | ૦ |
| ૨૦૧૪–૧૫ | ૧ | નિલગાય |

(૨) ગુનાહીત આરોપીઓ સામે નામદાર હળવદની કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ અને આરોપીઓને નામદાર કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

(૩) નામદાર હળવદની કોર્ટમાં કેસ ચાલુ છે.

(૪)
- જ્યાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે. જેથી આપતકાલીન સમયમાં એકબીજાનો જરૂરી સહકાર મેળવી શકાય.
- કોઇ સંજોગોના કારણે વન્યપ્રાણીઓ/પક્ષીને ઇજા થાય તો સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી વન્યપ્રાણી/પક્ષી વિસ્તારોમાં સારવાર અને રેસ્ક્યુની કામગીરી કરવામાં આવે છે.
- ઉનાળાના દિવસોમાં વન્યપ્રાણી/પક્ષીનું વ્યવસ્થિત વિતરણ રહે તે હેતુથી પાણીની વ્યવસ્થાનું જરૂરત મુજબ આયોજન કરાયું છે.
- સ્ટાફને વન્યપ્રાણી સાથે કેવું વલણ રાખવું જોઇએ તે બાબતે જરૂરી વધારે વિશ્વાસ સાથે પેટ્રોલીંગ અને વન્યપ્રાણી સંરક્ષણની કામગીરી કરી શકે તે માટે સ્ટાફના સ્વબચાવ માટે સ્ટાફને બંદૂક ફાળવવામાં આવેલ છે.

### ચિંકારા અભ્યારણ્યમાં વન્ય પ્રાણીના ગેરકાયદે શિકાર

અતારાંકિતઃ ૪૭૫૫ (૦૫-૦૨-૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) નારાયણ સરોવર ચિંકારા અભ્યારણ્યમાં સન ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ માં કેટલા અને ક્યા વન્યપ્રાણીના ગેરકાયદે શિકાર નોંધાયા,

(૨) ગુનાહિત શિકારના આરોપીઓ સામે તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ શી કાનૂની કાર્યવાહી થઇ,

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી અને કેટલા કિસ્સામાં કેટલી રકમની માંડવાળ કરવામાં આવી, અને

(૪) આ અભ્યારણ્યમાં વન્ય પ્રાણીને પૂરેપૂરી સુરક્ષા પૂરી પાડવા શી પાકી વ્યવસ્થા થઇ છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

વન મંત્રીશ્રી : (૧૩-૦૫-૨૦૧૫)

(૧) શૂન્ય (૦).

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)
- જ્યાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે.
- વન્યપ્રાણી રહેણાંક સુરક્ષિત રહે અને તેને નુકશાન ન થાય તે હેતુથી સમસ્ત વન્યપ્રાણી વિસ્તારમાં દવ નિયંત્રણ માટે ફાયર લાઇન બનાવવામાં આવે છે અને ઓચિંતા કોઇ દવનો બનાવ બને ત્યારે તાત્કાલિક દવને નિયંત્રણ કરી શકાય તે માટે ફાયર ગાર્ડ રાખવામાં આવે છે.
- સ્ટાફ વધારે વિશ્વાસ સાથે પેટ્રોલીંગ અને વન્યપ્રાણી સંરક્ષણની કામગીરી કરી શકે તે માટે સ્ટાફના સ્વબચાવ માટે સ્ટાફને બંદૂક ફાળવવામાં આવેલ છે.
- કોઇ સંજોગોના કારણે વન્યપ્રાણીને ઇજા થાય તો તે માટે વન્યપ્રાણીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી વન્યપ્રાણી વિસ્તારોમાં સારવાર અને રેસ્ક્યુ કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે.
- વન્યપ્રાણી વિસ્તારોની અંદર કોઇપણ ઘટનાના સમયે સમયસર પહોંચી શકાય તે માટે રોડ નેટવર્કને વ્યવસ્થીત રાખવા દર વર્ષે જાળવણી કરવામાં આવે છે.
- ઉનાળાના દિવસોમાં વન્યપ્રાણીનું વ્યવસ્થિત વિતરણ રહે તે હેતુથી પાણીની વ્યવસ્થાનું પણ આયોજન કરેલ છે.
- સ્ટાફને વન્યપ્રાણીઓ સાથે કેવું વલણ રાખવું જોઇએ તે બાબતે જરૂરી ટ્રેનિંગ આપવામાં આવે છે.

- વન્યપ્રાણીઓની અવર–જવર બાબતે સચોટ માહિતી ઉપલબ્ધ રહે અને અવર–જવર કરતી વખતે વન્યપ્રાણીઓની સુરક્ષામાં કોઇ ચેડાં ન થાય તે માટે વન્યપ્રાણી મિત્રની નિમણૂંક કરવામાં આવેલ છે.
- વન્યપ્રાણીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું આયોજન અને સદર વિસ્તાર તેમજ વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરના આયોજન કરવામાં આવે છે.

મરીન નેશનલ પાર્ક જામનગર દરિયાઇ પ્રાણીઓના ગેરકાયદે શિકાર

અતારાંકિતઃ ૪૭૫૭ (૦૫–૦૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) મરીન નેશનલ પાર્ક (જામનગર) માં સન ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ માં કેટલા અને ક્યા દરિયાઇ પ્રાણીઓના ગેરકાયદે શિકાર કરવામાં આવ્યાં,

(૨) ગુનાહિત શિકારના આરોપીઓ સામે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ શી કાનૂની કાર્યવાહી થઇ,

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી અને કેટલા કિસ્સામાં કેટલી રકમની માંડવાળ કરવામાં આવી, અને

(૪) મરીન નેશનલ પાર્કમાં દરિયાઇ પ્રાણીઓને પૂરેપૂરી સુરક્ષા પૂરી પાડવા શી પાકી વ્યવસ્થા થઇ છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

વન મંત્રીશ્રી : (૦૨–૦૫–૨૦૧૫)

(૧) ગેરકાયદે શિકારના કોઇ બનાવ નોંધાયા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)
- જ્યાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે. જેથી આપતકાલિન સમયમાં એક બીજાનો જરૂરી સહકાર મેળવી શકાય.
- કોઇ સંજોગોના કારણે દરિયાઇ પ્રાણીને ઇજા થાય તો તે માટે દરિયાઇ પ્રાણીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી દરિયાઇ પ્રાણી વિસ્તારોમાં સારવાર અને રેસ્ક્યુની કામગીરી કરવામાં આવે છે.
- સ્ટાફને વન્યપ્રાણી સાથે કેવું વલણ રાખવું જોઇએ તે બાબતે જરૂરી તે બાબતે જરૂરી ટ્રેનિંગ આપવામાં આવે છે તેમજ દરિયાઇ પ્રાણીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું આયોજન સદર વિસ્તાર તેમજ વિસ્તારની આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરના આયોજન કરવામાં આવે છે.

ગીર અભ્યારણ્ય અને ગીર નેશનલ પાર્કમાં વન્યપ્રાણીના ગેરકાયદે શિકાર

અતારાંકિતઃ ૪૭૫૮ (૦૫–૦૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગીર અભ્યારણ્યમાં અને ગીર નેશનલ પાર્કમાં સન ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ માં કેટલા અને ક્યા વન્યપ્રાણી–પક્ષીના ગેરકાયદે શિકાર નોંધાયા,

(૨) ગુનાહીત શિકારના આરોપીઓ સામે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ શી કાનુની કાર્યવાહી થઇ,

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી અને કેટલા કિસ્સામાં કેટલી રકમની માંડવાળ કરવામાં આવી અને,

(૪) આ અભ્યારણ્ય અને નેશનલ પાર્કમાં વન્ય પ્રાણી–પક્ષીને પૂરેપૂરી સુરક્ષા પૂરી પાડવા શી પાકી વ્યવસ્થા થઇ છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

વન મંત્રીશ્રી : (૦૪–૦૫–૨૦૧૫)

(૧)

| ક્રમ | વર્ષ | શિકારની સંખ્યા |
|---|---|---|

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

| | | |
|---|---|---|
| ૧ | ૨૦૧૨ | ૧ (ચિત્તલ માદા) |
| ૨ | ૨૦૧૩ | શૂન્ય |
| ૩ | ૨૦૧૪ | શૂન્ય |

(૨) આરોપી સામે વિસાવદર (જિ.જૂનાગઢ) કોર્ટ માં કેસ નંબરઃ ૩૪૧/૨૦૧૩ થી કેસ દાખલ કરવામાં આવેલ.

(૩) નામ. કોર્ટ વિસાવદરના તા.૧૪-૦૪-૨૦૧૪ ના હુકમથી રૂ.૧૪,૦૦૦/- નો દંડ કરી આરોપીને જામીનખત રદ કરી મુક્ત કરવામાં આવેલ છે.

(૪)
- જ્યાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે. જેથી આપતકાલિન સમયમાં એક બીજાનો જરૂરી સહકાર મેળવી શકાય.
- કોઇ સંજોગોના કારણે વન્યપ્રાણીઓ/પક્ષીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી વન્યપ્રાણી/પક્ષી વિસ્તારોમાં સારવાર અને રેસ્ક્યુની કામગીરી કરવામાં આવે છે.
- ઉનાળાના દિવસોમાં વન્યપ્રાણી/પક્ષીનું વ્યવસ્થિત વિતરણ રહે તે હેતુથી પાણીની વ્યવસ્થાનું પણ આયોજન કરેલ છે.
- સ્ટાફને વન્યપ્રાણીઓ સાથે કેવું વલણ રાખવું જોઇએ તેમજ વન્યપ્રાણીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું આયોજન અને સદર વિસ્તાર તેમજ વિસ્તારની આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજોના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરના આયોજન કરવામાં આવે છે.

ઘોરાડ અભ્યારણ્યમાં વન્ય પ્રાણી-પક્ષીના ગેરકાયદે શિકાર

અતારાંકિતઃ ૪૭૬૦ (૦૨-૦૨-૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) ઘોરાડ અભ્યારણ્ય (કચ્છ) માં સને ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ માં કેટલા અને ક્યા વન્ય પ્રાણી-પક્ષીના ગેરકાયદે શિકાર નોંધાયા,

(૨) ગુનાહિત શિકારના આરોપીઓ સામે તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ શી કાનૂની કાર્યવાહી થઇ,

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી અને કેટલા કિસ્સામાં કેટલી રકમની માંડવાળ કરવામાં આવી, અને

(૪) આ અભ્યારણ્યમાં વન્યપ્રાણી-પક્ષીને પૂરેપૂરી સુરક્ષા પૂરી પાડવા શી પાકી વ્યવસ્થા થઇ છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

વન મંત્રીશ્રી : (૧૩-૫-૨૦૧૫)

(૧) કોઇ કેસ નોંધાયા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)
- જ્યાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે.
- વન્ય પ્રાણી રહેણાંક સુરક્ષિત રહે અને તેને નુકશાન ન થાય તે હેતુથી સમસ્ત વન્યપ્રાણી વિસ્તારમાં દવ નિયંત્રણ માટે ફાયર લાઇન બનાવવામાં આવે છે અને ઓચિંતા કોઇ દવનો બનાવ બને ત્યારે તાત્કાલિક દવને નિયંત્રણ કરી શકાય તે માટે ફાયર ગાર્ડ રાખવામાં આવે છે.
- સ્ટાફ વધારે વિશ્વાસ સાથે પેટ્રોલીંગ અને વન્યપ્રાણી સંરક્ષણની કામગીરી કરી શકે તે માટે સ્ટાફના સ્વબચાવ માટે સ્ટાફને બંદુક ફાળવવામાં આવેલ છે.
- કોઇ સંજોગોના કારણે વન્યપ્રાણીને ઇજા થાય તો તે માટે વન્યપ્રાણીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી વન્યપ્રાણી વિસ્તારોમાં સારવાર અને રેસ્કયુ કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે.
- ઉનાળાના દિવસોમાં વન્યપ્રાણીનું વ્યવસ્થિત વિતરણ રહે તે હેતુથી પાણીની વ્યવસ્થાનું પણ આયોજન કરેલ છે.

- સ્ટાફને વન્યપ્રાણી સાથે કેવુ વલણ રાખવુ જોઇએ તે બાબતે જરૂરી ટ્રેનીંગ આપવામાં આવે છે.
- લોકો પ્રાણીઓને નુકશાન ન કરે તે માટે માનવ મૃત્યુ, માનવ ઇજા, પશુ મારણના કિસ્સાઓમાં વળતર ચુકવવાની યોજના સરકારશ્રી તરફથી અમલમાં છે.
- વન્યપ્રાણીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું તેમજ સદર વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

### રામપુરા અભ્યારણ્યમાં વન્ય પ્રાણી–પક્ષીના ગેરકાયદે શિકાર

અતારાંકિતઃ ૪૭૬૨ (૦૫–૦૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) રામપુરા અભ્યારણ્ય (રાજકોટ જિલ્લા) માં સને ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ માં કેટલા અને ક્યા ક્યા વન્ય પ્રાણી પક્ષીના ગેરકાયદે શિકાર નોંધાયા,

(૨) ગુનાહિત શિકારના આરોપીઓ સામે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ શી કાનૂની કાર્યવાહી થઇ,

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી અને ક્ટલા કિસ્સામાં કેટલી રકમની માંડવાળ કરવામાં આવી, અને

(૪) આ અભ્યારણ્યમાં વન્ય પ્રાણી–પક્ષીને પૂરે–પૂરી સુરક્ષા પૂરી પાડવા શી પાકી વ્યવસ્થા થઇ છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

વન મંત્રીશ્રી : (૨–૫–૨૦૧૫)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)
- કોઇ સંજોગોના કારણે વન્યપ્રાણીને ઇજા થાય તો તે માટે વન્યપ્રાણીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી વન્યપ્રાણી વિસ્તારોમાં સારવાર અને રેસ્કયુ કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે.
- વન્યપ્રાણી વિસ્તારોની અંદર કોઇપણ ઘટનાના સમયે સમયસર પહોંચી શકાય તે માટે રોડ નેટવર્કને વ્યવસ્થિત રાખવા દર વર્ષે જાળવણી કરવામાં આવે છે.
- ઉનાળાના દિવસોમાં વન્યપ્રાણીનું વ્યવસ્થિત વિતરણ રહે તે હેતુથી પાણીની વ્યવસ્થાનું પણ આયોજન કરેલ છે.
- સ્ટાફને વન્યપ્રાણીઓ સાથે કેવુ વલણ રાખવુ જોઇએ તે બાબતે જરૂરી ટ્રેનીંગ આપવામાં આવે છે.
- વન્યપ્રાણીની સુરક્ષામાં કોઇ ચેંડા ન થાય તે માટે વન્યપ્રાણી મિત્રની નિમણૂંક કરવામાં આવેલ છે.
- લોકો વન્યપ્રાણીને નુકશાન ન કરે તે માટે માનવ મૃત્યુ, માનવઇજા, પશુ મારણના કિસ્સાઓમાં વળતર ચુકવવાની યોજના સરકારશ્રી તરફથી અમલમાં છે.
- વન્યપ્રાણીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું આયોજન અને સદર વિસ્તાર તેમજ વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

### વેળાવદર રાષ્ટ્રીય ઉધાનમાં વન્યપ્રાણી–પક્ષીના ગેરકાયદે શિકાર

અતારાંકિતઃ ૪૭૬૬ (૫–૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન (ભાવનગર જિલ્લા) માં સન ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ માં કેટલા અને ક્યા વન્ય પ્રાણી પક્ષીના ગેરકાયદે શિકાર નોંધાયા,

(૨) ગુનાહિત શિકારના આરોપીઓ સામે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ શી કાનૂની કાર્યવાહી થઇ,

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી અને કેટલા કિસ્સામાં કેટલી રકમની વસૂલી માંડવાળ કરવામાં આવ્યા, અને

(૪) આ અભયારણ્યમાં વન્યપ્રાણી–પક્ષીને પૂરેપૂરી સુરક્ષા પૂરી પાડવા શી શી પાકી વ્યવસ્થા થઇ છે ?

વન મંત્રીશ્રી : (૧૩–૫–૨૦૧૫)

(૧) કોઇ કેસ નોંધાયા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)
- જ્યાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે
- વન્ય પ્રાણી રહેણાંક સુરક્ષીત રહે અને તેને નુકશાન ન થાય તે હેતુથી સમસ્ત વન્યપ્રાણી વિસ્તારમાં દવ નિયંત્રણ માટે ફાયર લાઇન બનાવવામાં આવે છે. અને ઓચિંતા કોઇ દવનો બનાવ બને ત્યારે તાત્કાલિક દવને નિયંત્રણ કરી શકાય તે માટે ફાયર ગાર્ડ રાખવામાં આવે છે.
- સ્ટાફ વધારે વિશ્વાસ સાથે પેટ્રોલીંગ અને વન્યપ્રાણી સંરક્ષણની કામગીરી કરી શકે તે માટે સ્ટાફના સ્વબચાવ માટે સ્ટાફને બંદુક ફાળવવામાં આવેલ છે.
- કોઇ સંજોગોના કારણે વન્યપ્રાણીને ઇજા થાય તો, તે માટે વન્યપ્રાણીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી વન્યપ્રાણી વિસ્તારોમાં સારવાર અને રેસ્કયુ કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે.
- ઉનાળાના દિવસોમાં વન્યપ્રાણીનું વ્યવસ્થીત વિતરણ રહે તે હેતુથી પાણીની વ્યવસ્થાનું પણ આયોજન કરેલ છે.
- સ્ટાફને વન્યપ્રાણી સાથે કેવુ વલણ રાખવું જોઇએ તે બાબતે જરૂરી ટ્રેનીંગ આપવામાં આવે છે.
- લોકો પ્રાણીઓને નુકશાન ન કરે તે માટે માનવ મૃત્યુ, માનવ ઇજા, પશુ મારણના કિસ્સાઓમાં વળતર ચુકવવાની યોજના સરકારશ્રી તરફથી અમલમાં છે.
- વન્ય પ્રાણીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું તેમજ સદર વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજોના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

### છારી ઢંઢ કંઝર્વેશન રીઝર્વમાં જળચર પક્ષીના ગેરકાયદે શિકાર

અતારાંકિતઃ ૪૭૬૮ (૦૨–૦૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) છારી ઢંઢ કંઝર્વેશન રીઝર્વ (કચ્છ જિલ્લા) માં સન ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ માં કેટલા અને ક્યા જળચર પક્ષીના ગેરકાયદે શિકાર નોંધાયા,

(૨) ગુનાહીત શિકારના આરોપીઓ સામે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ શી કાનૂની કાર્યવાહી થઇ,

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી તથા કેટલા કિસ્સામાં કેટલી રકમ વસુલી માંડવાળ કરવામાં આવ્યા, અને

(૪) આ અભયારણ્યમાં વન્ય જળચર પક્ષીને પૂરેપૂરી સુરક્ષા પૂરી પાડવા શી પાકી વ્યવસ્થા થઇ છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

વન મંત્રીશ્રી : (૧૩–૫–૨૦૧૫)

(૧) શૂન્ય (૦)

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)
- જ્યાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે.

- કોઇ સંજોગોના કારણે વન્યપ્રાણીને ઈજા થાય તો, તે માટે વન્યપ્રાણીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી વન્યપ્રાણી વિસ્તારોમાં સારવાર અને રેસ્કયુ કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે.
- સ્ટાફને વન્યપ્રાણીઓ સાથે કેવુ વલણ રાખવું જોઇએ તે બાબતે જરૂરી ટ્રેનીંગ આપવામાં આવે છે.
- વન્યપ્રાણી સંપદા બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું આયોજન અને સદર વિસ્તાર તેમજ વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરના આયોજન કરવામાં આવે છે.

### થોળ અભ્યારણ્યમાં રક્ષિત પક્ષીના ગેરકાયદે શિકાર

અતારાંકિતઃ ૪૭૭૦ (૦૨-૦૨-૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) થોળ અભ્યારણ્ય (મહેસાણ જિલ્લા) માં સન ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ માં કેટલા અને ક્યા જળચર પક્ષીના ગેરકાયદે શિકાર નોંધાયા,

(૨) ગુનાહીત શિકારના આરોપીઓ સામે તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ શી કાનૂની કાર્યવાહી થઇ,

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી અને કેટલા કિસ્સામાં કેટલી રકમની માંડવાળ કરવામાં આવ્યા, અને

(૪) આ અભયારણ્યમાં ટુકલ પક્ષીને પૂરેપૂરી સુરક્ષા પૂરી પાડવા શી પાકી વ્યવસ્થા થઇ છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

વન મંત્રીશ્રી : (૦૨-૫-૨૦૧૫)

(૧) એક પણ નહિં (શૂન્ય)

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)
- વન્ય પ્રાણી/પક્ષીઓ બાબતની માહિતી આપલે થઇ શકે અને ગુનાહિત પ્રવૃતિ બાબતમાં સમયસર માહિતી ઉપલબ્ધ થઇ શકે તે હેતુથી વાયરલેસ નેટવર્ક કાર્યરત છે.
- જ્યાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે.
- થોળ અભ્યારણ્ય ફરતે દિવસ તેમજ રાત્રી દરમિયાન સતત પેટ્રોલીંગ કરવામાં આવે છે અને વોચ ટાવર ઉભા કરવામાં આવેલ છે.
- સ્ટાફ વધારે વિશ્વાસ સાથે પેટ્રોલીંગ અને વન્ય પ્રાણી/પક્ષીઓને સંરક્ષણની કામગીરી કરી શકે તે માટે સ્ટાફને બાયનોક્યુલર તથા બંદુક ફાળવવામાં આવેલ છે.
- કોઇ સંજોગોના કારણે વન્યપ્રાણી/પક્ષીને ઈજા થાય તો, તે માટે વન્યપ્રાણીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી વન્યપ્રાણી વિસ્તારોમાં સારવાર અને રેસ્કયુ કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે.
- સ્ટાફને વન્ય પ્રાણીઓ સાથે કેવુ વલણ રાખવું જોઇએ તે બાબતે જરૂરી ટ્રેનીંગ આપવામાં આવે છે.
- વન્યપ્રાણીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું આયોજન અને સદર વિસ્તાર તેમજ વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરના આયોજન કરવામાં આવે છે.

### પૂર્ણા અભ્યારણ્યમાં વન્ય પ્રાણી-પક્ષીના ગેરકાયદે શિકાર

અતારાંકિતઃ ૪૭૭૩ (૦૨-૦૨-૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) પૂર્ણા અભ્યારણ્ય (ડાંગ જિલ્લા) માં સને ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ માં કેટલા અને ક્યા વન્યપ્રાણી-પક્ષીના ગેરકાયદે શિકાર નોંધાયા,

(૨) ગુનાહિત શિકારના આરોપીઓ કોણ હતા તથા તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ શી કાનૂની કાર્યવાહી થઇ,

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી અને કેટલા કિસ્સામાં કેટલી રકમની વસૂલી માંડવાળ કરવામાં આવ્યા, અને

(૪) આ અભ્યારણ્યમાં વન્યપ્રાણી-પક્ષીને પૂરેપૂરી સુરક્ષા પૂરી પાડવા શી પાકી વ્યવસ્થા થઇ છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

વન મંત્રીશ્રી : (૨-૫-૨૦૧૫)

(૧) શૂન્ય (૦)

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)
- વન્યપ્રાણી બાબતની માહિતી આપલે થઈ શકે અને ગુનાહિત પ્રવૃતિ બાબતમાં સમયસર માહિતી ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી વાયરલેસ નેટવર્ક કાર્યરત છે.
- જ્યાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે.
- વન્ય પ્રાણી રહેણાંક સુરક્ષિત રહે અને તેને નુકશાન ન થાય તે હેતુથી સમસ્ત વન્યપ્રાણી વિસ્તારમાં દવ નિયંત્રણ માટે ફાયર લાઇન બનાવવામાં આવે છે અને ઓચિંતા કોઇ દવનો બનાવ બને ત્યારે તાત્કાલિક દવને નિયંત્રણ કરી શકાય તે માટે ફાયરગાર્ડ રાખવામાં આવે છે.
- સ્ટાફ વધારે વિશ્વાસ સાથે પેટ્રોલીંગ અને વન્યપ્રાણી સંરક્ષણની કામગીરી કરી શકે તે માટે સ્ટાફના સ્વબચાવ માટે સ્ટાફને બંદુક ફાળવવામાં આવેલ છે.
- કોઇ સંજોગોના કારણે વન્યપ્રાણીને ઇજા થાય તો તે માટે વન્યપ્રાણીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી વન્યપ્રાણી વિસ્તારોમાં સારવાર અને રેસ્કયુ કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે.
- વન્યપ્રાણી વિસ્તારોની અંદર કોઇપણ ઘટનાના સમયે સમયસર પહોંચી શકાય તે માટે રોડ નેટવર્કને વ્યવસ્થીત રાખવા દર વર્ષે જાળવણી કરવામાં આવે છે.
- ઉનાળાના દિવસોમાં વન્યપ્રાણીનું વ્યવસ્થિત વિતરણ રહે તે હેતુથી પાણીની વ્યવસ્થાનું પણ આયોજન કરેલ છે.
- સ્ટાફને વન્યપ્રાણીઓ સાથે સાથે કેવુ વલણ રાખવુ જોઇએ તે બાબતે જરૂરી ટ્રેનીંગ આપવામાં આવે છે.
- વન્યપ્રાણીની સુરક્ષામાં કોઈ ચેડા ન થાય તે માટે વન્યપ્રાણી મિત્રની નિમણૂંક કરવામાં આવેલ છે.
- લોકો વન્યપ્રાણીને નુકશાન ન કરે તે માટે માનવ મૃત્યુ, માનવઇજા, પશુ મારણના કિસ્સાઓમાં વળતર ચુકવવાની યોજના સરકારશ્રી તરફથી અમલમાં છે.
- વન્યપ્રાણીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું આયોજન અને સદર વિસ્તાર તેમજ વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરના આયોજન કરવામાં આવે છે.

### ઈસનપુર ખાતે તાંત્રિક ભુવાના ઘરેથી પકડાયેલ ઘુવડ

અતારાંકિતઃ ૪૭૭૫ (૦૨-૦૨-૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) અમદાવાદમાં ઈસનપુર ખાતે તાંત્રિક ભુવાના ઘરેથી તાંત્રિકવિધિ માટે રાખવામાં આવેલું અને વન્ય સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨માં રક્ષિત યુરો એશિયન આઉલ (ઘુવડ)ને જીવદયા સંસ્થાના સ્વયં સેવકોએ તા. ૬-૭ નવેમ્બર-૧૪ ના રોજ તેને સળગાવવાની તૈયારી સમયે જ બચાવી લીધું હતું તે હકીકત સાચી છે.

(૨) રક્ષિત ઘુવડને તાંત્રિકવિધિ કરનાર તાંત્રીક આરોપી કોણ હતા તથા તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ તેની સામે શી કાનૂની કાર્યવાહી થઇ છે, અને

(૩) ઘુવડને તાંત્રિક વિધિથી રક્ષણ આપવા અને બચાવી લેવા બનાવતી તાંત્રિકો સામે દરોડા પાડી ગંભીર કાનૂની કાર્યવાહી હાથ ધરવા વન વિભાગે શું આયોજન કર્યુ છે ?

વન મંત્રીશ્રી : (૨–૫–૨૦૧૫)

(૧) ના જી,

હકીકતમાં સ્વૈચ્છિક સંસ્થાના સ્વંય સેવકો દ્વારા એક શકમંદ વ્યકતિના ઘરેથી ઘુવડને રેસ્કયુ કરવામાં આવેલ હતું.

(૨) આરોપી શ્રી નારુભાઈ સ્વપેશભાઈ ભોયી, રહેવાસીઃ અમદાવાદ છે. તપાસની કાર્યવાહી ચાલુમાં છે.

(૩) ૧. જિલ્લા કક્ષાએ જિલ્લા વાઈલ્ડ લાઈફ વોર્ડનની અને તાલુકા કક્ષાએ તાલુકા વાઈલ્ડ લાઈફ વોર્ડનની નિમણુંકો કરવામાં આવેલ છે.

૨. વન્યપ્રાણી બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર, મીટીંગો અને ગ્રામસભાનું તેમજ સ્કુલો અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

૩. સ્ટાફ દ્વારા સતત અને સઘન પેટ્રોલીંગ કરવામાં આવે છે તેમજ વન્યપ્રાણી–પક્ષીઓને લગત કોઈ ગુન્હો બનેલ હોય તો વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ ની જોગવાઈઓ મુજબ કાનૂની કાર્યવાહી કરવામાં આવે છે.

## રાજ્યમાં ભયગ્રસ્ત પ્રજાતિના પ્રાણીઓની વસ્તી વધારવા લેવાયેલ પગલાં

અતારાંકિતઃ ૪૭૭૬ (૨–૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) રાજ્યમાં જુન–૨૦૧૪ ની સ્થિતિએ (૧) જળબિલાડી (૨) ભેંકડું (૩) મોટી બદામી રંગની ઉડતી ખીસકોલી(૪) ચાચી ભયગ્રસ્ત પ્રજાતિની યાદીમાં મુકાયા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ભયગ્રસ્ત પ્રજાતિના પ્રાણીઓની વસ્તી વધારવા શાં ચોક્કસ પગલાં લેવાયા છે?

વન મંત્રીશ્રી : (૪–૫–૨૦૧૫)

(૧) હા જી,

(૨)
- વન્યપ્રાણી બાબતની માહિતી આપલે થઈ શકે અને ગુનાહિત પ્રવૃતિ બાબતમાં સમયસર માહિતી ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી વાયરલેસ નેટવર્ક કાર્યરત છે. જ્યાં શકય હોય ત્યાં મોબાઈલ ફોન કોન્ટેકટથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે.
- ભયગ્રસ્ત પ્રજાતિના વન્યપ્રાણીઓના રહેણાંક સુરક્ષિત રહે અને તેને નુકશાન ન થાય તે હેતુથી સ્ટાફ દ્વારા આવા પ્રાણીઓની વસ્તી દેખાતી હોય તેવા વિસ્તારમાં સતત પેટ્રોલીંગ કરી સંરક્ષણ કરવામાં આવે છે.
- કોઈ સંજોગોના કારણે વન્યપ્રાણીને ઈજા થાય તો તે માટે વન્યપ્રાણીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી સારવાર અને રેસ્કયુની કામગીરી કરવામાં આવે છે તથા આ કામગીરી માટે નવી એનિમલ હોસ્પિટલની કાર્યવાહી હાથ પર છે. જે કાર્યરત થયેથી વધુ વિસ્તારના આવા પ્રાણીઓને સમયસર અને વધુ સારી સારવાર પુરી પાડવાની કામગીરીને વેગ મળશે.
- ઉનાળાના દિવસોમાં આવા વન્યપ્રાણીઓને પીવાના પાણીની વ્યવસ્થાપન જરૂરી અને શકય ત્યાં કરવામાં આવે છે.
- સ્ટાફને વન્યપ્રાણીઓ સાથે કેવું વલણ રાખવું જોઈએ તે બાબતે જરૂરી ટ્રેનીંગ આપવામાં આવે છે.
- વન્યપ્રાણીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું આયોજન અને સદર વિસ્તાર તેમજ વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરના આયોજન કરવામાં આવે છે.

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

રાજ્યમાં ભયગ્રસ્ત પ્રજાતિના પક્ષીઓની વસ્તી વધારવા લેવાયેલ પગલાં

અતારાંકિતઃ ૪૭૭૮ (૦૪-૦૨-૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્યમાં જુન-૨૦૧૪ ની સ્થિતિએ (૧) ખેરો (૨) કાળી ડોક ઢોંક તથા (૩) રાજગીધી ભયગ્રસ્ત પ્રજાતિની યાદીમાં મુકાયા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ભયગ્રસ્ત પ્રજાતિના પક્ષીઓની વસ્તી વધારવા શાં ચોક્કસ પગલાં લેવાયા છે?

વન મંત્રીશ્રી : (૧૩-૫-૨૦૧૫)

(૧) હા, જી.

(૨)
- વન્યપક્ષીઓ બાબતની માહિતી આપલે થઈ શકે અને ગુનાહિત પ્રવૃતિ બાબતમાં સમયસર માહિતી ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી વાયરલેસ નેટવર્ક કાર્યરત છે. જ્યાં શકય હોય ત્યાં મોબાઈલ ફોન કોન્ટેકટથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે.
- ભયગ્રસ્ત પ્રજાતિના વન્યપક્ષીઓના રહેણાંક સુરક્ષિત રહે તેને નુકશાન ન થાય તે હેતુથી સ્ટાફ દ્વારા આવા પ્રાણીઓની વસ્તી દેખાતી હોય તેવા વિસ્તારમાં સતત પેટ્રોલીંગ કરી સંરક્ષણ કરવામાં આવે છે.
- કોઈ સંજોગોના કારણે વન્યપક્ષીઓને ઈજા થાય તો, તે માટે વન્યપ્રાણીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી સારવાર અને રેસ્કયુની કામગીરી કરવામાં આવે છે. તથા આ કામગીરી માટે નવી એનિમલ હોસ્પિટલની કાર્યવાહી હાથ પર છે. જે કાર્યરત થયેથી વધુ વિસ્તારના આવા પ્રાણીઓને સમયસર અને વધુ સારી સારવાર પુરી પાડવાની કામગીરીને વેગ મળશે.
- રાજ્યમાં ઉત્તરાયણ જેવા પતંગોત્સવના તહેવારો નિમિત્તે પતંગની દોરીથી કોઈ પક્ષીઓ ઈજાગ્રસ્ત થાય તો સ્વૈચ્છિક સંસ્થાઓ તથા પ્રજાના અન્ય સ્વયંસેવકોની મદદથી ઈજાગ્રસ્ત પક્ષીઓને જરૂરી સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે.
- ઉનાળાના દિવસોમાં આવા પક્ષીઓને પીવાના પાણીનું વ્યવસ્થાપન જરૂરી અને શકય ત્યાં કરવામાં આવે છે.
- સ્ટાફને પક્ષીઓનું મહત્વ સમજાવી તેમની સાથે કેવુ વલણ રાખવુ જોઇએ તે બાબતે જાણકારી આપવામાં આવે છે.
- પક્ષીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું આયોજન અને સદર વિસ્તાર તેમજ વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજોના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરોમાં ભયગ્રસ્ત પક્ષીઓની માહિતી આપવામાં આવે છે.

રાજ્યમાં ભયગ્રસ્ત પ્રજાતિના વૃક્ષોને બચાવવા બાબત

અતારાંકિતઃ ૪૭૭૯ (૪-૨-૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્યમાં તા. ૩૦ જુન-૨૦૧૪ ની સ્થિતિએ (૧) સિમુલ (૨) શેરોડ (૩) સફેદ ખાખરો (૪) દૂધ (૫) કૂકર વૃક્ષો ભયગ્રસ્ત પ્રજાતિની યાદીમાં મુકાયા છે તે હકીકત સાચી છે, કે કેમ

(૨) જો હા, તો આ વૃક્ષો રાજ્યમાં સામાન્યતઃ કંઈ જગ્યાએ જોવા મળે છે, અને

(૩) આ ભયગ્રસ્ત વૃક્ષોને બચાવી લેવા અને તેની સંખ્યા વધારવા વન વિભાગે શું આયોજન કર્યુ છે?

વન મંત્રીશ્રી : (૨-૫-૨૦૧૫)

(૧) હા, જી.

(૨) સિમુલ અને કૂકર વલસાડ જિલ્લામાં, શેરોડ ડાંગ જિલ્લામાં, દૂધ (દુધકડી) બનાસકાંઠા જિલ્લામાં અને સફેદ ખાખરો ગીર, વિજયનગર, રાજપીપળાના જંગલોમાં જોવા મળે છે.

(૩) આ જાતના વૃક્ષોને રક્ષણ આપવામાં આવે છે તેમજ આ વૃક્ષોની સંખ્યા વધારવા નર્સરીમાં રોપા ઉછેરી વાવેતર કરવાનું આયોજન છે.

વિશ્વામિત્રી નદીમાં મગરોની વસ્તી ગણતરી

અતારાંકિતઃ ૪૭૯૧ (૦૨–૦૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) વડોદરા જિલ્લાની વિશ્વામિત્રી નદીમાં મગરોની વસ્તી ગણતરી વન વિભાગ દ્વારા તા. ૪ અને ૫ જાન્યુઆરી– ૨૦૧૫ ના રોજ યોજવામાં આવી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ગણતરીમાં મગરોની કેટલી સંખ્યા જણાઈ હતી, અને

(૩) તમામ મગરોના સંરક્ષણ માટે શી વ્યવસ્થા કરાઈ છે?

વન મંત્રીશ્રી : (૧૨–૫–૨૦૧૫)

(૧) હા, જી.

ખરેખર આ વસ્તી ગણતરી વડોદરા જિલ્લાની વિશ્વામિત્રી નદીના વડોદરા શહેર પુરતા વિસ્તારમાં તા. ૨૦ અને ૨૧ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ હાથ ધરાયેલ હતી.

(૨) ૨૪૮

(૩) ૧. ચીફ વાઈલ્ડ લાઇફ વોર્ડન ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી નાયબ વન સંરક્ષકશ્રી, વડોદરાને જિલ્લા વાઈલ્ડ લાઇફ વોર્ડન અને ૭ તાલુકાના રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રીઓની તાલુકા વાઈલ્ડ લાઈફ વોર્ડન તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.

૨. મગરના સંરક્ષણ માટે ગુનાહીત કૃત્ય અટકાવવા અને નિયંત્રણ માટે જરૂરી હોય ત્યાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

૩. વિશ્વામિત્રી નદીને સાત ઝોનમાં વહેંચીને ટીમ બનાવી દરેક ઝોનમાં વન વિભાગના કર્મચારી તથા વોચર્સ રાખી નદી કાંઠાના વિસ્તારમાં તકેદારી રાખવા અને નદી કાંઠાના વિસ્તારમાં વસતા લોકોને નદીમાં મગરના વસવાટ હોવાનું જણાવતાં ચેતવણીવાળા બોર્ડ મુકવામાં આવે છે.

૪. લોકોને મગરની વર્તણુંક વિશેનું સાહિત્ય, પોસ્ટરનું વિતરણ કરવામાં આવે છે તેમજ લોક સંપર્ક કરી મગર માનવના સંઘર્ષને નિવારવા માટેની જરૂરી સમજ આપવામાં આવે છે તેમજ નદી કાંઠાવાળા વિસ્તારમા આવેલી હોટલો અને ખાણી પાણીની લારીવાળા તરફથી વેસ્ટેજ ખાદ્ય પદાર્થ નદી કાંઠામાં ન નાખવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે સંકલન કરી આ પ્રવૃત્તિને અટકાવવા માટેનો પ્રયાસ કરેલ છે.

૫. રાત્રી દરમિયાન મગર વાળા વિસ્તારમાં સ્લાઈડ શો કરી લોક જાગૃતિ કેળવવા મગરથી બચીએ અને મગરને સાચવીએ અભિયાન હાથ ધરેલ છે.

પાલીતાણામાં બળદોને બચાવવા બાબત

અતારાંકિતઃ ૫૮૫૯ (૨૯–૦૬–૨૦૧૫) શ્રી મેરામણભાઈ મા. આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે,–

(૧) પાલીતાણામાં માર્ચ–૨૦૧૫માં કતલના ઈરાદે બાંધી રખાયેલ બે બળદો પોલીસ દ્વારા ભાવનગર રોડ પર અવાવરૂ વાડી વિસ્તારમાંથી બચાવી લેવામાં આવ્યા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કેસમાં આરોપીઓ સામે શી કાર્યવાહી કયા કાયદા નીચે થઈ છે, અને

(૩) બચાવી લીધેલા પ્રાણીઓ કઈ જગ્યાએ રાખવામાં આવ્યા છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૨૮–૭–૨૦૧૫)

(૧) હા જી, અવાવરૂ વાડી વિસ્તારમાંથી બે બળદો બચાવેલ હતા.

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

(૨) પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં સ્ટેશન ડાયરી નં. ૦૩/૨૦૧૫, તા. ૦૫/૦૩/૨૦૧૫થી નોંધ કરવામાં આવેલ છે.

(૩)આ બળદ પાલીતાણા ખાતે આવેલ ગીરી વિહાર

રાજ્યની આવેલી આઈ.ટી.આઈ.

અતારાંકિતઃ ૪૨૮૭ (૦૯-૦૧-૨૦૧૫) શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની કુલ કેટલી આઈ.ટી.આઈ. આવેલી છે,

(૨) તે પૈકી કેટલી આઈ.ટી.આઈ. સરકારી અને કેટલી ખાનગી છે,

(૩) ટ્રેડવાર સરકારી અને ખાનગી કુલ કેટલી બેઠકો છે, અને

(૪) તે પૈકી ઉક્ત સ્થિતિએ ટ્રેડવાર કેટલી સરકારી અને કેટલી ખાનગી બેઠકો ભરાયેલ અને કેટલી ખાલી છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૧૮-૪-૨૦૧૫)

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ૭૭૯ આઈ.ટી.આઈ. આવેલી છે.

(૨) તે પૈકી સરકારી ૨૮૨ અને ખાનગી ૪૯૭ છે.

(૩) સરકારી આઈ.ટી.આઈ.માં ૧૩૦૭૭૨ બેઠકો છે. અને ખાનગી આઈ.ટી.આઈ.માં ૪૦૫૫૯ બેઠકો છે, આમ કુલ ૧૭૧૩૩૧ બેઠકો છે. (ટ્રેડવાર બેઠકોનું પત્રક સામેલ છે.

(૪) તે પૈકી

| સરકારી બેઠકો | | ખાનગી બેઠકો | | કુલ બેઠકો | |
|---|---|---|---|---|---|
| ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૧૨૯૮૦૪ | ૯૬૮ | ૨૦૫૭૦ | ૧૯૯૮૯ | ૧૫૦૩૭૪ | ૨૦૯૫૭ |

પત્રક

તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ટ્રેડવાર સરકારી અને ખાનગી આઈ.ટી.આઈ.માં મંજૂર બેઠકો

| કોર્ષ પેટર્ન | ક્રમ | ટ્રેડનું નામ | સરકારી આઈ.ટી.આઈ | ખાનગી આઈ.ટી.આઈ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| એન.સી.વી.ટી. | ૧ | આર્કિટેક્ચર આસીસ્ટન્ટ | ૩૨ | ૦ | ૩૨ |
| | ૨ | ઈન્ટેરિયલ ડેકોરેશન એન્ડ ડિઝાઈનીંગ | ૪૮ | ૧૬ | ૬૪ |
| | ૩ | ઈન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ મેન્ટેનન્સ | ૧૭૪૦ | ૧૭૬ | ૧૯૧૬ |
| | ૪ | ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક | ૧૮૮૮ | ૧૧૨ | ૨૦૦૦ |
| | ૫ | ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક (કેમિકલ પ્લાન્ટ) | ૫૯૨ | ૦ | ૫૯૨ |
| | ૬ | ઈલેક્ટ્રીશીયન | ૧૦૨૨૪ | ૩૬૬૪ | ૧૩૮૮૮ |
| | ૭ | ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક | ૨૬૭૨ | ૫૧૨ | ૩૧૮૪ |
| | ૮ | ઈવેન્ટ મેનેજમેન્ટ આસીસ્ટન્ટ | ૦ | ૯૬ | ૯૬ |
| | ૯ | એટેન્ડન્ટ ઓપરેટર (કેમિકલ પ્લાન્ટ) | ૧૭૨૮ | ૮૦ | ૧૮૦૮ |
| | ૧૦ | એન્વાયર્નમેન્ટ મેનેજમેન્ટ ટેકનીશીયન | ૨૪ | ૦ | ૨૪ |
| | ૧૧ | એમ્બ્રોઈડરી એન્ડ નીડલ વર્કર્સ | ૯૬ | ૩૨૪ | ૪૨૦ |
| | ૧૨ | ઓફિસ આસીસ્ટન્ટ કોમ્પ્યુટર ઓપરેટર | ૦ | ૪૦ | ૪૦ |
| | ૧૩ | ઓલ્ડ એજ કેર | ૦ | ૪૮ | ૪૮ |
| | ૧૪ | કટીંગ એન્ડ સુઈંગ | ૪૫૭૬ | ૧૦૫૬ | ૫૬૩૨ |
| | ૧૫ | કારપેન્ટર | ૨૪૦ | ૦ | ૨૪૦ |
| | ૧૬ | કોમ્પ્યુટર ઓપરેટર-ક્રમ-પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૧૬૯૦૦ | ૮૨૪૦ | ૨૫૧૪૦ |
| | ૧૭ | ક્રેચ્ય મેનેજમેન્ટ | ૦ | ૧૬ | ૧૬ |
| | ૧૮ | ટર્નર | ૨૨૬૮ | ૨૫૨ | ૨૫૨૦ |
| | ૧૯ | ટૂરિસ્ટ ગાઈડ | ૦ | ૬૪ | ૬૪ |
| | ૨૦ | ટૂલ એન્ડ ડાઈમેકર | ૧૧૨ | ૦ | ૧૧૨ |

| કોર્ષ પેટર્ન | ક્રમ | ટ્રેડનું નામ | સરકારી આઈ.ટી.આઈ | ખાનગી આઈ.ટી.આઈ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | ૨૧ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦ | ૧૨૨૦ | ૧૨૨૦ |
| | ૨૨ | ડેન્ટલ લેબોરેટરી ટેકનિશીયન | ૦ | ૭૨ | ૭૨ |
| | ૨૩ | ડેરીઈંગ | ૦ | ૧૦૦ | ૧૦૦ |
| | ૨૪ | ડેસ્કટોપ પબ્લીશીંગ ઓપરેટર | ૧૬૦ | ૧૯૬ | ૩૫૬ |
| | ૨૫ | ડ્રાફ્ટસમેન મિકેનિક | ૮૯૬ | ૫૯૨ | ૧૪૮૮ |
| | ૨૬ | ડ્રાફ્ટસમેન સિવિલ | ૧૪૭૨ | ૮૦૦ | ૨૨૭૨ |
| | ૨૭ | ડ્રેસમેકિંગ | ૮૬૪ | ૪૮૦ | ૧૩૪૪ |
| | ૨૮ | નેટવર્ક ટેકનીશીયન | ૦ | ૧૨૮ | ૧૨૮ |
| | ૨૯ | પેઈન્ટર જનરલ | ૧૯૬ | ૩૨ | ૨૨૮ |
| | ૩૦ | પ્રિ/પ્રિપેરેટરી સ્કૂલ મેનેજમેન્ટ (આસીસ્ટન્ટ) | ૦ | ૯૬ | ૯૬ |
| | ૩૧ | પ્રિઝર્વેશન ઓફ ફ્રુટ એન્ડ વેજીટેબલ્સ | ૦ | ૩૨ | ૩૨ |
| | ૩૨ | પ્લમ્બર | ૭૬૮ | ૨૪૦ | ૧૦૦૮ |
| | ૩૩ | પ્લાસ્ટીક પ્રોસેસિંગ ઓપરેટર | ૯૨૮ | ૩૨ | ૯૬૦ |
| | ૩૪ | ફાઉન્ડ્રીમેન | ૪૮ | ૦ | ૪૮ |
| | ૩૫ | ફાયનાન્સ એક્ઝિક્યુટિવ | ૪૦ | ૦ | ૪૦ |
| | ૩૬ | ફાયર ટેકનોલોજી એન્ડ ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી મેનેજમેન્ટ | ૦ | ૪૦ | ૪૦ |
| | ૩૭ | ફાયરમેન | ૦ | ૨૮૦ | ૨૮૦ |
| | ૩૮ | ફિઝિયોથેરાપી ટેકનિશીયન | ૩૨ | ૦ | ૩૨ |
| | ૩૯ | ફીટર | ૧૪૮૮૦ | ૪૩૫૨ | ૧૯૨૩૨ |
| | ૪૦ | ફેશન ટેકનોલોજી | ૪૦૪ | ૧૬૮ | ૫૭૨ |
| | ૪૧ | ફ્રન્ટ ઓફિસ આસીસ્ટન્ટ | ૧૬ | ૪૮ | ૬૪ |
| | ૪૨ | મરીન ફીટર | ૧૬ | ૦ | ૧૬ |
| | ૪૩ | મશીનિષ્ટ | ૧૨૯૬ | ૨૪ | ૧૩૨૦ |
| | ૪૪ | મશીનિષ્ટ ગ્રાઈન્ડર | ૨૨૮ | ૦ | ૨૨૮ |
| | ૪૫ | મિકેનિક ઓટો ઈલેક્ટ્રિકલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ | ૦ | ૩૨ | ૩૨ |
| | ૪૬ | મિકેનિક કોમ્પ્યુટર હાર્ડવેર | ૦ | ૨૦૦ | ૨૦૦ |
| | ૪૭ | મિકેનિક ટ્રેક્ટર | ૪૦૦ | ૧૬ | ૪૧૬ |
| | ૪૮ | મિકેનિક ડિઝલ | ૯૦૦૮ | ૭૦૪ | ૯૭૧૨ |
| | ૪૯ | મિકેનિક મેન્ટેનન્સ કેમિકલ પ્લાન્ટ | ૪૬૪ | ૪૮ | ૫૧૨ |
| એન.સી.વી.ટી. | ૫૦ | મિકેનિક મોટર વ્હીકલ | ૪૪૩૨ | ૧૬૦ | ૪૫૯૨ |
| | ૫૧ | મિકેનિક રેડિયો એન્ડ ટેલિવિઝન | ૬૪૦ | ૨૨૪ | ૮૬૪ |
| | ૫૨ | મિકેનિક–કમ–ઓપરેટર ઈલેક્ટ્રોનિક્સ કોમ્યુનિકેશન સિસ્ટમ | ૧૬ | ૦ | ૧૬ |
| | ૫૩ | મેશન (બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન) | ૩૨ | ૧૬ | ૪૮ |
| | ૫૪ | રેફ્રિજરેશન એન્ડ એર કન્ડીશનીંગ મિકેનિક | ૧૭૭૬ | ૩૫૨ | ૨૧૨૮ |
| | ૫૫ | લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ | ૦ | ૩૩૨ | ૩૩૨ |
| | ૫૬ | લિફ્ટ મિકેનિક | ૧૬૦ | ૦ | ૧૬૦ |
| | ૫૭ | લેબોરેટરી આસીસ્ટન્ટ (કેમિકલ પ્લાન્ટ) | ૪૧૬ | ૦ | ૪૧૬ |
| | ૫૮ | વાયરમેન | ૧૩૨૪૮ | ૪૫૭૬ | ૧૭૮૨૪ |
| | ૫૯ | વેલ્ડર | ૬૯૬૦ | ૮૮૮ | ૭૮૪૮ |
| | ૬૦ | શીટમેટલ વર્કર | ૯૬ | ૬૪ | ૧૬૦ |
| | ૬૧ | સર્વેયર | ૭૦૪ | ૨૨૮ | ૯૯૨ |
| | ૬૨ | સી.ઓ.ઈ. કેમિકલ (બીબીબીટી) | ૫૭૬ | ૦ | ૫૭૬ |
| | ૬૩ | સી.ઓ.ઈ. ઈન્ફોર્મેશન ટેકનોલોજી (બીબીબીટી) | ૯૬ | ૦ | ૯૬ |
| | ૬૪ | સી.ઓ.ઈ. ઈન્સ્ટ્રુમેન્ટેશન (બીબીબીટી) | ૯૬ | ૦ | ૯૬ |
| | ૬૫ | સી.ઓ.ઈ. ઈલેક્ટ્રીકલ (બીબીબીટી) | ૫૭૬ | ૦ | ૫૭૬ |
| | ૬૬ | સી.ઓ.ઈ. એડવાન્સ –કેડ/કેમ | ૧૬૦ | ૦ | ૧૬૦ |
| | ૬૭ | સી.ઓ.ઈ. એડવાન્સ–કોમ્પ્યુટર એડેડ પેટર્ન મેકિંગ | ૬૪ | ૦ | ૬૪ |
| | ૬૮ | સી.ઓ.ઈ. એડવાન્સ–કોમ્પ્યુટર નેટવર્કિંગ | ૩૨ | ૦ | ૩૨ |
| | ૬૯ | સી.ઓ.ઈ. એડવાન્સ–એટેન્ડન્ટ ઓપરેટર | ૧૯૨ | ૦ | ૧૯૨ |
| | ૭૦ | સી.ઓ.ઈ. એડવાન્સ–એડવાન્સ્ડ વેલ્ડીંગ | ૬૪ | ૦ | ૬૪ |
| | ૭૧ | સી.ઓ.ઈ. એડવાન્સ–ઓટો ઈલેક્ટ્રીકલ્સ, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ એરકન્ડીશનીંગ | ૨૨૪ | ૦ | ૨૨૪ |

| કોર્ષ પેટર્ન | ક્રમ | ટ્રેડનું નામ | સરકારી આઇ.ટી.આઇ | ખાનગી આઇ.ટી.આઇ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | ૭૨ | સી.ઓ.ઈ. એડવાન્સ–ટીઆઇજી/એમઆઇજી વેલ્ડીંગ | ૧૪૪ | ૦ | ૧૪૪ |
| | ૭૩ | સી.ઓ.ઈ. એડવાન્સ–રીપેર એન્ડ મેન્ટેનન્સ ઓફ ડોમેસ્ટિક એપ્લાયન્સીસ | ૧૯૨ | ૦ | ૧૯૨ |
| | ૭૪ | સી.ઓ.ઈ. એડવાન્સ–સી.એન.સી. મશીનીંગ | ૧૬૦ | ૦ | ૧૬૦ |
| | ૭૫ | સી.ઓ.ઈ. એપરલ (બીબીબીટી) | ૧૯૨ | ૦ | ૧૯૨ |
| | ૭૬ | સી.ઓ.ઈ. ઓટોમોબાઈલ (બીબીબીટી) | ૧૦૫૬ | ૦ | ૧૦૫૬ |
| | ૭૭ | સી.ઓ.ઈ. પ્રોડક્શન એન્ડ મેન્યુફેક્ચરીંગ | ૪૮૦ | ૦ | ૪૮૦ |
| | ૭૮ | સી.ઓ.ઈ. ફેબ્રિકેશન (બીબીબીટી) | ૪૮૦ | ૦ | ૪૮૦ |
| | ૭૯ | સી.ઓ.ઈ. રેફ્રિજરેશન (બીબીબીટી) | ૯૬ | ૦ | ૯૬ |
| | ૮૦ | સી.ઓ.ઈ. એડવાન્સ–રિપેર એન્ડ મેન્ટેનન્સ ઓફ હાર્ડવેર ઓફ કોમ્પ્યુટર એન્ડ પેરીફરલ્સ | ૩૨ | ૦ | ૩૨ |
| | ૮૧ | સી.ઓ.ઈ. એડવાન્સ–સર્વિસીંગ એન્ડ ઓવરહોલ્ટીંગ ઓફ ઓટોમોબાઈલ (ડિઝલ) | ૩૫૨ | ૦ | ૩૫૨ |
| | ૮૨ | સી.ઓ.ઈ. એડવાન્સ–સર્વિસીંગ એન્ડ ઓવરહોલ્ટીંગ ઓફ ઓટોમોબાઈલ (પેટ્રોલ) | ૩૫૨ | ૦ | ૩૫૨ |
| | ૮૩ | સી.ઓ.ઈ. એડવાન્સ–સ્ટ્રક્ચરલ/પ્રેસર પાર્ટસ ફીટીંગ | ૧૪૪ | ૦ | ૧૪૪ |
| | ૮૪ | સી.ઓ.ઈ. એડવાન્સ–ઈન્ડસ્ટ્રીયલ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન | ૩૨ | ૦ | ૩૨ |
| | ૮૫ | સી.ઓ.ઈ. એડવાન્સ–ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક | ૧૯૨ | ૦ | ૧૯૨ |
| | ૮૬ | સી.ઓ.ઈ. એડવાન્સ–ઓપરેશન એન્ડ મેન્ટેનન્સ ઓફ ઈક્વિપમેન્ટ, યુઝડ ઈન એચટી, એલટી, સબસ્ટેશન એન્ડ કેબલ જોઈન્ટીંગ | ૯૬ | ૦ | ૯૬ |
| | ૮૭ | સી.ઓ.ઈ. એડવાન્સ–ઓવરહોલ્ટીંગ એન્ડ ફ્યુઅલ ઈન્જેક્શન સિસ્ટમ એન્ડ સ્ટીયરીંગ | ૯૬ | ૦ | ૯૬ |
| | ૮૮ | સી.ઓ.ઈ. એડવાન્સ–કોલ્ડ સ્ટોરેજ, આઇસ પ્લાન્ટ એન્ડ આઇસ કેન્ડી પ્લાન્ટ | ૩૨ | ૦ | ૩૨ |
| | ૮૯ | સી.ઓ.ઈ. એડવાન્સ–ડોમેસ્ટીક કોમર્શિયલ રેફ્રીજરેશન એન્ડ એર–કન્ડીશનીંગ | ૩૨ | ૦ | ૩૨ |
| | ૯૦ | સી.ઓ.ઈ. એડવાન્સ–નોન–કન્વેશનલ પાવર જનરેશન, બેટરી એન્ડ ઈન્વર્ટર | ૯૬ | ૦ | ૯૬ |
| એન.સી.વી.ટી. | ૯૧ | સી.ઓ.ઈ. એડવાન્સ–પીએલસી એન્ડ ઓટોમેશન | ૯૬ | ૦ | ૯૬ |
| | ૯૨ | સી.ઓ.ઈ. એડવાન્સ–પ્રેશર વેસલ એન્ડ પાઇપ વેલ્ડીંગ | ૧૪૪ | ૦ | ૧૪૪ |
| | ૯૩ | સી.ઓ.ઈ. એડવાન્સ–પ્રોસેસ કંટ્રોલ ઈન્સ્ટ્રુમેન્ટેશન | ૩૨ | ૦ | ૩૨ |
| | ૯૪ | સી.ઓ.ઈ. એડવાન્સ–ફેશન ડિઝાઈનીંગ | ૬૪ | ૦ | ૬૪ |
| | ૯૫ | સી.ઓ.ઈ. એડવાન્સ–મલ્ટીમિડિયા એન્ડ વેબ ડિઝાઈનીંગ | ૩૨ | ૦ | ૩૨ |
| | ૯૬ | સી.ઓ.ઈ. એડવાન્સ–મેન્ટેનન્સ મિકેનિક | ૯૬ | ૦ | ૯૬ |
| | ૯૭ | સી.ઓ.ઈ. એડવાન્સ–રિપેર એન્ડ મેન્ટેનન્સ ઓફ ઈલેક્ટ્રીકલ મશીન એન્ડ પાવર સપ્લાય | ૯૬ | ૦ | ૯૬ |
| | ૯૮ | સી.ઓ.ઈ. એડવાન્સ–રિપેર એન્ડ મેન્ટેનન્સ ઓફ વ્હિલ, રિટ્રેડીંગ ઓફ ટાયર્સ એન્ડ વ્હિલ બેલેન્સીંગ | ૩૨ | ૦ | ૩૨ |
| | ૯૯ | સી.ઓ.ઈ. એડવાન્સ–રિપેર એન્ડ મેન્ટેનન્સ ઓફ ઈન્સ્ટ્રુમેન્ટસ યુઝડ ઈન ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ | ૯૬ | ૦ | ૯૬ |
| | ૧૦૦ | સી.ઓ.ઈ. એડવાન્સ–લેબ આસીસ્ટન્ટ | ૯૬ | ૦ | ૯૬ |
| | ૧૦૧ | સી.ઓ.ઈ. એડવાન્સ–શટર્સ એન્ડ ટ્રાઉઝર્સ | ૬૪ | ૦ | ૬૪ |
| | ૧૦૨ | સી.ઓ.ઈ. એડવાન્સ–સેન્ટ્રલ એર–કન્ડીશનીંગ પ્લાન્ટ, ઈન્ડસ્ટ્રીયલ કૂલીંગ એન્ડ પેકેજ એ.સી. | ૩૨ | ૦ | ૩૨ |
| | ૧૦૩ | સીઓઈ–ઈલેક્ટ્રોનિક ટેસ્ટ એન્ડ મીઝરીંગ ઈન્સ્ટ્રુમેન્ટસ | ૩૨ | ૦ | ૩૨ |
| | ૧૦૪ | સ્ટેનોગ્રાફી (અંગ્રેજી) | ૮૦ | ૨૬ | ૧૦૬ |
| | ૧૦૫ | હેર એન્ડ સ્કીન કેર | ૧૨૮૦ | ૨૪૦ | ૧૫૨૦ |
| | ૧૦૬ | હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર | ૧૬૬૦ | ૧૬૬૦ | ૩૩૨૦ |
| | ૧૦૭ | હેલ્થ સેફ્ટી એન્ડ એન્વાયર્નમેન્ટ | ૦ | ૪૦ | ૪૦ |
| | ૧૦૮ | હોર્ટિકલ્ચર | ૦ | ૬૦ | ૬૦ |
| | ૧૦૯ | હોસ્પિટલ મેનેજમેન્ટ બેઝિક ટ્રેનીંગ | ૯૬ | ૦ | ૯૬ |

| કોર્ષ પેટર્ન | ક્રમ | ટ્રેડનું નામ | સરકારી આઈ.ટી.આઈ | ખાનગી આઈ.ટી.આઈ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | ૧૧૦ | હોસ્પિટલ હાઉસકિપીંગ | ૦ | ૧૦૪ | ૧૦૪ |
| | ૧૧૧ | ડ્રાઈવર–કમ–મિકેનિક | ૦ | ૧૬ | ૧૬ |
| | | એન.સી.વી.ટી. કુલ :- | ૧૧૪૧૦૦ | ૩૩૬૭૪ | ૧૪૭૭૭૪ |
| જી.સી.વી.ટી. | ૧૧૨ | આર્મેચર એન્ડ મોટર રિવાઈન્ડીંગ | ૩૨૧૬ | ૨૫૪ | ૩૪૭૦ |
| | ૧૧૩ | ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક પાવર પ્લાન્ટ | ૧૬૦ | ૦ | ૧૬૦ |
| | ૧૧૪ | ઈલેકિટ્રક એપ્લાયન્સીઝ રિપેરર | ૩૨ | ૦ | ૩૨ |
| | ૧૧૫ | ઈલેક્ટ્રીશીયન પાવર પ્લાન્ટ | ૧૧૨ | ૦ | ૧૧૨ |
| | ૧૧૬ | ઓટોમોબાઈલ પેઈન્ટીંગ એન્ડ રિપેરર | ૫૨ | ૦ | ૫૨ |
| | ૧૧૭ | ઓટોમોબાઈલ બોડી રિપેરર | ૩૨ | ૦ | ૩૨ |
| | ૧૧૮ | ઓફસેટ પ્રિન્ટર | ૪૮ | ૫૨ | ૧૦૦ |
| | ૧૧૯ | ઓફસેટ પ્રિન્ટર એન્ડ પેકેજીંગ | ૯૬ | ૦ | ૯૬ |
| | ૧૨૦ | ઓફસેટ પ્રિન્ટીગ એન્ડ બુક બાઈન્ડીંગ | ૦ | ૩૦ | ૩૦ |
| | ૧૨૧ | કટીંગ એન્ડ ટેલરીંગ | ૦ | ૮૦ | ૮૦ |
| | ૧૨૨ | કાર પેઈન્ટર એન્ડ જોઈનર | ૧૬ | ૦ | ૧૬ |
| | ૧૨૩ | કોમ્પ્યુટર એડેડ ક્વાર્ટઝ વોચ–કમ–મોબાઈલ ફોન મિકેનિક | ૪૮ | ૧૬ | ૬૪ |
| | ૧૨૪ | કોમ્પ્યુટર એડેડ ડ્રેસ મેકિંગ એન્ડ ડ્રેસ ડિઝાઈન | ૨૨૪ | ૧૧૨ | ૩૩૬ |
| | ૧૨૫ | કોમ્પ્યુટર ઓપરેટર | ૦ | ૧૨૦ | ૧૨૦ |
| | ૧૨૬ | કોમ્યુનિકેશન એન્ડ સ્પોકન ઇંગ્લીશ | ૦ | ૬૦ | ૬૦ |
| | ૧૨૭ | જનરલ મિકેનિક | ૩૫૨ | ૦ | ૩૫૨ |
| | ૧૨૮ | ટુ વ્હિલર રિપેરર (ઓટો) | ૧૫૪૪ | ૫૮ | ૧૬૦૨ |
| | ૧૨૯ | ટેલીફોન ઓપરેટર–કમ–રિસેપ્શનીસ્ટ | ૦ | ૧૦ | ૧૦ |
| | ૧૩૦ | ટેલીફોન મોબાઈન ફોન રિપેરીંગ | ૯૬ | ૨૦૮ | ૩૦૪ |
| | ૧૩૧ | ટ્રાન્સફોર્મર વાઈન્ડર | ૩૨ | ૦ | ૩૨ |
| | ૧૩૨ | ડેસ્કટોપ પબ્લીશીંગ ઓપરેટર (ડીટીપી) | ૪૦ | ૧૩૦ | ૧૭૦ |
| | ૧૩૩ | ડોમેસ્ટીક એપ્લાયન્સીસ રિપેરર | ૭૨૦ | ૦ | ૭૨૦ |
| | ૧૩૪ | પાઈપ ફીટર મરીન | ૪૮ | ૦ | ૪૮ |
| | ૧૩૫ | પ્લમ્બીંગ આસિસ્ટન્ટ | ૦ | ૧૦ | ૧૦ |
| | ૧૩૬ | પ્લેટ મેકર | ૩૨ | ૦ | ૩૨ |
| | ૧૩૭ | ફાયરમેન | ૦ | ૪૫૦ | ૪૫૦ |
| | ૧૩૮ | ફાર્માસ્યુટીકલ મશીનરી મિકેનિક | ૧૬ | ૦ | ૧૬ |
| જી.સી.વી.ટી. | ૧૩૯ | ફૂડ એન્ડ બેવરેજીસ | ૧૨૮ | ૨૫ | ૧૫૩ |
| | ૧૪૦ | ફૂડ પ્રોડકશન (કોન્ટેનેન્ટલ/ઈન્ડિયન/પંજાબી/ચાઈનિઝ) | ૧૨૮ | ૨૫ | ૧૫૩ |
| | ૧૪૧ | બુક બાઈન્ડર | ૧૬ | ૧૦ | ૨૬ |
| | ૧૪૨ | મરીન ઈલેક્ટ્રીશીયન એડવાન્સ | ૩૨ | ૦ | ૩૨ |
| | ૧૪૩ | મરીન એન્જીનીયરીંગ ટેકનીશીયન | ૫૧૨ | ૩૨ | ૫૪૪ |
| | ૧૪૪ | મેડિકલ ઈકિવપમેન્ટ મિકેનિક | ૩૨ | ૦ | ૩૨ |
| | ૧૪૫ | મેન્સ એન્ડ વુમન્સ ગારમેન્ટ મેકિંગ | ૩૨ | ૧૨૮ | ૧૬૦ |
| | ૧૪૬ | લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર (વેટરનરી આસીસ્ટન્ટ) | ૦ | ૮૦ | ૮૦ |
| | ૧૪૭ | લિફ્ટ મેન્ટેનન્સ મિકેનિક | ૦ | ૩૨ | ૩૨ |
| | ૧૪૮ | વેલ્ડર–કમ–ફેબ્રિકેટર | ૫૩૨ | ૧૦૮ | ૬૪૦ |
| | ૧૪૯ | શીટ મેટલ ટેકનીશીયન | ૧૬ | ૦ | ૧૬ |
| | ૧૫૦ | શીપ બિલ્ડીંગ ટેકનીશીયન | ૮૦ | ૦ | ૮૦ |
| | ૧૫૧ | શીપ બિલ્ડીંગ ટેકનીશીયન એડવાન્સ | ૩૨ | ૦ | ૩૨ |
| | ૧૫૨ | સર્ટિફિકેટ કોર્ષ ઈન ઈ–કોમર્સ | ૧૬૦૮ | ૪૫૫ | ૨૦૬૩ |
| | ૧૫૩ | સર્ટિફિકેટ કોર્ષ ઈન કોમ્પ્યુટર એડેડ ડિઝાઈન એન્ડ ઓટોકેડ–૨૦૦૦ | ૧૬૮ | ૧૧૨ | ૨૮૦ |
| | ૧૫૪ | સર્ટિફિકેટ કોર્ષ ઈન કોમ્પ્યુટર ટીચર્સ ટ્રેનિંગ | ૨૦ | ૫૮૨ | ૬૦૦ |
| | ૧૫૫ | સર્ટિફિકેટ કોર્ષ ઈન ટાયર ટેકનોલોજી | ૦ | ૪૦ | ૪૦ |
| | ૧૫૬ | સર્ટિફિકેટ કોર્ષ ઈન ટૂલ ટેકનોલોજી | ૦ | ૩૨ | ૩૨ |
| | ૧૫૭ | સર્ટિફિકેટ કોર્ષ ઈન ડાયમંડ ગ્રેડીંગ | ૦ | ૪૮ | ૪૮ |
| | ૧૫૮ | સર્ટિફિકેટ કોર્ષ ઈન ફાઈનાન્સીયલ એડવાઈઝિંગ | ૦ | ૨૦ | ૨૦ |
| | ૧૫૯ | સર્ટિફિકેટ કોર્ષ ઈન બિલ્ડીંગ એન્ડ આર્કિટેક્ચર ડિઝાઈન | ૦ | ૨૦ | ૨૦ |

| કોર્ષ પેટર્ન | ક્રમ | ટ્રેડનું નામ | સરકારી આઇ.ટી.આઇ | ખાનગી આઇ.ટી.આઇ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | ૧૬૦ | સર્ટિફિકેટ કોર્ષ ઈન મલ્ટીમિડિયા ટેકનોલોજી એન્ડ ડીટીપી | ૮૧૬ | ૫૯૯ | ૧૪૧૫ |
| | ૧૬૧ | સર્ટિફિકેટ કોર્ષ ઈન મશીનિષ્ટ ટૂલરૂમ | ૦ | ૧૪૦ | ૧૪૦ |
| | ૧૬૨ | સર્ટિફિકેટ કોર્ષ ઈન મેડિકલ લેબોરેટરી ટેકનોલોજી (પેથોલોજી) | ૦ | ૧૦૦ | ૧૦૦ |
| | ૧૬૩ | સર્ટિફિકેટ કોર્ષ ઈન લેબોરેટરી આસીસ્ટન્ટ (પેથોલોજી) | ૦ | ૬૦ | ૬૦ |
| | ૧૬૪ | સર્ટિફિકેટ કોર્ષ ઈન વેબ ડિઝાઇન | ૬૨૪ | ૨૧૪ | ૮૩૮ |
| | ૧૬૫ | સર્ટિફિકેટ કોર્ષ ઈન સિવિલ પ્લાનીંગ એન્ડ ડ્રાફ્ટીંગ | ૦ | ૨૦ | ૨૦ |
| | ૧૬૬ | સર્ટિફિકેટ કોર્ષ ઈન સોફ્ટવેર પ્રોગ્રામીંગ | ૨૮૦૪ | ૧૨૭૪ | ૪૦૭૮ |
| | ૧૬૭ | સર્ટિફિકેટ કોર્ષ ઈન હાર્ડવેર ટેકનોલોજી નેટવર્ક એન્ડ એડમિનિસ્ટ્રેશન | ૬૨૪ | ૬૦૮ | ૧૨૩૨ |
| | ૧૬૮ | સેફ્ટી એન્ડ સિક્યોરિટીમેન | ૦ | ૧૫૦ | ૧૫૦ |
| | ૧૬૯ | સેલ્સ આસીસ્ટન્ટ (રિટેલ) | ૦ | ૨૦ | ૨૦ |
| | ૧૭૦ | સ્ટેનો (ગુજરાતી) | ૦ | ૧૬ | ૧૬ |
| | ૧૭૧ | સ્ટેનો-કમ-કોમ્પ્યુટર ઓપરેટર (અંગ્રેજી) | ૨૮૮ | ૬૪ | ૩૫૨ |
| | ૧૭૨ | સ્ટેનો-કમ-કોમ્પ્યુટર ઓપરેટર (ગુજરાતી) | ૯૭૬ | ૧૬૦ | ૧૧૩૬ |
| | ૧૭૩ | સ્પેશ્યલ પ્રો. વ્હિલ એન્ડ ક્રેઈન ઓપરેટર | ૩૨ | ૦ | ૩૨ |
| | ૧૭૪ | સ્યુઇંગ મશીન ઓપરેટર | ૦ | ૩૬ | ૩૬ |
| | ૧૭૫ | હાઉસકિપીંગ એન્ડ બેકરી | ૧૨૮ | ૨૫ | ૧૫૩ |
| | ૧૭૬ | હેર એન્ડ સ્કીન કેર | ૧૨૮ | ૬૨ | ૧૯૦ |
| જી.સી.વી.ટી. કુલ :- | | | ૧૬૬૭૨ | ૬૮૮૫ | ૨૩૫૫૭ |
| કુલ સરવાળો :- | | | ૧૩૦૭૭૨ | ૪૦૫૫૯ | ૧૭૧૩૩૧ |

## રાજ્યમાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરી દ્વારા સ્વરોજગાર શિબિરોનું આયોજન

અતારાંકિતઃ ૪૨૮૮ (૯-૧-૨૦૧૫) શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં વર્ષવાર અને જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરી દ્વારા કુલ કેટલી સ્વરોજગાર શિબીરોનું આયોજન કરવામાં આવ્યું,

(૨) આ શિબિરોમાં કુલ કેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા, અને

(૩) સરકાર દ્વારા આ બેરોજગારોને રોજગારી અંગે ઉક્ત સ્થિતિએ કોઈ આર્થિક સહાય આપવામાં આવી છે કે કેમ જો હા, તો કેટલી રકમ આપવામાં આવેલ છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૧૮-૪-૨૦૧૫)

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને જિલ્લાવાર આયોજન કરવામાં આવેલ સ્વરોજગાર શિબિરોની સંખ્યા.

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૧-૧૨-૨૦૧૧ થી ૩૦-૧૨-૨૦૧૨ | તા. ૧-૧૨-૨૦૧૨ થી ૩૦-૧૨-૨૦૧૩ | તા. ૧-૧૨-૨૦૧૩ થી ૩૦-૧૨-૨૦૧૪ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૫ | ૪૫ | ૬૧ | ૧૪૧ |
| ૨ | બનાસકાંઠા | ૨૭ | ૨૧ | ૬૯ | ૧૧૭ |
| ૩ | ગાંધીનગર | ૨૬ | ૨૭ | ૨૪ | ૭૭ |
| ૪ | મહેસાણા | ૧૮ | ૨૪ | ૩૧ | ૭૩ |
| ૫ | પાટણ | ૧૨ | ૧૮ | ૧૮ | ૪૮ |
| ૬ | હિંમતનગર | ૧૭ | ૩૪ | ૨૨ | ૭૩ |
| ૭ | અરવલ્લી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૮ | વડોદરા | ૩૪ | ૩૩ | ૪૭ | ૧૧૪ |
| ૯ | ખેડા | ૨૨ | ૨૫ | ૨૯ | ૭૬ |
| ૧૦ | મહિસાગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૧ | આણંદ | ૩૦ | ૩૭ | ૩૧ | ૯૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨ | પંચમહાલ | ૨૦ | ૧૦ | ૨૪ | ૫૪ |
| ૧૩ | દાહોદ | ૧૮ | ૧૬ | ૧૯ | ૫૩ |
| ૧૪ | છોટાઉદેપુર | ૦૬ | ૦૨ | ૦૯ | ૧૭ |
| ૧૫ | રાજકોટ | ૨૫ | ૩૬ | ૨૮ | ૮૯ |
| ૧૬ | મોરબી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૭ | ભાવનગર | ૨૫ | ૧૯ | ૨૭ | ૭૧ |
| ૧૮ | બોટાદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૯ | જામનગર | ૩૯ | ૪૦ | ૪૨ | ૧૨૧ |
| ૨૦ | દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૧ | જુનાગઢ | ૩૮ | ૩૬ | ૨૪ | ૯૮ |
| ૨૨ | ગીર–સોમનાથ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૩ | પોરબંદર | ૧૨ | ૧૧ | ૧૨ | ૩૫ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૩૫ | ૩૩ | ૨૨ | ૯૦ |
| ૨૫ | અમરેલી | ૩૦ | ૧૬ | ૨૯ | ૭૫ |
| ૨૬ | ભૂજ | ૨૯ | ૨૪ | ૨૨ | ૭૫ |
| ૨૭ | સુરત | ૩૬ | ૩૬ | ૪૨ | ૧૧૪ |
| ૨૮ | ભરૂચ | ૧૯ | ૩૧ | ૨૭ | ૭૭ |
| ૨૯ | નર્મદા | ૦૪ | ૨૪ | ૨૦ | ૪૮ |
| ૩૦ | વલસાડ | ૨૨ | ૨૯ | ૪૬ | ૯૭ |
| ૩૧ | નવસારી | ૧૮ | ૨૪ | ૨૧ | ૬૩ |
| ૩૨ | આહવા | ૦૯ | ૧૧ | ૧૬ | ૩૬ |
| ૩૩ | તાપી | ૧૫ | ૨૧ | ૧૩ | ૪૯ |
| | કુલ :- | ૬૨૧ | ૬૮૩ | ૭૭૫ | ૨૦૭૯ |

(૨) ૨૪૦૧૭૯

(૩) આ વિભાગ દ્વારા બેરોજગારોને આર્થિક સહાય આપવામાં આવતી નથી.

રાજ્યની આઈ.ટી.આઈ.ની બેઠકોમાં ટ્રેડવાર ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૪૪૯૯ (૨૩–૦૧–૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી આઈ.ટી.આઈ. આવેલી છે,

(૨) તે પૈકી કેટલી આઈ.ટી.આઈ. સરકારી અને કેટલી ખાનગી છે,

(૩) તેમાં ટ્રેડવાર સરકારી અને ખાનગી કેટલી બેઠકો છે, અને

(૪) તે પૈકી ઉક્ત સ્થિતિએ ટ્રેડવાર કેટલી સરકારી અને કેટલી ખાનગી બેઠકો ભરાયેલ અને કેટલી ખાલી છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૧૮–૪–૨૦૧૫)

(૧) રાજ્યમાં કુલ આઈ.ટી.આઈ. ૭૭૯ છે.

(૨)

| સરકારી આઈ.ટી.આઈ. | ખાનગી આઈ.ટી.આઈ. | |
|---|---|---|
| | ગ્રાન્ટ ઈન એઈડ | સ્વ નિર્ભર |
| ૨૮૨ | ૧૧૩ | ૩૮૪ |

(૩)

| સરકારી આઈ.ટી.આઈ. | ખાનગી આઈ.ટી.આઈ. | | કુલ |
|---|---|---|---|
| | ગ્રાન્ટ ઈન એઈડ | સ્વ નિર્ભર | |
| ૧૩૦૭૭૨ | ૧૩૮૪૪ | ૨૬૭૧૫ | ૧૭૧૩૩૧ |

(ટ્રેડવાર *પત્રક–૧ સામેલ છે.)

(૪)

| સરકારી બેઠકો | | ખાનગી બેઠકો | | | | કુલ બેઠકો | |
|---|---|---|---|---|---|---|---|
| ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૧૧૪૪૩૧ | ૧૮૩૯૨ | ૧૨૭૪૭ | ૧૩૫૬ | ૭૦૩૫ | ૧૯૭૩૦ | ૧૩૪૨૧૩ | ૩૭૫૩૪ |

(ટ્રેડવાર *પત્રક–૨ સામેલ છે.)

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

રાજ્યમાં જિલ્લાવાર સ્વરોજગાર શિબિરોનું આયોજન

અતારાંકિતઃ ૪૫૦૦ (૨૩–૦૧–૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર અને જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરી દ્વારા કુલ કેટલી સ્વરોજગાર શિબીરોનું આયોજન કરવામાં આવ્યું,

(૨) આ શિબિરોમાં કુલ કેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા, અને

(૩) સરકાર દ્વારા આ બેરોજગારોને રોજગારી અંગે કોઈ આર્થિક સહાય આપવામાં આવી છે કે કેમ અને જો હા, તો કેટલી રકમની સહાય આપેલ છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૧૮–૦૪–૨૦૧૫)

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર અને જિલ્લાવાર આયોજન કરવામાં આવેલ સ્વરોજગાર શિબિરોની સંખ્યા.

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૦૧–૦૧–૨૦૧૦ થી તા. ૩૧–૧૨–૨૦૧૦ | તા. ૦૧–૦૧–૨૦૧૧ થી તા. ૩૧–૧૨–૨૦૧૧ | તા. ૦૧–૦૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૨ | તા. ૦૧–૦૧–૨૦૧૩ થી તા. ૩૧–૧૨–૨૦૧૩ | તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૭ | ૬૦ | ૩૭ | ૫૧ | ૫૩ | ૨૪૮ |
| ૨ | બનાસકાંઠા | ૨૧ | ૨૮ | ૨૩ | ૨૨ | ૭૩ | ૧૬૭ |
| ૩ | ગાંધીનગર | ૨૫ | ૨૪ | ૨૬ | ૨૬ | ૨૭ | ૧૨૮ |
| ૪ | મહેસાણા | ૩૦ | ૨૬ | ૧૭ | ૨૫ | ૩૩ | ૧૩૧ |
| ૫ | પાટણ | ૧૪ | ૧૭ | ૧૧ | ૧૮ | ૨૦ | ૮૦ |
| ૬ | હિંમતનગર | ૨૬ | ૩૨ | ૧૫ | ૩૩ | ૨૪ | ૧૩૦ |
| ૭ | અરવલ્લી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૮ | વડોદરા | ૩૧ | ૩૫ | ૩૨ | ૩૭ | ૪૬ | ૧૮૧ |
| ૯ | ખેડા | ૩૦ | ૩૨ | ૨૧ | ૨૭ | ૩૦ | ૧૪૦ |
| ૧૦ | મહિસાગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૧ | આણંદ | ૨૬ | ૩૮ | ૨૬ | ૪૦ | ૩૪ | ૧૬૪ |
| ૧૨ | પંચમહાલ | ૨૪ | ૨૩ | ૨૦ | ૧૨ | ૨૬ | ૧૦૫ |
| ૧૩ | દાહોદ | ૦૬ | ૧૧ | ૧૭ | ૧૮ | ૨૪ | ૭૬ |
| ૧૪ | છોટાઉદેપુર | ૦૬ | ૦૭ | ૦૬ | ૦૩ | ૧૦ | ૩૨ |
| ૧૫ | રાજકોટ | ૩૩ | ૩૪ | ૨૧ | ૩૮ | ૨૬ | ૧૫૨ |
| ૧૬ | મોરબી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૭ | ભાવનગર | ૩૨ | ૨૫ | ૨૧ | ૩૦ | ૩૨ | ૧૪૦ |
| ૧૮ | બોટાદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૯ | જામનગર | ૩૨ | ૪૨ | ૨૯ | ૪૪ | ૩૮ | ૧૮૫ |
| ૨૦ | દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૧ | જુનાગઢ | ૨૬ | ૧૯ | ૩૫ | ૩૬ | ૨૧ | ૧૩૭ |

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૦૧-૦૧-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ | તા. ૦૧-૦૧-૨૦૧૧ થી તા. ૩૧-૧૨-૨૦૧૧ | તા. ૦૧-૦૧-૨૦૧૨ થી તા. ૩૧-૧૨-૨૦૧૨ | તા. ૦૧-૦૧-૨૦૧૩ થી તા. ૩૧-૧૨-૨૦૧૩ | તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | ગીર સોમનાથ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૩ | પોરબંદર | ૧૨ | ૧૦ | ૧૪ | ૧૪ | ૦૬ | ૫૬ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૨૬ | ૨૫ | ૩૧ | ૩૫ | ૨૩ | ૧૪૦ |
| ૨૫ | અમરેલી | ૨૫ | ૧૭ | ૨૮ | ૧૬ | ૩૦ | ૧૧૬ |
| ૨૬ | ભુજ | ૨૨ | ૧૪ | ૨૫ | ૨૯ | ૧૬ | ૧૦૬ |
| ૨૭ | સુરત | ૩૭ | ૩૪ | ૩૨ | ૩૬ | ૪૩ | ૧૮૨ |
| ૨૮ | ભરૂચ | ૨૬ | ૩૮ | ૨૦ | ૩૫ | ૨૮ | ૧૪૭ |
| ૨૯ | નર્મદા | ૧૧ | ૨૦ | ૦૫ | ૨૮ | ૧૭ | ૮૧ |
| ૩૦ | વલસાડ | ૪૬ | ૪૧ | ૩૫ | ૫૩ | ૭૪ | ૨૪૯ |
| ૩૧ | નવસારી | ૨૧ | ૨૩ | ૧૯ | ૨૪ | ૨૧ | ૧૦૮ |
| ૩૨ | આહવા | ૧૧ | ૧૪ | ૦૬ | ૧૩ | ૧૯ | ૬૩ |
| ૩૩ | તાપી | ૧૩ | ૦૫ | ૦૯ | ૧૫ | ૧૨ | ૫૪ |
| | કુલ | ૬૫૯ | ૬૯૪ | ૫૮૧ | ૭૫૮ | ૮૦૭ | ૩૪૯૯ |

(૨) ૩૮૮૭૫૨

(૩) આ વિભાગ દ્વારા બેરોજગારોને આર્થિક સહાય આપવામાં આવતી નથી.

## રાજકોટ જિલ્લાની કોર્ટોમાં પડતર કેસો

અતારાંકિતઃ ૪૮૧૩ (૦૪-૦૩-૨૦૧૫) શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ (જસદણ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ રાજકોટ જિલ્લા કોર્ટમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષવાર કેટલા ફોજદારી અને દિવાની કેસો પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ કેસો કયા કારણોથી પડતર છે, અને

(૩) પડતર કેસોનો નિકાલ ક્યાં સુધીમાં કરવાનું આયોજન છે ?

ન્યાયતંત્ર મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૨૯-૦૪-૨૦૧૫)

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ રાજકોટ જિલ્લા કોર્ટમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષવાર નીચે જણાવ્યા મુજબના ફોજદારી અને દિવાની કેસો પડતર છે.

| ક્રમ | વર્ષ | દીવાની કેસો | ફોજદારી કેસો |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૩ | ૪૬૭૨ | ૯૯૭૪ |
| ૨ | ૨૦૧૪ | ૭૯૭૭ | ૧૪૪૧૩ |
| ૩ | ૨૦૧૫ | ૧૦૨૧ | ૨૨૩૧ |
| | કુલ | ૧૩૬૭૦ | ૨૬૬૧૮ |

(૨) ઉક્ત સ્થિતિએ આ કેસો નીચેના કારણોથી પડતર છે.

(૧) નવા કાયદાઓ વધવાથી અને પ્રજા પોતાના હક્ક માટે જાગૃત થતા લીટીગેશનમાં વધારો થાય છે.

(૨) અન્ડર ટ્રાયલ હેઠળ કેદીઓના કેસો અગ્રતાના ધોરણે આપવાની જરૂરિયાતના કારણે.

(૩) પડતર કેસોના ઝડપી નિકાલ કરવા માટે જુના કેસો ચલાવવા અગ્રતા આપવામાં આવે છે.

(૩) પડતર કેસોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે તેનો ચોક્કસ સમયગાળો નક્કી કરી શકાય નહી પણ પડતર કેસોનો નિકાલ કરવા માટે નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

(૧) ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૩૫ માં દર્શાવેલ જોગવાઇઓ અન્વયે વડી અદાલત તાબાની જ્યુડીશિયરી પર વહીવટી અંકુશ ધરાવે જેથી જ્યાં જરૂર જણાય ત્યાં સલાહસૂચનો પણ આપે છે.

(૨) સ્વર્ણિમ ગુજરાતની સ્થાપના નિમિત્તે રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં જુદા જુદા સંવર્ગની કુલ ૭૦૦ વધારાની કોર્ટોની સ્થાપના કરવામા આવેલ છે તે માટે ન્યાયાધીશો સહિત સહાયક મહેકમની કુલ ૪૯૦૦ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે.

(૩) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં ૨૩ વધારાના જિલ્લા ન્યાયાધીશોની કોર્ટ, ૩૪ સીનીયર સીવીલ જજની કોર્ટની અને ૪૩ સીવીલ જજની કોર્ટની સ્થાપના કરેલ છે.

(૪) ગુજરાત રાજ્યમાં જુદી જુદી અદાલતોમાં જરૂરી એવી તમામ માળખાગત સુવિધાઓ ઈ–કોર્ટ મશીન મોડ પ્રોજેક્ટ હેઠળ કોમ્પ્યુટર તથા તેને આનુષાંગિક સુવિધાઓ, તથા જીસ્વાનની સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે.

(૫) રાજ્યના જિલ્લાઓમાં મીડીએશન સેન્ટ ઉભા કરવામાં આવેલ છે જેમાં સમાધાન લાયક કેસો મુકવામાં આવે છે. આ પધ્ધતિ દ્વારા વિવાદોનું સત્વરે નિરાકરણ થાય છે અને કોર્ટોના વધતા જતા ભારણને પણ ઓછું કરવામાં મદદ કરે છે.

(૬) રાજ્યના તાબાના તમામ ન્યાયાધીશોની તાલીમ માટે રચવામાં આવેલ ગુજરાત રાજ્ય ન્યાયિક એકેડેમી ખાતે રાજ્ય સરકાર દ્વારા માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે. તથા તેમાં ન્યાયાધીશોને તાલીમ આપવામાં આવેલ છે. ઉપરાંત ગુજરાતના ઉચ્ચ ન્યાયાલય સહિતના ન્યાધીશોને લેપટોપની સુવિધા પુરી પાડેલ છે તે જ રીતે આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સને પણ લેપટોપ ઈ–લાયબ્રેરીની સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે.

આ ઉપરાંત રાજ્યના આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સને સ્કીલ અપગ્રેડેશન માટે સઘન ઈન-હાઉસ તાલીમ પુરી પાડવામાં આવેલ છે. જેનાથી ન્યાયિક પ્રક્રિયાને વેગ મળે છે.

(૭) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં સમયાંતરે કાયમી લોક અદાલતો, મેગા લોક અદાલતો, પ્રી–લીટીગેશન લોક અદાલતો યોજવામાં આવે છે આ પધ્ધતિ દ્વારા પણ વિવાદોનું નિરાકરણ થાય છે અને લોક અદાલતના માધ્યમ દ્વારા પણ કોર્ટ કેસોમાં થતો ભરાવો અટકે છે.

## રાજ્ય સરકાર દ્વારા હાઈકોર્ટના મહેકમ પર ભરાયેલ જગ્યાઓ

અતારાંકિતઃ ૪૮૧૯ (૧૧–૦૩–૨૦૧૫) શ્રી ગૌતમભાઈ રા. ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત હાઈકોર્ટના મહેકમ ઉપર કયા કયા સંવર્ગની છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવી,

(૨) તે પૈકી કયા સંવર્ગની કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ભરવામાં આવી,

(૩) મંજૂર કરેલ સંવર્ગમાં ભરવામાં આવેલ જગ્યાઓ બાબતે અનામત નિતિ અનુસાર વિકસતી જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની ટકાવારીનું પ્રમાણ જાળવવામાં આવેલ છે કે કેમ, અને

(૪) જો ના, તો તેના કારણો શાં છે અને તે અંગે રાજ્ય સરકાર ઉક્ત સ્થિતિએ શું પગલાં લેવા માંગે છે ?

ન્યાયતંત્ર મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૨૯–૦૪–૨૦૧૫)

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત હાઈકોર્ટના મહેકમ પર નીચે જણાવ્યા મુજબના સંવર્ગની છેલ્લા બે વર્ષમાં જગ્યાઓ મંજૂર કરવામાં આવી,

| અનુ. નં. | સંવર્ગનું નામ | મંજૂર કરવામા આવેલ જગ્યાઓ | |
|---|---|---|---|
| | | ૨૦૧૩ | ૨૦૧૪ |
| ૧ | ગેઝેટેડ અધિકારી કલાસ–૧ | ૦૧ | ૦૧ |
| ૨ | કલાસ –૨ | ૦૦ | ૦૦ |
| ૩ | કલાસ–૩ | ૧૧૧ | ૦૨ |
| ૪ | કલાસ–૪ | ૨૯ | ૦૦ |

(૨) તે પૈકી નીચે મુજબના સંવર્ગની જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ભરવામાં આવી,

| અનુ. નં. | સંવર્ગનું નામ | મંજૂર કરવામા આવેલ જગ્યાઓ |
|---|---|---|

| | | ૨૦૧૩ | ૨૦૧૪ |
|---|---|---|---|
| ૧ | ગેઝેટેડ અધિકારી ક્લાસ–૧ | ૦૧ | ૦૦ |
| ૨ | ક્લાસ –૨ | ૦૦ | ૦૧ |
| ૩ | ક્લાસ–૩ | ૦૭ | ૯૦ |
| ૪ | ક્લાસ–૪ | ૩૯ | ૦૦ |

(૩) હા, જી.

(૪) નામદાર હાઈકોર્ટ, અમદાવાદ દ્વારા અનુસરવામાં આવેલ નિતિ અનુસાર ક્લાસ–૧ ની જગ્યાઓ અનામત નિતિથી ભરવામાં આવતી નથી, આ ખાલી જગ્યાઓ બઢતીથી ભરવામાં આવે છે જ્યારે ક્લાસ–૨ થી ક્લાસ–૪ સુધીની જગ્યાઓ ભરવા બાબતે વિકસતી જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની ટકાવારીનું પ્રમાણ જાળવવામાં આવેલ છે.

અમદાવાદ શહેરની કોર્ટોમાં પડતર કેસો

અતારાંકિતઃ ૪૮૨૦ (૧૧–૦૩–૨૦૧૫) શ્રી ગ્યાસુદીન હ. શેખ (દરિયાપુર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલ ફોજદારી અને દિવાની કોર્ટમાં કુલ કેટલા કેસો પડતર છે?

ન્યાયતંત્ર મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૨૯–૦૪–૨૦૧૫)

તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલ ફોજદારી અને દિવાની કોર્ટમાં નીચે મુજબના કેસો પડતર છે ?

| અનુ. | કોર્ટનું નામ | કોર્ટનો પ્રકાર | કેસનો પ્રકાર | તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ પડતર કેસો |
|---|---|---|---|---|
| ૧ | સીટી સીવીલ કોર્ટ, અમદાવાદ | એપેલેટ કોર્ટ | દીવાની કેસો | ૩૮૭૩૧ |
| | | | ફોજદારી કેસો | ૪૧૬૯ |
| | | | કુલ | ૪૨૯૦૦ |
| ૨ | ફેમીલી કોર્ટ, અમદાવાદ | તાબાની કોર્ટ | દીવાની કેસો | ૪૦૯૫ |
| | | | ફોજદારી કેસો | ૬૦૬૫ |
| | | | કુલ | ૧૦૧૬૦ |
| ૩ | સ્મોલ કોઝ કોર્ટ, અમદાવાદ | તાબાની કોર્ટ | દીવાની કેસો | ૧૦૭૯૦ |
| | | | ફોજદારી કેસો | ૦૦ |
| | | | કુલ | ૧૦૭૯૦ |
| ૪ | મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટ, અમદાવાદ | તાબાની કોર્ટ | દીવાની કેસો | ૦૦ |
| | | | ફોજદારી કેસો | ૩૫૦૯૫૫ |
| | | | કુલ | ૩૫૦૯૫૫ |
| | | | કુલ દિવાની કેસો (અ) | ૫૩૬૧૬ |
| | | | કુલ ફોજદારી કેસો (બ) | ૩૬૧૧૮૯ |
| | | | કુલ પડતર કેસો (અ+બ) | ૪૧૪૮૦૫ |

જામનગર જિલ્લાની કોર્ટોમાં પડતર કેસો

અતારાંકિતઃ ૪૮૨૧ (૧૧–૦૩–૨૦૧૫) શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧મી ડીસેમ્બર ૨૦૧૪ની સ્થિતિએ જિલ્લાની ન્યાયાલયોમાં દશ, પંદર અને પંદર વર્ષથી વધુ સમયથી કેટલા ફોજદારી કેસો પડતર છે, અને

(૨) આ પડતર કેસોના ઝડપી નિકાલ માટે સરકારશ્રીએ હાથ ધરેલ કાર્યવાહીની વિગતો શી છે ?

ન્યાયતંત્ર મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૨૯–૦૪–૨૦૧૫)

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧મી ડીસેમ્બર ૨૦૧૪ની સ્થિતિએ જિલ્લાની ન્યાયાલયોમાં દશ, પંદર અને પંદર વર્ષથી વધુ સમયથી નીચે મુજબના ફોજદારી કેસો પડતર છે.

| અનુ. નં. | કોર્ટનું નામ | કેસનો પ્રકાર | ૩૧મી ડીસેમ્બર ૨૦૧૪ની સ્થિતિએ પડતર | ૧૦ વર્ષથી પડતર કેસો | ૧૫ વર્ષથી પડતર કેસો | ૧૫ વર્ષથી વધુ સમયથી પડતર કેસો |
|---|---|---|---|---|---|---|
| ૧ | એપેલેટ કોર્ટો | ફોજદારી | ૧૭૩૩ | ૧૭૦૭ | ૨૪ | ૦૨ |
| ૨ | તાબાની કોર્ટો | ફોજદારી | ૪૨૩૭૦ | ૩૮૪૭૮ | ૨૧૧૯ | ૧૭૭૩ |
| | | કુલ | ૪૪૧૦૩ | ૪૦૧૮૫ | ૨૧૪૩ | ૧૭૭૫ |

(૨) પડતર કેસોના ઝડપી નિકાલ માટે સરકારશ્રી નીચે મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

(૧) સ્વર્ણિમ ગુજરાતની સ્થાપના નિમિત્તે રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં જુદા જુદા સંવર્ગની કુલ ૭૦૦ વધારાની કોર્ટોની સ્થાપના કરવામા આવેલ તે માટે ન્યાયાધીશો સહિત મહેકમની કુલ ૪૯૦૦ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે.

(૨) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં ૨૩ વધારાના જિલ્લા ન્યાયાધીશોની કોર્ટ, ૩૪ સીનીયર સીવીલ જજની કોર્ટની અને ૪૩ સીટી સીવીલ જજની કોર્ટની સ્થાપના કરેલ છે.

(૩) ગુજરાત રાજ્યમાં જુદી જુદી અદાલતોમાં જરૂરી એવી તમામ માળખાગત સુવિધાઓ ઈ–કોર્ટ મશીન મોડ પ્રોજેક્ટ હેઠળ કોમ્પ્યુટર તથા તેને આનુષાંગિક સુવિધાઓ, તથા જીસ્વાનની સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે.

(૪) રાજ્યના જિલ્લાઓમાં મીડીએશન સેન્ટ ઉભા કરવામાં આવેલ છે જેમાં સમાધાન લાયક કેસો મુકવામાં આવે છે. આ પધ્ધતિ દ્વારા વિવાદોનું સત્વરે નિરાકરણ થાય છે અને કોર્ટોના વધતા જતા ભારણને પણ ઓછું કરવામાં મદદ કરે છે.

(૫) રાજ્યના તાબાના તમામ ન્યાયાધીશોની તાલીમ માટે રચવામાં આવેલ ગુજરાત રાજ્ય ન્યાયિક એકેડમી ખાતે રાજ્ય સરકાર દ્વારા માળખાકીય સુવિધા ઉભી કરવામાં આવેલ છે. તથા તેમાં ન્યાયાધીશોને તાલીમ આપવામાં આવેલ છે. ઉપરાંત ગુજરાતના ઉચ્ચ ન્યાયાલય સહિતના ન્યાધીશોને લેપટોપની સુવિધા પુરી પાડેલ છે, તે જ રીતે આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સને પણ લેપટોપ ઈ–લાયબ્રેરીની સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે.

આ ઉપરાંત રાજ્યના તમામ આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સને સ્કીલ અપગ્રેડેશન માટે સઘન ઈન-હાઉસ તાલીમ પુરી પાડવામાં આવેલ છે. જેનાથી ન્યાયિક પ્રક્રિયાને વેગ મળે છે.

(૬) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં સમયાંતરે કાયમી લોક અદાલતો, મેગા લોક અદાલતો, પ્રી–લીટીગેશન લોક અદાલતો યોજવામાં આવે છે આ પધ્ધતિ ધ્વારા પણ વિવાદોનું નિરાકરણ થાય છે અને લોક અદાલતના માધ્યમ દ્વારા પણ કોર્ટ કેસોમાં થતો ભરાવો અટકે છે.

## અરવલ્લી જિલ્લાની કોર્ટોમાં પડતર કેસો

અતારાંકિતઃ ૪૮૨૨ (૧૧–૦૩–૨૦૧૫) શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર (મોડાસા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાની કોર્ટોમાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલા કેસો પડતર છે, અને

(૨) આ પડતર કેસોનો સત્વરે નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૨૯–૪–૨૦૧૫)

(૧) અરવલ્લી જિલ્લાને ન્યાયિક જિલ્લો જાહેર કરવામાં આવેલ નથી જેથી અરવલ્લી જિલ્લામાં પડતર કેસોની માહિતી ઉપલબ્ધ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અમદાવાદ જિલ્લાની કોર્ટોમાં પડતર કેસો

અતારાંકિતઃ ૪૮૨૯ (૧૯–૦૩–૨૦૧૫) શ્રી ગ્યાસુદીન હ. શેખ (દરિયાપુર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ડીસ્ટ્રીક્ટ કોર્ટ, રેગ્યુલર, સિવિલ દાવાઓ, ફોજદારી કેસો કેટલા હતા,

(૨) કેટલા કેસો ઉક્ત સ્થિતિએ પડતર છે અને પડતર રહેવાના કારણો કયાં છે, અને

(૩) ઝડપથી નિકાલ થાય તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૨૯–૪–૨૦૧૫)

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ડીસ્ટ્રીક્ટ કોર્ટ, રેગ્યુલર, સિવિલ દાવાઓ, ફોજદારી કેસો સામેલ પત્રક–૧ મુજબ હતા.

(૨) (અ) ઉક્ત સ્થિતિએ નીચે મુજબના કેસો પડતર છે.

| વર્ષ | રેગ્યુલર દાવાઓ | સિવિલ કેસો | ક્રિમિનલ કેસો |
|---|---|---|---|
| ૩૧–૧૨–૧૩ | ૧૦૫૬૧ | ૫૧૦૯૨ | ૭૩૭૮૬ |
| ૩૧–૧૨–૧૪ | ૧૧૦૦૧ | ૫૩૫૫૨ | ૭૩૭૨૬ |

(બ) કેસો પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

(૧) ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૩૫માં દર્શાવેલ જોગવાઈઓ અન્વયે વડી અદાલત તાબાની જ્યુડીશિયરી પર વહીવટી અંકુશ ધરાવે છે જેથી જ્યાં જરૂર જણાય ત્યાં સલાહ સુચનો પણ આપે છે.

(૨) નવા કાયદાઓ વધવાથી અને પ્રજા પોતાના હક્ક માટે જાગૃત થતા લીટીગેશનમાં વધારો થાય છે.

(૩) અન્ડર ટ્રાયલ હેઠળ કેદીઓના કેસો અગ્રતાના ધોરણે આપવાની જરૂરીયાતના કારણે.

(૪) પડતર કેસોના ઝડપી નિકાલ કરવા માટે જુના કેસો ચલાવવા અગ્રતા આપવામાં આવે છે.

(૩) ઝડપથી નિકાલ થાય તે માટે સરકારે નીચે મુજબ આયોજન કરેલ છે.

(૧) સ્વર્ણિમ ગુજરાતની સ્થાપના નિમિત્તે રાજ્યમાં આવેલ જુદા–જુદા જિલ્લાઓમાં જુદા–જુદા સંવર્ગની કુલ ૭૦૦ વધારાની કોર્ટોની સ્થાપના કરવામાં આવેલ છે તે માટે ન્યાયાધીશો સહિત સહાયક મહેકમની કુલ ૪૯૦૦ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે.

(૨) રાજ્યમાં આવેલ જુદા–જુદા જિલ્લાઓમાં ૨૩ વધારાના જિલ્લા ન્યાયાધીશોની કોર્ટ, ૩૪ સીનીયર સીવીલ જજની કોર્ટની અને ૪૩ સીવીલ જજની કોર્ટની સ્થાપના કરેલ છે.

(૩) ગુજરાત રાજ્યમાં જુદી જુદી અદાલતોમાં જરૂરી એવી તમામ માળખાગત સુવિધાઓ, ઈ–કોર્ટ મશીન મોડ પ્રોજેક્ટ હેઠળ કોમ્પ્યુટર તથા તેને આનુષાંગિક સુવિધાઓ તથા જીસ્વાનની સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે.

(૪) રાજ્યના જિલ્લાઓમાં મીડીએશન સેન્ટર ઉભા કરવામાં આવેલ છે જેમાં સમાધાન લાયક કેસો મુકવામાં આવે છે. આ પધ્ધતિ દ્વારા વિવાદોનું સત્વરે નિરાકરણ થાય છે અને કોર્ટોના વધતા જતા ભારણને પણ ઓછું કરવામાં મદદ કરે છે.

(૫) રાજ્યના તાબાના તમામ ન્યાયાધીશોની તાલીમ માટે રચવામાં આવેલ ગુજરાત રાજ્ય ન્યાયિક એકેદમી ખાતે રાજ્ય સરકાર દ્વારા માળખાકીય સુવિધા ઉભી કરવામાં આવેલ છે તથા તેમાં ન્યાયાધીશોને તાલીમ આપવામાં આવેલ છે. ઉપરાંત ગુજરાતના ઉચ્ચ ન્યાયાલય સહિતના

ન્યાયાધીશોને લેપટોપની સુવિધા પુરી પાડેલ છે. તે જ રીતે આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સને પણ લેપટોપ ઈ–લાયબ્રેરીની સુવિધાઓ પુરી પાડવામાં આવેલ છે.

આ ઉપરાંત, રાજ્યના તમામ આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સને સ્કીલ અપગ્રેડશન માટે સઘન ઈન–હાઉસ તાલીમ પુરી પાડવામાં આવેલ છે. જેનાથી ન્યાયિક પ્રિક્રયાને વેગ મળે છે.

(૬) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં સમયાંતરે કાયમી લોક અદાલતો, મેગા લોક અદાલતો, પ્રી–લીટીગેશન લોક અદાલતો યોજવામાં આવેલ છે આ પધ્ધતિ દ્વારા પણ વિવાદોનું નિરાકરણ થાય છે અને લોક અદાલતના માધ્યમ દ્વારા પણ કોર્ટ કેસોમાં થતા ભરાવો અટકે છે.

પત્રક–૧

(અ) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ડીસ્ટ્રીક્ટ કોર્ટ, રેગ્યુલર, સીવીલ દાવાઓ, ફોજદારી કેસો નીચે મુજબ હતા.

| અનુ. નં. | કોર્ટનું નામ | રેગ્યુલર દાવાઓ | સિવિલ કેસો | ક્રિમીનલ કેસો |
|---|---|---|---|---|
| ૧ | પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ૦૧ | ૩૯૦૮ | ૧૯૩ |
| ૨ | એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ૭૮ | ૨૪૬૧ | ૩૨૮ |
| ૩ | બીજી એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ૭૪ | ૩૩૦૭ | ૩૬૮ |
| ૪ | ત્રીજી એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ૮૫ | ૨૮૫૮ | ૨૫૪ |
| ૫ | ચોથી એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ૦૭ | ૨૮૭ | ૨૩૬ |
| ૬ | પાંચમી એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ૭૪ | ૩૨૯૫ | ૪૩૨ |
| ૭ | છઠ્ઠી એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ૭૨ | ૨૬૩૭ | ૫૯૮ |
| | કુલ (અ) | ૩૯૧ | ૧૮૭૫૩ | ૨૪૦૯ |
| ૮ | મેઈન સીનીયર ડીવીઝન કોર્ટ | ૨૬૭ | ૩૦૦૧ | ૦૦ |
| ૯ | એલ.એ.ક્યુ. કોર્ટ | ૦૦ | ૩૪૪૦ | ૦૦ |
| ૧૦ | ચીફ કોર્ટ | ૦૦ | ૦૦ | ૭૦૪૨ |
| ૧૧ | સી.બી.આઈ.કોર્ટ ૧ | ૦૦ | ૦૦ | ૧૪૭ |
| ૧૨ | સી.બી.આઈ.કોર્ટ ૨ | ૦૦ | ૦૦ | ૧૭૨ |
| ૧૩ | બીજી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ | ૬૨૫ | ૨૪૩૧ | ૪૧૧ |
| ૧૪ | બીજી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ, ધોળકા | ૫૩ | ૧૦૨૨ | ૪૨ |
| ૧૫ | ત્રીજી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ | ૧૯૬ | ૧૫૪૪ | ૧૩૩૨ |
| ૧૬ | ચોથી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ | ૭૪૪ | ૨૭૪૮ | ૬૫૧૪ |
| ૧૭ | પાંચમી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ | ૧૭૭ | ૧૮૫૨ | ૧૯૩૦ |
| ૧૮ | છઠ્ઠી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ | ૨૭૦ | ૧૭૦૯ | ૨૦૩૧ |
| ૧૯ | સાતમી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ | ૪૫૮ | ૧૮૩૦ | ૩૬૭૯ |
| ૨૦ | એડીશનલ સીવીલ કોર્ટ | ૧૩૯ | ૨૪૩ | ૫૦૭ |
| ૨૧ | બીજી એડીશનલ સીવીલ કોર્ટ | ૨૬૧ | ૪૬૯ | ૧૩૭૧ |
| ૨૨ | ત્રીજી એડીશનલ સીવીલ કોર્ટ | ૨૫૭ | ૪૦૦ | ૧૩૦૭ |
| ૨૩ | ચોથી એડીશનલ સીવીલ કોર્ટ | ૩૨૧ | ૫૦૫ | ૨૦૪૬ |
| ૨૪ | પાંચમી એડીશનલ સીવીલ કોર્ટ | ૨૭૦ | ૪૭૪ | ૧૪૮૬ |
| ૨૫ | છઠ્ઠી એડીશનલ સીવીલ કોર્ટ | ૨૯૯ | ૫૩૫ | ૭૦૪ |
| ૨૬ | સાતમી એડીશનલ સીવીલ કોર્ટ | ૨૭૨ | ૫૦૧ | ૮૯૨ |
| ૨૭ | આઠમી એડીશનલ સીવીલ કોર્ટ | ૧૩૯ | ૨૭૬ | ૬૧૫ |
| ૨૮ | નવમી એડીશનલ સીવીલ કોર્ટ | ૧૪૪ | ૨૭૩ | ૭૭૮ |
| ૨૯ | દસમી એડીશનલ સીવીલ કોર્ટ | ૯૭ | ૧૪૨ | ૫૪૬ |
| ૩૦ | અગિયારમી એડીશનલ સીવીલ કોર્ટ | ૧૨૨ | ૧૨૯ | ૩૫૬ |
| ૩૧ | બારમી એડીશનલ સીવીલ કોર્ટ | ૧૪૦ | ૧૯૨ | ૬૯૩ |
| ૩૨ | તેરમી એડીશનલ સીવીલ કોર્ટ | ૧૩૭ | ૧૯૨ | ૩૯૫ |
| ૩૩ | ચૌદમી એડીશનલ સીવીલ કોર્ટ | ૧૨૯ | ૨૧૪ | ૩૭૭ |
| ૩૪ | પંદરમી એડીશનલ સીવીલ કોર્ટ | ૧૩૦ | ૨૧૫ | ૨૩૪ |

| અનુ. નં. | કોર્ટનું નામ | રેગ્યુલર દાવાઓ | સિવિલ કેસો | ક્રિમીનલ કેસો |
|---|---|---|---|---|
| ૩૫ | સોળમી એડીશનલ સીવીલ કોર્ટ | ૧૪૦ | ૨૪૨ | ૫૧૦ |
| ૩૬ | સત્તરમી એડીશનલ સીવીલ કોર્ટ | ૧૩૨ | ૨૨૯ | ૨૮૪ |
| ૩૭ | અઢારમી એડીશનલ સીવીલ કોર્ટ | ૧૨૩ | ૨૨૩ | ૪૧૩ |
| ૩૮ | ઓગણીસમી એડીશનલ સીવીલ કોર્ટ | ૧૩૫ | ૧૯૫ | ૨૭૧ |
| ૩૯ | જે.એમ.એફ.સી. કોર્ટ (રેલ્વે) | ૦૦ | ૦૦ | ૪૫૧ |
| ૪૦ | પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધોળકા | ૩૬૭ | ૮૬૯ | ૭૫૪૫ |
| ૪૧ | એડીશનલ સીવીલ કોર્ટ, ધોળકા | ૪૦૯ | ૮૫૫ | ૮૩૮ |
| ૪૨ | બીજી એડીશનલ સીવીલ કોર્ટ, ધોળકા | ૨૮૭ | ૫૫૩ | ૩૮૯ |
| ૪૩ | પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, બાવલા | ૩૨૬ | ૭૪૫ | ૩૪૨૦ |
| ૪૪ | એડીશનલ સીવીલ કોર્ટ, બાવલા | ૨૮૩ | ૬૬૯ | ૨૪૪૫ |
| ૪૫ | બીજી એડીશનલ સીવીલ કોર્ટ, બાવલા | ૧૧૦ | ૨૫૬ | ૩૮૫ |
| ૪૬ | પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધંધુકા | ૨૧૬ | ૪૩૪ | ૧૬૦૫ |
| ૪૭ | એડીશનલ સીવીલ કોર્ટ, ધંધુકા | ૭૩ | ૧૧૬ | ૭૮૬ |
| ૪૮ | પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, બરવાળા | ૪૯ | ૧૮૩ | ૬૮૬ |
| ૪૯ | પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, વીરમગામ | ૧૬૧ | ૧૨૬૬ | ૧૬૫ |
| ૫૦ | એડીશનલ સીવીલ કોર્ટ, વીરમગામ | ૪૪૫ | ૯૪૯ | ૩૬૨૩ |
| ૫૧ | બીજી એડીશનલ સીવીલ કોર્ટ, વીરમગામ | ૨૬૫ | ૪૮૧ | ૮૭૨ |
| ૫૨ | ત્રીજી એડીશનલ સીવીલ કોર્ટ, વીરમગામ | ૦૦ | ૪૯ | ૪૪૮ |
| ૫૩ | ચોથી એડીશનલ સીવીલ કોર્ટ, વીરમગામ | ૦૦ | ૪૦ | ૩૩૩ |
| ૫૪ | પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, સાણંદ | ૪૬૫ | ૭૩૧ | ૭૦૧૩ |
| ૫૫ | એડીશનલ સીવીલ કોર્ટ, સાણંદ | ૫૯૯ | ૭૩૮ | ૨૨૪૩ |
| ૫૬ | બીજી એડીશનલ સીવીલ કોર્ટ, સાણંદ | ૨૬૪ | ૪૨૫ | ૨૨૧ |
| ૫૭ | ત્રીજી એડીશનલ સીવીલ કોર્ટ, સાણંદ | ૧૧૪ | ૨૧૪ | ૭૬૪ |
| | કુલ (બ) | ૧૦૬૧૦ | ૩૪૭૯૯ | ૭૧૩૧૭ |
| | કુલ (અ+ બ) | ૧૧૦૦૧ | ૫૩૫૫૨ | ૭૩૭૨૬ |

(બ) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ડીસ્ટ્રીક્ટ કોર્ટ, રેગ્યુલર, સીવીલ દાવાઓ, ફોજદારી કેસો નીચે મુજબ હતા.

| અનુ. નં. | કોર્ટનું નામ | રેગ્યુલર દાવાઓ | સિવિલ કેસો | ક્રિમીનલ કેસો |
|---|---|---|---|---|
| ૧ | પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ૦૧ | ૪૩૨૯ | ૬૮ |
| ૨ | એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ૩૩ | ૨૭૭૬ | ૩૬૬ |
| ૩ | બીજી એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ૦૫ | ૨૫૧ | ૧૪૮ |
| ૪ | ત્રીજી એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ૧૫૫ | ૨૨૬૩ | ૧૭૫ |
| ૫ | ચોથી એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ૨૩ | ૧૬૦૭ | ૧૪૧ |
| ૬ | પાંચમી એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ૨૩ | ૨૪૩૨ | ૨૪૭ |
| ૭ | છઠ્ઠી એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ૭૭ | ૨૨૭૬ | ૨૩૦ |
| ૮ | સાતમી એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ૪૪ | ૧૪૫૬ | ૪૪૪ |
| | કુલ (અ) | ૩૬૧ | ૧૭૩૯૦ | ૧૮૧૯ |
| | | | | |
| ૯ | મેઈન સીનીયર ડીવીઝન કોર્ટ | ૩૬૮ | ૩૭૬૩ | ૦૦ |
| ૧૦ | એલ.એ.ક્યુ. કોર્ટ | ૦૦ | ૩૮૦૫ | ૦૦ |
| ૧૧ | ચીફ કોર્ટ | ૦૦ | ૦૦ | ૮૩૯૮ |
| ૧૨ | સી.બી.આઈ.કોર્ટ ૧ | ૦૦ | ૦૦ | ૫૨૮ |
| ૧૩ | સી.બી.આઈ.કોર્ટ ૨ | ૦૦ | ૦૦ | ૪૯૩ |
| ૧૪ | બીજી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ | ૧૦૪ | ૧૮૪ | ૧૬૫૧ |

| અનુ. નં. | કોર્ટનું નામ | રેગ્યુલર દાવાઓ | સિવિલ કેસો | ક્રિમીનલ કેસો |
|---|---|---|---|---|
| ૧૫ | બીજી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ, ધોળકા | ૫૧ | ૯૫૧ | ૪૨ |
| ૧૬ | ત્રીજી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ | ૬૨૭ | ૨૬૪૦ | ૩૪૧૬ |
| ૧૭ | ચોથી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ | ૭૩૯ | ૨૨૭૭ | ૧૪૧૪ |
| ૧૮ | પાંચમી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ | ૮૮૯ | ૨૧૮૫ | ૩૦૦૯ |
| ૧૯ | છઠ્ઠી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ | ૭૬૪ | ૨૧૦૫ | ૩૮૦૪ |
| ૨૦ | સાતમી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ | ૪૯૫ | ૧૮૫૬ | ૨૦૪૬ |
| | આઠમી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ | ૪૬૬ | ૧૮૮૩ | ૩૯૪૧ |
| ૨૧ | એડીશનલ સીવીલ કોર્ટ | ૬૮૨ | ૧૦૨૯ | ૫૩૪૭ |
| ૨૨ | બીજી એડીશનલ સીવીલ કોર્ટ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૩ | ત્રીજી એડીશનલ સીવીલ કોર્ટ | ૨૫૫ | ૫૨૨ | ૧૪૬૯ |
| ૨૪ | ચોથી એડીશનલ સીવીલ કોર્ટ | ૫૭ | ૧૩૨ | ૩૬૮ |
| ૨૫ | પાંચમી એડીશનલ સીવીલ કોર્ટ | ૮૭ | ૧૬૨ | ૫૦૨ |
| ૨૬ | છઠ્ઠી એડીશનલ સીવીલ કોર્ટ | ૧૦ | ૨૫ | ૩૩૮ |
| ૨૭ | સાતમી એડીશનલ સીવીલ કોર્ટ | ૭૫ | ૧૪૦ | ૫૯૮ |
| ૨૮ | આઠમી એડીશનલ સીવીલ કોર્ટ | ૧૭૯ | ૩૦૦ | ૧૧૧૪ |
| ૨૯ | જે.એમ.એફ.સી. કોર્ટ (રેલ્વે) | ૦૦ | ૦૦ | ૩૩૧ |
| ૩૦ | પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધોળકા | ૩૫૬ | ૮૪૭ | ૭૭૪૨ |
| ૩૧ | એડીશનલ સીવીલ કોર્ટ, ધોળકા | ૪૨૮ | ૮૮૯ | ૧૦૨૪ |
| ૩૨ | બીજી એડીશનલ સીવીલ કોર્ટ, ધોળકા | ૨૯૫ | ૫૫૭ | ૪૦૦ |
| ૩૩ | પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, બાવલા | ૩૪૨ | ૮૭૧ | ૪૧૮૯ |
| ૩૪ | એડીશનલ સીવીલ કોર્ટ, બાવલા | ૩૪૦ | ૮૧૦ | ૨૬૪૨ |
| ૩૫ | બીજી એડીશનલ સીવીલ કોર્ટ, બાવલા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૬ | પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધંધુકા | ૨૭૧ | ૫૧૦ | ૨૩૧૩ |
| ૩૭ | પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, બરવાળા | ૫૨ | ૨૨૧ | ૬૭૭ |
| ૩૮ | પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, વીરમગામ | ૧૪૨ | ૧૪૪૧ | ૨૭૬ |
| ૩૯ | એડીશનલ સીવીલ કોર્ટ, વીરમગામ | ૪૫૩ | ૯૫૭ | ૩૩૮૪ |
| ૪૦ | બીજી એડીશનલ સીવીલ કોર્ટ, વીરમગામ | ૨૨૨ | ૪૭૫ | ૯૧૪ |
| ૪૧ | ત્રીજી એડીશનલ સીવીલ કોર્ટ, વીરમગામ | ૧૨ | ૫૪ | ૩૮૮ |
| ૪૨ | પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, સાણંદ | ૫૧૮ | ૮૩૮ | ૭૧૪૨ |
| ૪૩ | એડીશનલ સીવીલ કોર્ટ, સાણંદ | ૬૩૬ | ૭૯૦ | ૧૮૩૪ |
| ૪૪ | બીજી એડીશનલ સીવીલ કોર્ટ, સાણંદ | ૨૮૫ | ૪૮૩ | ૨૩૩ |
| | કુલ (બ) | ૧૦૨૦૦ | ૩૩૭૦૨ | ૭૧૯૬૭ |
| | કુલ (અ+ બ) | ૧૦૫૬૧ | ૫૧૦૯૨ | ૭૩૭૮૬ |

માંગરોળ અને માળીયા તાલુકાની કોર્ટોમાં ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૪૮૩૦ (૧૯-૦૩-૨૦૧૫) શ્રી બાબુભાઇ કા. વાજા (માંગરોળ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા તાલુકામાં કુલ કેટલી કોર્ટો કાર્યરત છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તથા ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૯-૪-૨૦૧૫)

અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા તાલુકામાં નીચે મુજબની કોર્ટો કાર્યરત છે.

| અનુ.નં. | સ્ટેશનનું નામ | કોર્ટનું નામ | કોર્ટની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | માંગરોળ | જુનીયર ડીવીઝન કોર્ટ | ૦૩ |
| ૨ | માળીયા–હાટીના | જુનીયર ડીવીઝન કોર્ટ | ૦૧ |

(૨) તે અન્વયે સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામેલ પત્રક–૧ મુજબ છે.

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર ભરાયેલી જગ્યાઓ અને ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તે સામેલ પત્રક–૨ મુજબ છે.

ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૩૫ હેઠળ ન્યાયતંત્ર ઉપર વહીવટી અંકુશ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં નિહિત થયેલ છે. ન્યાયતંત્રની કોર્ટોમાં ખાલી જગ્યાઓ ભરવા માટેની તમામ કાર્યવાહી ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરવામાં આવે છે.

પત્રક–૧

(અ) માંગરોળ તાલુકામાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

| ક્રમ | સંવર્ગનું નામ | સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | ગુજરાતી સ્ટેનોગ્રાફર– ગ્રેડ–II | ૦૧ |
| ૨ | સીનીયર ક્લાર્ક/પી.આર.ઓ. /શિરેસ્તેદાર | ૦૨ |
| ૩ | જુનીયર ક્લાર્ક/લાયબ્રેરીયન/ઝેરોક્ષ ઓપરેટર | ૦૭ |
| ૪ | બેલીફ | ૦૪ |
| ૫ | પટાવાળા/વોચમેન/લીફ્ટમેન/જેલવોર્ડન/સ્વીપર વોટરસર્વર | ૦૪ |
| | કુલ | ૧૮ |

(બ) માળીયા તાલુકામાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

| ક્રમ | સંવર્ગનું નામ | સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | ગુજરાતી સ્ટેનોગ્રાફર– ગ્રેડ–II | ૦૧ |
| ૨ | સીનીયર ક્લાર્ક/પી.આર.ઓ. /શિરેસ્તેદાર | ૦૨ |
| ૩ | જુનીયર ક્લાર્ક/લાયબ્રેરીયન/ઝેરોક્ષ ઓપરેટર | ૦૮ |
| ૪ | બેલીફ | ૦૪ |
| ૫ | પટાવાળા/વોચમેન/લીફ્ટમેન/જેલવોર્ડન/સ્વીપર વોટરસર્વર | ૦૪ |
| | કુલ | ૧૯ |

પત્રક–૨

(અ) માંગરોળ તાલુકામાં સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાઓ

| ક્રમ | જગ્યાનું નામ | ભરાયેલ જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યાઓ ક્યારથી ખાલી |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાતી સ્ટેનોગ્રાફર– ગ્રેડ–II | ૦૧ | ૦૦ | – |
| ૨ | સીનીયર ક્લાર્ક/પી.આર.ઓ. /શિરેસ્તેદાર | ૦૨ | ૦૦ | – |
| ૩ | જુનીયર ક્લાર્ક/લાયબ્રેરીયન/ઝેરોક્ષ ઓપરેટર | ૦૬ | ૦૧ | છ મહિનાથી |

| ક્રમ | જગ્યાનું નામ | ભરાયેલ જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યાઓ ક્યારથી ખાલી |
|---|---|---|---|---|
| ૪ | બેલીફ | ૦૪ | ૦૦ | – |
| ૫ | પટાવાળા/વોચમેન/લીફ્ટમેન/જેલવોર્ડન/સ્વીપર વોટરસર્વર | ૦૩ | ૦૧ | છ મહિનાથી |
| | કુલ | ૧૬ | ૦૨ | |

(બ) માળીયા તાલુકામાં સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાઓ

| ક્રમ | જગ્યાનું નામ | ભરાયેલ જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યાઓ ક્યારથી ખાલી |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાતી સ્ટેનોગ્રાફર– ગ્રેડ–II | ૦૧ | ૦૦ | – |
| ૨ | સીનીયર ક્લાર્ક/પી.આર.ઓ. /શિરેસ્તેદાર | ૦૨ | ૦૦ | – |
| ૩ | જુનીયર ક્લાર્ક/લાયબ્રેરીયન/ઝેરોક્ષ ઓપરેટર | ૦૪ | ૦૪ | છ મહિનાથી |
| ૪ | બેલીફ | ૦૩ | ૦૧ | બે મહિનાથી |
| ૫ | પટાવાળા/વોચમેન/લીફ્ટમેન/જેલવોર્ડન/સ્વીપર વોટરસર્વર | ૦૩ | ૦૧ | છ મહિનાથી |
| | કુલ | ૧૩ | ૦૬ | |

માંગરોળ અને માળીયા તાલુકાની કોર્ટોમાં પડતર કેસો

અતારાંકિતઃ ૪૮૩૧ (૧૯–૩–૨૦૧૫) શ્રી બાબુભાઇ કા. વાજા (માંગરોળ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા તાલુકામાં કોર્ટોવાર કેટલા કેસો પડતર છે, અને

(૨) ઉકત સ્થિતિએ કેસોનો ઝડપથી નિકાલ થાય અને લોકોને ન્યાય મળી રહે તે માટે સરકારે છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા ?

ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૯–૪–૨૦૧૫)

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા તાલુકામાં કોર્ટોવાર નીચે મુજબના કેસો પડતર છે.

| કોર્ટનું નામ | કેસનો પ્રકાર | માંગરોળ તાલુકામાં પડતર કેસો | માળીયા તાલુકામાં પડતર કેસો |
|---|---|---|---|
| પ્રિન્સીપાલ સિવિલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટ | દિવાની કેસો | ૪૭૯ | ૨૫૨ |
| | ફોજદારી કેસો | ૯૩૮ | ૮૪૪ |
| એડીશનલ સિવિલ જજ અને જે.એમ.એફ.સી. | દિવાની કેસો | ૧૦૦ | – |
| | ફોજદારી કેસો | ૬૭૯ | – |
| બીજા (એડ હોક) એડીશનલ સિવિલ જજ અને જે.એમ.એફ.સી. | દિવાની કેસો | ૨૫ | – |
| | ફોજદારી કેસો | ૫૦૧ | – |
| | કુલ કેસો | ૨૬૯૨ | ૧૦૯૬ |

(૨) ઉકત સ્થિતિએ કેસોનો ઝડપથી નિકાલ થાય અને લોકોને ન્યાય મળી રહે તે માટે સરકારે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના પગલાં લીધા છે.

(૧) સ્વર્ણિમ ગુજરાતની સ્થાપના નિમિતે રાજ્યમાં આવેલ જુદા–જુદા જિલ્લાઓમાં જુદા–જુદા સંવર્ગની કુલ ૭૦૦ વધારાની કોર્ટોની સ્થાપના કરવામાં આવેલ છે તે માટે ન્યાયાધીશો સહિત સહાયક મહેકમની કુલ ૪૯૦૦ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે.

(૨) રાજ્યમાં આવેલ જુદા-જુદા જિલ્લાઓમાં ૨૩ વધારાના જિલ્લા ન્યાયાધીશોની કોર્ટ, ૩૪ સીનીયર સીવીલ જજની કોર્ટની અને ૪૩ સીવીલ જજની કોર્ટની સ્થાપના કરેલ છે.

(૩) ગુજરાત રાજ્યમાં જુદી જુદી અદાલતોમાં જરૂરી એવી તમામ માળખાગત સુવિધાઓ, ઈ-કોર્ટ મશીન મોડ પ્રોજેક્ટ હેઠળ કોમ્પ્યુટર તથા તેને આનુષાંગિક સુવિધાઓ તથા જીસ્વાનની સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે.

(૪) રાજ્યના જિલ્લાઓમાં મીડીએશન સેન્ટર ઉભા કરવામાં આવેલ છે. જેમાં સમાધાન લાયક કેસો મુકવામાં આવે છે. આ પધ્ધતિ દ્વારા વિવાદોનું સત્વરે નિરાકરણ થાય છે અને કોર્ટોના વધતા જતા ભારણને પણ ઓછું કરવામાં મદદ કરે છે.

(૫) રાજ્યના તાબાના તમામ ન્યાયાધીશોની તાલીમ માટે રચવામાં આવેલ ગુજરાત રાજ્ય ન્યાયિક એકેદમી ખાતે રાજ્ય સરકાર દ્વારા માળખાકીય સુવિધા ઉભી કરવામાં આવેલ છે. તથા તેમાં ન્યાયાધીશોને તાલીમ આપવામાં આવેલ છે. ઉપરાંત ગુજરાતના ઉચ્ચ ન્યાયાલય સહિતના ન્યાયાધીશોને લેપટોપની સુવિધા પૂરી પાડેલ છે, તે જ રીતે આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટર્સને પણ લેપટોપ ઈ-લાયબ્રેરીની સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે.

આ ઉપરાંત, રાજ્યના તમામ આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુર્સને સ્કીલ અપગ્રેડશન માટે સઘન ઈન-હાઉસ તાલીમ પૂરી પાડવામાં આવેલ છે. જેનાથી ન્યાયિક પ્રક્રિયાને વેગ મળે છે.

(૬) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં સમયાંતરે કાયમી લોક અદાલતો, મેગા લોક અદાલતો, પ્રી-લીટીગેશન લોક અદાલતો યોજવામાં આવે છે. આ પધ્ધતિ દ્વારા પણ વિવાદોનું નિરાકરણ થાય છે અને લોક અદાલતના માધ્યમ દ્વારા પણ કોર્ટ કેસોમાં થતો ભરાવો અટકે છે.

રાજ્યમાં જિલ્લા વિકાસ અધિકારીઓનું રાત્રી રોકાણ

અતારાંકિતઃ ૪૦૩૧ (૯-૧-૨૦૧૫) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : તા.૨૫-૭-૨૦૧૪ના રોજ વિધાનસભા ગૃહમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૦૮૨ ના અનુસંધાને માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સને ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ના સળંગ બે વર્ષ દરમ્યાન અમદાવાદ, અમરેલી, આણંદ, દાહોદ, ગાંધીનગર, કચ્છ, મહેસાણા, નવસારી, પંચમહાલ, પોરબંદર, રાજકોટ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર અને વલસાડ જિલ્લાના વિકાસ અધિકારીઓએ એક પણ દિવસ ગ્રામ્ય કે તાલુકા કક્ષાએ રાત્રિ રોકાણ કર્યા જ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તેના શા કારણો છે,

(૩) જવાબદાર વિકાસ અધિકારીઓ સામે શા ખાતાકીય પગલાં લેવાયા છે, અને

(૪) તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ સરકારની નિયત સૂચનાઓ અનુસાર ગ્રામ્ય/તાલુકા કક્ષાએ રાત્રિ રોકાણ કરે તે માટે તા.૩૧-૧૦-૨૦૧૪ની સ્થિતિએ શા આદેશો આપવામાં આવ્યા છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧-૫-૨૦૧૫)

(૧) હા.

(૨) જિલ્લા વિકાસ અધિકારીઓ દ્વારા રાત્રિ રોકાણ ન કરવાના કારણો નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | કારણો |
|---|---|---|
| ૧ | અમદાવાદ | અત્યારના સમયમાં સંદેશાવ્યવહાર, વાહન વ્યવહારની આધુનિક સગવડો હોવાથી પ્રજાના પ્રશ્નોનો ત્વરીત નિકાલ શક્ય બનતો હોઈ તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી જિલ્લાના વહીવટી વડા હોઈ તેઓએ સંપૂર્ણ જિલ્લાનું સંચાલન કરવાનું થાય છે. તથા સરકારશ્રીની સ્થાયી સૂચનાઓનુસાર વિજાણું માધ્યમના મહત્તમ ઉપયોગ કરી પ્રજાલક્ષી કામોનો હકારાત્મક ઉકેલ લાવવા સૂચના આપવામાં આવેલ છે તેવા સંજોગોમાં સદરહું માધ્યમોનો વધુમાં વધુ ઉપયોગ કરી પ્રજાલક્ષી રજુઆતોનો હકારાત્મક નિકાલ કરવા જે તે અધિકારીશ્રીને સૂચના આપવામાં આવે છે માટે રાત્રી રોકાણ કરવામાં આવેલ નથી. |
| ૨ | અમરેલી | ગ્રામ્ય/તાલુકા કક્ષાએ માન.મંત્રીશ્રીઓ/પ્રભારી મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સરકારી કાર્યક્રમો અવાર-નવાર થતા હોય તેમાં ઉપસ્થિત રહેવાનું હોય તેમજ ગ્રામ પંચાયતની મુલાકાત દરમ્યાન ગ્રામજનો-ગ્રામ્ય આગેવાનોને મળવાનું થતું હોય ગ્રામ્ય કક્ષાના પ્રશ્નોનું નિરાકરણ તેમજ ચર્ચા હાથ ધરવામાં આવતી હોય તેમજ જિલ્લા કક્ષાએ વિડિયો કોન્ફરન્સ/સરકારી મીટીંગોનું અવાર-નવાર આયોજન થતું હોય મોડી સાંજે |

| અ.નં. | જિલ્લાનું નામ | કારણો |
|---|---|---|
| | | કામકાજ પૂર્ણ કરી હેડ કવાર્ટરમાં પરત આવી જતા હતા. |
| ૩ | આણંદ | આણંદ જિલ્લામાં ભૌગોલિક દ્રષ્ટિએ તાલુકાઓ તથા ગામડાંઓનું કાર્યક્ષેત્ર ૫૦ કી.મી.ની ત્રિજયામાં હોય જેના કારણે ક્ષેત્રિય કામગીરી દિવસ દરમ્યાન પૂર્ણ થતી હોય રાત્રી રોકાણની જરૂરીયાત રહેતી નથી. તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીનું રહેણાંક અને હેડકવાર્ટર જિલ્લા મથકે જ હોય અનિવાર્ય સંજોગોમાં સ્થળ સ્થિતિની મુલાકાત લઈ ત્વરીત પગલાં લેવામાં આવતાં હોય રાત્રી રોકાણની જરૂરીયાત રહેતી નથી. |
| ૪ | દાહોદ | ભૌગોલિક દ્રષ્ટિએ દાહોદ જિલ્લા મથક મધ્યમાં આવેલ હોઈ જિલ્લાના તાલુકા મથકો સાથે સીધો સંપર્ક દાહોદથી સરળતાથી શકય બને તેમ હોવાથી રાત્રી રોકાણ થયેલ નથી. |
| ૫ | ગાંધીનગર | જિલ્લાથી તાલુકા મથક ૨૦ કી.મી. સુધીનું અંતર, છેવાડાનું ગ્રામ્ય મથક ૫૦ કી.મી. સુધીના અંતરમાં આવતું હોય જિલ્લા મથકેથી પ્રવાસ સહેલાઈથી કરી શકાતો હોઈ રાત્રી રોકાણ કરવામાં આવેલ નથી. |
| ૬ | કચ્છ | સરકારશ્રીના કાર્યક્રમો સદભાવના મિશન, ગરીબ કલ્યાણ મેળા, કૃષિ મહોત્સવ, પ્રવેશોત્સવ વિગેરે જેવા કાર્યક્રમોમાં લોકોના સીધા સંપર્કમાં રહીને પ્રશ્નોનું નિરાકરણ તથા યોજનાકીય કામગીરીની સમીક્ષા થાય છે. તથા તાલુકા કક્ષાએ દર માસે ચોથા બુધવારે યોજાતા તાલુકા સ્વાગતમાં તાલુકા કક્ષાએ મુલાકાત લેવાનું તેમજ જિલ્લા સ્વાગત દર માસે યોજતા ચોથા ગુરુવારે લોકોનો સીધો સંપર્ક થઈ પ્રશ્નોનું નિરાકરણ થઈ જાય છે. તેથી રાત્રી રોકાણ કરવામાં આવેલ નથી. |
| ૭ | મહેસાણા | હાલની સ્થિતિએ પરિવહન તેમજ સંદેશાવ્યવહારની આધુનિક સગવડ ઉપલબ્ધ હોઈ તેમજ જિલ્લા કક્ષાએથી વિડીયો કોન્ફરન્સ તેમજ સેટકોમ કાર્યક્રમ વડે ગામડાંના તમામ નાગરીકો સાથે સંપર્ક થઈ શકતો હોઈ રાત્રી રોકાણ કરવામાં આવેલ નથી. |
| ૮ | નવસારી | નવસારી જિલ્લો ભૌગોલિક દ્રષ્ટિએ નાનો છે. જેથી રાત્રી રોકાણ કરવાની જરૂરીયાત ઉભી થઈ નથી. તેમજ જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીશ્રીનું રહેઠાણ હોય તાકીદના પ્રસંગે જરૂરીયાત ઉપસ્થિત થાય તેવા પ્રસંગે હેડકવાર્ટરમાં રહેવું જરૂરી હોય અને ગ્રામ્ય કે તાલુકા કક્ષાએથી મોડી રાત્રે પણ પરત આવેલ હોય રાત્રી રોકાણ કરેલ નથી. |
| ૯ | પંચમહાલ | જિલ્લામાં વન મહોત્સવ, ગરીબ કલ્યાણ મેળા, વણથંભી વિકાસ યાત્રા, સ્વર્ણિમ પંચાયત જેવી વિવિધ પ્રકારની કામગીરી હોવાના કારણે રાત્રી રોકાણ થયેલ નથી. તેમજ વર્ષ ૨૦૧૨-૧૩ માં રેગ્યુલર જિલ્લા વિકાસ અધિકારીશ્રીની જગ્યા ચાર્જમાં હોવાથી રાત્રી રોકાણ થયેલ નથી. તથા વિધાનસભા ચૂંટણીની આચાર સંહિતા અમલમાં હોવાથી રાત્રી રોકાણ થયેલ નથી. |
| ૧૦ | પોરબંદર | પોરબંદર જિલ્લો ૭૦ કિ.મી.ની. અંદર સમાયેલ છે. જેમાં ગ્રામ્ય તાલુકા કક્ષાની મુલાકાત વખતે રાત્રીના મોડે સુધી રોકાણ થતું હોય છે. જેમાં લગત ગ્રામ્ય/તાલુકાના પ્રશ્નો સાંભળવામાં આવતા હોય છે અને ગ્રામ્ય/તાલુકા કક્ષાએ પ્રશ્નો સાંભળ્યા બાદ પ્રશ્નો બાકી રહેતા ન હોય જેથી રાત્રી રોકાણ કરવામાં આવેલ નથી. |
| ૧૧ | રાજકોટ | વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન ૫ દિવસ રાત્રીના ૧૦ કલાક સુધી રોકાયા બાદ પરત આવેલ છે. સામાન્ય રીતે સરકારશ્રી દ્વારા વર્ષ દરમ્યાન ગ્રામ્ય/તાલુકા કક્ષાએ યોજતા જુદા જુદા કાર્યક્રમો/મહોત્સવો જેવા અગત્યનાં કાર્યક્રમો દરમ્યાન ગ્રામજનો ઉપસ્થિત રહેતા હોય છે. અને પ્રશ્નોના નિરાકરણ થતા રહેતા હોય છે. જેથી અગાઉ ગ્રામોને મળવા-સાંભળવા ગ્રામ્યો વિસ્તારમાં રાત્રી રોકાણ કરવા પડતા હતા જે હવે ઉકત કાર્યક્રમો અનુસંધાને પ્રશ્ન ઉપસ્થિત થતાં નથી. |
| ૧૨ | સાબરકાંઠા | વહીવટી જરૂરીયાત ઉભી થતાં અત્રેથી રાત્રી રોકાણ કરવામાં આવતું હોય છે. |
| ૧૩ | સુરેન્દ્રનગર | રાત્રી રોકાણનો મુખ્ય આશય પ્રજાના પ્રશ્નોને સાંભળવાનો હોય છે. વર્તમાન સમયમાં સંદેશાવ્યવહારના સાધનોમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગ થવાના કારણે અરજદારો પોતાના પ્રશ્નો ત્વરીત રજુ કરી શકે છે. તેમજ માર્ગો તથા વાહન વ્યવહારની આધુનિક સુવિધાને લીધે અરજદારો પોતાની રજુઆત કરવા જિલ્લા મથકે સરળતાથી આવી શકે છે. જેના લીધે જિલ્લા કક્ષાએથી રાત્રી રોકાણ કરેલ નથી. તથા વર્ષ ૨૦૧૨-૧૩ માં ૧૬ તથા ૨૦૧૩-૧૪ માં ૮ પ્રવાસ કરેલ છે. ગ્રામ્ય/તાલુકા કક્ષાએ મોડી રાત્રીના ૨૧.૦૦ કલાક સુધી રોકાયેલ છે. |
| ૧૪ | વસસાડ | - |

(૩) હાલના સમયમાં વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહારની આધુનિક સગવડો ઉપલબ્ધ હોઈ, રાત્રી રોકાણ ન કરવાથી જિલ્લા વિકાસ અધિકારીઓની કામગીરીમાં કોઈ નકારાત્મક અસરની બાબત સરકારશ્રીના ધ્યાને આવેલ ન હોવાથી કોઈ પગલાં લેવાની સ્થિતિ ઉભી થતી નથી.

(૪) રાત્રી રોકાણ કરવા અંગેના આદેશો સરકારશ્રીના પંચાયત વિભાગના તા.૧૦–૮–૧૯૯૨ના ઠરાવ ક્રમાંક–કમભ/૧૦૯૦/૭૧૪/ઝ થી કરવામાં આવેલ છે.

રાજ્યની જિલ્લા પંચાયતોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

અતારાંકિતઃ ૪૨૮૧ (૧૩–૧–૨૦૧૫) શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની જિલ્લા પંચાયતોમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર કરવામાં આવ્યું,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ખાલી જગ્યાઓ હોય ત્યાં વહીવટી કામ માટે શી વ્યવસ્થા કરવામાં આવી ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૭–૪–૨૦૧૫)

(૧) આ સાથે સામેલ પત્રક–૧ મુજબ.

(૨) આ સાથે સામેલ પત્રક–૨ મુજબ.

(૩) ખાલી જગ્યાઓ હોય ત્યાં વહીવટી કામ માટે ચાર્જ સોંપી કામગીરીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

પત્રક–૧

| ક્રમ | જિલ્લાનું નામ | મંજૂર મહેકમ | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૧ | અમદાવાદ | ૧૬ | ૧૦૯ | ૨૦૮૮ | ૫૯૯ |
| ૨ | અમરેલી | ૧૫ | ૧૬૮ | ૨૧૩૮ | ૨૩૮ |
| ૩ | આણંદ | ૧૩ | ૧૪૧ | ૨૦૧૭ | ૨૯૩ |
| ૪ | બનાસકાંઠા | ૧૪ | ૨૮૯ | ૩૩૬૮ | ૪૪૫ |
| ૫ | ભાવનગર | ૧૫ | ૨૦૯ | ૨૭૪૨ | ૪૭૫ |
| ૬ | ભરૂચ | ૧૬ | ૧૪૪ | ૨૧૩૩ | ૩૧૨ |
| ૭ | દાહોદ | ૧૬ | ૧૯૧ | ૨૮૫૬ | ૩૮૭ |
| ૮ | ડાંગ | ૯ | ૬૭ | ૪૫૩ | ૧૧૨ |
| ૯ | ગાંધીનગર | ૧૧ | ૬૮ | ૧૩૭૧ | ૧૧૩ |
| ૧૦ | જામનગર | ૧૯ | ૧૯૭ | ૨૨૨૪ | ૧૬૭ |
| ૧૧ | જૂનાગઢ | ૧૬ | ૨૬ | ૩૦૯૨ | ૩૪૪ |
| ૧૨ | ખેડા | ૧૩ | ૧૭૨ | ૨૩૯૨ | ૫૯૬ |
| ૧૩ | કચ્છ | ૧૫ | ૨૭૪ | ૨૪૭૯ | ૨૮૬ |
| ૧૪ | મહેસાણા | ૧૪ | ૧૯૯ | ૨૫૩૮ | ૫૧૫ |
| ૧૫ | નર્મદા | ૧૫ | ૧૪૪ | ૧૧૮૦ | ૧૪૭ |
| ૧૬ | નવસારી | ૧૬ | ૮ | ૧૮૭૦ | ૧૭૩ |
| ૧૭ | પંચમહાલ | ૧૩ | ૨૪૦ | ૨૮૧૪ | ૩૦૪ |
| ૧૮ | પાટણ | ૧૫ | ૧૩૩ | ૧૬૩૯ | ૨૫૪ |
| ૧૯ | પોરબંદર | ૧૨ | ૬૫ | ૭૦૫ | ૧૦૯ |
| ૨૦ | રાજકોટ | ૧૬ | ૨૧૨ | ૨૯૪૦ | ૪૪૫ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૧૫ | ૧૭૯ | ૨૨૪૮ | ૨૪૪ |
| ૨૨ | સાબરકાંઠા | ૧૫ | ૩૧૨ | ૩૩૫૪ | ૩૪૮ |
| ૨૩ | સુરત | ૧૫ | ૧૯૯ | ૨૬૬૧ | ૩૦૬ |
| ૨૪ | તાપી | ૧૪ | ૧૫ | ૧૪૭૮ | ૨૧૯ |

| ક્રમ | જિલ્લાનું નામ | મંજૂર મહેકમ | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૨૫ | વડોદરા | ૧૫ | ૨૪૪ | ૩૬૪૭ | ૨૧૦ |
| ૨૬ | વલસાડ | ૧૪ | ૮ | ૨૦૪૯ | ૪૯૪ |
| | કુલ | ૩૭૭ | ૪૦૧૩ | ૫૮૪૭૬ | ૮૧૩૫ |

પત્રક–૨

| ક્રમ | જિલ્લાનું નામ | ભરાયેલ જગ્યા | | | | ખાલી જગ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૧ | અમદાવાદ | ૧૩ | ૭૦ | ૧૨૯૬ | ૧૪૮ | ૩ | ૩૯ | ૭૯૨ | ૪૫૧ |
| ૨ | અમરેલી | ૧૦ | ૬૮ | ૧૩૮૮ | ૬૦ | ૫ | ૧૦૦ | ૭૫૦ | ૧૭૮ |
| ૩ | આણંદ | ૯ | ૧૧૦ | ૧૩૨૨ | ૮૭ | ૫ | ૩૧ | ૬૯૫ | ૨૦૬ |
| ૪ | બનાસકાંઠા | ૯ | ૧૬૧ | ૨૨૩૭ | ૨૩૨ | ૪ | ૧૨૮ | ૧૧૩૧ | ૨૧૩ |
| ૫ | ભાવનગર | ૮ | ૯૨ | ૧૭૯૫ | ૨૧૫ | ૭ | ૧૧૭ | ૯૪૭ | ૨૬૦ |
| ૬ | ભરૂચ | ૧૨ | ૯૮ | ૧૧૭૬ | ૧૪૯ | ૪ | ૪૬ | ૯૫૭ | ૧૬૩ |
| ૭ | દાહોદ | ૭ | ૬૩ | ૧૪૨૩ | ૬૫ | ૯ | ૧૨૮ | ૧૪૩૩ | ૩૨૨ |
| ૮ | ડાંગ | ૭ | ૨૮ | ૨૯૮ | ૮૫ | ૨ | ૩૯ | ૧૫૫ | ૨૭ |
| ૯ | ગાંધીનગર | ૯ | ૫૯ | ૧૦૦૮ | ૮૫ | ૨ | ૯ | ૩૬૩ | ૨૮ |
| ૧૦ | જામનગર | ૧૦ | ૯૦ | ૧૩૯૫ | ૧૪૮ | ૯ | ૧૦૭ | ૮૨૯ | ૧૯ |
| ૧૧ | જૂનાગઢ | ૧૧ | ૧૩ | ૧૯૨૯ | ૧૪૮ | ૫ | ૧૩ | ૧૧૬૩ | ૧૯૬ |
| ૧૨ | ખેડા | ૧૦ | ૧૧૬ | ૧૫૧૭ | ૧૫૬ | ૩ | ૫૬ | ૮૭૫ | ૪૪૦ |
| ૧૩ | કચ્છ | ૧૦ | ૧૨૯ | ૧૫૮૪ | ૧૮૮ | ૫ | ૧૪૫ | ૮૯૫ | ૯૮ |
| ૧૪ | મહેસાણા | ૮ | ૧૪૨ | ૧૭૯૭ | ૧૧૬ | ૬ | ૫૭ | ૭૪૧ | ૩૯૯ |
| ૧૫ | નર્મદા | ૮ | ૪૪ | ૬૭૭ | ૧૦૦ | ૭ | ૧૦૦ | ૫૦૩ | ૪૭ |
| ૧૬ | નવસારી | ૧૦ | ૪ | ૧૧૯૮ | ૫૫ | ૬ | ૪ | ૬૭૨ | ૧૧૮ |
| ૧૭ | પંચમહાલ | ૭ | ૧૧૩ | ૧૭૫૦ | ૧૬૩ | ૬ | ૧૨૭ | ૧૦૬૪ | ૧૪૧ |
| ૧૮ | પાટણ | ૭ | ૮૯ | ૧૦૪૫ | ૮૭ | ૮ | ૪૪ | ૫૯૪ | ૧૬૭ |
| ૧૯ | પોરબંદર | ૧૦ | ૨૫ | ૪૦૫ | ૩૪ | ૨ | ૪૦ | ૩૦૦ | ૭૫ |
| ૨૦ | રાજકોટ | ૧૦ | ૧૩૪ | ૧૭૨૨ | ૧૬૭ | ૬ | ૭૮ | ૧૨૧૮ | ૨૭૮ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૭ | ૭૬ | ૧૩૧૯ | ૯૯ | ૮ | ૧૦૩ | ૯૨૯ | ૧૪૫ |
| ૨૨ | સાબરકાંઠા | ૧૦ | ૧૯૪ | ૨૦૭૭ | ૧૭૬ | ૫ | ૧૧૮ | ૧૨૭૭ | ૧૭૨ |
| ૨૩ | સુરત | ૧૧ | ૧૪૫ | ૧૬૭૨ | ૧૫૯ | ૪ | ૫૪ | ૯૮૯ | ૧૪૭ |
| ૨૪ | તાપી | ૧૦ | ૮ | ૯૪૮ | ૮૬ | ૪ | ૭ | ૫૩૦ | ૧૩૩ |
| ૨૫ | વડોદરા | ૮ | ૧૪૮ | ૨૧૬૫ | ૧૮૫ | ૭ | ૯૬ | ૧૪૮૨ | ૨૫ |
| ૨૬ | વલસાડ | ૧૦ | ૩ | ૧૩૦૮ | ૨૮૭ | ૪ | ૫ | ૭૪૧ | ૨૦૭ |
| | કુલ | ૨૪૧ | ૨૨૨૨ | ૩૬૪૫૧ | ૩૪૮૦ | ૧૩૬ | ૧૭૯૧ | ૨૨૦૨૫ | ૪૬૫૫ |

## રાજ્યમાં સરદાર આવાસ યોજના હેઠળ મંજૂર મકાનો

અતારાંકિતઃ ૪૪૮૨ (૨૩–૦૧–૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કુલ કેટલા મકાનો ઉક્ત સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, અને કેટલો ખર્ચ થયો, અને

(૩) કેટલા મકાનો બાંધવાના બાકી છે અને તેના પેટે કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૩–૦૪–૨૦૧૫)

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સરદાર આવાસ યોજના હેઠળ મંજૂર કરેલ મકાનો

| વર્ષ | મંજૂર મકાનો |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૩૯૫૧૭ |
| ૨૦૧૧–૧૨ | ૨૧૩૫૮ |
| ૨૦૧૨–૧૩ | ૪૧૫૭૪૯ |

| | |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૧૬૫૦૨ |
| ૨૦૧૪-૧૫ | ૬૨૭ |
| કુલ | ૪૯૩૭૫૩ |

(જિલ્લાવાર પત્રક સામેલ છે.)

(૨)

| પૂર્ણ મકાનો | થયેલ ખર્ચ રૂ.લાખમાં |
|---|---|
| ૪૧૫૯૩૧ | ૧૭૮૯૪૯.૩૦ |

(૩) ૭૭૭૦૮ મકાનો બાંધવાના બાકી
રૂ.૩૦૬૨૩.૩૯ લાખ ખર્ચનો અંદાજ.

પત્રક

| ક્રમ | જિલ્લો | મંજૂર કરેલ મકાનો | | | | |
|---|---|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૦-૧૧ | વર્ષ ૨૦૧૧-૧૨ | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ | વર્ષ ૨૦૧૪-૧૫ (તા.૩૧-૧૧-૧૪ ની સ્થિતિએ) |
| ૧ | અમદાવાદ | ૦ | ૮૮૨ | ૭૭૬૩ | ૦ | ૦ |
| ૨ | અમરેલી | ૭૯૭ | ૧૪૩ | ૧૦૩૧૨ | ૨ | ૦ |
| ૩ | આણંદ | ૯૨૮૯ | ૫૦ | ૨૯૯૭૨ | ૦ | ૦ |
| ૪ | બનાસકાંઠા | ૭૧૬૯ | ૨૨૪૯ | ૩૦૨૪૫ | ૧૧૭૪ | ૦ |
| ૫ | ભાવનગર | ૦ | ૦ | ૨૩૮૨ | ૧૦૧ | ૦ |
| ૬ | ભરૂચ | ૨૫૦૦ | ૧૦૬૫ | ૧૧૯૮૯ | ૦ | ૦ |
| ૭ | દાહોદ | ૧૩૦૫ | ૪૩૧૩ | ૫૯૫૫૭ | ૦ | ૦ |
| ૮ | ડાંગ | ૪૧૮ | ૧૬૩ | ૫૯૯૪ | ૦ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૧૦૯૬ | ૯૭ | ૪૪૮૧ | ૦ | ૦ |
| ૧૦ | જામનગર | ૦ | ૦ | ૧૦૫૫ | ૦ | ૦ |
| ૧૧ | જુનાગઢ | ૧૩૧૮ | ૬૩૧ | ૩૩૯૩ | ૦ | ૦ |
| ૧૨ | ખેડા | ૬૩૪૮ | ૨૩૨ | ૩૨૯૬૭ | ૧૦૭૩ | ૦ |
| ૧૩ | કચ્છ | ૦ | ૦ | ૨૫૯ | ૨૨૨૨ | ૧૫૧ |
| ૧૪ | મહેસાણા | ૧૦૦ | ૨૭૫ | ૯૪૧૨ | ૦ | ૦ |
| ૧૫ | નર્મદા | ૨૬૯૪ | ૬૬૦ | ૨૩૪૫૦ | ૦ | ૦ |
| ૧૬ | નવસારી | ૦ | ૦ | ૧૦૭૨૦ | ૦ | ૦ |
| ૧૭ | પંચમહાલ | ૪૬૪ | ૩૨૨૫ | ૪૬૫૫૫ | ૧૦૬૪૯ | ૪૭૬ |
| ૧૮ | પોરબંદર | ૦ | ૦ | ૭૩૯ | ૬૨ | ૦ |
| ૧૯ | પાટણ | ૧૩૨૨ | ૧૪૧૬ | ૫૭૪૭ | ૧૨૧૦ | ૦ |
| ૨૦ | રાજકોટ | ૦ | ૧૭ | ૨૮૨૫ | ૨ | ૦ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૬૦૦ | ૩૪૩ | ૫૪૭૦ | ૦ | ૦ |
| ૨૨ | સાબરકાંઠા | ૬૪૫ | ૨૯૯૩ | ૪૧૨૪ | ૦ | ૦ |
| ૨૩ | સુરત | ૦ | ૦ | ૧૪૩૯૨ | ૦ | ૦ |
| ૨૪ | વડોદરા | ૨૧૮૭ | ૨૬૦૪ | ૪૪૯૪૨ | ૦ | ૦ |
| ૨૫ | વલસાડ | ૧૨૬૫ | ૦ | ૨૧૮૯૮ | ૭ | ૦ |
| ૨૬ | તાપી | ૦ | ૦ | ૨૫૧૦૬ | ૦ | ૦ |
| | કુલ | ૩૯૫૧૭ | ૨૧૩૫૮ | ૪૧૫૭૪૯ | ૧૬૫૦૨ | ૬૨૭ |

મહેસાણા, અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી

અતારાંકિતઃ ૪૫૩૯ (૨૧-૦૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા, અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ કેટલાં શૌચાલય બાંધવાની કામગીરી કઇ સંસ્થાઓ મારફતે કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ કામગીરીમાં ગેરરીતિની કેટલી ફરિયાદો મળી, તે અંગે શી કાર્યવાહી કરી,

(૩) આ કામગીરી કરતી કઇ સંસ્થાઓને બ્લેક લીસ્ટ કરવામાં આવી, આ બ્લેક લીસ્ટ થયેલ સંસ્થાઓને ફરીથી કામગીરી આપેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો તેનાં શાં કારણો છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૪-૦૪-૨૦૧૫)

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા, અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ કેટલાં શૌચાલય બાંધવાની કામગીરી કોઇ સંસ્થાઓ મારફતે કરવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તળાજા તાલુકામાં બંધારા અને ક્ષારવાળી જમીનને ફળદ્રુપ બનાવવા આડ બંધ બાંધવા અંગે

અતારાંકિતઃ ૪૭૯૯ (૦૪-૦૨-૨૦૧૫) શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ (પાલીતાણા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ક્યા ગામોને બંધારા અને ક્ષારવાળી જમીનને ફળદ્રુપ કરવા માટે તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્ય સરકાર આડબંધ બાંધવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧-૫-૨૦૧૫)

(૧) હા, જી. ભારોલી ગામે આડબંધ (ચેકડેમ)નું કામ પ્રગતિ હેઠળ છે તથા બીજા ચાર તેમજ ભાલર ગામે બે અને સથરા ગામે એક આડબંધનું આયોજન છે. તલ્લી, વેજોદરી, મેથળા, વાલર, ભાભોર ગામોની જમીનને ફાયદો કરવા મેથળા બંધારા તથા સરતાનપર, લીલીવાવ તથા દકાણા ગામોની જમીનને ફાયદો કરવા સારુ આડબંધનું આયોજન છે.

(૨) પથરેખા બાબતે લોકસંમતિ અને વન વિભાગની મંજૂરી મળ્યે તેમજ નાણાકીય ઉપલબ્ધિ અનુસાર બાંધવાનું આયોજન છે.

અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા અને તાલુકા પંચાયતે ચૂંટાયેલ સભ્યોના ઘરે શૌચાલય બાબત

અતારાંકિતઃ ૪૮૦૭ (૦૩-૦૩-૨૦૧૫) શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા અને તાલુકા પંચાયતમાં કેટલા સભ્યો ચૂંટાયેલા છે,

(૨) તે પૈકી કેટલા સભ્યોના ઘરે શૌચાલય છે અને કેટલા સભ્યોના ઘરે શૌચાલય નથી,

(૩) ઉક્ત સ્થિતિએ જે સભ્યોના ઘરે શૌચાલય ન હોય તો ફરજિયાત શૌચાલયના કાયદા અનુસાર કેટલા સભ્યો સામે શી કાર્યવાહી કરી ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૨-૦૪-૨૦૧૫)

(૧)

| ક્રમ | જિલ્લો | જિલ્લા પંચાયતના સભ્યો | તાલુકા પંચાયતના સભ્યો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૩ | ૧૭૮ | ૨૧૧ |
| ૨ | સાબરકાંઠા | ૨૫ | ૧૩૭ | ૧૬૨ |

(૨) તમામ સભ્યોશ્રીઓના ઘરે શૌચાલય ઉપલબ્ધ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાજ્યમાં આસારામ આશ્રમ દ્વારા ગેરકાયદેસર રીતે જમીન ઉપર દબાણ

અતારાંકિતઃ ૩૫૦૪ (૦૪-૧૦-૨૦૧૪) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૭-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં આસારામ આશ્રમ દ્વારા ગેરકાયદેસર રીતે જમીન પર કબ્જો/દબાણ કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કઇ–કઇ જગ્યાએ કેટ કેટલી જમીન પર કબ્જો/દબાણ કરેલ છે,

(૩) આવા દબાણો દૂર કરવા રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં ક્યારે–ક્યારે શી કાર્યવાહી કરી ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) : (૧૭–૦૪–૨૦૧૫)

(૧) સામેલ પત્રકની કોલમ ૨ અને ૩ અનુસાર.

(૨) સામેલ પત્રકની કોલમ ૨ અને ૪ અનુસાર.

(૩) સામેલ પત્રકની કોલમ ૨ અને ૫ અનુસાર.

પત્રક

| ક્રમ | જિલ્લો | તા.૩૧–૦૭–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં આસારામ આશ્રમ દ્વારા ગેરકાયદેસર રીતે જમીન પર કબ્જો/દબાણ કરેલ છે તે હકીકત સાચી છે | જો હા, તો કઇ–કઇ જગ્યાએ કેટ કેટલી જમીન પર કબ્જો/દબાણ કરેલ છે | આવા દબાણો દૂર કરવા રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં ક્યારે–ક્યારે શી કાર્યવાહી કરી ? |
|---|---|---|---|---|
| ૧ | કચ્છ | ના, જી | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૨ | સુરેન્દ્રનગર | | | |
| ૩ | જામનગર | | | |
| ૪ | રાજકોટ | | | |
| ૫ | ભાવનગર | | | |
| ૬ | જૂનાગઢ | હા | જૂનાગઢ તળપદના સ.નં.૩૬ ના બે એકરનું આંબાવાડીયું ગેરકાયદેસર ખરીદ કરેલ છે | કોર્ટ મેટર ચાલુમાં છે |
| ૭ | અમરેલી | ના, જી | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૮ | બનાસકાંઠા | | | |
| ૯ | સાબરકાંઠા | | | |
| ૧૦ | મહેસાણા | | | |
| ૧૧ | અમદાવાદ | | | |
| ૧૨ | ખેડા | | | |
| ૧૩ | પંચમહાલ | | | |
| ૧૪ | વડોદરા | | | |
| ૧૫ | ભરૂચ | | | |
| ૧૬ | સુરત | | | |
| ૧૭ | નવસારી | | | |
| ૧૮ | વલસાડ | હા | તા.વલસાડ–૯૫૦૦ ચો.મી. તા.વાપી–દિવાલ બનાવી દબાણ કરેલ છે – સદરહુ દબાણની માપણી થયેલ નથી. | તા.વલસાડ–વન ખાતાની જમીન હોઇ અત્રેથી કાર્યવાહી કરવાની રહેતી નથી. તા.વાપી–કાર્યવાહી ચાલુમાં છે. |
| ૧૯ | ડાંગ | ના, જી | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૨૦ | ગાંધીનગર | | | |
| ૨૧ | આણંદ | | | |
| ૨૨ | નર્મદા | | | |
| ૨૩ | પોરબંદર | | | |
| ૨૪ | પાટણ | | | |
| ૨૫ | દાહોદ | | | |
| ૨૬ | તાપી | | | |
| ૨૭ | અરવલ્લી | | | |

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | જિલ્લો | તા.૩૧-૦૭-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં આસારામ આશ્રમ દ્વારા ગેરકાયદેસર રીતે જમીન પર કબ્જો/દબાણ કરેલ છે તે હકીકત સાચી છે | જો હા, તો કઇ-કઇ જગ્યાએ કેટ કેટલી જમીન પર કબ્જો/દબાણ કરેલ છે | આવા દબાણો દૂર કરવા રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં ક્યારે-ક્યારે શી કાર્યવાહી કરી ? |
|---|---|---|---|---|
| ૨૮ | ગીર સોમનાથ | | | |
| ૨૯ | બોટાદ | ના, જી | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૩૦ | છોટાઉદેપુર | | | |
| ૩૧ | મહીસાગર | | | |
| ૩૨ | મોરબી | | | |
| ૩૩ | દેવભૂમિ દ્વારકા | | | |

વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં ખેતીની જમીનની વારસાઇ એન્ટ્રીની અરજી બાબત

અતારાંકિતઃ ૪૦૪૮ (૦૯-૦૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં ખેતીની જમીનની વારસાઇ એનટ્રીની કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે,

(૪) અરજીઓ પડતર રહેવાના શાં કારણો છે, અને

(૫) બાકી રહેલ અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવનાર છે.

મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) : (૦૪-૦૫-૨૦૧૫)

| | | |
|---|---|---|
| (૧) | વલસાડ | ૨૨૦૬૫ |
| | નવસારી | ૨૫૦૪૨ |
| | ડાંગ | ૩૫૮૭ |
| (૨) | વલસાડ | ૨૨૦૧૪ |
| | નવસારી | ૨૪૭૩૭ |
| | ડાંગ | ૩૫૮૨ |
| (૩) | વલસાડ | ૫૧ |
| | નવસારી | ૩૦૫ |
| | ડાંગ | ૫ |

(૪) નોંધો તકરારી હોવાથી તથા મુદત પૂર્ણ થયેલ ન હોવાથી.

(૫) બનતી ત્વરાએ.

ભાવનગર જિલ્લામાં ઉદ્યોગોને જમીન ફાળવવા બાબત

અતારાંકિતઃ ૪૧૯૭ (૨૧-૦૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૪ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ક્યા ઉદ્યોગોને ક્યા હેતુ માટે જમીન ફાળવવામાં આવી,

(૨) કયા ભાવથી કેટલી જમીન આપી,

(૩) આ જમીન ફાળવણીમાં જિલ્લા અને રાજ્ય મુલ્યાંકન સમિતિએ કેટલો ભાવ નક્કી કર્યો હતો,

(૪) આ સર્વે નંબરની જંત્રી શું હતી, અને

(૫) જમીન ફાળવણી વખતે જંત્રીને ધ્યાને લેવામાં આવે છે કે કેમ ?

મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) : (૨૮-૦૪-૨૦૧૫)

અતારાંકિત પ્રશ્નો

(૧), (૨), (૩), (૪) અને (૫)

સામેલ પત્રક–૧ મુજબ.

પત્રક– ૧

ભાવનગર જિલ્લામાં ઉદ્યોગોને જમીન ફાળવવા બાબત

| ક્રમ | વર્ષ | તા.૩૧–૧૧–૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ક્યા ઉદ્યોગોને જમીન ફાળવી? | જમીન ફાળવણીનો હેતુ | સવાલવાળી જમીનનું સ્થળ | સર્વે નંબર | જમીનનો પ્રકાર (સરકારી/ ગૌચર) | ફાળવેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.)માં | ભાવ (પ્રતિ ચો.મી.) | જિલ્લા મુલ્યાંકન સમિતિ દ્વારા નક્કી કરેલ ભાવ | રાજ્ય મુલ્યાંકન સમિતિ દ્વારા નક્કી કરેલ ભાવ | જંત્રી ભાવ | જંત્રીને ધ્યાને લેવામાં આવેલ છે કે કેમ? | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| તા.૧–૧૨–૨૦૦૯ થી તા.૩૧–૧૧–૨૦૧૦ | | | | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | | | | |
| નીલ | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| તા.૧–૧૨–૨૦૧૦ થી તા.૩૦–૧૧–૨૦૧૧ | | | | | | | | | | | | | |
| ૧* | ૧–૧૨–૨૦૧૦ થી ૩૦–૧૧–૨૦૧૧ | કે.પી. એનર્જી લી. સુરત | વિન્ડ ફાર્મ ઉદ્યોગ | માતલપર, તા.જેસર | ૧૫૫/૧ અ પૈકી | સરકારી | ૮૦૦૦૦–૦૦ | – | – | – | – | હા | સરકારીશ્રીના મહેસૂલ વિભાગના તા.૨–૧૨–૨૦૧૪ ના ઠરાવ નં.જમન/૩૯૦૩/યુ.ઓ.આર.–૨૯/અ. ની જોગવાઇ મુજબ પ્રતિ હેક્ટર વાર્ષિક રૂ.૧૦,૦૦૦/– લેખે ભાડા પટ્ટે |
| | | કે.પી. એનર્જી લી. સુરત | ,, | કરમદીયા, તા.મહુવા | ૮૬/૧ પૈકી | ,, | ૧૮૦૦૦૦–૦૦ | – | – | – | – | હા | ,, |
| | કુલ જમીન | | | | | | ૨૬૦૦૦૦–૦૦ | | | | | | |
| તા.૧–૧૨–૨૦૧૧ થી તા.૩૦–૧૧–૨૦૧૨ | | | | | | | | | | | | | |
| ૧* | તા.૧–૧૨–૨૦૧૧ થી તા.૩૦–૧૧–૨૦૧૨ | થીયોલીયા વિન્ડ પાવર પ્રા.લી. નવી દિલ્હી | વિન્ડ ફાર્મ ઉદ્યોગ | રોજમાળ, તા.ગઢડા | ૫૭ પૈકી ૧૧/૧ પૈકી ૧ | સરકારી | ૮૦૦૦૦–૦૦ | – | – | – | – | હા | સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૨–૧૨–૨૦૦૪ ના ઠરાવ નં.જમન/૩૯૦૩/ઓ.આર.–૨૯/અ ની જોગવાઇ મુજબ પ્રતિ હેક્ટર વાર્ષિક રૂ.૧૦,૦૦૦/– લેખે ભાડા પટ્ટે |
| ૨* | | થીયોલીયા વિન્ડ પાવર પ્રા.લી. નવી દિલ્હી | ,, | વિરાવાડી તા.ગઢડા | ૬૦ પૈકી ૩ | ,, | ૨૦૦૦૦–૦૦ | – | – | – | – | હા | ,, |
| ૩* | | આઇનોક્ષ રીન્યુએબલ્સ લી. રાજકોટ | ,, | રાયપર, ગઢડા | ૧૭૩/૧ અ/૧ | ,, | ૩૦૦૦૦–૦૦ | – | – | – | – | હા | ,, |
| ૪* | | આઇનોક્ષ રીન્યુએબલ્સ લી. રાજકોટ | ,, | રતનવાવ, તા.ગઢડા | ૩૫ પૈકી ૧ | ,, | ૧૦૦૦૦–૦૦ | – | – | – | – | હા | ,, |
| ૫* | | આઇનોક્ષ રીન્યુએબલ્સ લી. રાજકોટ | ,, | રામપરા, તા.ગઢડા | ૧૮૩/અ પૈકી ૧ | ,, | ૧૦૦૦૦–૦૦ | – | – | – | – | હા | ,, |
| ૬* | | આઇનોક્ષ રીન્યુએબલ્સ લી. રાજકોટ | ,, | ઇતરીયા, તા.ગઢડા | ૧૪૭ પૈકી ૧૮ | ,, | ૭૦૦૦૦–૦૦ | – | – | – | – | હા | ,, |
| ૭* | તા.૧–૧૨–૨૦૧૧ થી તા.૩૦–૧૧– | આઇનોક્ષ રીન્યુએબલ્સ લી. રાજકોટ | ,, | વિરાવાડી, તા.ગઢડા | ૬૦ પૈકી ૩ | ,, | ૨૦૦૦૦–૦૦ | – | – | – | – | હા | ,, |

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | વર્ષ | તા.૩૧-૧૧-૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ક્યા ઉદ્યોગોને જમીન ફાળવી? | જમીન ફાળવણીનો હેતુ | સવાલવાળી જમીનનું સ્થળ | સર્વે નંબર | જમીનનો પ્રકાર (સરકારી/ ગૌચર) | ફાળવેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.)માં | ભાવ (પ્રતિ ચો.મી.) | જિલ્લા મુલ્યાંકન સમિતિ દ્વારા નક્કી કરેલ ભાવ | રાજ્ય મુલ્યાંકન સમિતિ દ્વારા નક્કી કરેલ ભાવ | જંત્રી ભાવ | જંત્રીને ધ્યાને લેવામાં આવેલ છે કે કેમ? | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| | ૨૦૧૨ | | | | | | | | | | | | |
| ૮* | | આઇનોક્ષ રીન્યુએબલ્સ લી. રાજકોટ | ,, | રોજમાળ, તા.ગઢડા | ૫૭ પૈકી ૧૧/૧ પૈકી ૧ | ,, | ૧૦૦૦૦-૦૦ | - | - | - | - | હા | ,, |
| ૯* | | વીર એનર્જી એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લી. અમદાવાદ | વિન્ડ ફાર્મ ઉદ્યોગ | કુંઢડા તા.તળાજા | ૧૨૩/૧ અ પૈકી ૧ | સરકારી | ૯૦૦૦૦-૦૦ | - | - | રૂ.૧૮૦/- | - | હા | સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૨-૧૨-૨૦૦૪ ના ઠરાવ નં.જમન/૩૯૦૩/ઓ.આર.-૨૯/અ ની જોગવાઇ મુજબ પ્રતિ હેક્ટર વાર્ષિક રૂ.૧૦,૦૦૦/- લેખે ભાડા પટ્ટે |
| ૧૦* | | વીર એનર્જી એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લી. અમદાવાદ | વિન્ડ ફાર્મ ઉદ્યોગ | કુંઢડા તા.તળાજા | ૧૨૩/૧ અ પૈકી ૧ | સરકારી | ૧૮૦૦૦૦-૦૦ | - | - | રૂ.૧૮૦/- | - | હા | ,, |
| | કુલ જમીન | | | | | | ૫૨-૦૦-૦૦ | | | | | | |
| | ભાવનગર જિલ્લો | તા.૧-૧૨-૨૦૧૨ થી તા.૩૦-૧૧-૨૦૧૩ | | | | | | | | | | | |
| ૧* | તા.૧-૧૨-૨૦૧૨ થી તા.૩૦-૧૧-૨૦૧૩ | આઇનોક્ષ રીન્યુએબલ્સ લી. રાજકોટ | વિન્ડ ફાર્મ ઉદ્યોગ | મોટી કુંડળ, તા.ગઢડા | ૧૨૬ પૈકી ૧/૧ | સરકારી | ૬૦૦૦૦-૦૦ | - | - | - | રૂ.૧૭૦/- | હા | સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૨-૧૨-૨૦૦૪ ના ઠરાવ નં.જમન/૩૯૦૩/યુ.ઓ.આર.-૨૯/અ ની જોગવાઇ મુજબ પ્રતિ હેક્ટર વાર્ષિક રૂ.૧૦,૦૦૦/- લેખે ભાડા પટ્ટે |
| ૨* | | ,, | ,, | સમઢીયાળા, તા.ગઢડા | ૧૬૫/૧ પૈકી ૭ પૈકી ૧ | ,, | ૨૦૦૦૦-૦૦ | - | - | - | રૂ.૨૦૪/- | હા | ,, |
| ૩* | | ,, | ,, | સીતાપર, તા.ગઢડા | ૧૨૯ પૈકી ૧૩ | ,, | ૬૦૦૦૦-૦૦ | - | - | - | રૂ.૧૮૦/- | હા | ,, |
| ૪* | | શ્રી વાસુરભાઈ આલાભાઈ ખમળ, રહે. સખવદર, તા.શિહોર | સ્ટોન ક્રશર | મોટી માંડવાળી, તા.તળાજા | ૮૩/૧ પૈકી ૧ | ,, | ૧૯૯૭-૧૬ | રૂ.૨૫૦/- | રૂ.૨૫૦/- | - | રૂ.૨૧૦/- | હા | ,, |
| | કુલ જમીન | | | | | | ૧૪-૧૯-૯૭.૧૬ | | | | | | |

Table 1

| | | |
|---|---|---|
| | તા.૧-૧૨-૨૦૧૩ થી તા.૩૦-૧૧-૨૦૧૪ | |
| | નીલ | |
| | * આ તમામ ક્રમ નંબરોવાળા ગામોનો હાલમા બોટાદ જિલ્લામાં સમાવેશ થાય છે. | |

અતારાંકિત પ્રશ્નો

## ખુલ્લા બોરકુવા/ભયજનક ઉંડા ખાડાઓને સુરક્ષિત કરવા બાબતે

અતારાંકિતઃ ૪૭૪૦ (૦૪–૦૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ડીઝાસ્ટર મેનેજમેન્ટ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ખુલ્લા બોરકુવા તથા ભયજનક ઉંડા ખાડાઓને સુરક્ષિત કરવા માટે સુપ્રિમ કોર્ટ રીટપીટીશન (સીવીલ) નં.૩૬/૨૦૦૯ માં ફેબ્રુઆરી ૨૦૧૦ માં સ્પષ્ટ આદેશો આપ્યા છે તે હકીકત સરકાર જાણે છે કે કેમ,

(૨) જો હા, તો સુપ્રિમ કોર્ટના ઉપરોક્ત આદેશ પછી તા.૩૦ નવેમ્બર, ૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં ખુલ્લા બોરવેલમાં બાળકો પડી જવાની જગ્યાએ કેટલી ઘટનાઓ છેલ્લા ત્રણ વર્ષમાં બની,

(૩) આ માટે આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી થઇ, અને

(૪) બોરવેલને સુરક્ષિત કરાવવામાં નિષ્ફળ ગયેલા જવાબદાર અધિકારીઓ સામે શાં પગલાં લેવાયા છે ?

મુખ્યમંત્રીશ્રી (ડીઝાસ્ટર મેનેજમેન્ટ) : (૨૮–૦૪–૨૦૧૫)

(૧) હા, જી.

(૨) તા.૩૦ નવેમ્બર, ૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં આવી કુલ–૩(ત્રણ) ઘટનાઓ બની.

(૩) આ માટે બે કેસમાં આરોપીઓ સામે ઇન્ડીયન પીનલ કોડ અંતર્ગત ગુન્હો દાખલ કરવામાં આવેલ છે. એક કેસમાં અકસ્માતે બનાવ બનેલ હોવાથી કોઇપણ ઇસમને જવાબદાર ઠેરવવામાં આવેલ નથી.

(૪) ત્રણેય કેસમાં કોઇ અધિકારી જવાબદાર ન હોઇ, પગલા લેવાનો પ્રશ્ન નથી.

અતારાંકિત યાદીમાં સમાવેલ પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૪૮૦૧, ૪૮૨૮ | ૦૨ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૪૫૪૫ | ૦૧ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૩૩૪૯ | ૦૧ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ | ૪૩૩૩ | ૦૧ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૪૦૮૦, ૪૪૯૩, ૪૭૩૦, ૪૭૩૩, ૪૭૪૪, ૪૭૪૬, ૪૭૫૦, ૪૭૫૩, ૪૭૫૫, ૪૭૫૭, ૪૭૫૮, ૪૭૬૦, ૪૭૬૨, ૪૭૬૬, ૪૭૬૮, ૪૭૭૦, ૪૭૭૩, ૪૭૭૫, ૪૭૭૬, ૪૭૭૮, ૪૭૭૯, ૪૭૯૧ | ૨૨ |
| ૬ | ગૃહ વિભાગ | ૫૮૫૯ | ૦૧ |
| ૭ | શ્રમ અને રોજગાર વિભાગ | ૪૨૮૭, ૪૨૮૮, ૪૪૯૯, ૪૫૦૦ | ૦૪ |
| ૮ | કાયદા વિભાગ | ૪૮૧૩, ૪૮૧૯, ૪૮૨૦, ૪૮૨૧, ૪૮૨૨, ૪૮૨૯, ૪૮૩૦, ૪૮૩૧ | ૦૮ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૪૦૩૧, ૪૨૮૧, ૪૪૮૨, ૪૫૩૯, ૪૭૯૯, ૪૮૦૭ | ૦૬ |
| ૧૦ | મહેસૂલ વિભાગ | ૩૫૦૪, ૪૦૪૮, ૪૧૯૭, ૪૭૪૦ | ૦૪ |
| | | કુલ | ૫૦ |

ત્રીજી અતારાંકિત યાદી

## અધિકારીઓને વિદેશ તાલીમ માટે મંજુરી બાબત

અતારાંકિતઃ ૪૮૨૪ (૧૧–૦૩–૨૦૧૫) શ્રી અમિત અ. ચાવડા (આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ ક્યા સંવર્ગના કેટલા અધિકારીશ્રીઓને વિદેશ તાલીમ અર્થે છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવી,

(૨) આ અધિકારીશ્રીઓની તાલીમ પાછળ સરકાર તરફથી કોઇ સહાય અથવા ખર્ચ આપવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો કુલ કેટલી રકમ આપવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) : (૧૭–૦૬–૨૦૧૫)

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ નિમ્નદર્શિત સંવર્ગના અધિકારીશ્રીઓ વિદેશ તાલીમમાં ગયેલ છે.

| સંવર્ગ | સંખ્યા |
|---|---|
| આઇ.એ.એસ. | ૨૯ |
| આઇ.પી.એસ. | ૦૧ |
| જી.એ.એસ. | ૩૪ |
| સચિવાલય | ૧૭ |
| ખાતાના વડા | ૨૮ |
| અન્ય | ૪૫ |
| કુલ | ૧૫૪ |

(૨) અને (૩) : રાજ્ય સરકારે તાલીમ પાછળ રૂ.૪,૨૨,૫૧૨/– નો ખર્ચ કરેલ છે અને પ્રિ–ડીપાર્ચર ખર્ચ રૂ.૪,૪૯,૨૯૯/– કરેલ છે. કુલ ખર્ચ રૂ.૮,૭૧,૮૧૧/– નો ખર્ચ કરેલ છે.

રાજ્યનું કુલ જાહેર દેવું

અતારાંકિતઃ ૫૪૮૬ (૨૩–૦૬–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યનું કુલ જાહેર દેવું કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ દેવા પેટે છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલું વ્યાજ કોને ચુકવવામાં આવ્યું, અને તેનો વ્યાજદર શું હતો, અને

(૩) તે અન્વયે કુલ કેટલા વ્યાજની ચુકવણી થઇ ?

એચબી–૨૧૫–૧-(સીસ–૧૦)

નાણા મંત્રીશ્રી : (૧૦–૦૭–૨૦૧૫)

(૧)

| નાણાકીય વર્ષ | કુલ જાહેર દેવું (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૧૦૮૭૪ |
| ૨૦૧૧–૧૨ | ૧૨૩૪૦૬ |
| ૨૦૧૨–૧૩ | ૧૩૬૩૬૭ |
| ૨૦૧૩–૧૪ | ૧૪૯૫૦૬ |
| ૨૦૧૪–૧૫ | ૧૬૫૭૪૨ |

(૨)

| નાણાકીય વર્ષ | ચુકવેલ વ્યાજ (રૂ.કરોડમાં) | વ્યાજનો દર (%) | કોને ચુકવવામાં આવ્યું |
|---|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૮૫૬૨ | ૫.૬ થી ૧૨ | કેન્દ્ર સરકાર, નાબાર્ડ–હુડકો, ભારતીય રીઝર્વ બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા અને ઓરીયન્ટલ બેંક ઓફ કોમર્સ. |
| ૨૦૧૧–૧૨ | ૯૮૪૦ | ૫.૬ થી ૧૨ | |
| ૨૦૧૨–૧૩ | ૧૦૮૮૩ | ૫.૬ થી ૧૦.૫૦ | |
| ૨૦૧૩–૧૪ | ૧૧૯૧૬ | ૫.૬ થી ૧૦.૫૦ | |
| ૨૦૧૪–૧૫ | ૧૩૨૯૭ | ૫.૬ થી ૧૨ | |

(૩)

| નાણાકીય વર્ષ | ચુકવેલ વ્યાજ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૮૫૬૨ |

| | |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૯૮૪૦ |
| ૨૦૧૨-૧૩ | ૧૦૮૮૩ |
| ૨૦૧૩-૧૪ | ૧૧૯૧૬ |
| ૨૦૧૪-૧૫ | ૧૩૨૯૭ |

ડાંગ જિલ્લામાં સાગના વૃક્ષો કાપવા બાબત

અતારાંકિતઃ ૪૦૪૦ (૦૯-૦૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં પુર્ણા વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરીનાં સાત કમ્પાર્ટમેન્ટમાંથી ૫૦૦ જેટલાં કિંમતી સાગનાં વૃક્ષો કાપી નખાયા છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આ ગેરકાયદે વૃક્ષો કાપવાનાં શાં કારણો છે,

(૩) આ વૃક્ષો કાપવા માટે સુપ્રિમ કોર્ટની પરવાનગી લીધી હતી કે કેમ,

(૪) જો હા, તો ક્યારે અને તેની વિગતો શી છે, અને

(૫) જવાબદારો સામે શાં પગલાં ભર્યા ?

વન મંત્રીશ્રી : (૨૧-૦૫-૨૦૧૫)

(૧) હા, જી.

તા.૩૧-૧૦-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં પુર્ણા વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરીમાં પવનથી ઉખડી પડેલા (પડઝડના) ૪૫૫ વૃક્ષોને ટુકડા કરીને ખસેડવામાં આવેલ છે.

(૨) ૧. પાયાના ક્ષેત્રીય કર્મચારીઓમાં નીતિ અંગેની ગેરસમજ.

૨. ક્ષેત્રીય કર્મચારીઓની નિષ્કાળજી.

(૩) ના, જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવેલ છે.

મુંદ્રા ખાતે પર્યાવરણીય જોગવાઇઓનો ભંગ કરી દરિયાઇ જીવસૃષ્ટિ અને મેંગૃવ્સના વૃક્ષને ભારે નુકશાન

અતારાંકિતઃ ૪૫૧૫ (૧૫-૦૩-૨૦૧૫) શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ અદાણી પોર્ટ અને સેઝ દ્વારા મુંદ્રા ખાતે પર્યાવરણીય જોગવાઇઓનો ભંગ કરી દરીયાઇ જીવસૃષ્ટી અને મેંગૃવ્સનાં વૃક્ષને ભારે નુકશાન થઇ રહ્યું છે તે હકીકત ખરી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં આ અંગે સરકાર દ્વારા શી કાર્યવાહી કરી, તેની વિગતો શી છે ?

પર્યાવરણ મંત્રીશ્રી : (૦૯-૦૭-૨૦૧૫)

(૧) અદાણી પોર્ટ અને સેઝ દ્વારા મુંદ્રા ખાતે પર્યાવરણીય જોગવાઇઓનો ભંગ કરી દરીયાઇ જીવસૃષ્ટી અને મેંગૃવ્સના વૃક્ષોને ભારે નુકશાન થઇ રહ્યા અંગે ગુજરાત સરકાર તેમજ ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયને વિવિધ રજૂઆતો મળેલ.

(૨) મેસર્સ અદાણી પોર્ટ અને સેઝ દ્વારા મુંદ્રા ખાતે પર્યાવરણીય જોગવાઇઓનો ભંગ કરી દરીયાઇ જીવસૃષ્ટી અને મેંગૃવ્સના વૃક્ષો ભારે નુકશાન થઇ રહ્યા અંગે ગુજરાત સરકાર તેમજ પર્યાવરણ અને વન મંત્રાલય ભારત સરકારશ્રીને વિવિધ રજૂઆતો મળેલ તેમત ખેતી વિકાસ સેવા ટ્રસ્ટ દ્વારા નામદાર વડી અદાલતમાં એક PIL પણ દાખલ કરવામાં આવેલ છે.

પર્યાવરણ અને વન મંત્રાલય, ભારત સરકારશ્રીને મળેલ રજૂઆતો અન્વયે પર્યાવરણ અને વન મંત્રાલય ભારત સરકારશ્રી દ્વારા અદાણી પોર્ટ અને સેઝ દ્વારા મુંદ્રા ખાતે પર્યાવરણીય જોગવાઇઓનો ભંગ કરી દરીયાઇ જીવસૃષ્ટી અને મેંગૃવ્સના વૃક્ષોને ભારે નુકશાન થવા બાબતેની ચકાસણી કરવા માટે મુલાકાત લેવામાં આવેલ તેમજ નામદાર અદાલત દ્વારા આપવામાં આવેલ આદેશ અનુસાર સુ શ્રી સુનીતા નારાયણ, નિયામક, સી.ઓ.ઇ. દિલ્હીના અધ્યક્ષ પણાં હેઠળ પાંચ

સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવેલ. આ સમિતિ દ્વારા તા.૨૧–૨૩ જાન્યુઆરી, ૨૦૧૩ ના રોજ અદાણી પોર્ટ અને એસ.સી.ઝેડ. ને કરેલ તેમજ તેમનો અહેવાલ ભારત સરકારશ્રીને તા.૧૮–૦૪–૨૦૧૩ ના રોજ વિવિધ ભલામણો માટે સુપ્રત કરેલ.

સુ શ્રી સુનીતા નારાયણ કમીટી દ્વારા રજૂ કરાયેલ રીપોર્ટનો ભારત સરકારશ્રીએ સ્વીકાર કરીને તેમના તા.૩૦–૦૯–૨૦૧૩ ના રોજ ગુજરાત સરકારશ્રી, વન અને પર્યાવરણ વિભાગને કેટલાક પગલા ભરવા માટે ભલામણ કરેલ જે અન્વયે ભારત સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ સુચનાઓ અને ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરીટીની મિટીંગોમાં લેવાયેલા નિર્ણયો તેમજ સરકારશ્રીના મંજૂરી બાદ નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- મેસર્સ અદાણી પોર્ટ અને એસ.ઇ.ઝેડ. ને તા.૧૮–૧૨–૨૦૧૦ ના રોજ પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ કલમ–૫ હેઠળ મેંગ્રૂવ્સનો નાશ ન કરવા માટે તેમજ હયાત મેંગ્રુવ્સના રક્ષણ માટે જરૂરી સ્ટાફની ભરતી કરવા માટે અને મેંગ્રુવ્સનો રેકોર્ડ રાખવા માટે નિર્દેશો આપવામાં આવેલ.
- અદાણી પોર્ટ અને એસ.ઇ.ઝેડ.ને તા.૦૩–૦૩–૨૦૧૧ ના રોજ પર્યાવરણ અધિનિયમ, ૧૯૮૬ કલમ–૫ હેઠળ પર્યાવરણ અને વન મંત્રાલય ભારત સરકારશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી પુરી પાડવા માટે નિર્દેશો આપવામાં આવેલ.
- રૂ.૨૦૦ કરોડના પર્યાવરણીય પુનઃસ્થાપન ફંડના ઉપયોગ કરવા માટે ભારત સરકારશ્રી દ્વારા સુચવ્યા મુજબની સમિતિની રચના તા.૭–૧–૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ છે.
- કલેક્ટરશ્રી કચ્છ તેમજ સી.ઇ.ઓ. ગુજરાત ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી અને અદાણી પોર્ટ અને એસ.ઇ.ઝેડ. ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન ને જિલ્લા ડીઝાસ્ટર પ્લાન સાથે એકત્રીત કરવા માટે તા.૭–૧–૨૦૧૪ ના રોજ જણાવેલ છે.
- ફિશરીઝ કમીશ્નર, ગુજરાત રાજ્ય તથા ગુજરાત મેરી ટાઇમ બોર્ડને ભદ્રેશ્વર ખાતે ફિશીંગ હાર્બર બનાવવા માટે તા.૭–૧–૨૦૧૪ ના રોજ જણાવેલ છે.
- મહેસૂલ વિભાગને ગૌચર જમીન નિતી ની પર્યાવરણીય અસરો તેમજ જીવન નિર્વાહને ધ્યાને લઇને હયાત નિતીની સમીક્ષા કરવા માટે તા.૨–૦૧–૨૦૧૪ ના રોજ જણાવેલ છે.
- અદાણી પોર્ટ અને એસ.ઇ.ઝેડ. લિમીટેડની બે વર્ષ સુધી મોનીટરીંગ કરવા માટેની કમિટીની રચના કરવા માટે કાર્યવાહી કરવામાં આવેલ છે.
- સમુંદ્ર ટાઉન શીપ તેમજ સ્ટર્લીંગ હોસ્પીટલ અંગેના વિગતવાર અહેવાલ ભારત સરકારશ્રીના પર્યાવરણ અને વન મંત્રાલયને તા.૧૩–૦૨–૨૦૧૪ ના રોજ મોકલી આપેલ છે.
- APSEZL ને Cumulative Impact Assessment studies કરવા માટેના TORs તા.૯–૧૨–૨૦૧૪ ના રોજ આપવામાં આવેલ છે.

## થરાદ શહેરમાં નીલ ગાયનું મોત

અતારાંકિતઃ ૪૭૪૯ (૦૫–૦૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) બનાસકાંઠા જિલ્લાના થરાદ શહેરમાં ભૂગર્ભ ગટર યોજનાના ચાલતા કામમાં કોન્ટ્રાક્ટરની ગુનાહીત બેદરકારીથી રક્ષિત કર્યા વિનાની ખાઇમાં નવેમ્બર–૨૦૧૪ માં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ હેઠળ સુરક્ષિત નીલગાય પડી જવાથી મોત થયું હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ આ રક્ષિત નીલગાયના મોત માટે ક્યા કોન્ટ્રાક્ટરને જવાબદાર ઠરાવી તેની સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે,

(૩) જવાબદારોની ધરપકડ કરવામાં આવી છે કે કેમ, અને

(૪) આ સાઇટ પર હવે પછી આવી ગુનાહિત દુર્ઘટના ન બને તે માટે શાં પગલાં લેવામાં આવ્યા છે ?

વન મંત્રીશ્રી : (૧૩–૦૫–૨૦૧૫)

(૧) હા, જી.

(૨) અકસ્માતે નીલગાય ગટર લાઇનમાં પડી જવાથી મોત થયાનું તપાસમાં જણાતાં કોઇ કાનુની કાર્યવાહી કરવામાં આવી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ભવિષ્યમાં સાવચેતી રાખવા જણાવેલ છે.

શૂલપાણેશ્વર અભ્યારણયમાં પ્રાણીના ગેરકાયદે શિકાર

અતારાંકિતઃ ૪૭૫૧ (૦૫-૦૨-૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) શૂલપાણેશ્વર અભ્યારણ્ય નર્મદા જિલ્લાનાં સન ૨૦૧૨, ૨૦૧૩, અને ૨૦૧૪ માં કેટલા અને ક્યા પ્રાણીના ગેરકાયદે શિકાર નોંધાયા,

(૨) ગુનાહિત શિકારના આરોપીઓ સામે તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ શી કાનૂની કાર્યવાહી થઇ,

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી અને કેટલા કિસ્સામાં કેટલી રકમ વસુલી માંડવાળ કરવામાં આવ્યા, અને

(૪) આ અભ્યારણયમાં વન્ય પ્રાણીને પૂરેપૂરી સુરક્ષા પૂરી પાડવા શી પાકી વ્યવસ્થા થઇ છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

વન મંત્રીશ્રી : (૧૩-૦૫-૨૦૧૫)

(૧) કોઇ કેસ નોંધાયા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)
- જ્યાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે તેમજ વન્યપ્રાણી/પક્ષીઓ બાબતની માહિતી આપલે થઇ શકે અને ગુનાહિત પ્રવૃત્તિ બાબતમાં સમયસર માહિતી ઉપલબ્ધ થઇ શકે તે હેતુથી વાયરલેસ નેટવર્ક કાર્યરત છે.
- વન્યપ્રાણી રહેણાંક સુરક્ષિત રહે અને તેને નુકશાન ન થાય તે હેતુથી સમસ્ત વન્યપ્રાણી વિસ્તારમાં દવ નિયંત્રણ માટે ફાયર લાઇન બનાવવામાં આવે છે અને ઓચિંતા કોઇ દવનો બનાવ બને ત્યારે તાત્કાલિક દવને નિયંત્રણ કરી શકાય તે માટે ફાયર ગાર્ડ રાખવામાં આવે છે.
- સ્ટાફ વધારે વિશ્વાસ સાથે પેટ્રોલીંગ અને વન્યપ્રાણી સંરક્ષણની કામગીરી કરી શકે તે માટે સ્ટાફના સ્વબચાવ માટે સ્ટાફને બંદૂક ફાળવવામાં આવેલ છે.
- કોઇ સંજોગોના કારણે વન્યપ્રાણીને ઇજા થાય તો તે માટે વન્યપ્રાણીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી વન્યપ્રાણી વિસ્તારોમાં સારવાર અને રેસ્ક્યુ કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે.
- ઉનાળાના દિવસોમાં વન્યપ્રાણીઓ માટે પાણીની વ્યવસ્થાનું આયોજન કરેલ છે.
- લોકો વન્યપ્રાણીને નુકશાન ન કરે તે માટે માનવ મૃત્યુ, માનવ ઇજા, પશુ મારણના કિસ્સામાં વળતર ચુકવવાની યોજના અમલમાં છે.
- સ્ટાફને વન્યપ્રાણી સાથે કેવુ વલણ રાખવું જોઇએ તે બાબતે જરૂરી ટ્રેનીંગ આપવામાં આવે છે તેમજ વન્યપ્રાણીની સુરક્ષામાં કોઇ ચેડાં ન થાય તે માટે વન્યપ્રાણી મિત્રની નિમણૂંક કરવામાં આવેલ છે.
- વન્ય પ્રાણીઓ બાબતે લોક જાગૃત્તિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું તેમજ સદર વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજોના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

બરડા અભયારણ્યમાં વન્યપ્રાણીના ગેરકાયદે શિકાર

અતારાંકિતઃ ૪૭૫૪ (૦૪–૦૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) બરડા અભયારણ્યમાં સને ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ માં કેટલા અને ક્યા વન્યપ્રાણીના ગેરકાયદે શિકાર નોંધાયા,

(૨) ગુનાહિત શિકારના આરોપીઓ સામે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ શી કાનૂની કાર્યવાહી થઇ,

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી અને કેટલા કિસ્સામાં કેટલી રકમની માંગણી કરવામાં આવી, અને

(૪) આ અભ્યારણ્યમાં વન્યપ્રાણીને પુરેપુરી સુરક્ષા પૂરી પાડવા શી પાકી વ્યવસ્થા થઇ છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

વન મંત્રીશ્રી : (૨૧–૫–૨૦૧૫)

(૧) શૂન્ય (૦)

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)
- વન્યપ્રાણી બાબતની માહિતી આપલે થઇ શકે અને ગુનાહિત પ્રવૃત્તિ બાબતમાં સમયસર માહિતી ઉપલબ્ધ થઇ શકે તે હેતુથી વાયરલેસ નેટવર્ક કાર્યરત છે.
- જ્યાં શકય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે.
- વન્ય પ્રાણી રહેણાંક સુરક્ષિત રહે અને તેને નુકશાન ન થાય તે હેતુથી સમસ્ત વન્યપ્રાણી વિસ્તારમાં દવ નિયંત્રણ માટે ફાયર લાઇન બનાવવામાં આવે છે. અને ઓચિંતા કોઇ દવનો બનાવ બને ત્યારે તાત્કાલિક દવને નિયંત્રણ કરી શકાય તે માટે ફાયરગાર્ડ રાખવામાં આવે છે.
- સ્ટાફ વધારે વિશ્વાસ સાથે પેટ્રોલીંગ અને વન્યપ્રાણી સંરક્ષણની કામગીરી કરી શકે તે માટે સ્ટાફના સ્વબચાવ માટે સ્ટાફને બંદુક ફાળવવામાં આવેલ છે.
- કોઇ સંજોગોના કારણે વન્યપ્રાણીને ઈજા થાય તો તે માટે વન્યપ્રાણીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી વન્યપ્રાણી વિસ્તારોમાં સારવાર અને રેસ્કયુ કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે.
- વન્યપ્રાણી વિસ્તારોની અંદર કોઇપણ ઘટનાના સમયે સમયસર પહોંચી શકાય તે માટે રોડ નેટવર્કને વ્યવસ્થીત રાખવા દર વર્ષે જાળવણી કરવામાં આવે છે.
- ઉનાળાના દિવસોમાં વન્યપ્રાણી માટે પાણીની વ્યવસ્થાનું પણ આયોજન કરેલ છે.
- સ્ટાફને વન્યપ્રાણીઓ સાથે સાથે કેવું વલણ રાખવું જોઇએ તે બાબતે જરૂરી ટ્રેનીંગ આપવામાં આવે છે.
- વન્યપ્રાણીની સુરક્ષામાં કોઇ ચેડા ન થાય તે માટે વન્યપ્રાણી મિત્રની નિમણૂંક કરવામાં આવેલ છે.
- લોકો વન્યપ્રાણીને નુકશાન ન કરે તે માટે માનવ મૃત્યુ, માનવઈજા, પશુ મારણના કિસ્સાઓમાં વળતર ચુકવવાની યોજના સરકારશ્રી તરફથી અમલમાં છે.
- વન્યપ્રાણીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું આયોજન અને સદર વિસ્તાર તેમજ વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરના આયોજન કરવામાં આવે છે.

નળ સરોવર ટુકલ પક્ષી અભયારણ્યમાં ટુકલ પક્ષીના ગેરકાયદે શિકાર

અતારાંકિતઃ ૪૭૬૪ (૪–૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

અતારાંકિત પ્રશ્નો

(૧) નળ સરોવર ટુકલ પક્ષી અભયારણ્યમાં સન ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ માં કેટલા અને કયા ટુકલ પક્ષીના ગેરકાયદે શિકાર નોંધાયા,

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ગુનાહિત શિકારના આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી થઇ,

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી અને કેટલા કિસ્સામાં કેટલી રકમની માંડવાળ કરવામાં આવી, અને

(૪) આ અભયારણ્યમાં ટુકલ પક્ષીને પૂરેપૂરી સુરક્ષા પૂરી પાડવા શી પાકી વ્યવસ્થા થઇ છે અને તેની જવાબજદારી કોને સોંપાઇ છે ?

વન મંત્રીશ્રી : (૧૪-૫-૨૦૧૫)

(૧) કોઇ કેસ નોંધાયા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)
- જ્યાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે તેમજ વન્યપ્રાણી/ પક્ષીઓ બાબતની માહિતી આપલે થઇ શકે અને ગુનાહિત પ્રવૃત્તિ બાબતમાં સમયસર માહિતી ઉપલબ્ધ થઇ શકે તે હેતુથી વાયરલેસ નેટવર્ક કાર્યરત છે.
- નળ સરોવર પક્ષી અભયારણ્ય ફરતે દિવસ તેમજ રાત્રી દરમ્યાન સતત પેટ્રોલીંગ કરવામાં આવે છે અને વોચ ટાવર ઉભા કરવામાં આવેલ છે.
- સ્ટાફ વધારે વિશ્વાસ સાથે પેટ્રોલીંગ અને વન્યપ્રાણી સંરક્ષણની કામગીરી કરી શકે તેમ માટે સ્ટાફના સ્વબચાવ માટે સ્ટાફને બંદુક ફાળવવામાં આવેલ છે.
- કોઇ સંજોગોના કારણે પક્ષીને ઇજા થાય તો તે માટે પક્ષીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી વન્યપ્રાણી વિસ્તારોમાં સારવાર અને રેસ્કયુ કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે.
- સ્ટાફને વન્યપ્રાણી સાથે કેવુ વલણ રાખવું જોઇએ તે બાબતે જરૂરી ટ્રેનીંગ આપવામાં આવે છે.
- વન્ય પ્રાણીઓ/પક્ષીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું તેમજ સદર વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજોના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

પીપરટોડા ગામમાં મોરને ઝેરી ખોરાક ખવડાવી મારી નાખવા અંગે

અતારાંકિતઃ ૪૭૬૫ (૦૪-૦૨-૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) જામનગર જિલ્લામાં લાલપુર તાલુકાના પીપરોડા ગામમાં તા. ૩-૦૧-૨૦૧૫ના રોજ એકી સાથે પંદર રાષ્ટ્રીય પક્ષી મોરને ઝેરી ખોરાક ખવડાવી મારી નાખવામાં આવ્યા હતા તે ગંભીર હકીકત સાચી છે,

(૨) રાષ્ટ્રીય પક્ષીના મોત માટે કોણ જવાબદાર છે,

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ આરોપીઓને શોધી કાઢી તેની સામે શી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને

(૪) આ વિસ્તારમાં રાષ્ટ્રીય પક્ષી મોરને સંરક્ષણ પુરુ પાડવા શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

વન મંત્રીશ્રી : (૧૧-૬-૨૦૧૫)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ● વન્ય પ્રાણીઓ/પક્ષીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું આયોજન અને સદર વિસ્તાર તેમજ સદર વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજોના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

● જ્યાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે. જેથી આવા અઘટિત બનાવો બને ત્યારે તાત્કાલિક એકબીજાને જાણ કરી શકાય.

● કોઇ સંજોગોના કારણે વન્યપ્રાણીને ઇજા થાય તો, વન્યપ્રાણી/પક્ષીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી સારવાર અને રેસ્કયુની કાર્યવાહી કરવામાં આવે છે. જરૂર જણાય તો સ્થાનિક પશુ સારવાર કેન્દ્રનો સંપર્ક કરી સારવાર આપવામાં આવે છે.

● સ્ટાફ દ્વારા સતત અને સઘન ફેરણું કરવામાં આવે છે.

રતનમહાલ અભયારણ્યમાં વન્ય પ્રાણી–પક્ષીના ગેરકાયદે શિકાર

અતારાંકિતઃ ૪૭૭૧ (૦૨–૦૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) રતનમહાલ અભયારણ્ય (દાહોદ જિલ્લા)માં સન ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ માં કેટલા અને ક્યા વન્ય પ્રાણી–પક્ષીના ગેરકાયદે શિકાર નોંધાયા,

(૨) ગુનાહિત શિકારના આરોપીઓ કોણ હતા તથા તેની સામે તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ શી કાનૂની કાર્યવાહી થઇ.

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી અને કેટલા કિસ્સામાં કેટલી રકમ વસુલી માંડવાળ કરવામાં આવ્યા, અને

(૪) આ અભયારણ્યમાં વન્યપ્રાણી–પક્ષીને પૂરેપૂરી સુરક્ષા પૂરી પાડવા શી શી પાકી વ્યવસ્થા થઇ છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

વન મંત્રીશ્રી : (૧૩–૫–૨૦૧૫)

(૧) કોઇ કેસ નોંધાયા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ● જ્યાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે.

● વન્ય પ્રાણી રહેણાંક સુરક્ષિત રહે અને તેને નુકશાન ન થાય તે હેતુથી સમસ્ત વન્યપ્રાણી વિસ્તારમાં દવ નિયંત્રણ માટે ફાયર લાઇન બનાવવામાં આવે છે. અને ઓચિંતા કોઇ દવનો બનાવ બને ત્યારે તાત્કાલિક દવને નિયંત્રણ કરી શકાય તે માટે ફાયરગાર્ડ રાખવામાં આવે છે.

● સ્ટાફ વધારે વિશ્વાસ સાથે પેટ્રોલીંગ અને વન્યપ્રાણી સંરક્ષણની કામગીરી કરી શકે તે માટે સ્ટાફના સ્વબચાવ માટે સ્ટાફને બંદુક ફાળવવામાં આવેલ છે.

● કોઇ સંજોગોના કારણે વન્યપ્રાણીને ઇજા થાય તો, તે માટે વન્યપ્રાણીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી વન્યપ્રાણી વિસ્તારોમાં સારવાર અને રેસ્કયુ કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે.

● ઉનાળાના દિવસોમાં વન્યપ્રાણીનું વ્યવસ્થીત વિતરણ રહે તે હેતુથી પાણીની વ્યવસ્થાનું પણ આયોજન કરેલ છે.

● સ્ટાફને વન્યપ્રાણી સાથે કેવુ વલણ રાખવું જોઇએ તે બાબતે જરૂરી ટ્રેનીંગ આપવામાં આવે છે.

● લોકો પ્રાણીઓને નુકશાન ન કરે તે માટે માનવ મૃત્યુ, માનવ ઇજા, પશુ મારણના કિસ્સામાંઓમાં વળતર ચુકવવાની યોજના સરકારશ્રી તરફથી અમલમાં છે.

- વન્ય પ્રાણીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું તેમજ સદર વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજોના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

## જાંબુઘોડા અભયારણ્યમાં વન્ય પ્રાણી–પક્ષીના ગેરકાયદે શિકાર

અતારાંકિતઃ ૪૭૭૨ (૦૨–૦૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) જાંબુઘોડા અભયારણ્ય (પંચમહાલ જિલ્લા)માં સન ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ માં કેટલા અને ક્યા વન્ય પ્રાણી–પક્ષીના ગેરકાયદે શિકાર નોંધાયા,

(૨) ગુનાહિત શિકારના આરોપીઓ કોણ હતા તથા તેની સામે તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ શી કાનૂની કાર્યવાહી થઇ.

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી અને કેટલા કિસ્સામાં કેટલી રકમ વસુલી માંડવાળ કરવામાં આવ્યા, અને

(૪) આ અભયારણ્યમાં વન્ય પ્રાણી–પક્ષીને પૂરેપૂરી સુરક્ષા પૂરી પાડવા શી પાકી વ્યવસ્થા થઇ છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

વન મંત્રીશ્રી : (૨૬–૫–૨૦૧૫)

(૧)

| વર્ષ | ગેરકાયદેસર શિકારની સંખ્યા | વન્યપ્રાણી/પક્ષીનું નામ |
|---|---|---|
| ૨૦૧૨ | – | – |
| ૨૦૧૩ | ૧ | દિપડો નર–૧ |
| ૨૦૧૪ | – | – |
| કુલ | ૧ | – |

(૨) ગુનાહિત શિકારના આરોપી ચંપાબેન કાનાભાઇ નાયક, રહે. ધારિયા સામે આ અંગે હાલોલ કોર્ટમાં કેસ નંબર–૧૫૭૨/૧૩ થી ગુનો દાખલ કરવામાં આવેલ છે. કોર્ટ કાર્યવાહી ચાલુ છે.

(૩) કોર્ટમાં કેસ ચાલુ હોઇ ચુકાદો આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

(૪)
- વન્યપ્રાણી બાબતની માહિતી આપલે થઇ શકે અને ગુનાહિત પ્રવૃત્તિ બાબતમાં સમયસર માહિતી ઉપલબ્ધ થઇ શકે તે હેતુથી વાયરલેસ નેટવર્ક કાર્યરત છે.
- જ્યાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે.
- વન્ય પ્રાણી રહેણાંક સુરક્ષિત રહે અને તેને નુકશાન ન થાય તે હેતુથી સમસ્ત વન્યપ્રાણી વિસ્તારમાં દવ નિયંત્રણ માટે ફાયર લાઇન બનાવવામાં આવે છે. અને ઓચિંતા કોઇ દવનો બનાવ બને ત્યારે તાત્કાલિક દવને નિયંત્રણ કરી શકાય તે માટે ફાયરગાર્ડ રાખવામાં આવે છે.
- સ્ટાફ વધારે વિશ્વાસ સાથે પેટ્રોલીંગ અને વન્યપ્રાણી સંરક્ષણની કામગીરી કરી શકે તે માટે સ્ટાફના સ્વબચાવ માટે સ્ટાફને બંદુક ફાળવવામાં આવેલ છે.
- કોઇ સંજોગોના કારણે વન્યપ્રાણીને ઇજા થાય તો તે માટે વન્યપ્રાણીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી વન્યપ્રાણી વિસ્તારોમાં સારવાર અને રેસ્કયુ કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે.
- વન્યપ્રાણી વિસ્તારોની અંદર કોઇપણ ઘટનાના સમયે સમયસર પહોંચી શકાય તે માટે રોડ નેટવર્કને વ્યવસ્થીત રાખવા દર વર્ષે જાળવણી કરવામાં આવે છે.
- ઉનાળાના દિવસોમાં વન્યપ્રાણીનું વ્યવસ્થિત વિતરણ રહે તે હેતુથી પાણીની વ્યવસ્થાનું પણ આયોજન કરેલ છે.
- સ્ટાફને વન્યપ્રાણીઓ સાથે કેવુ વલણ રાખવુ જોઇએ તે બાબતે જરૂરી ટ્રેનીંગ આપવામાં આવે છે.

- વન્યપ્રાણીઓની અવર–જવર બાબતે સચોટ માહિતી ઉપલબ્ધ રહે અને અવર–જવર કરતી વખતે
- વન્યપ્રાણીઓની સુરક્ષામાં કોઇ ચેડા ન થાય તે માટે વન્યપ્રાણી મિત્રની નિમણૂંક કરવામાં આવેલ છે.
- લોકો વન્યપ્રાણીને નુકશાન ન કરે તે માટે માનવ મૃત્યુ, માનવઈજા, પશુ મારણના કિસ્સાઓમાં વળતર ચુકવવાની યોજના સરકારશ્રી તરફથી અમલમાં છે.
- વન્ય પ્રાણીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું આયોજન અને સદર વિસ્તાર તેમજ સદર વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજોના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

રાજ્યમાં ભયગ્રસ્ત પ્રજાતિના પ્રાણીઓની વસ્તી વધારવા લેવાયેલ પગલાં બાબત

અતારાંકિતઃ ૪૭૭૭ (૦૫–૦૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) રાજ્યમાં જુન–૨૦૧૪ ની સ્થિતિએ (૧) સારસ (૨) મળતાવડી ટીટોડી (૩) કાબરી રામ ચકલી (૪) સુડીયો તથા (૫) ચોખારા પક્ષીઓ ભયગ્રસ્ત પ્રજાતિની યાદીમાં મુકાયા છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ભયગ્રસ્ત પ્રજાતિના પ્રાણીઓની વસ્તી વધારવાં શાં ચોક્કસ પગલાં લેવાયા છે ?

વન મંત્રીશ્રી : (૨૧–૦૫–૨૦૧૫)

(૧) હા, જી.

(૨)
- વન્ય પક્ષીઓ બાબતની માહિતી આપલે થઇ શકે અને ગુનાહિત પ્રવૃત્તિ બાબતમાં સમયસર માહિતી ઉપલબ્ધ થઇ શકે તે હેતુથી વાયરલેસ નેટવર્ક કાર્યરત છે. જ્યાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે.
- ભયગ્રસ્ત પ્રજાતિના વન્યપક્ષીઓના રહેણાંક સુરક્ષિત રહે અને તેને નુકશાન ન થાય તે હેતુથી સ્ટાફ દ્વારા આવા પક્ષીઓની વસ્તી દેખાતી હોય તેવા વિસ્તારમાં સતત પેટ્રોલીંગ કરી સંરક્ષણ કરવામાં આવે છે.
- કોઇ સંજોગોના કારણે વન્યપક્ષીઓને ઈજા થાય તો તે માટે સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી સારવાર અને રેસ્ક્યુની કામગીરી કરવામાં આવે છે. તથા આ કામગીરી માટે નવી એનિમલ હોસ્પિટલની કાર્યવાહી હાથ પર છે. જે કાર્યરત થયેથી વધુ વિસ્તારના આવા પક્ષીઓને સમયસર અને વધુ સારી સારવાર પૂરી પાડવાની કામગીરીને વેગ મળશે.
- રાજ્યમાં ઉત્તરાયણ જેવા પતંગોત્સવના તહેવારો નિમિત્તે પતંગની દોરીથી કોઇ પક્ષીઓ ઈજાગ્રસ્ત થાય તો સ્વૈચ્છિક સંસ્થાઓ તથા પ્રજાના અન્ય સ્વયંસેવકોની મદદથી ઈજાગ્રસ્ત પક્ષીઓને જરૂરી સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે.
- ઉનાળાના દિવસોમાં આવા પક્ષીઓને પીવાના પાણીનું વ્યવસ્થાપન જરૂરી અને શક્ય ત્યાં કરવામાં આવે છે.
- સ્ટાફને પક્ષીઓનું મહત્વ સમજાવી તેમની સાથે કેવું વલણ રાખવું જોઇએ તે બાબતે જાણકારી આપવામાં આવે છે.
- પક્ષીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું આયોજન અને સદર વિસ્તાર તેમજ વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરોમાં ભયગ્રસ્ત પક્ષીઓની માહિતી આપવામાં આવે છે.

પાલજ ગામની સીમમાં મોરનો શિકાર

અતારાંકિતઃ ૪૭૮૬ (૦૨–૦૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

(૧) ગાંધીનગર જિલ્લાના પાલજ ગામની સીમમાં રાષ્ટ્રીય પક્ષી મોરનો શિકાર સપ્ટેમ્બર–૨૦૧૪ માં નોંધાયો હતો, તે હકિકત ખરી છે, કે કેમ,

(૨) જો હા, તો આ ગંભીર ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ઇસમો સામે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ક્યા કાયદાની જોગવાઇઓ હેઠળ કાર્યવાહી થઇ છે, અને

(૩) આ વિસ્તારમાં રાષ્ટ્રીય પક્ષીને સંરક્ષણ આપવા શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

વન મંત્રીશ્રી : (૨૧–૦૫–૨૦૧૫)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)
- સ્ટાફ દ્વારા સતત અને સઘન ફેરણું કરવામાં આવે છે.
- વન્યપ્રાણીઓ બાબતે લોક જાગૃતિ કેળવવા અર્થે શિબિર અને અને મીટીંગો, ગ્રામસભાનું આયોજન અને સદર વિસ્તાર તેમજ વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરના આયોજન કરવામાં આવે છે.
- જયાં શક્ય હોય ત્યાં મોબાઇલ ફોન કોન્ટેક્ટથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે. જેથી આવા અઘટિત બનાવો બને ત્યારે તાત્કાલિક એકબીજાને જાણ કરી શકાય.
- કોઇ સંજોગોના કારણે વન્યપક્ષી કે પ્રાણીને ઇજા થાય તો સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી સારવાર અને રેસ્ક્યુ કાર્યવાહી કરવામાં આવે છે. જરૂર જણાય તો સ્થાનિક પશુ સારવાર કેન્દ્રનો સંપર્ક કરી સારવાર આપવામાં આવે છે.
- આવી કોઇ પણ ઘટના બને ત્યારે તેમાં સંડોવાયેલા ઇસમો સામે વન્યપ્રાણી સંરક્ષણ અધિનચમ–૧૯૭૨ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવે છે.

શિહોર ગામમાં રક્ષિત મગરની હત્યા

અતારાંકિતઃ ૪૭૯૩ (૦૪–૦૨–૨૦૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના શિહોર ગામમાં સપ્ટેમ્બર–૨૦૧૪ માં રક્ષિત મગરને કુરતા પૂર્વક હત્યા કરવામાં આવી હતી તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો આ ગુનાહિત ઘટનામાં આરોપીઓ કોણ છે, અને

(૩) આ વિસ્તારમાં રક્ષિત મગરને સંરક્ષણ આપવા શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

વન મંત્રીશ્રી : (૨૧–૦૫–૨૦૧૫)

(૧) હા, જી.

(૨) મગરના અકુદરતી મૃત્યુ બાબતે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની કલમ (૯) મુજબ સદર બાબતે પાદરા રેંજના ગુન્હા નં.–૧/૨૦૧૪–૧૫, તા.૧૯–૦૯–૨૦૧૪ થી ગુન્હો નોંધવામાં આવેલ છે. જેની તપાસ ચાલુ છે.

(૩)
- કાયદાકીય રીતે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિમય ૧૯૭૨ ની જોગવાઇ મુજબ જિલ્લા વાઇલ્ડ લાઇફ વોર્ડન તરીકે નાયબ વન સંરક્ષકશ્રીની વિભાગીય કક્ષાએ નિમણૂંક તથા તાલુકા વાઇલ્ડ લાઇફ વોર્ડન તરીકે પરિક્ષેત્ર વન સંરક્ષકશ્રીની નિમણૂંક કરવામાં આવે છે. ગુનાહિત કૃત્ય બને ત્યારે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ મુજબ ગુનાકામ નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.
- મગરને સંરક્ષણ મળે અને લોકો દ્વારા મગર ને નુકશાન ન થાય તેના માટે લોક જાગૃતિ માટેની નીચેની પ્રવૃતિઓ કરાઇ છે.

  (૧) આ વિસ્તારમાં રક્ષિત મગરને સંરક્ષણ માટે પાદરા રેંજના કાર્યક્ષેત્ર નો રેંજ સ્ટાફ અને મોટીવેટર્સ દ્વારા મગરથી સાવધાની અંગેના બોર્ડ મુક્યા છે અને સ્લાઇડ શો વગેરે દ્વારા લોક

જાગૃતિની કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) વિવિધ કાર્યક્રમો જેવા કે બેનર/હેંન્ડબિલ, મગરની વર્તણુંક બાબતની પત્રિકા, ફિલ્મ શો મારફત વડોદરા જિલ્લામાં ગામ લોકોને મોટીવેટર્સ દ્વારા સમજાવવામાં આવ્યા.

(૩) વડોદરા શહેરમાં અદ્યતન રેસ્ક્યુ સેન્ટર કાર્યરત કરી ટોલ ફ્રી નંબર – ૧૮૦૦૨૩૩૨૬૩૬ અપાયેલ છે.

(૪) પૂર જેવી વિકટ પરિસ્થિતિમાં વધારાના સ્ટાફની ટીમ બનાવી ૨૪ કલાક રેસ્ક્યુ કાર્યવાહી કરેલ છે.

- જ્યારે કોઇ મગર નદી અથવા તળાવમાંથી બહાર આવી જાય ત્યારે તેને તાત્કાલિક રેસ્ક્યુ ટીમ મોકલાવીને સુરક્ષિત રીતે પકડીને યોગ્ય રહેઠાણ વિસ્તારમાં છોડી દેવામાં આવે છે.
- ઇજા પામેલા મગર મળે ત્યારે રેસ્ક્યુ ટીમ દ્વારા તાત્કાલિક રેસ્ક્યુ સેન્ટર પર લાવી વેટરનરી ટીમ દ્વારા તેની યોગ્ય સારવાર કરવામાં આવે છે.

## ખાનગી પ્રેક્ટીસ કરતા સરકારી મેડીકલ કોલેજના ડૉક્ટરો સામે લીધેલ પગલાં

અતારાંકિતઃ ૪૬૭૦ (૨૭–૦૧–૨૦૧૫) શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં સરકારી મેડીકલ કોલેજોમાં ફરજ બજાવતા ડૉક્ટરો પ્રોફેસરો જેમણે ખાનગી પ્રેક્ટીસ કરવાનો વિકલ્પ સ્વીકાર્યો નથી છતાં ગેરકાયદે પ્રેક્ટીસ ચાલુ રાખી હોય તેની આરોગ્ય વિભાગ કક્ષાએ તા.૩૧મી ડીસેમ્બર–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા છ માસમાં યાદી તૈયાર કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આવી ગેરકાયદે પ્રેક્ટીસ કરતા કેટલા ડૉક્ટરો કે પ્રોફેસરો સામે શી ખાતાકીય/કાનૂની પગલાં લેવાયા છે, અને

(૩) ગેરકાયદે ખાનગી પ્રેક્ટીશ કરતા સરકારી મેડીકલ કોલેજના પ્રોફેસરો પાસેથી દંડની કેટલી રકમ વસુલ કરવામાં આવી છે ?

આરોગ્ય મંત્રીશ્રી : (૨૭–૦૫–૨૦૧૫)

(૧) ના, જી, રાજ્યમાં સરકારી મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા ડૉક્ટરો પ્રોફેસરો જેમણે ખાનગી પ્રેક્ટીસ કરવાનો વિકલ્પ સ્વીકાર્યો નથી છતાં ગેરકાયદે પ્રેક્ટીસ ચાલુ રાખી હોય તેની આરોગ્ય વિભાગ કક્ષાએ તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા છ માસમાં યાદી તૈયાર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અમીરગઢ તાલુકામાંથી બકરાની ચોરી

અતારાંકિતઃ ૫૭૩૧ (૦૪–૦૬–૨૦૧૫) શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમીરગઢ તાલુકામાંથી ગેરકાયદે કતલ માટે તા.૧–૧–૨૦૧૫ ના રોજ અઢાર જેટલા બકરાંની ચોરી કરી લઇ જવાયા હતા તે હકીકત સાચી છે, અને

(૨) આ ગુનાહીત પ્રવૃત્તિના આરોપીઓ સામે શા કાનુની પગલાં લેવાયાં છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૩૦–૦૬–૨૦૧૫)

(૧) ના, જી, પરંતુ કોઇ અજાણ્યા ઇસમો તા.૦૧–૦૧–૨૦૧૫ ના કલાક ૧૮.૦૦ થી તા.૦૨–૦૧–૨૦૧૫ ના કલાક ૬.૦૦ દરમ્યાન ૨૨–નંગ નાના મોટા બકરાની ચોરી કરી લઇ ગયેલ હોવા અંગે અમીરગઢ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાયેલ.

(૨) આ બાબતે અમીરગઢ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૧/૧૫ ઇ.પી.કો. ક.૩૭૯ મુજબનો ગુનો તા.૨–૧–૧૫ ના કલાક ૧૦.૦૫ વાગે નોંધવામાં આવેલ. આ ગુન્હાના કામે કુલ ત્રણ (૩) આરોપીઓના નામ ખુલવા

પામેલ, જે પૈકી એક આરોપીને તા.૧૫-૦૧-૨૦૧૫ અટક કરેલ અને તેઓ વિરૂધ્ધ તા.૧૧-૪-૨૦૧૫ ના રોજ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે. જ્યારે અન્ય બે આરોપીઓને પકડવાની તજવીજ ચાલુ છે.

અમદાવાદ શહેરમાં પકડાયેલ ગેરકાનુની કતલખાનું

અતારાંકિતઃ ૫૭૩૩ (૦૪-૦૬-૨૦૧૫) શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે,-

(૧) અમદાવાદ શહેરમાં રાતના સમયે ફરતી બિનવારસી ગાયોની ચોરી કરી દાણીલીમડા ફયઝલનગર બિસ્મીલ્લાહ હોટલ પાછળ કાશીરામનાં ખાંચામાં આવેલા ખુલ્લા મેદાનમાં ગૌવંશ પ્રાણીની કતલ કરતું કતલખાનું તા. ૧૨-૪-૨૦૧૫ના રોજ પકડી પાડ્યું હતું, તે હકીકત સાચી છે,

(૨) આ ગેરકાનુની કતલખાનામાં કતલ થયેલી છ ગાયોનું ૧૨૦૦ કિલો ગૌમાંસ, કતલ કરવાના સાધનો તથા એક કાર પોલીસે પકડી પાડ્યા હતા, તે હકીકત સાચી છે, અને

(૩) આ કતલખાનું કેટલા સમયથી ચાલુ હતું અને આ ગુનાના આરોપીઓ સામે પાસા સહિત શી કાનુની કાર્યવાહી કરવામાં આવી તથા ગુનામાં સંડોવાયેલ વાહન છ માસ માટે જપ્ત કરવામાં આવ્યું છે કે, કેમ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૩૦-૬-૨૦૧૫)

(૧) ના, જી. પરંતુ દાણીલીમડા ફૈસલનગર, બિસ્મીલ્લાહ હોટલ પાછળ, કાશીરામનાં ખાચામાં આવેલા ખુલ્લા મેદાનમાં તા. ૧૨-૪-૨૦૧૫ના રોજ ગૌવંશ પ્રાણીની ગેરકાયદેસર કતલ થયેલ હતી.

(૨) આ સ્થળે કોઈ ગેરકાનુની કતલખાનું આવેલ નથી. પરંતુ ઉપરોક્ત જણાવેલ જગ્યાએ છ (૬) ગાયની ગેરકાયદેસર કતલ થયેલ અને ૧૧૦૦ કિલો ગૌ-માંસ, કતલ કરવાના સાધનો તેમજ પેડલ રીક્ષા તથા મારૂતી કાર પોલીસે બાતમી આધારે પકડી પાડેલ હતા.

(૩) આ સ્થળે કોઈ કતલખાનું આવેલ નથી, આ ગુન્હા સામે દાણીલીમડા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નંબર ૩૧૨૬/૧૫ થી પશુ સંરક્ષણધારાની કલમ ૫, ૬, ૭, ૮ તથા બી.પી.એમ.સી. એક્ટની કલમ ૩૩૫ તથા ૩૩૬ મુજબ ગુન્હો નોંધી ચાર આરોપીઓને પકડવામાં આવેલ. જે પૈકી એક આરોપીની પાસા હેઠળ અટકાયત કરવામાં આવેલ છે તથા એક આરોપી વિરૂધ્ધ પાસા હેઠળ અટકાયત કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે. અને આ ગુન્હાના કામે પકડવામાં આવેલ પેડલરીક્ષા તથા મારૂતી કાર ગુનાના કામે જપ્ત કરી પોલીસ સ્ટેશન ખાતે રાખેલ છે.

શિહોરમાં ભેંસોને પોલીસ દ્વારા બચાવવા બાબત

અતારાંકિતઃ ૫૭૯૯ (૦૪-૦૬-૨૦૧૫) શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ભાવનગર જિલ્લાનાં શિહોરમાંથી માર્ચ-૨૦૧૫માં કતલખાને લઈ જવાતી ૨૭ ભેસોને પોલીસ દ્વારા બચાવી લેવામાં આવી હતી, તે હકીકત સાચી છે,

(૨) આ ભેંસોને કયા શહેરમાં કયા કતલખાનામાં લઈ જવાતી હતી;

(૩) આ ગુનાહિત કૃત્યમાં સામેલ શખ્સો સામે શી કાર્યવાહી થઈ છે, અને તેમની સામે શી કાનુની કાર્યવાહી કયા કાયદા નીચે થઈ છે, અને

(૪) આ કેસમાં બચાવી લીધેલા પ્રાણીઓ કઈ જગ્યાએ રાખવામાં આવ્યાં છે?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૩૦-૬-૨૦૧૫)

(૧) હા, જી. ભાવનગર જિલ્લાના શિહોરમાંથી તા. ૧૧-૦૩-૩૦૧૫ના રોજ શિહોર પોલીસ દ્વારા મહેસાણા ખાતે હરાજીમાં લઈ જવાતી ૨૭ ભેંસોને બચાવવામાં આવેલ છે.

(૨) આ પકડાયેલ ભેંસોને મહેસાણા ખાતે હરાજીમાં લઈ જવાતી હતી.

(૩) આ ગુનાહિત કૃત્યમાં સામેલ આરોપીઓ વિરુધ્ધ શિહોર પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નંબર ૫૬/૨૦૧૫, પ્રાણી પ્રત્યે ઘાતકીપણું અટકાવવાના અધિનિયમની કલમ-૧૧(ડી) (ઈ) (એફ) (એચ), ઈ.પી.કો. કલમ-૧૪૪ તથા એમ.વી. એક્ટ ૬૬(૧), ૧૯૨, ૭૭ મુજબ ગુનો રજીસ્ટર કરી-૨(બે) આરોપીઓને અટક કરી તેમની વિરુધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૪) આ કેસમાં બચાવી લીધેલ ૨૭ ભેંસોને ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના સમઢીયાળા ગામે આવેલ પાંજરાપોળ ખાતે રાખવામાં આવેલ છે.

રાજ્યના મીઠા ઉદ્યોગ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓનું સંવર્ગવાર મંજૂર મહેકમ

અતારાંકિતઃ ૪૯૨૦ (૧૫-૦૬-૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના મીઠા ઉદ્યોગ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરવામાં આવી?

મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી : (૯-૭-૨૦૧૫)

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના મીઠા ઉદ્યોગ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

-ઉદ્યોગ અને ખાણ વિભાગમાં અલગથી મીઠા ઉદ્યોગ પ્રભાગ નથી. પરંતુ વિભાગની ચ-શાખામાં અન્ય કામગીરી સાથે મીઠા ઉદ્યોગની કામગીરી કરવામાં આવે છે.

-ઉદ્યોગ કમિશનરની કચેરીની સોલ્ટ અને ટેક્ષટાઈલ શાખામાં તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | જગાની સંખ્યા |
|---|---|---|
| ૧ | સંયુક્ત ઉદ્યોગ કમિશનર, વર્ગ-૧ | ૧ |
| ૨ | ઉદ્યોગ અધિકારી, વર્ગ-૨ | ૧ |
| ૩ | અધિક્ષક, વર્ગ-૩ | ૧ |
| ૪ | સીનીયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ-૩ | ૨ |
| ૫ | જુનીયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ-૩ | ૫ |
| ૬ | મુખ્ય કારકુન, વર્ગ-૩ | ૧ |
| ૭ | સીનીયર કારકુન, વર્ગ-૩ | ૩ |
| ૮ | જુનિયર કારકુન, વર્ગ-૩ | ૪ |
| | કુલ | ૧૮ |

-તથા રાજ્યના કુલ ૧૯ જિલ્લાઓ ખાતેની જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરીમાં મીઠા ઉદ્યોગને લગતી કામગીરી કરવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ

| ક્રમ | સંવર્ગ | જગાની સંખ્યા |
|---|---|---|
| ૧ | સંયુક્ત ઉદ્યોગ કમિશનર, વર્ગ-૧ | ૧ |
| ૨ | ઉદ્યોગ અધિકારી, વર્ગ-૨ | ૧ |
| ૩ | અધિક્ષક, વર્ગ-૩ | ૦ |
| ૪ | સીનીયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ-૩ | ૧ |
| ૫ | જુનીયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ-૩ | ૩ |
| ૬ | મુખ્ય કારકુન, વર્ગ-૩ | ૧ |
| ૭ | સીનીયર કારકુન, વર્ગ-૩ | ૧ |
| ૮ | જુનિયર કારકુન, વર્ગ-૩ | ૩ |
| | કુલ | ૧૧ |

(૩) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓ

| ક્રમ | સંવર્ગ | જગાની સંખ્યા |
|---|---|---|
| ૧ | સંયુક્ત ઉદ્યોગ કમિશનર, વર્ગ–૧ | ૦ |
| ૨ | ઉદ્યોગ અધિકારી, વર્ગ–૨ | ૦ |
| ૩ | અધિક્ષક, વર્ગ–૩ | ૧ |
| ૪ | સીનીયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ–૩ | ૧ |
| ૫ | જુનીયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ–૩ | ૨ |
| ૬ | મુખ્ય કારકુન, વર્ગ–૩ | ૦ |
| ૭ | સીનીયર કારકુન, વર્ગ–૩ | ૨ |
| ૮ | જુનિયર કારકુન, વર્ગ–૩ | ૧ |
| | કુલ | ૭ |

ઉક્ત ખાલી જગ્યાઓના ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેથી.

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર ભરવામાં આવેલ જગ્યાઓ

| ક્રમ | સંવર્ગ | જગાની સંખ્યા |
|---|---|---|
| ૧ | સંયુક્ત ઉદ્યોગ કમિશનર, વર્ગ–૧ | ૦ |
| ૨ | ઉદ્યોગ અધિકારી, વર્ગ–૨ | ૦ |
| ૩ | અધિક્ષક, વર્ગ–૩ | ૦ |
| ૪ | સીનીયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ–૩ | ૧ |
| ૫ | જુનીયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ–૩ | ૧ |
| ૬ | મુખ્ય કારકુન, વર્ગ–૩ | ૧ |
| ૭ | સીનીયર કારકુન, વર્ગ–૩ | ૧ |
| ૮ | જુનિયર કારકુન, વર્ગ–૩ | ૦ |
| | કુલ | ૪ |

કલ્પસર પ્રોજેક્ટનો ખર્ચ

અતારાંકિતઃ ૫૨૪૫ (૦૮–૦૬–૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ કલ્પસર પ્રોજેક્ટ પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

મુખ્ય મંત્રીશ્રી (કલ્પસર) : (૧૩–૭–૨૦૧૫)

તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ કલ્પસર પ્રોજેકટના શકયતાદર્શી અહેવાલ તૈયાર કરવા પાછળ રૂ. ૬૭.૨૦ કરોડનો ખર્ચ થયો છે. ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર નીચે મુજબ ખર્ચ તૈયાર કરવામાં આવ્યો છે.

| વર્ષ | ખર્ચ રૂ. કરોડમાં |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૨.૫૨ |
| ૨૦૧૧–૧૨ | ૭.૦૫ |
| ૨૦૧૨–૧૩ | ૧૫.૩૫ |
| ૨૦૧૩–૧૪ | ૩.૨૪ |
| ૨૦૧૪–૧૫ | ૫.૪૩ |

રાજ્ય સરકારે કલ્પસર યોજના પાછળ કરેલ ખર્ચ

અતારાંકિતઃ ૫૨૫૩ (૧૫–૦૬–૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ ખંભાતના અખાતમાં મીઠા પાણીનું સરોવર બનાવવા રાજ્ય સરકારે કલ્પસર યોજનાની ક્યારે જાહેરાત કરેલ,

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે,

(૩) આ યોજનાથી રાજ્યની પ્રજાને શું ફાયદો થશે, અને

(૪) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

મુખ્ય મંત્રીશ્રી (કલ્પસર) : (૧૩–૭–૨૦૧૫)

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ ખંભાતના અખાતમાં મીઠા પાણીનું સરોવર બનાવવા રાજ્ય સરકારે કલ્પસર યોજનાના શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરીને તા. ૨૨–૦૧–૨૦૦૩ના રોજ વહીવટી મંજુરી આપેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજનાના શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવા પાછળ રૂ. ૬૭.૨૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) આ યોજનાથી રાજ્યની પ્રજાને મુખ્યત્વે નીચે મુજબના સંભવિત ફાયદા થશે;

(૧) સૌરાષ્ટ્રની ૧૦.૫૪ લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.

(૨) સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના કાંઠા વિસ્તારમાં ભૂગર્ભના હાલના ખારા પાણી મીઠા થશે અને જમીનમાં ક્ષાર તત્વોનું પ્રમાણ ઘટશે.

(૩) ભાવનગરથી દક્ષિણ ગુજરાત વચ્ચે અંતરમાં અંદાજે ૧૩૬ કિલોમીટર જેટલો ઘટાડો થશે જેથી સમય અને ઇંધણની બચત થશે.

(૪) પવન અને સૌર ઉર્જા ઉત્પાદનના પાર્કનો વિકાસ, અને એ રીતે સમગ્ર વિસ્તારનો આર્થિક વિકાસ વગેરે.

(૪) યોજના માટે તમામ અભ્યાસો પૂર્ણ થયેથી શક્યતાદર્શી અહેવાલ તૈયાર થયા બાદ યોજના માટે મેળવવાની થતી તમામ મંજુરીઓ મેળવીને સત્વરે યોજના અમલમાં લાવી શક્ય તેટલા વહેલાસર યોજના પૂર્ણ કરવાનું આયોજન છે.

રાજકોટ, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ચેકડેમ બાબત

અતારાંકિતઃ ૫૬૧૬ (૧૦–૦૬–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના (૮૦:૨૦) ચેકડેમોની યોજના બંધ કરી છે તે હકીકત સાચી છે,

(૨) ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજકોટ, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ઉક્ત યોજના હેઠળ કેટલા ચેકડેમો બનાવવાની દરખાસ્તો મળી,

(૩) તે પૈકી વર્ષવાર કેટલી દરખાસ્તને મંજુર અને ના–મંજુર કરવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી દરખાસ્તો પડતર છે, અને ક્યારે મંજુરી આપવામાં આવશે?

જળસંપત્તિ મંત્રીશ્રી : (૯–૭–૨૦૧૫)

(૧) ના, હાલ ચેકડેમો ટેન્ડરથી બાંધવામાં આવે છે.

(૨) સામેલ પત્રક મુજબ છેલ્લા પાંચ વર્ષમાં ઉક્ત યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં ૯૪૫, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૩૫ અને જામનગર જિલ્લામાં ૪૭૨ ચેકડેમો બાંધવાની દરખાસ્તો મળી,

(૩) સામેલ પત્રક મુજબ રાજકોટ જિલ્લામાં ૮૯૭, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૫ અને જામનગર જિલ્લામાં ૩૬૨ દરખાસ્તો મંજુર કરવામાં આવી અને રાજકોટ જિલ્લાની ૪૮, દેવભૂમિ દ્વારકા જિલ્લાની ૨૦ અને જામનગર જિલ્લાની ૧૧૦ દરખાસ્તો ના–મંજુર કરવામાં આવી.

(૪) હાલ કોઈ દરખાસ્ત પડતર નથી.

| ક્રમ | વર્ષ | રાજકોટ જિલ્લો | | | દેવભૂમિ દ્વારકા જિલ્લો | | | જામનગર જિલ્લો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ અરજીઓની સંખ્યા | મંજુર કરેલ અરજીની સંખ્યા | ના–મંજુર કરેલ અરજીની સંખ્યા | મળેલ અરજીઓની સંખ્યા | મંજુર કરેલ અરજીની સંખ્યા | ના–મંજુર કરેલ અરજીની સંખ્યા | મળેલ અરજીઓની સંખ્યા | મંજુર કરેલ અરજીની સંખ્યા | ના–મંજુર કરેલ અરજીની સંખ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ૨૦૧૦–૧૧ | ૩૧૫ | ૩૧૫ | ૦ | ૪ | ૪ | ૦ | ૧૮૪ | ૧૮૪ | ૦ |
| ૨ | ૨૦૧૧– | ૧૩૯ | ૧૨૨ | ૧૭ | ૧૦ | ૨ | ૮ | ૫૪ | ૫૧ | ૩ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૨ | | | | | | | | | |
| ૩ | ૨૦૧૨–૧૩ | ૪૭૬ | ૪૬૦ | ૧૬ | ૧૪ | ૯ | ૫ | ૧૬૭ | ૧૨૭ | ૪૦ |
| ૪ | ૨૦૧૩–૧૪ | ૧૫ | ૦ | ૧૫ | ૭ | ૦ | ૭ | ૬૭ | ૦ | ૬૭ |
| ૫ | ૨૦૧૪–૧૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૯૪૫ | ૮૯૭ | ૪૮ | ૩૫ | ૧૫ | ૨૦ | ૪૭૨ | ૩૬૨ | ૧૧૦ |

## ગાંધીનગર, અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં ચેકડેમ

અતારાંકિતઃ ૫૬૧૮ (૧૦–૦૬–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના (૮૦:૨૦) ચેકડેમોની યોજના બંધ કરી છે, તે હકીકત સાચી છે,

(૨) ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ગાંધીનગર, અમદાવાદ, અને મહેસાણા જિલ્લામાં ઉક્ત યોજના હેઠળ કેટલા ચેકડેમો બનાવવાની દરખાસ્તો મળી,

(૩) તે પૈકી વર્ષવાર કેટલી દરખાસ્તોને મંજુર અને નામંજુર કરવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી દરખાસ્તો પડતર છે તેને ક્યારે મંજૂરી આપવામાં આવશે?

જળસંપત્તિ મંત્રીશ્રી (૩૦–૭–૨૦૧૫)

(૧) નાજી, સારી સાઈટો ખૂબ જ મર્યાદિત માત્રામાં ઉપલબ્ધ હોઈ ટેન્ડર મારફતે કામગીરી હાથ ધરવામાં આવે છે.

(૨) અને (૩) : મળેલ દરખાસ્તો પૈકી મંજુર/નામંજુર દરખાસ્તોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ગાંધીનગર | | | અમદાવાદ | | | મહેસાણા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ દરખાસ્ત | મંજુર | નામંજુર | મળેલ દરખાસ્ત | મંજુર | નામંજુર | મળેલ દરખાસ્ત | મંજુર | નામંજુર |
| ૧ | ૨૦૧૦–૧૧ | ૮ | ૮ | – | – | – | – | ૨૬૦ | ૨૬૦ | – |
| ૨ | ૨૦૧૧–૧૨ | – | – | – | – | – | – | ૯૩ | ૯૩ | – |
| ૩ | ૨૦૧૨–૧૩ | – | – | – | – | – | – | ૮૪ | ૮૪ | – |
| ૪ | ૨૦૧૩–૧૪ | – | – | – | ૨ | ૨ | – | ૩૬ | ૩૬ | – |
| ૫ | ૨૦૧૪–૧૫ | – | – | – | – | – | – | ૦ | ૦ | – |

(૪) કોઈ દરખાસ્ત પડતર ના હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યમાં જિલ્લાવાર ઘરથાળના પ્લોટ માટેની મળેલ અરજીઓ

અતારાંકિતઃ ૪૨૭૯ (૧૩–૦૧–૨૦૧૫) શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૦૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ઘરથાળના ૧૦૦ વારના પ્લોટ માટે છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી જિલ્લાવાર, વર્ષવાર કેટલા પ્લોટ ફાળવવામાં આવ્યા, અને

(૩) કેટલા પ્લોટ ફાળવવાના બાકી છે, બાકી લોકોને ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે ?

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૫-૦૬-૨૦૧૫)

(૧) ઘરથાળના ૧૦૦ ચો. વારના પ્લોટ માટે તા. ૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કુલ-૩૩૯૧૭ અરજીઓ મળેલ છે તેની વર્ષવાર માહિતી નીચે મુજબ છે અને જિલ્લાવાર માહિતી પત્રક-૧ મુજબ છે.

| વર્ષ | મળેલ અરજીઓ |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૮૮૨૩ |
| ૨૦૧૩-૧૪ | ૯૮૬૬ |
| ૨૦૧૪-૧૫ | ૫૨૨૮ |
| કુલ | ૩૩૯૧૭ |

(૨) ફાળવવામાં આવેલ પ્લોટની તા. ૧-૧૨-૨૦૧૪ની સ્થિતિની વર્ષવાર વિગતો નીચે મુજબ છે અને જિલ્લાવાર માહિતી પત્રક-૨ મુજબ છે.

| વર્ષ | ફાળવવામાં આવેલ પ્લોટની સંખ્યા |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૧૭૫૯ |
| ૨૦૧૩-૧૪ | ૬૪૭૫ |
| ૨૦૧૪-૧૫ | ૧૪૩૩ |
| કુલ | ૧૯૬૬૭ |

(૩) ૨૪૫૨ પ્લોટ ફાળવવાના બાકી છે.

ગામતળ નીમ થયેથી તેમજ લેન્ડ કમીટી મળેથી સત્વરે ફાળવવામાં આવશે.

ઘરથાળના ૧૦૦ ચો. વારના પ્લોટ માટે મળેલ અરજીઓ

| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ | વર્ષ ૨૦૧૪-૧૫ (તા. ૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ) |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૨૯ | ૧૧૫ | ૯૨ |
| ૨ | અમરેલી | ૮૭૨ | ૮૯૯ | ૫૯૮ |
| ૩ | આણંદ | ૫૨૯ | ૪૩૧ | ૧૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૧૦૦૨ | ૪૧૦ | ૮૪ |
| ૫ | ભાવનગર | ૧૦૩૩ | ૪૦૧ | ૧૨૫ |
| ૬ | ભરૂચ | ૧૯૯ | ૧૯૧ | ૭૩ |
| ૭ | દાહોદ | ૦ | ૦ | ૦ |
| ૮ | ડાંગ | ૦ | ૦ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૩૦૮ | ૨ | ૦ |
| ૧૦ | જામનગર | ૧૦૧૦ | ૨૯૨ | ૫૦ |
| ૧૧ | જુનાગઢ | ૩૬૦૯ | ૧૩૪૬ | ૭૧ |
| ૧૨ | ખેડા | ૧૭૪ | ૫૩ | ૧૦ |
| ૧૩ | કચ્છ | ૧૪૨૬ | ૭૧૬ | ૧૬૫ |
| ૧૪ | મહેસાણા | ૧૨૯૯ | ૬૪૩ | ૫૮૭ |
| ૧૫ | નર્મદા | ૦ | ૩૬ | ૦ |
| ૧૬ | નવસારી | ૦ | ૦ | ૦ |
| ૧૭ | પંચમહાલ | ૭૪ | ૦ | ૦ |
| ૧૮ | પોરબંદર | ૮૦૮ | ૮૦૯ | ૨૭૪ |
| ૧૯ | પાટણ | ૧૭૬૫ | ૯૪૩ | ૫૯૨ |
| ૨૦ | રાજકોટ | ૩૧૩૮ | ૧૨૩૮ | ૧૬૯૮ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૬૬૪ | ૪૦૬ | ૫૦૧ |

| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ | વર્ષ ૨૦૧૪–૧૫ (તા. ૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ) |
|---|---|---|---|---|
| ૨૨ | સાબરકાંઠા | ૨૬૧ | ૧૩૪ | ૯૩ |
| ૨૩ | સુરત | ૦ | ૧૦૫ | ૧૮ |
| ૨૪ | વડોદરા | ૩૨૩ | ૬૨૧ | ૯૫ |
| ૨૫ | વલસાડ | ૦ | ૭૫ | ૨ |
| ૨૬ | તાપી | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૧૮૮૨૩ | ૯૮૬૬ | ૫૨૨૮ |

પત્રક–૨

ઘરથાળના ફાળવેલ પ્લોટ

| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ | વર્ષ ૨૦૧૪–૧૫ (તા. ૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ) |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૭૧ | ૬૮ | ૭૨ |
| ૨ | અમરેલી | ૬૪૩ | ૬૨૬ | ૧૦૨ |
| ૩ | આણંદ | ૪૧૯ | ૪૦૩ | ૬૫ |
| ૪ | બનાસકાંઠા | ૫૩૯ | ૨૩૫ | ૯૦ |
| ૫ | ભાવનગર | ૬૩૬ | ૨૭૩ | ૦ |
| ૬ | ભરૂચ | ૧૭૪ | ૧૫૦ | ૨૭ |
| ૭ | દાહોદ | ૦ | ૦ | ૦ |
| ૮ | ડાંગ | ૦ | ૦ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૧૩૭ | ૯૮ | ૦ |
| ૧૦ | જામનગર | ૭૦૩ | ૩૩૨ | ૨૧ |
| ૧૧ | જુનાગઢ | ૨૨૯૫ | ૮૯૬ | ૩૬ |
| ૧૨ | ખેડા | ૧૬૮ | ૩૨ | ૧૦ |
| ૧૩ | કચ્છ | ૧૧૬૪ | ૩૧૫ | ૭૨ |
| ૧૪ | મહેસાણા | ૧૦૭૧ | ૪૩૩ | ૨૧૪ |
| ૧૫ | નર્મદા | ૦ | ૨૫ | ૦ |
| ૧૬ | નવસારી | ૦ | ૦ | ૦ |
| ૧૭ | પંચમહાલ | ૩૮ | ૦ | ૦ |
| ૧૮ | પોરબંદર | ૫૫૩ | ૩૯૯ | ૧૯૨ |
| ૧૯ | પાટણ | ૧૧૩૫ | ૫૬૦ | ૨૯૩ |
| ૨૦ | રાજકોટ | ૧૨૦૯ | ૫૬૪ | ૧૧ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૨૫૧ | ૧૨૨ | ૯૨ |
| ૨૨ | સાબરકાંઠા | ૨૨૬ | ૨૨૮ | ૩૯ |
| ૨૩ | સુરત | ૦ | ૯૦ | ૧૮ |
| ૨૪ | વડોદરા | ૨૨૭ | ૬૧૩ | ૭૭ |
| ૨૫ | વલસાડ | ૦ | ૧૩ | ૨ |
| ૨૬ | તાપી | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૧૧૭૫૯ | ૬૪૭૫ | ૧૪૩૩ |

રાજ્યમાં જિલ્લાવાર સરદાર આવાસ યોજના હેઠળ મંજૂર મકાનો

અતારાંકિતઃ ૪૨૮૦ (૧૩–૦૧–૨૦૧૫) શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા મકાનો ઉક્ત સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, અને કેટલો ખર્ચ થયો, અને

(૩) મંજૂર પૈકી કેટલા મકાનો બાંધવાના બાકી છે અને તેના પેટે કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૨–૦૭–૨૦૧૫)

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૪ની સ્થિતિએ

| વર્ષ | મંજૂર મકાનો |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૪૧૫૭૪૯ |
| ૨૦૧૩–૧૪ | ૧૬૫૦૨ |
| ૨૦૧૪–૧૫ | ૬૨૭ |
| કુલ | ૪૩૨૮૭૮ |

(જિલ્લાવાર પત્રક સામેલ છે.)

(૨) ૩૬૬૪૫૦ પૂર્ણ મકાનો

રૂ. ૧૪૮૫૨૦.૭૪ લાખ થયેલ ખર્ચ

(૩) ૧૦૧૯૫૭ મકાનો બાંધવાના બાકી

રૂ. ૩૬૦૪૫.૭૫ લાખ ખર્ચનો અંદાજ

પત્રક

| ક્રમ | જિલ્લો | મંજૂર કરેલ મકાનો | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ | વર્ષ ૨૦૧૪–૧૫ (તા. ૩૦–૧૧–૨૦૧૪ની સ્થિતિએ) |
| ૧ | અમદાવાદ | ૭૭૬૩ | ૦ | ૦ |
| ૨ | અમરેલી | ૧૦૩૧૨ | ૨ | ૦ |
| ૩ | આણંદ | ૨૯૯૭૨ | ૦ | ૦ |
| ૪ | બનાસકાંઠા | ૩૦૨૪૫ | ૧૧૭૪ | ૦ |
| ૫ | ભાવનગર | ૨૩૮૨ | ૧૦૧ | ૦ |
| ૬ | ભરૂચ | ૧૧૯૮૯ | ૦ | ૦ |
| ૭ | દાહોદ | ૫૯૫૫૭ | ૦ | ૦ |
| ૮ | ડાંગ | ૫૯૯૪ | ૦ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૪૪૮૧ | ૦ | ૦ |
| ૧૦ | જામનગર | ૧૦૫૫ | ૦ | ૦ |
| ૧૧ | જુનાગઢ | ૩૩૯૩ | ૦ | ૦ |
| ૧૨ | ખેડા | ૩૨૯૬૭ | ૧૦૭૩ | ૦ |
| ૧૩ | કચ્છ | ૨૫૯ | ૨૨૨૨ | ૧૫૧ |
| ૧૪ | મહેસાણા | ૯૪૧૨ | ૦ | ૦ |
| ૧૫ | નર્મદા | ૨૩૪૫૦ | ૦ | ૦ |
| ૧૬ | નવસારી | ૧૦૭૨૦ | ૦ | ૦ |
| ૧૭ | પંચમહાલ | ૪૬૫૫૫ | ૧૦૬૪૯ | ૪૭૬ |
| ૧૮ | પોરબંદર | ૭૩૯ | ૬૨ | ૦ |
| ૧૯ | પાટણ | ૫૭૪૭ | ૧૨૧૦ | ૦ |
| ૨૦ | રાજકોટ | ૨૮૨૫ | ૨ | ૦ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૫૪૭૦ | ૦ | ૦ |
| ૨૨ | સાબરકાંઠા | ૪૧૨૪ | ૦ | ૦ |

| ક્રમ | જિલ્લો | મંજૂર કરેલ મકાનો | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ | વર્ષ ૨૦૧૪–૧૫ (તા. ૩૦–૧૧–૨૦૧૪ની સ્થિતિએ) |
| ૨૩ | સુરત | ૧૪૩૯૨ | ૦ | ૦ |
| ૨૪ | વડોદરા | ૪૪૯૪૨ | ૦ | ૦ |
| ૨૫ | વલસાડ | ૨૧૮૯૮ | ૭ | ૦ |
| ૨૬ | તાપી | ૨૫૧૦૬ | ૦ | ૦ |
| | કુલ | ૪૧૫૭૪૯ | ૧૬૫૦૨ | ૬૨૭ |

## રાજ્યમાં ગૌચરની જમીનમાં દબાણ દૂર કરવા બાબત

અતારાંકિતઃ ૪૪૪૦ (૨૧–૦૧–૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં ગૌચરની જમીનમાં દબાણ દૂર કર્યા બાદ હદ/નિશાન નિયમિત ચેક કરવા કોઈ નીતિ નિયમો અમલમાં છે.

(૨) જો હા, તો આ હદ/નિશાન કોના દ્વારા ચેક કરવામાં આવે છે, અને

(૩) જો જવાબદાર અધિકારી/કર્મચારીઓ દ્વારા આ હદ/નિશાન ચેક કરવામાં ન આવતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર કોની સામે શાં પગલાંઓ લીધા ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૩–૦૬–૨૦૧૫)

(૧) હા, જી.

જમીન મહેસૂલ કાયદાની કલમ–૧૨૨ થી ૧૨૫ તથા જમીન મહેસૂલ નિયમોના નિયમ–૨૪ અને ૨૫ થી હદ નિશાન નક્કી કરવા તેમજ તેની જાળવણી માટે જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨) ગ્રામ પંચાયતના તલાટી–કમ–મંત્રી અને સંબંધિત ગ્રામ પંચાયત સેજાના સર્કલ ઈન્સ્પેક્ટરશ્રી દ્વારા ચેક કરવામાં આવે છે.

(૩) હદ નિશાન ચેક કરવામાં આવતા હોઈ પ્રશ્ન નથી.

## પોરબંદર, સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી

અતારાંકિતઃ ૪૫૩૪ (૨૧–૦૧–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોરબંદર, સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ કેટલા શૌચાલય બાંધવાની કામગીરી કઇ સંસ્થાઓ મારફતે કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ કામગીરીમાં ગેરરીતીની કેટલી ફરિયાદો મળી, તે અંગે કાર્યવાહી કરી,

(૩) આ કામગીરી કરતી કઈ સંસ્થાઓને બ્લેક લીસ્ટ કરવામાં આવી, આ બ્લેક લીસ્ટ સંસ્થાઓને ફરીથી કામગીરી આપેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો તેના શા કારણો છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૨–૦૭–૨૦૧૫)

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોરબંદર જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી કોઈ સંસ્થાઓ મારફતે કરવામાં આવી નથી. જ્યારે ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં કુલ ૧૯૪૭ શૌચાલય બાંધવાની કામગીરી કોસ્ટલ સેલીનીટી પ્રીવેન્શન, અમદાવાદના AKRSP, ગડુ સંસ્થાઓ મારફત કરવામાં આવી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ કામગીરીમાં ગેરરીતીની કોઈ ફરિયાદ મળી નથી, જેથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન જ નથી.

(૩) આ કામગીરી કરતી કોઈ સંસ્થાઓને બ્લેક લિસ્ટ કરવામાં આવી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાજકોટ, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી

અતારાંકિતઃ ૪૫૩૬ (૨૧-૦૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ કેટલા શૌચાલય બાંધવાની કામગીરી સંસ્થાઓ મારફતે કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ કામગીરીમાં ગેરરીતીની કેટલી ફરિયાદો મળી, તે અંગેની શી કાર્યવાહી કરી

(૩) આ કામગીરી કરતી કઈ સંસ્થાઓને બ્લેક લીસ્ટ કરવામાં આવી, આ બ્લેક લીસ્ટ સંસ્થાઓને ફરીથી કામગીરી આપેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો તેના શા કારણો છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૨-૦૭-૨૦૧૫)

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી કોઈ સંસ્થાઓ મારફતે કરવામાં આવી નથી. જ્યારે જામનગર જિલ્લામાં જોડિયા અને જામજોધપુર તાલુકાઓમાં ઓમ ચેરીટેબલ ટ્રસ્ટ મારફત, કાલાવાડ તાલુકામાં (૧) શ્રી ખોડીયાર એજ્યુ. ચેરીટેબલ સોસાયટી (૨) સ્વ. રંભાબેન મોહનભાઈ ડોબરીયા એજ્યુ. ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ (૩) સહિયર મહિલા મંડળ, રાજકોટ મારફત શૌચાલય બાંધવાની કામગીરી કરવામાં આવેલા છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ કામગીરીમાં ગેરરીતીની કોઈ ફરિયાદ મળી નથી, જેથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન જ નથી.

(૩) આ કામગીરી કરતી કોઈ સંસ્થાઓને બ્લેક લિસ્ટ કરવામાં આવી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ગાંધીનગર, અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી

અતારાંકિતઃ ૪૫૩૮ (૨૧-૦૫-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર, અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ કેટલાં શૌચાલય બાંધવાની કામગીરી કઈ સંસ્થાઓ મારફતે કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ કામગીરીમાં ગેરરીતીની કેટલી ફરિયાદો મળી, તે અંગે શી કાર્યવાહી કરી,

(૩) આ કામગીરી કરતી કઈ સંસ્થાઓને બ્લેક લીસ્ટ કરવામાં આવી, આ બ્લેક લીસ્ટ થયેલ સંસ્થાઓને ફરીથી કામગીરી આપેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો તેના શા કારણો છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી : (રાજ્યકક્ષા)(૨-૭-૧૫)

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ કેટલા શૌચાલય બાંધવાની કામગીરી કોઈ સંસ્થાઓ મારફતે કરવામાં આવી નથી. જ્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૨૬૯ શૌચાલય બનાવવા માટે ચોટીલા તાલુકામાં શૌચાલય બાંધવાની કામગીરી નીચે મુજબની સંસ્થાઓ મારફતે કરવામાં આવી.

| ક્રમ | સંસ્થાનું નામ | શૌચાલયની સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ભારત ગ્રામ વિકાસ મંડળ, રાજકોટ | ૪૦ |
| ૨ | જન સેવા મંડળ, રાજકોટ | ૫૧ |
| ૩ | પુરૂષાર્થ ગ્રામ સેવા મંડળ | ૭૫ |
| ૪ | જન સેવા મંડળ રાજકોટ | ૧૦૩ |
| | કુલઃ | ૨૬૯ |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ કામગીરીમાં કોઈ ગેરરીતીની કોઈ ફરીયાદ મળી નથી.

(૩) આ કામગીરી કરતી કોઈ સંસ્થાઓને બ્લેક લિસ્ટ કરવામાં આવી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી

અતારાંકિતઃ ૪૫૪૩ (૨૧-૦૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ કેટલાં શૌચાલય બાંધવાની કામગીરી કઈ સંસ્થાઓ મારફતે કરવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ કામગીરીમાં ગેરરીતીની કેટલી ફરિયાદો મળી, તે અંગે શી કાર્યવાહી કરી,

(૩) આ કામગીરી કરતી કઈ સંસ્થાઓને બ્લેક લીસ્ટ કરવામાં આવી, આ બ્લેક લીસ્ટ થયેલ સંસ્થાઓને ફરીથી કામગીરી આપેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો તેના શા કારણો છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી : (રાજ્યકક્ષા)(૨-૭-૧૫)

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ શૌચાલય બાંધવાની કામગીરી કોઈ સંસ્થાઓ મારફતે કરવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મહેસાણા જિલ્લા કલેકટર દ્વારા તળાવોમાં માછીમારી પર પ્રતિબંધ લાદવા બાબત

અતારાંકિતઃ ૪૬૪૭ (૨૮-૧-૨૦૧૫) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) વડનગર ગામના શર્મિષ્ઠા તળાવ (૨) હજાર તળાવ (૩) હાથ તળાવ (૪) વિશ્વામિત્ર તળાવ તથા (૫) અંબાજી કાંઠા તળાવમાં જિલ્લામાં કલેકટર -મહેસાણા દ્વારા તા. ૧૭-૧૧-૧૯૮૮ના હુકમથી માછીમારી પર પ્રતિબંધ મુકયો છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧ ડીસેમ્બર, ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં આ તળાવોમાં ગેરકાયદે માછીમારીની કેટલી ઘટના બની,

(૩) તેમાં કેટલા અને કયા કયા ગુનાહિતો જાળી સાથે પકડાયા અને તેની સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) આ તળાવોમાં માછીમારી પર પ્રતિબંધ ચૂસ્તતાપૂર્વક જાળવી રાખવાની જવાબદારી કોને સોંપાઈ છે ?

પંચાયત મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૫-૬-૨૦૧૫)

(૧) હા, જી.

(૨) ગેરકાયદેસર માછીમારીની ઘટના રેકર્ડ પર નોંધાયેલ નથી.

(૩) પ્રશ્ન નથી.

(૪) ખંડ – (૨) ની વિગત મુજબ સદરહુ તળાવો પંચાયત કચેરી હસ્તક નથી. વધુમાં, માછીમારી માટે પ્રતિબંધ મૂકવાનો હુકમ જિલ્લા મેજિસ્ટ્રેટ–વ–જિલ્લા કલેકટરશ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેથી તે મુંબઈ પોલીસ અધિનિયમની કલમ–૩૩ (૧)(ત) હેઠળનું જાહેરનામું હોવાથી બી.પી.એકટ કલમ–૧૩૧ હેઠળ જાહેરનામા ભંગ અંગેની કોઈ પણ કાર્યવાહી કરવાની સત્તા પોલીસ તંત્રને મળે છે. સબબ આ જાહેરનામાની નકલ પોલીસ વડાને આપવામાં આવેલ હોઈ પ્રતિબંધ ચૂસ્તતાપૂવર્ક જાળવવાની જવાબદારી પોલીસ વિભાગની રહે છે.

### મહેસાણા જિલ્લા કલેકટર દ્વારા તળાવોમાં માછીમારી પર પ્રતિબંધ લાદવા બાબત

અતારાંકિતઃ ૪૬૪૮ (૨૮–૧–૨૦૧૫) શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે,–

(૧) કડી તાલુકાના (૧) થોળ તળાવ (૨) કોરીયા ગામ તળાવ (૩) કડી ગામ તળાવ (૪) ખાવડ ગામ તળાવમાં જિલ્લામાં કલેકટર –મહેસાણા દ્વારા તા. ૧૭–૧૧–૧૯૮૮ના હુકમથી માછીમારી પર પ્રતિબંધ મુકયો છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ડીસેમ્બર, ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં આ તળાવોમાં ગેરકાયદે માછીમારીની કેટલી ઘટના બની,

(૩) તેમાં કેટલા અને કયા કયા ગુનાહિતો જાળી સાથે પકડાયા અને તેની સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) આ તળાવોમાં માછીમારી પર પ્રતિબંધ ચૂસ્તતાપૂર્વક જાળવી રાખવાની જવાબદારી કોને સોંપાઈ છે ?

પંચાયત મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૫–૬–૨૦૧૫)

(૧) હા, જી.

(૨) ગેરકાયદેસર માછીમારીની ઘટના રેકર્ડ પર નોંધાયેલ નથી.

(૩) પ્રશ્ન નથી.

(૪) ખંડ – (૨) ની વિગત મુજબ સદરહુ તળાવો પંચાયત કચેરી હસ્તક નથી. વધુમાં, માછીમારી માટે પ્રતિબંધ મૂકવાનો હુકમ જિલ્લા મેજિસ્ટ્રેટ–વ–જિલ્લા કલેકટરશ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેથી તે મુંબઈ પોલીસ અધિનિયમની કલમ–૩૩ (૧)(ત) હેઠળનું જાહેરનામું હોવાથી બી.પી.એકટ કલમ–૧૩૧ હેઠળ જાહેરનામા ભંગ અંગેની કોઈ પણ કાર્યવાહી કરવાની સત્તા પોલીસ તંત્રને મળે છે. સબબ આ જાહેરનામાની નકલ પોલીસ વડાને આપવામાં આવેલ હોઈ પ્રતિબંધ ચૂસ્તતાપૂવર્ક જાળવવાની જવાબદારી પોલીસ વિભાગની રહે છે.

### મહેસાણા જિલ્લા કલેકટર દ્વારા તળાવોમાં માછીમારી પર પ્રતિબંધ લાદવા બાબત

અતારાંકિતઃ ૪૬૪૯ (૨૮–૧–૨૦૧૫) શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે,–

(૧) ચાણસ્મા તાલુકાના અંબાલા ગામ તળાવ (૨) બહુચરાજી ગામના લાંબલીયુ તળાવ (૨) શંખલપુર ગામ તળાવમાં જિલ્લામાં કલેકટર –મહેસાણા દ્વારા તા. ૧૭–૧૧–૧૯૮૮ના હુકમથી માછીમારી પર પ્રતિબંધ મુકયો છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ડીસેમ્બર, ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં આ તળાવોમાં ગેરકાયદે માછીમારીની કેટલી ઘટના બની,

(૩) તેમાં કેટલા અને કયા કયા ગુનાહિતો જાળી સાથે પકડાયા અને તેની સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) આ તળાવોમાં માછીમારી પર પ્રતિબંધ ચૂસ્તતાપૂર્વક જાળવી રાખવાની જવાબદારી કોને સોંપાઈ છે ?

પંચાયત મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૫–૬–૨૦૧૫)

(૧) હા, જી.

(૨) ગેરકાયદેસર માછીમારીની ઘટના રેકર્ડ પર નોંધાયેલ નથી.

(૩) પ્રશ્ન નથી.

(૪) ખંડ – (૨) ની વિગત મુજબ સદરહુ તળાવો પંચાયત કચેરી હસ્તક નથી. વધુમાં, માછીમારી માટે પ્રતિબંધ મૂકવાનો હુકમ જિલ્લા મેજિસ્ટ્રેટ–વ–જિલ્લા કલેકટરશ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેથી તે મુંબઈ પોલીસ અધિનિયમની કલમ–૩૩ (૧)(ત) હેઠળનું જાહેરનામું હોવાથી બી.પી.એકટ કલમ–૧૩૧ હેઠળ જાહેરનામા ભંગ અંગેની કોઈ પણ કાર્યવાહી કરવાની સત્તા પોલીસ તંત્રને મળે છે. સબબ આ જાહેરનામાની નકલ પોલીસ વડાને આપવામાં આવેલ હોઈ પ્રતિબંધ ચૂસ્તતાપૂવર્ક જાળવવાની જવાબદારી પોલીસ વિભાગની રહે છે.

મહેસાણા જિલ્લા કલેકટર દ્વારા તળાવોમાં માછીમારી પર પ્રતિબંધ લાદવા બાબત

અતારાંકિતઃ ૪૬૫૦ (૨૮–૧–૨૦૧૫) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે,–

(૧) કલોલ તાલુકાના (૧) કલોલ ગામના પાવડી તળાવ તથા (૨) કલ્યાણપુરા તળાવમાં જિલ્લામાં કલેકટર – મહેસાણા દ્વારા તા. ૧૭–૧૧–૧૯૮૮ના હુકમથી માછીમારી પર પ્રતિબંધ મુકયો છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ડીસેમ્બર, ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં આ તળાવોમાં ગેરકાયદે માછીમારીની કેટલી ઘટના બની,

(૩) તેમાં કેટલા અને કયા કયા ગુનાહિતો જાળી સાથે પકડાયા અને તેની સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) આ તળાવોમાં માછીમારી પર પ્રતિબંધ ચૂસ્તતાપૂર્વક જાળવી રાખવાની જવાબદારી કોને સોંપાઈ છે ?

પંચાયત મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૫–૬–૨૦૧૫)

(૧) હા, જી.

(૨) ગેરકાયદેસર માછીમારીની ઘટના રેકર્ડ પર નોંધાયેલ નથી.

(૩) પ્રશ્ન નથી.

(૪) ખંડ – (૨) ની વિગત મુજબ સદરહુ તળાવો પંચાયત કચેરી હસ્તક નથી. વધુમાં, માછીમારી માટે પ્રતિબંધ મૂકવાનો હુકમ જિલ્લા મેજિસ્ટ્રેટ–વ–જિલ્લા કલેકટરશ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેથી તે મુંબઈ પોલીસ અધિનિયમની કલમ–૩૩ (૧)(ત) હેઠળનું જાહેરનામું હોવાથી બી.પી.એકટ કલમ–૧૩૧ હેઠળ જાહેરનામા ભંગ અંગેની કોઈ પણ કાર્યવાહી કરવાની સત્તા પોલીસ તંત્રને મળે છે. સબબ આ જાહેરનામાની નકલ પોલીસ વડાને આપવામાં આવેલ હોઈ પ્રતિબંધ ચૂસ્તતાપૂવર્ક જાળવવાની જવાબદારી પોલીસ વિભાગની રહે છે.

રાજ્યમાં જિલ્લા ગામોમાં ગૌચર ન હોવા બાબત

અતારાંકિતઃ ૩૫૭૫ (૦૪–૧૦–૨૦૧૪) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા ગામોમાં બિલકૂલ ગૌચર નથી અથવા શૂન્ય ગૌચર છે,

(૨) આ ગામોમાં લઘુત્તમ ગૌચર ન જાળવી શકનારા કે શૂન્ય ગૌચર સુધી લઈ જનારા અધિકારીઓ સામે છેલ્લા પાંચ વર્ષમાં શા પગલાં લીધા,

(૩) ઉકત સ્થિતિએ આ ગામોમાં લઘુત્તમ ગૌચર નીમ કરવા પંચાયત વિભાગ તરફથી મહેસૂલ વિભાગને કોઈ દરખાસ્ત મળી છે કે કેમ, અને

(૪) જો હા, તો સદરહુ દરખાસ્ત કયા તબક્કે છે ?

મુખ્ય મંત્રીશ્રી : (મહેસુલ) (૧૫–૫–૨૦૧૫)

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) આવો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૩) કોઈ દરખાસ્ત મળેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૩૧-૦૮-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા ગામોમાં બિલકુલ ગૌચર નથી અથવા શૂન્ય ગૌચર છે? | |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | પાટણ | ૨૫ | |
| ૨ | સુરેન્દ્રનગર | ૩૩ | |
| ૩ | અરવલ્લી | ૪૧ | |
| ૪ | નર્મદા | ૨૦૪ | |
| ૫ | જામનગર | ૧૦ | |
| ૬ | ડાંગ | ૩૧૧ | |
| ૭ | ગીર સોમનાથ | ૮ | |
| ૮ | વડોદરા | ૦ | તમામ ગામોમાં ગૌચર ઉપલબ્ધ છે. |
| ૯ | દાહોદ | ૧૨૦ | |
| ૧૦ | અમરેલી | ૨૭ | |
| ૧૧ | જુનાગઢ | ૯ | |
| ૧૨ | કચ્છ | ૧૨ | |
| ૧૩ | અમદાવાદ | ૭૬ | |
| ૧૪ | ભરૂચ | ૪૮ | |
| ૧૫ | બોટાદ | ૫ | |
| ૧૬ | સાબરકાંઠા | ૨૦૧ | |
| ૧૭ | તાપી | ૯૫ | |
| ૧૮ | દેવભૂમિ દ્વારકા | ૯ | |
| ૧૯ | બનાસકાંઠા | ૧૭૧ | |
| ૨૦ | મહીસાગર | ૨૪૦ | |
| ૨૧ | વલસાડ | ૩૦૨ | |
| ૨૨ | ખેડા | ૯ | |
| ૨૩ | રાજકોટ | ૫૦ | |
| ૨૪ | પંચમહાલ | ૫૬ | |
| ૨૫ | આણંદ | ૪૦ | |
| ૨૬ | મોરબી | ૨૩ | |
| ૨૭ | પોરબંદર | ૧૦ | |
| ૨૮ | ભાવનગર | ૫૩ | |
| ૨૯ | સુરત | ૪ | |
| ૩૦ | મહેસાણા | ૯ | |
| ૩૧ | ગાંધીનગર | ૨૪ | |
| ૩૨ | નવસારી | ૭૧ | |
| ૩૩ | છોટાઉદેપુર | ૩૨૯ | |

અતારાંકિત પ્રશ્નો

સુરત, ભરૂચ, નર્મદા અને તાપી જિલ્લામાં ખેતીની જમીનની વારસાઈ એન્ટ્રીની અરજીઓ બાબત

અતારાંકિતઃ ૪૦૪૯ (૦૯–૦૧–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા.૩૧–૧૦–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સુરત, ભરૂચ, નર્મદા અને તાપી જિલ્લામાં ખેતીની જમીનની વારસાઈ એન્ટ્રીની કેટલી અરજીઓ મળી,

(૨) ઉકત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે,

(૪) અરજીઓ પડતર રહેવાના શાં કારણો છે, અને

(૫) બાકી રહેલ અરજીઓનો નિકાલ કયારે કરવામાં આવનાર છે ?

મુખ્ય મંત્રીશ્રી : (મહેસૂલ) (૦૭–૦૭–૨૦૧૫)

| જિલ્લોઃ | સુરત | ભરૂચ | નર્મદા | તાપી |
|---|---|---|---|---|
| (૧) | ૨૯૨૮૩ | ૩૭૦૧૭ | ૯૪૭૭ | ૧૮૮૩૫ |
| (૨) | ૨૯૨૫૦ | ૩૭૦૧૨ | ૯૪૭૬ | ૧૮૮૨૬ |
| (૩) | ૩૩ | ૫ | ૧ | ૯ |

(૪) તકરારી હોવાથી, તેમજ જુદા જુદા વહીવટી કારણોસર.

(૫) બનતી ત્વરાએ

દાહોદ, પંચમહાલ, અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં ખેતીની જમીનની વારસાઈ એન્ટ્રીની અરજીઓ બાબત

અતારાંકિતઃ ૪૦૫૦ (૦૯–૦૧–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા.૩૦–૧૦–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં દાહોદ, પંચમહાલ, અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં ખેતીની જમીનની વારસાઈ એન્ટ્રીની કેટલી અરજીઓ મળી,

(૨) ઉકત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે,

(૪) અરજીઓ પડતર રહેવાના શાં કારણો છે, અને

(૫) બાકી રહેલ અરજીઓનો નિકાલ કયારે કરવામાં આવનાર છે ?

મુખ્ય મંત્રીશ્રી : (મહેસૂલ) (૧૯–૦૫–૨૦૧૫)

| | દાહોદ | પંચમહાલ | અરવલ્લી | મહીસાગર |
|---|---|---|---|---|
| (૧) | ૩૦૦૧૯ | ૩૪૭૨૯ | ૨૨૪૦૫ | ૧૫૬૮૮ |
| (૨) | ૩૦૦૧૭ | ૩૪૭૨૧ | ૨૨૩૯૦ | ૧૫૫૮૮ |
| (૩) | ૨ | ૮ | ૧૫ | ૧૦૦ |

(૪) તકરારી હોવાથી, તેમજ ૧૩૫–ડી ની નોટીસની બજવણી વિલંબથી થવાથી.

(૫) બનતી ત્વરાએ.

પાટણ, ગાંધીનગર, અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં ખેતીની જમીનની વારસાઈ એન્ટ્રીની અરજીઓ બાબત

અતારાંકિતઃ ૪૦૫૨ (૯–૧–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં પાટણ, ગાંધીનગર, અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં ખેતીની જમીનની વારસાઈ એન્ટ્રીની કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે,

(૪) અરજીઓ પડતર રહેવાના શાં કારણો છે, અને

(૫) બાકી રહેલ અરજીઓનો નિકાલ કયારે કરવામાં આવનાર છે ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ): (૨૬-૦૫-૨૦૧૫)

| | પાટણ | ગાંધીનગર | અમદાવાદ | મહેસાણા |
|---|---|---|---|---|
| (૧) | ૨૯૨૯૪ | ૨૭૪૭૩ | ૪૪૮૬૧ | ૪૬૧૪૦ |
| (૨) | ૨૯૨૪૨ | ૨૭૨૯૩ | ૪૪૭૦૦ | ૪૫૯૨૩ |
| (૩) | ૫૨ | ૧૮૦ | ૧૬૧ | ૨૧૭ |

(૪) તકરારી હોવાથી, ચકાસણી હેઠળ હોવાથી, મુદત ઉપર બાકી હોવાથી.

(૫) બનતી ત્વરાએ.

દેવભૂમિ દ્વારકા, કચ્છ, મોરબી અને જામનગર જિલ્લામાં ખેતીની જમીનની વારસાઈ એન્ટ્રીની અરજીઓ

અતારાંકિતઃ ૪૦૫૪ (૯-૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં દેવભૂમિ દ્વારકા, કચ્છ, મોરબી અને જામનગર જિલ્લામાં ખેતીની જમીનની વારસાઈ એન્ટ્રીની કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે,

(૪) અરજીઓ પડતર રહેવાના શાં કારણો છે, અને

(૫) બાકી રહેલ અરજીઓનો નિકાલ કયારે કરવામાં આવનાર છે ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ): (૨૫-૦૬-૨૦૧૫)

(૧)

| | દેવભૂમિ દ્વારકા | કચ્છ | મોરબી | જામનગર |
|---|---|---|---|---|
| (૧) | ૭૪૦૨ | ૩૨૯૬૪ | ૧૦૯૪૨ | ૧૧૫૯૫ |
| (૨) | ૭૩૮૫ | ૩૨૮૮૫ | ૧૦૯૦૨ | ૧૧૫૮૩ |
| (૩) | ૧૭ | ૭૯ | ૪૦ | ૧૨ |

(૪) નોંધો તકરારી હોવાથી તથા નોટીસની મુદત પુરી ન થવાથી.

(૫) બનતી ત્વરાએ.

રાજકોટ, ગીર, સોમનાથ, પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં ખેતીની જમીનની વારસાઈ એન્ટ્રીની અરજીઓ બાબત

અતારાંકિતઃ ૪૦૫૫ (૯-૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજકોટ, ગીર, સોમનાથ, પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં ખેતીની જમીનની વારસાઈ એન્ટ્રીની કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે,

(૪) અરજીઓ પડતર રહેવાના શાં કારણો છે, અને

(૫) બાકી રહેલ અરજીઓનો નિકાલ કયારે કરવામાં આવનાર છે ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ): (૮–૭–૨૦૧૫)

(૧) રાજકોટ– ૧૯૮૦૭
ગીરસોમનાથ– ૧૪૮૨૪
પોરબંદર– ૭૨૭૯
જુનાગઢ– ૨૦૫૫૪

(૨) રાજકોટ– ૧૯૭૫૯
ગીરસોમનાથ– ૧૪૭૪૩
પોરબંદર– ૭૨૭૦
જુનાગઢ– ૨૦૫૩૯

(૩) રાજકોટ– ૪૮
ગીરસોમનાથ– ૮૧
પોરબંદર– ૦૯
જુનાગઢ– ૧૫

(૪) તકરારી કેસ થવાથી, મુદત અંદરની નોંધો હોવાથી, વારસાઈ અંગે નિર્ણય ઉપર બાકી હોવાથી.

(૫) બનતી ત્વરાએ.

સુરત, ભરૂચ, નમર્દા અને તાપી જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા બાબત

અતારાંકિતઃ ૪૦૫૯ (૯–૧–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં સરકાર શ્રી દ્વારા પ્રિમિયમ વસુલ કરીને નવી શરતની જમીનો જુની શરતમાં ફેરવી આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સુરત, ભરૂચ, નર્મદા અને તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવી આપી,

(૩) ઉક્ત દરખાસ્તો પૈકી કેટલી ના–મંજૂર કરી તેમજ કેટલી દરખાસ્તો પડતર છે,અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલુ પ્રિમિયમ વસુલ લેવામાં આવ્યું ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ): (૮–૭–૨૦૧૫)

(૧) મહેસૂલ વિભાગના તા.૪–૭–૨૦૦૮ અને તા.૩–૫–૨૦૧૧ના ઠરાવની જોગવાઈઓ મુજબ ગ્રામ્ય વિસ્તારમાં ખેતીથી ખેતીના હેતુ માટે જમીન જુની શરતમાં ફેરવવા માટે કોઈ પ્રિમિયમ લેવામાં આવતુ નથી, જયારે શહેરી વિસ્તારમાં ખેતીના હેતુ માટે જંત્રી દરના ૨૫% લેખે પ્રિમિયમ લઈને જમીન જુની શરતમાં ફેરવવામાં આવે છે. સમગ્ર રાજ્યમાં બીનખેતીના હેતુ માટે જંત્રી દરનાં ૪૦% લેખે પ્રિમિયમ લઈને જમીન જુની શરતમાં ફેરવી આપવામાં આવે છે.

(૨) સામેલ પત્રક મુજબ.

(૩)

| જિલ્લાનું નામ | નામંજુર | પડતર |
|---|---|---|
| સુરત | ૦૪ | ૪૮૮ |
| ભરૂચ | ૬૬ | ૧૯ |
| નર્મદા | ૧૨ | ૦૧ |
| તાપી | ૨૦ | ૧૧ |

(૪)

| જિલ્લાનું નામ | પ્રિમિયમ રૂ. |
|---|---|
| સુરત | ૧૫૮૧,૧૮,૧૩,૬૨૬/- |
| ભરૂચ | ૭,૬૪,૦૨,૫૯૬/- |

| | |
|---|---|
| નર્મદા | ૨,૦૭,૫૫,૩૫૮/- |
| તાપી | ૪,૧૪,૩૧,૧૬૧/- |

પત્રક

| જિ. સુરત | | જિ.ભરૂચ | | જિ.નર્મદા | | જિ.તાપી | |
|---|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | જુની શરતમાં ફેરવવામાં આવેલ જમીન ચો.મી | તાલુકાનું નામ | જુની શરતમાં ફેરવવામાં આવેલ જમીન ચો.મી | તાલુકાનું નામ | જુની શરતમાં ફેરવવામાં આવેલ જમીન ચો.મી | તાલુકાનું નામ | જુની શરતમાં ફેરવવામાં આવેલ જમીન ચો.મી |
| સીટી–તાલુકો | ૩૪૪૨૭૨૫.૮૧ | જંબુસર | ૬૯૬૨૪૨ | નાંદોદ | ૭૧૭૬૯ | વાલોડ | ૧૨૪૪૬ |
| ચોર્યાસી | ૧૦૬૪૩૭૪.૩૦ | આમોદ | ૩૩૪૨૮૪ | ગરૂડેશ્વર | – | વ્યારા | ૨૩૭૯૮૭ |
| ઓલપાડ | ૨૯૭૯૭૪૨.૫૦ | વાગરા | ૩૭૫૫૪ | તિલકવાડા | – | સોનગઢ | ૨૦૭૪૧૫ |
| કામરેજ | ૨૧૦૦૬૧૪ | ભરૂચ | ૧૪૭૭૧ | દેડીયાપાડા | ૨૯૩૪૦ | ઉચ્છલ | – |
| પલસાણા | ૫૫૨૨૭૭ | અંકલેશ્વર | ૧૧૧૩૭૪ | સાગબારા | – | નિઝર | ૬૩૮૨૨ |
| બારડોલી | ૨૩૮૩૨૫ | હાંસોટ | – | – | – | – | – |
| માંડવી | ૧૪૧૦૯૧ | ઝગડીયા | – | – | – | – | – |
| માંગરોળ | ૪૯૦૪૫૪ | વાલીયા | – | – | – | – | – |
| મહુવા | ૧૧૦૯૧૫ | નેત્રંગ | – | – | – | – | – |
| કુલઃ– | ૧૧૧૨૦૫૧૮.૬૧ | કુલઃ– | ૧૧૯૪૨૨૫ | કુલઃ– | ૧૦૧૧૦૯ | કુલઃ– | ૫૨૧૬૭૦ |

ગાંધીનગર, અમદાવાદ, પાટણ અને મહેસાણા જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા બાબત

અતારાંકિતઃ ૪૦૬૧ (૯–૧–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૪ ની સ્થિતિએ સરકાર શ્રી દ્વારા પ્રિમિયમ વસુલ કરીને નવી શરતની જમીનો જુની શરતમાં ફેરવી આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગાંધીનગર, અમદાવાદ, પાટણ અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવી આપી,

(૩) ઉક્ત દરખાસ્તો પૈકી કેટલી ના–મંજૂર કરી તેમજ કેટલી દરખાસ્તો પડતર છે,અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલુ પ્રિમિયમ વસુલ લેવામાં આવ્યું ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ): (૪–૭–૨૦૧૫)

(૧) મહેસૂલ વિભાગના તા.૪–૭–૨૦૦૮ અને તા.૩–૫–૨૦૧૧ના ઠરાવની જોગવાઇઓ મુજબ ગ્રામ્ય વિસ્તારમાં ખેતીથી ખેતીના હેતુ માટે જમીન જુની શરતમાં ફેરવવા માટે કોઇ પ્રિમિયમ લેવામાં આવતુ નથી. જયારે શહેરી વિસ્તારમાં ખેતીના હેતુ માટે જંત્રી દરના ૨૫% લેખે પ્રિમિયમ લઇને જમીન જુની શરતમાં ફેરવવામાં આવે છે. સમગ્ર રાજયમાં બીનખેતીના હેતુ માટે જંત્રી દરનાં ૪૦% લેખે પ્રિમિયમ લઇને જમીન જુની શરતમાં ફેરવવામાં આવે છે.

(૨) સામેલ પત્રક–૧ મુજબ.

(૩)

| | જિલ્લાનું નામ | નામંજુર કરેલ દરખાસ્તોની સંખ્યા | પડતર દરખાસ્તોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૫૮૯ | ૬૬ |
| ૨ | અમદાવાદ | ૧૮૬ | ૨૦૪ |

| | | | |
|---|---|---|---|
| ૩ | પાટણ | ૧૯ | ૩૦ |
| ૪ | મહેસાણા | ૯૩ | ૫૯ |

(૪)

| | જિલ્લાનું નામ | વસુલ કરેલ પ્રિમિયમની રકમ(રૂપિયા) |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૩,૦૨,૭૨,૧૬,૦૦૦/- |
| ૨ | અમદાવાદ | ૪,૩૫,૯૩,૧૭,૦૦૬/- |
| ૩ | પાટણ | ૩૮,૭૫,૮૦,૭૭૧/- |
| ૪ | મહેસાણા | ૯૨,૩૬,૬૨,૨૯૩/- |

પત્રક–૧

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | નવી શરતમાંથી જુની શરતમાં ફરવાયેલ જમીન (હે.આર.ચો.મી. |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ગાંધીનગર | ૩૮૫–૦૭–૯૨ |
| ૨ | ગાંધીનગર | દહેગામ | ૭૩–૩૨–૨૯ |
| ૩ | ગાંધીનગર | કલોલ | ૨૦૭–૮૫–૨૦ |
| ૪ | ગાંધીનગર | માણસા | ૨૨–૨૮–૮૬ |
| ૫ | અમદાવાદ | સીટી(પ)ઘાટલોડીયા/વેજલપુર/સાબરમતી | ૧૦૩–૯૪–૨૬ |
| ૬ | અમદાવાદ | સીટી(પુ.)અસારવા/નારોલ/મણિનગર | ૬૭–૯૨–૯૮ |
| ૭ | અમદાવાદ | દસક્રોઈ | ૮૬–૦૭–૯૪ |
| ૮ | અમદાવાદ | સાણંદ | ૧૫૦–૮૨–૧૫ |
| ૯ | અમદાવાદ | ધોળકા | ૧૫–૫૨–૨૯ |
| ૧૦ | અમદાવાદ | બાવળા | ૭૧–૩૯–૧૨ |
| ૧૧ | અમદાવાદ | ધંધુકા | ૮૧–૦૧–૭૩ |
| ૧૨ | અમદાવાદ | વિરમગામ | ૮–૬૭–૧૩ |
| ૧૩ | અમદાવાદ | માંડલ | ૦–૮૭–૫૦ |
| ૧૪ | અમદાવાદ | રાણપુર | ૯–૦૦–૪૨ |
| ૧૫ | અમદાવાદ | બરવાળા | ૯–૪૫–૬૬ |
| ૧૬ | પાટણ | પાટણ | ૨૪–૩૬–૯૨ |
| ૧૭ | પાટણ | સરસવતી | –– |
| ૧૮ | પાટણ | સિધ્ધપુર | ૩૧–૯૪–૪૬ |
| ૧૯ | પાટણ | ચાણસ્મા | ૦–૨૪–૨૮ |
| ૨૦ | પાટણ | હારીજ | ૭–૩૫–૮૯ |
| ૨૧ | પાટણ | સમી | ૬૨–૭૬–૨૨ |
| ૨૨ | પાટણ | શંખેશ્વર | ૪–૦૨–૯૩ |
| ૨૩ | પાટણ | રાધનપુર | ૯૫–૨૪–૩૯ |
| ૨૪ | પાટણ | સાંતલપુર | ૪–૪૮–૧૮ |
| ૨૫ | મહેસાણા | સતલાસણા | ૦–૪૪–૫૨ |
| ૨૬ | મહેસાણા | ખેરાલુ | ૦–૨૧–૭૭ |
| ૨૭ | મહેસાણા | ઉંઝા | ૨૪–૩૭–૪૩ |
| ૨૮ | મહેસાણા | વિસનગર | ૧૧–૨૪–૯૬ |
| ૨૯ | મહેસાણા | વડનગર | ૧૩–૯૩–૮૨ |
| ૩૦ | મહેસાણા | વિજાપુર | ૧૪–૦૦–૦૪ |
| ૩૧ | મહેસાણા | મહેસાણા | ૯૩–૩૮–૩૦ |
| ૩૨ | મહેસાણા | બેચરાજી | ૯–૮૭–૦૭ |

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | નવી શરતમાંથી જુની શરતમાં ફરવાયેલ જમીન (હે.આર.ચો.મી. |
|---|---|---|---|
| ૩૩ | મહેસાણા | કડી | ૨૨૬-૦૪-૭૮ |
| ૩૪ | મહેસાણા | જોટાણા | ૦-૨૨-૦૦ |

બનાસકાંઠા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા બાબત

અતારાંકિતઃ ૪૦૬૨ (૯-૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રી (મહેસૂલ) મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં સરકાર શ્રી દ્વારા પ્રિમિયમ વસુલ કરીને નવી શરતની જમીનો જુની શરતમાં ફેરવી આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં બનાસકાંઠા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવી આપી,

(૩) ઉક્ત દરખાસ્તો પૈકી કેટલી ના-મંજૂર કરી તેમજ કેટલી દરખાસ્તો પડતર છે,અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલુ પ્રિમિયમ વસુલ લેવામાં આવ્યું ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ): (૮-૭-૨૦૧૫)

(૧) મહેસૂલ વિભાગના તા.૪-૭-૨૦૦૮ અને તા.૩-૫-૨૦૧૧ના ઠરાવની જોગવાઈઓ મુજબ ગ્રામ્ય વિસ્તારમાં ખેતીથી ખેતીના હેતુ માટે જમીન જુની શરતમાં ફેરવવા માટે કોઈ પ્રિમિયમ લેવમાં આવતુ નથી. જયારે શહેરી વિસ્તારમાં ખેતીના હેતુ માટે જંત્રી દરના ૨૫% લેખે પ્રિમિયમ લઈને જમીન જુની શરતમાં ફેરવવામાં આવે છે. સમગ્ર રાજ્યમાં બીનખેતીના હેતુ માટે જંત્રી દરનાં ૪૦% લેખે પ્રિમિયમ લઈને જમીન જુની શરતમાં ફેરવી આપવામાં આવે છે.

(૨) સામેલ પત્રક-૧ મુજબ.

(૩)

| | જિલ્લાનું નામ | નામંજુર કરેલ દરખાસ્તોની સંખ્યા | પડતર દરખાસ્તોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૪૭ | ૨૫ |
| ૨ | સાબરકાંઠા | ૩૯ | ૭ |
| ૩ | સુરેન્દ્રનગર | ૬૨ | ૩ |
| ૪ | બોટાદ | ૯ | ૧૪ |

(૪)

| | જિલ્લાનું નામ | વસુલ કરેલ પ્રિમિયમની રકમ(રૂપિયા) |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૬૮,૫૮,૯૪,૬૨૩/- |
| ૨ | સાબરકાંઠા | ૧૯,૬૯,૪૧,૯૪૦/- |
| ૩ | સુરેન્દ્રનગર | ૧૭,૨૦,૦૯,૯૬૨/- |
| ૪ | બોટાદ | ૫૯,૨૪,૭૬૪/- |

પત્રક-૧

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | નવી શરતમાંથી જુની શરતમાં ફેરવાયેલ જમીન (હે.આર.ચો.મી. |
|---|---|---|
| બનાસકાંઠા | પાલનપુર | ૧૯-૬૭-૨૦ |
| | વડગામ | ૧૭-૧૪-૪૧ |
| | દાંતા | ૧૦-૬૦-૪૪ |

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | નવી શરતમાંથી જુની શરતમાં ફેરવાયેલ જમીન (હે.આર.ચો.મી. |
|---|---|---|
| | અમીરગઢ | ૮–૩૯–૩૪ |
| | ધાનેરા | ૩૭–૮૬–૩૨ |
| | દાંતીવાડા | ૪–૪૭–૦૭ |
| | ડીસા | ૫૩–૫૬–૨૨ |
| | કાંકરેજ | ૬–૦૦–૧૭ |
| | દિયોદર | ૮–૧૦–૦૩ |
| | લાખણી | –– |
| | થરાદ | ૩૭–૨૨–૦૩ |
| | વાવ | ૩–૭૩–૩૨ |
| | સુઈગામ | –– |
| | ભાભર | ૫–૧૮–૦૪ |
| સાંબરકાંઠા | હિંમતનગર | ૩૮–૬૮–૧૧ |
| | ઈડર | ૧–૦૭–૬૨ |
| | વડાલી | ૦–૪૯–૯૧ |
| | ખેડબ્રહ્મા | ૦–૦૦–૫૪ |
| | વિજયનગર | ૦–૨૪–૨૮ |
| | પોશીના | ૦–૬૯–૮૧ |
| | પ્રાંતિજ | ૨૮–૪૪–૬૪ |
| | તલોદ | ૪–૧૫–૩૭ |
| સુરેન્દ્રનગર | દસાડા | ૬૨–૩૯–૮૫ |
| | ધ્રાંગધ્રા | ૬–૫૩–૮૬ |
| | થાન | ૬૧–૭૦–૬૪ |
| | વઢવાણ | ૫–૬૭–૫૬ |
| | લખતર | ૨–૭૩–૧૭ |
| | સાયલા | ૩–૫૬–૭૫ |
| | લીંબડી | ૧૮–૨૧–૦૬ |
| | મુળી | ૧૨–૪૨–૫૬ |
| | ચોટીલા | ૯–૩૩–૭૫ |
| બોટાદ | બોટાદ | ૦–૯૭–૪૪ |
| | ગઢડા | –– |
| | રાણપુર | ૩–૩૪–૭૩ |
| | બરવાળા | ૧–૬૭–૮૦ |

રાજકોટ, ગીર સોમનાથ, પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા બાબત

અતારાંકિતઃ ૪૦૬૪ (૦૯/૦૧/૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૧૪ ની સ્થિતિએ રાજયમાં સરકારશ્રી દ્વારા પ્રિમિયમ વસુલ કરીને નવી શરતની જમીનો જુની શરતમાં ફેરવી આપવામાં આવે છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજકોટ, ગીર સોમનાથ, પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવી આપી,

(૩) ઉકત દરખાસ્તો પૈકી કેટલી ના– મંજૂર કરી તેમજ કેટલી દરખાસ્તો પડતર છે, અને

(૪) ઉકત સ્થિતિએ કેટલું પ્રિમિયમ વસુલ લેવામાં આવ્યું?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) : (૨૫/૦૬/૨૦૧૫)

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

(૧) મહેસૂલ વિભાગના તા. ૦૪/૦૭/૨૦૦૮ અને તા. ૦૩–૦૫–૨૦૧૧ ના ઠરાવની જોગવાઇઓ મુજબ ગ્રામ્ય વિસ્તારમાં ખેતી થી ખેતીના હેતુ માટે જુની શરતમાં ફેરવવા માટે કોઈ પ્રિમિયમ લેવામાં આવતુ નથી. જ્યારે શહેરી વિસ્તારોમાં ખેતીથી ખેતીના હેતુ માટે જંત્રી દરના ૨૫% લેખે પ્રિમિયમ લઈને જમીન જુની શરતમાં ફેરવવામાં આવે છે. સમગ્ર રાજ્યમાં બિનખેતીના હેતુ માટે જંત્રી દરના ૪૦%લેખે પ્રિમિયમ લઈને જુની શરતમાં ફેરવવામાં આવે છે.

(૨) સામેલ પત્રક મુજબ

(૩)

| જિલ્લાનું નામ | નામંજુર | પડતર |
|---|---|---|
| રાજકોટ | ૨૩ | ૩ |
| ગીર સોમનાથ | શૂન્ય | ૪ |
| પોરબંદર | ૨૫ | ૯ |
| જુનાગઢ | શૂન્ય | ૩ |

(૪)

| જિલ્લાનું નામ | પ્રિમિયમ રૂપિયા |
|---|---|
| રાજકોટ | ૭,૮૬,૭૬,૬૪૫/– |
| ગીર સોમનાથ | ૮,૧૮,૮૦૪/– |
| પોરબંદર | ૯,૬૫,૭૨,૪૭૩/– |
| જુનાગઢ | ૯૧,૧૪,૧૦૯/– |

પત્રક

| ખંડ | રાજકોટ | | ગીર સોમનાથ | | પોરબંદર | | જુનાગઢ | |
|---|---|---|---|---|---|---|---|---|
| (૨) | તાલુકાનું નામ | જુની શરતમાં ફેરવવામાં આવેલ જમીન (ચો. મી.) | તાલુકાનું નામ | જુની શરતમાં ફેરવવામાં આવેલ જમીન (ચો. મી.) | તાલુકાનું નામ | જુની શરતમાં ફેરવવામાં આવેલ જમીન (ચો. મી.) | તાલુકાનું નામ | જુની શરતમાં ફેરવવામાં આવેલ જમીન (ચો. મી.) |
| | રાજકોટ | ૮૧૧૬૨૩ | વેરાવળ | શૂન્ય | પોરબંદર | ૨૮૪૬૯૮ | ભેંસાણ | શૂન્ય |
| | કોટડા સાંગાણી | ૧૨૧૪૧ | કોડીનાર | ૩૯૧૧૧ | રાણાવાવ | ૮૦૮૯૫૫ | જુનાગઢ–ગ્રામ્ય | શૂન્ય |
| | લોધીકા | ૨૭૮૫૨૯ | સુત્રાપાડા | શૂન્ય | કુતીયાણા | ૭૪૦૪૫૩ | કેશોદ | શૂન્ય |
| | પડધરી | ૧૧૨૦ | તલાલા | શૂન્ય | – | – | માળીયા–હાટીના | શૂન્ય |
| | ધોરાજી | ૪૭૫૫૦ | વેરાવળ | શૂન્ય | – | – | માણાવદર | ૨૮૭૪૩૮ |
| | ગોંડલ | શૂન્ય | ઉના | શૂન્ય | – | – | માંગરોળ | શૂન્ય |
| | વિંછીયા | શૂન્ય | ગીરગઢડા | શૂન્ય | – | – | મેંદરડા | શૂન્ય |
| | જસદણ | શૂન્ય | – | – | – | – | વંથલી | ૪૮૫૬૪ |
| | જેતપુર | શૂન્ય | – | – | – | – | વિસાવદર | શૂન્ય |
| | ઉપલેટા | શૂન્ય | – | – | – | – | જુનાગઢ–સીટી | શૂન્ય |
| | જામકંડોરણા | શૂન્ય | – | – | – | – | – | – |
| | કુલ | ૧૧૬૦૯૬૩ | કુલ | ૩૯૧૧૧ | કુલ | ૧૮૩૪૧૦૬ | કુલ | ૩૩૬૦૦૨ |

અમરેલી અને ભાવનગર જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા બાબત

અતારાંકિતઃ ૪૦૬૫ (૦૯/૦૧/૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ)જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૦–૧૧–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં સરકારશ્રી દ્વારા પ્રિમિયમ વસુલ કરીને નવી શરતની જમીનો જુની શરતમાં ફેરવી આપવામાં આવે છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવી આપી,

(૩) ઉકત દરખાસ્તો પૈકી કેટલી ના– મંજૂર કરી તેમજ કેટલી દરખાસ્તો પડતર છે, અને

(૪) ઉકત સ્થિતિએ કેટલું પ્રિમિયમ વસુલ લેવામાં આવ્યું?

મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) : (૦૮–૦૭–૨૦૧૫)

(૧) મહેસૂલ વિભાગના તા. ૦૪/૦૭/૨૦૦૮ અને તા. ૦૩–૦૫–૨૦૧૧ ના ઠરાવની જોગવાઈઓ મુજબ ગ્રામ્ય વિસ્તારમાં ખેતી થી ખેતીના હેતુ માટે જુની શરતમાં ફેરવવા માટે કોઈ પ્રિમિયમ લેવામાં આવતુ નથી. જ્યારે શહેરી વિસ્તારોમાં ખેતીથી ખેતીના હેતુ માટે જંત્રી દરના ૨૫% લેખે પ્રિમિયમ લઈને જમીન જુની શરતમાં ફેરવવામાં આવે છે. સમગ્ર રાજ્યમાં બિનખેતીના હેતુ માટે જંત્રી દરના ૪૦%લેખે પ્રિમિયમ લઈને જુની શરતમાં ફેરવવામાં આવે છે.

(૨) સામેલ પત્રક મુજબ

(૩)

| જિલ્લાનું નામ | નામંજુર | પડતર |
|---|---|---|
| અમરેલી | ૮ | ૪ |
| ભાવનગર | ૩૭ | ૧૧ |

(૪)

| જિલ્લાનું નામ | પ્રિમિયમ રૂપિયા |
|---|---|
| અમરેલી | રૂ. ૪,૨૭,૪૦,૭૦૭/– |
| ભાવનગર | રૂ. ૧૦,૫૦,૭૮,૧૪૫/– |

પત્રક

| ખંડ | અમરેલી | | ભાવનગર | |
|---|---|---|---|---|
| (૨) | તાલુકાનું નામ | જુની શરતમાં ફેરવી (ચો. મી.) | તાલુકાનું નામ | જુની શરતમાં ફેરવી (ચો. મી.) |
| | અમરેલી | ૨૯૪૪૧ | ગઢડા | ૯૮૭૨૮ |
| | લાઠી | શૂન્ય | બોટાદ | ૪૦૦૬૮ |
| | લીલીયા | ૨૦૫૨ | શિહોર | ૨૭૬૮૦૬ |
| | બાબરા | ૧૧૪૩૨ | ઉમરાળા | ૧૮૪૮૫ |
| | વડીયા | શૂન્ય | મહુવા | ૧૫૩૭૮ |
| | બગસરા | શૂન્ય | ઘોઘા | ૪૬૯૩૬૩ |
| | સાવરકુંડલા | ૧૮૧૮૮ | ભાવનગર | ૩૫૯૬૨૮ |
| | ધારી | ૧૫૯૧૯ | ભાવનગર (સીટી) | ૧૭૨૩૩ |
| | ખાંભા | શૂન્ય | | |
| | રાજુલા | શૂન્ય | | |
| | જાફરાબાદ | ૭૬૧૮૧ | | |
| | કુલ | ૧૫૩૨૧૩ | કુલ | ૧૨૯૫૬૮૯ |

રાજ્યમાં જિલ્લાવાર ટી. પી. સ્કીમોને મંજૂરી

અતારાંકિતઃ ૩૫૪૧ (૨૫–૦૯–૨૦૧૪) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૭-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી ટાઉન પ્લાનીંગ (ટી.પી.) સ્કીમોની મંજૂરી આપવામાં આવી, અને

(૨) રસ્તા લાઈટ, ગટર અને પાણીની સુવિધા ન હોય તેવી કેટલી સ્કીમો ઉકત સ્થિતિએ છે?

મુખ્ય મંત્રીશ્રી(શહેરી વિકાસ) : (૧૩-૦૫-૨૦૧૫)

(૧) અને (૨) સામેલ પત્રક મુજબ.

પત્રક

| | | મંજુર કર્યાનું વર્ષ | | | | | | | કોલમ-૯ માં દર્શાવેલ કુલ પૈકી કેટલી યોજનામાં રસ્તા, લાઈટ, ગટર અને પાણીની સુવિધા નથી. | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લો | ટી.પી. સ્કીમનું સ્ટેજ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | કુલ | રસ્તા | લાઈટ | ગટર | પાણી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| અમદાવાદ | મુસદારૂપ | ૦૩ | ૧૭ | ૧૦ | ૧૯ | ૧૯ | ૦૫ | ૭૩ | ૦૧ | ૧૧ | ૧૧ | ૧૩ |
| | પ્રારંભિક | ૦૨ | ૦૭ | ૦૫ | ૦૮ | ૦૮ | ૧૧ | ૪૧ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૪ |
| | આખરી | ૦૦ | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૩ | ૦૬ | ૧૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ગાંધીનગર | મુસદારૂપ | ૦૨ | ૦૧ | ૦૪ | ૦૧ | ૦૫ | ૦૩ | ૧૬ | ૦૧ | ૧૫ | ૦૮ | ૧૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૨ |
| | આખરી | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ખેડા | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મહેસાણા | મુસદારૂપ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સાબરકાંઠા | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| પાટણ | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સુરત | મુસદારૂપ | ૦૦ | ૦૩ | ૦૭ | ૧૩ | ૧૫ | ૦૧ | ૧૯ | ૦૯ | ૦૯ | ૦૯ | ૦૯ |
| | પ્રારંભિક | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૫ | ૧૧ | ૦૦ | ૨૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૯ | ૦૪ | ૧૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વડોદરા | મુસદારૂપ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૬ | ૧૦ | ૦૨ | ૦૨ | ૦૨ | ૦૨ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૪ | ૦૩ | ૧૨ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ |
| | આખરી | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૫ | ૦૧ | ૦૮ | ૦૫ | ૦૫ | ૦૫ | ૦૫ |
| નવસારી | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| દાહોદ | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ગોધરા | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| આણંદ | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વલસાડ | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| | | મંજુર કર્યાનું વર્ષ | | | | | | | કોલમ–૯ માં દર્શાવેલ કુલ પૈકી કેટલી યોજનામાં રસ્તા, લાઇટ, ગટર અને પાણીની સુવિધા નથી. | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લો | ટી.પી. સ્કીમનું સ્ટેજ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | કુલ | રસ્તા | લાઇટ | ગટર | પાણી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| રાજકોટ | મુસદારૂપ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ભાવનગર | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| જામનગર | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ગીર–સોમનાથ | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| દેવભુમિ–દ્વારકા | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| અરવલ્લી | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| તાપી | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ડાંગ | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| બનાસકાંઠા | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| પોરબંદર | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મોરબી | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| નર્મદા | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| છોટાઉદેપુર | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મહીસાગર | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| બોટાદ | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| | | મંજુર કર્યાનું વર્ષ | | | | | | | કોલમ–૯ માં દર્શાવેલ કુલ પૈકી કેટલી યોજનામાં રસ્તા, લાઈટ, ગટર અને પાણીની સુવિધા નથી. | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લો | ટી.પી. સ્કીમનું સ્ટેજ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | કુલ | રસ્તા | લાઈટ | ગટર | પાણી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ભરૂચ | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| અમરેલી | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સુરેન્દ્રનગર | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| જુનાગઢ | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કચ્છ | મુસદારૂપ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પ્રારંભિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આખરી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

## રાજયમાં બી. એસ. યુ.પી. યોજનામાં આવાસની ફાળવણી

અતારાંકિતઃ ૫૨૪૦(૧૧–૦૬–૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ રાજયમા છેલ્લા પાંચ વર્ષમાં બી.એસ.યુ.પી. (બેઝીક સર્વિસીસ ફોર અર્બન પુવર) યોજના અંતર્ગત કયા શહેરમા કુલ કેટલા આવાસની ફાળવણી કરવામાં આવી, અને

(૨) ઉકત યોજનામાં ભારત સરકાર દ્વારા રકમ ફાળવવામાં આવતી હોય તો ઉકત સમયગાળામાં કેટલી રકમ કયારે ફાળવવામાં આવી?

શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૪–૭–૨૦૧૫)

(૧) તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ રાજયમા છેલ્લા પાંચ વર્ષમાં બી.એસ.યુ.પી. (બેઝીક સર્વિસીસ ફોર અર્બન પુવર) યોજના અંતર્ગત શહેરવાર ફાળવેલ કુલ આવાસની સંખ્યા

| અ. નં. | શહેર | ફાળવેલ કુલ આવાસની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૭૬૮૦ |
| ૨ | સુરત | ૩૩૦૩૨ |
| ૩ | વડોદરા | ૧૧૮૪૦ |
| ૪ | રાજકોટ | ૪૫૭૦ |
| ૫ | પોરબંદર | ૦ |
| | કુલ | ૭૭૧૧૨ |

(૨) બી. એસ. યુ. પી યોજનામાં ભારત સરકાર દ્વારા વર્ષવાર ફાળવેલ રકમ (કરોડમાં)

| અ. નં. | શહેર | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૧.૬૮ | ૦ | ૫.૪૬૬ | ૧૨.૪૦ | ૪.૦૦ | ૭૩.૫૫ |
| ૨ | સુરત | ૫૭.૮૩ | ૪૨.૧૫ | ૩.૦૮૭ | ૪૩.૩૭ | ૪.૬૧ | ૧૫૧.૦૫ |
| ૩ | વડોદરા | ૧૩.૯૩ | ૧૬.૨૬ | ૨૧.૫૦ | ૪૦.૫૩ | ૮૦.૦૯ | ૧૭૨.૩૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪ | રાજકોટ | ૦ | ૦ | ૧૧.૪૭ | ૦ | ૧૨.૯૬ | ૨૪.૪૩ |
| ૫ | પોરબંદર | ૦ | ૦ | ૧૫.૬૨ | ૩૪.૩૭ | ૧૨.૫૦ | ૬૨.૪૯ |
| | કુલ | ૧૨૩.૪૪ | ૫૮.૪૧ | ૫૭.૧૪ | ૧૩૦.૬૭ | ૧૧૪.૧૬ | ૪૮૩.૮૨ |

ઉર્જા પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓનું સંવર્ગવાર મંજુર મહેકમ

અતારાંકિતઃ ૪૮૬૨ (૦૯-૦૬-૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ ઉર્જા પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરવામાં આવી ?

ઉર્જા મંત્રીશ્રી : (૧૩-૦૭-૨૦૧૫)

(૧) તા.૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં ઉર્જા પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ માહિતી દર્શાવતું પત્રક.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર થયેલ કુલ મહેકમ |
|---|---|---|
| ૧ | અગ્રસચિવ | ૦૧ |
| ૨ | અધિક સચિવ | ૦૧ |
| ૩ | સંયુક્ત સચિવ | ૦૧ |
| ૪ | નાયબ સચિવ | ૦૧ |
| ૫ | ઉપસચિવ | ૦૩ |
| ૬ | સેકશન અધિકારી | ૦૫ |
| ૭ | નાયબ સેકશન અધિકારી | ૧૭ |
| ૮ | સ્ટેનો ગ્રેડ-૧ | ૦૩ |
| ૯ | સ્ટેનો ગ્રેડ-૨ | ૦૩ |
| ૧૦ | ઓફીસ આસીસ્ટન્ટ | ૦૫ |
| ૧૧ | ટાઇપીસ્ટ | ૦૧ |
| ૧૨ | ડ્રાઇવર | ૦૩ |
| ૧૩ | પટાવાળા | ૦૭ |
| ૧૪ | હમાલ | ૦૧ |
| | કુલ | ૫૨ |

મુખ્ય વિદ્યુત નિરીક્ષક

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર થયેલ કુલ મહેકમ |
|---|---|---|
| ૧ | મુખ્ય વિદ્યુત નિરીક્ષક અને વિદ્યુત શુલ્ક સમાહર્તા | ૦૧ |
| ૨ | નાયબ મુખ્ય વિદ્યુત નિરીક્ષક | ૦૪ |
| ૩ | વિદ્યુત નિરીક્ષક/સચિવ લાયસન્સીંગ બોર્ડ | ૧૩ |
| ૪ | સહાયક વિદ્યુત નિરીક્ષક | ૩૪ |
| ૫ | વહીવટી અધિકારી | ૦૭ |
| ૬ | જુ.સહાયક વિદ્યુત નિરીક્ષક | ૫૧ |
| ૭ | વિદ્યુત પેટા નિરીક્ષક | ૯૪ |

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર થયેલ કુલ મહેકમ |
|---|---|---|
| ૮ | ગુજરાતી સ્ટેનો | ૦૧ |
| ૯ | મુખ્ય કારકુન | ૧૭ |
| ૧૦ | લીફ્ટ મીકેનીક | ૦૧ |
| ૧૧ | જુનીયર આસીસ્ટન્ટ | ૩૪ |
| ૧૨ | જુ.ક્લાર્ક કમ ટાઇપીસ્ટ/ટાઇપીસ્ટ/ટ્રેસર | ૬૯ |
| ૧૩ | વાહન ચાલક | ૧૭ |
| ૧૪ | હવાલદાર | ૦૧ |
| ૧૫ | નાયક | ૦૪ |
| ૧૬ | પટાવાળા/લીફ્ટ મજદુર | ૪૧ |
| | કુલ | ૩૮૯ |

વિદ્યુત શુલ્ક સમાહર્તા

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર થયેલ કુલ મહેકમ |
|---|---|---|
| ૧ | મુખ્ય હિસાબી અધિકારી | ૦૧ |
| ૨ | મુખ્ય અન્વેષક | ૦૧ |
| ૩ | આકારણી અધિકારી | ૦૧ |
| ૪ | વહીવટી અધિકારી | ૦૬ |
| ૫ | વિદ્યુત શુલ્ક અધિકારી | ૦૧ |
| ૬ | સીનીયર આસીસ્ટન્ટ | ૦૬ |
| ૭ | જુનીયર આસીસ્ટન્ટ | ૦૭ |
| ૮ | વિદ્યુત શુલ્ક નિરીક્ષક | ૧૬ |
| ૯ | સીનીયર ઓડિટર | ૦૧ |
| ૧૦ | સ્ટેનોગ્રાફ–૨ (અંગ્રેજી) | ૦૧ |
| ૧૧ | જુનીયર કારકુન | ૦૨ |
| ૧૨ | કારકુન કમ ટાઇપીસ્ટ | ૦૨ |
| ૧૩ | અંગ્રેજી ટાઈપીસ્ટ | ૦૧ |
| ૧૪ | ગુજરાતી ટાઇપીસ્ટ | ૦૨ |
| ૧૫ | પટાવાળા | ૦૩ |
| | કુલ | ૫૧ |

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ માહિતી દર્શાવતું પત્રક.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

| ક્રમ | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | અગ્રસચિવ | ૦૧ |
| ૨ | અધિક સચિવ | ૦૧ |
| ૩ | સંયુક્ત સચિવ | ૦૧ |
| ૪ | નાયબ સચિવ | ૦૧ |
| ૫ | ઉપસચિવ | ૦૨ |
| ૬ | સેકશન અધિકારી | ૦૫ |
| ૭ | નાયબ સેકશન અધિકારી | ૦૯ |
| ૮ | સ્ટેનો ગ્રેડ–૧ | ૦૨ |
| ૯ | સ્ટેનો ગ્રેડ–૨ | ૦૦ |
| ૧૦ | ઓફીસ આસીસ્ટન્ટ | ૦૫ |

| | | |
|---|---|---|
| ૧૧ | ટાઇપીસ્ટ | ૦૧ |
| ૧૨ | ડ્રાઇવર | ૦૧ |
| ૧૩ | પટાવાળા | ૦૫ |
| ૧૪ | હમાલ | ૦૧ |
| | કુલ | ૩૫ |

મુખ્ય વિદ્યુત નિરીક્ષક

| ક્રમ | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | મુખ્ય વિદ્યુત નિરીક્ષક અને વિદ્યુત શુલ્ક સમાહર્તા | ૦૧ |
| ૨ | નાયબ મુખ્ય વિદ્યુત નિરીક્ષક | ૦૪ |
| ૩ | વિદ્યુત નિરીક્ષક/સચિવ લાયસન્સીંગ બોર્ડ | ૧૦ |
| ૪ | સહાયક વિદ્યુત નિરીક્ષક | ૨૫ |
| ૫ | વહીવટી અધિકારી | ૦૭ |
| ૬ | જુ.સહાયક વિદ્યુત નિરીક્ષક | ૩૨ |
| ૭ | વિદ્યુત પેટા નિરીક્ષક | ૬૬ |
| ૮ | ગુજરાતી સ્ટેનો | ૦૧ |
| ૯ | મુખ્ય કારકુન | ૧૩ |
| ૧૦ | લીફ્ટ મીકેનીક | ૦૦ |
| ૧૧ | જુનીયર આસીસ્ટન્ટ | ૨૮ |
| ૧૨ | જુ.ક્લાર્ક કમ ટાઇપીસ્ટ/ટાઇપીસ્ટ/ટ્રેસર | ૪૯ |
| ૧૩ | વાહન ચાલક | ૦૬ |
| ૧૪ | હવાલદાર | ૦૦ |
| ૧૫ | નાયક | ૦૧ |
| ૧૬ | પટાવાળા/લીફ્ટ મજદુર | ૩૪ |
| | કુલ | ૨૭૭ |

વિદ્યુત શુલ્ક સમાહર્તા

| ક્રમ | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | મુખ્ય હિસાબી અધિકારી | ૦૦ |
| ૨ | મુખ્ય અન્વેષક | ૦૧ |
| ૩ | આકારણી અધિકારી | ૦૧ |
| ૪ | વહીવટી અધિકારી | ૦૬ |
| ૫ | વિદ્યુત શુલ્ક અધિકારી | ૦૧ |
| ૬ | સીનીયર આસીસ્ટન્ટ | ૦૫ |
| ૭ | જુનીયર આસીસ્ટન્ટ | ૦૩ |
| ૮ | વિદ્યુત શુલ્ક નિરીક્ષક | ૧૦ |
| ૯ | સીનીયર ઓડિટર | ૦૦ |
| ૧૦ | સ્ટેનોગ્રેડ-૨ (અંગ્રેજી) | ૦૦ |
| ૧૧ | જુનીયર કારકુન | ૦૧ |
| ૧૨ | કારકુન કમ ટાઇપીસ્ટ | ૦૧ |
| ૧૩ | અંગ્રેજી ટાઇપીસ્ટ | ૦૧ |
| ૧૪ | ગુજરાતી ટાઇપીસ્ટ | ૦૦ |

| | | |
|---|---|---|
| ૧૫ | પટાવાળા | ૦૩ |
| | કુલ | ૩૩ |

(૩) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓની માહિતી અને ક્યાં સુધી ભરવામાં આવશે તે દર્શાવતી માહિતી નીચે મુજબ છે.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓ | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ઉપ સચિવ | ૦૧ | ખાલી જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી સામાન્ય વહીવટી વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે. |
| ૨ | નાયબ સેકશન અધિકારી | ૦૮ | |
| ૩ | સ્ટેનો ગ્રેડ-૧ | ૦૧ | |
| ૪ | સ્ટેનો ગ્રેડ-૨ | ૦૩ | |
| ૫ | ડ્રાઈવર | ૦૨ | |
| ૬ | પટાવાળા | ૦૨ | |
| | કુલ | ૧૭ | |

મુખ્ય વિદ્યુત નિરીક્ષક

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓ | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | વિદ્યુત નિરીક્ષક/સચિવ લાયસન્સીંગ બોર્ડ | ૦૩ | ખાલી જગ્યાઓ ભરવા માટે જુ.સ.વિ.નિ. ની જીપીએસસી દ્વારા કાર્યવાહી થઇ રહેલ છે અને વિ.પે.નિ. અને જુ.ક્લાર્ક કમ ટાઇપીસ્ટ ની જગ્યાઓ ભરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળ મારફત કાર્યવાહી ચાલુ છે. તેમજ સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ ૧૦ વર્ષના ભરતી કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવેલ છે અને વાહન ચાલક તથા વર્ગ-૪ ની જગ્યાઓ હાલમાં આઉટ સોર્સથી ભરવામાં આવેલ છે. |
| ૨ | સહાયક વિદ્યુત નિરીક્ષક | ૦૯ | |
| ૩ | જુ.સહાયક વિદ્યુત નિરીક્ષક | ૧૯ | |
| ૪ | વિદ્યુત પેટા નિરીક્ષક | ૨૮ | |
| ૫ | મુખ્ય કારકુન | ૦૪ | |
| ૬ | લીફ્ટ મીકેનીક | ૦૧ | |
| ૭ | જુનીયર આસીસ્ટન્ટ | ૦૬ | |
| ૮ | જુ.ક્લાર્ક કમ ટાઇપીસ્ટ/ટાઇપીસ્ટ/ટ્રેસર | ૨૦ | |
| ૯ | વાહન ચાલક | ૧૧ | |
| ૧૦ | હવાલદાર | ૦૧ | |
| ૧૧ | નાયક | ૦૩ | |
| ૧૨ | પટાવાળા/લીફ્ટ મજદુર | ૦૭ | |
| | કુલ | ૧૧૨ | |

વિદ્યુત શુલ્ક સમાહર્તા

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓ | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | મુખ્ય હિસાબી અધિકારી | ૦૧ | જુનીયર આસીસ્ટન્ટની ૦૩ જગ્યાઓ ભરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ સાથે પરામર્શ ચાલી રહેલ છે. |
| ૨ | સીનીયર આસીસ્ટન્ટ | ૦૧ | |
| ૩ | જુનીયર આસીસ્ટન્ટ | ૦૪ | |
| ૪ | વિદ્યુત શુલ્ક નિરીક્ષક | ૦૬ | |
| ૫ | સીનીયર ઓડિટર | ૦૧ | |
| ૬ | સ્ટેનોગ્રેડ-૨ (અંગ્રેજી) | ૦૧ | |
| ૭ | જુનીયર કારકુન | ૦૧ | |
| ૮ | કારકુન કમ ટાઇપીસ્ટ | ૦૧ | |
| ૯ | ગુજરાતી ટાઇપીસ્ટ | ૦૨ | |
| | કુલ | ૧૮ | |

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર નીચે મુજબ જગ્યાઓ ભરવામાં આવેલ છે.
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગમાં છેલ્લા ત્રણ વર્ષમાં નાયબ સેકશન અધિકારીની ૦૧ જગ્યા ભરવામાં આવેલ છે.

મુખ્ય વિદ્યુત નિરીક્ષક

મુખ્ય વિદ્યુત નિરીક્ષક દ્વારા નીચે મુજબ છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર કુલ ૪૯ જગ્યાઓ ભરવામાં આવી છે.

| ક્રમ | સંવર્ગનું નામ | ભરવામાં આવેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | વિદ્યુત નિરીક્ષક/સચિવ લાયસન્સીંગ બોર્ડ | ૦૪ |
| ૨ | સહાયક વિદ્યુત નિરીક્ષક | ૦૪ |
| ૩ | વહીવટી અધિકારી | ૦૨ |
| ૪ | જુનીયર સહાયક વિદ્યુત નિરીક્ષક | ૧૯ |
| ૫ | વિદ્યુત પેટા નિરીક્ષક | ૨૦ |

વિદ્યુત શુલ્ક સમાહર્તા

ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર કોઇ જગ્યાઓ ભરવામાં આવી નથી.

ઉર્જા પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓનું સંવર્ગવાર મંજુર મહેકમ

અતારાંકિતઃ ૫૪૯૨ (૦૮-૦૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં ઉર્જા પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ?

ઉર્જા મંત્રીશ્રી : (૧૩-૦૭-૨૦૧૫)

(૧) તા.૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં ઉર્જા પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ માહિતી દર્શાવતું પત્રક.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર થયેલ કુલ મહેકમ |
|---|---|---|
| ૧ | અગ્રસચિવ | ૦૧ |
| ૨ | અધિક સચિવ | ૦૧ |
| ૩ | સંયુક્ત સચિવ | ૦૧ |
| ૪ | નાયબ સચિવ | ૦૧ |
| ૫ | ઉપસચિવ | ૦૩ |
| ૬ | સેકશન અધિકારી | ૦૫ |
| ૭ | નાયબ સેકશન અધિકારી | ૧૭ |
| ૮ | સ્ટેનો ગ્રેડ-૧ | ૦૩ |
| ૯ | સ્ટેનો ગ્રેડ-૨ | ૦૩ |
| ૧૦ | ઓફીસ આસીસ્ટન્ટ | ૦૫ |
| ૧૧ | ટાઇપીસ્ટ | ૦૧ |
| ૧૨ | ડ્રાઇવર | ૦૩ |
| ૧૩ | પટાવાળા | ૦૭ |
| ૧૪ | હમાલ | ૦૧ |
| | કુલ | ૫૨ |

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

મુખ્ય વિદ્યુત નિરીક્ષક

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર થયેલ કુલ મહેકમ |
|---|---|---|
| ૧ | મુખ્ય વિદ્યુત નિરીક્ષક અને વિદ્યુત શુલ્ક સમાહર્તા | ૦૧ |
| ૨ | નાયબ મુખ્ય વિદ્યુત નિરીક્ષક | ૦૪ |
| ૩ | વિદ્યુત નિરીક્ષક/સચિવ લાયસન્સીંગ બોર્ડ | ૧૩ |
| ૪ | સહાયક વિદ્યુત નિરીક્ષક | ૩૪ |
| ૫ | વહીવટી અધિકારી | ૦૭ |
| ૬ | જુ.સહાયક વિદ્યુત નિરીક્ષક | ૫૧ |
| ૭ | વિદ્યુત પેટા નિરીક્ષક | ૯૪ |
| ૮ | ગુજરાતી સ્ટેનો | ૦૧ |
| ૯ | મુખ્ય કારકુન | ૧૭ |
| ૧૦ | લીફ્ટ મીકેનીક | ૦૧ |
| ૧૧ | જુનીયર આસીસ્ટન્ટ | ૩૪ |
| ૧૨ | જુ.ક્લાર્ક કમ ટાઈપીસ્ટ/ટાઈપીસ્ટ/ટ્રેસર | ૬૯ |
| ૧૩ | વાહન ચાલક | ૧૭ |
| ૧૪ | હવાલદાર | ૦૧ |
| ૧૫ | નાયક | ૦૪ |
| ૧૬ | પટાવાળા/લીફ્ટ મજદુર | ૪૧ |
| | કુલ | ૩૮૯ |

વિદ્યુત શુલ્ક સમાહર્તા

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર થયેલ કુલ મહેકમ |
|---|---|---|
| ૧ | મુખ્ય હિસાબી અધિકારી | ૦૧ |
| ૨ | મુખ્ય અન્વેષક | ૦૧ |
| ૩ | આકારણી અધિકારી | ૦૧ |
| ૪ | વહીવટી અધિકારી | ૦૬ |
| ૫ | વિદ્યુત શુલ્ક અધિકારી | ૦૧ |
| ૬ | સીનીયર આસીસ્ટન્ટ | ૦૬ |
| ૭ | જુનીયર આસીસ્ટન્ટ | ૦૭ |
| ૮ | વિદ્યુત શુલ્ક નિરીક્ષક | ૧૬ |
| ૯ | સીનીયર ઓડિટર | ૦૧ |
| ૧૦ | સ્ટેનોગ્રેડ-૨ (અંગ્રેજી) | ૦૧ |
| ૧૧ | જુનીયર કારકુન | ૦૨ |
| ૧૨ | કારકુન કમ ટાઈપીસ્ટ | ૦૨ |
| ૧૩ | અંગ્રેજી ટાઈપીસ્ટ | ૦૧ |
| ૧૪ | ગુજરાતી ટાઈપીસ્ટ | ૦૨ |
| ૧૫ | પટાવાળા | ૦૩ |
| | કુલ | ૫૧ |

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ અને જગ્યાઓ ક્યારથી ખાલી છે તે માહિતી દર્શાવતું પત્રક.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

| ક્રમ | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | જગ્યાઓ ક્યારથી ખાલી |
|---|---|---|---|---|
| ૧ | અગ્રસચિવ | ૦૧ | ૦ | |
| ૨ | અધિક સચિવ | ૦૧ | ૦ | |
| ૩ | સંયુક્ત સચિવ | ૦૧ | ૦ | |

| ક્રમ | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | જગ્યાઓ ક્યારથી ખાલી |
|---|---|---|---|---|
| ૪ | નાયબ સચિવ | ૦૧ | ૦ | |
| ૫ | ઉપસચિવ | ૦૨ | ૦૧ | ૩૦–૦૯–૨૦૧૪ |
| ૬ | સેકશન અધિકારી | ૦૫ | ૦ | |
| ૭ | નાયબ સેકશન અધિકારી | ૦૯ | ૦૮ | જુલાઇ–૨૦૧૩ |
| ૮ | સ્ટેનો ગ્રેડ–૧ | ૦૨ | ૦૧ | જુલાઇ–૨૦૧૨ |
| ૯ | સ્ટેનો ગ્રેડ–૨ | ૦૦ | ૦૩ | જુલાઇ–૨૦૧૧ |
| ૧૦ | ઓફીસ આસીસ્ટન્ટ | ૦૫ | ૦૦ | |
| ૧૧ | ટાઇપીસ્ટ | ૦૧ | ૦ | |
| ૧૨ | ડ્રાઇવર | ૦૧ | ૦૨ | ૩૦–૦૬–૨૦૧૦ |
| ૧૩ | પટાવાળા | ૦૫ | ૦૨ | ૩૦–૦૬–૨૦૧૨ |
| ૧૪ | હમાલ | ૦૧ | ૦ | |
| | કુલ | ૩૫ | ૧૭ | |

## મુખ્ય વિદ્યુત નિરીક્ષક

| ક્રમ | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | જગ્યાઓ ક્યારથી ખાલી છે |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય વિદ્યુત નિરીક્ષક અને વિદ્યુત શુલ્ક સમાહર્તા | ૦૧ | ૦ | |
| ૨ | નાયબ મુખ્ય વિદ્યુત નિરીક્ષક | ૦૪ | ૦ | |
| ૩ | વિદ્યુત નિરીક્ષક/સચિવ લાયસન્સીંગ બોર્ડ | ૧૦ | ૦૩ | ઓક્ટોબર–૨૦૧૪ |
| ૪ | સહાયક વિદ્યુત નિરીક્ષક | ૨૫ | ૦૯ | ઓગસ્ટ–૨૦૧૪ |
| ૫ | વહીવટી અધિકારી | ૦૭ | ૦ | |
| ૬ | જુ.સહાયક વિદ્યુત નિરીક્ષક | ૩૨ | ૧૯ | બઢતી મળવાથી |
| ૭ | વિદ્યુત પેટા નિરીક્ષક | ૬૬ | ૨૮ | નિવૃત્ત/બઢતી મળવાથી |
| ૮ | ગુજરાતી સ્ટેનો | ૦૧ | ૦૦ | |
| ૯ | મુખ્ય કારકુન | ૧૩ | ૦૪ | નિવૃતિથી |
| ૧૦ | લીફ્ટ મીકેનીક | ૦૦ | ૦૧ | |
| ૧૧ | જુનીયર આસીસ્ટન્ટ | ૨૮ | ૦૬ | નિવૃતિથી |
| ૧૨ | જુ.ક્લાર્ક કમ ટાઇપીસ્ટ/ટાઇપીસ્ટ/ટ્રેસર | ૪૯ | ૨૦ | નિવૃતિથી |
| ૧૩ | વાહન ચાલક | ૦૬ | ૧૧ | નિવૃતિથી |
| ૧૪ | હવાલદાર | ૦૦ | ૦૧ | બઢતીનો અસ્વીકાર |
| ૧૫ | નાયક | ૦૧ | ૦૩ | નિવૃતિથી |
| ૧૬ | પટાવાળા/લીફ્ટ મજદુર | ૩૪ | ૦૭ | નિવૃતિથી |
| | કુલ | ૨૭૭ | ૧૧૨ | |

## વિદ્યુત શુલ્ક સમાહર્તા

| ક્રમ | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ક્યારથી જગ્યાઓ ખાલી છે |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય હિસાબી અધિકારી | ૦૦ | ૦૧ | ૩૧–૧૦–૨૦૧૪ |
| ૨ | મુખ્ય અન્વેષક | ૦૧ | ૦૦ | |
| ૩ | આકારણી અધિકારી | ૦૧ | ૦૦ | |
| ૪ | વહીવટી અધિકારી | ૦૬ | ૦૦ | |
| ૫ | વિદ્યુત શુલ્ક અધિકારી | ૦૧ | ૦૦ | |
| ૬ | સીનીયર આસીસ્ટન્ટ | ૦૫ | ૦૧ | ૨૬–૦૨–૨૦૧૩ |
| ૭ | જુનીયર આસીસ્ટન્ટ | ૦૩ | ૦૪ | ૧૨–૦૮–૨૦૧૩ |
| ૮ | વિદ્યુત શુલ્ક નિરીક્ષક | ૧૦ | ૦૬ | છેલ્લાં ૫ વર્ષથી |
| ૯ | સીનીયર ઓડિટર | ૦૦ | ૦૧ | છેલ્લાં ૧૦ વર્ષથી |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | સ્ટેનોગ્રાફ-૨ (અંગ્રેજી) | ૦૦ | ૦૧ | છેલ્લાં ૧૦ વર્ષથી |
| ૧૧ | જુનીયર કારકુન | ૦૧ | ૦૧ | ૩૦-૧૧-૨૦૧૪ |
| ૧૨ | કારકુન કમ ટાઇપીસ્ટ | ૦૧ | ૦૧ | ૩૦-૦૬-૨૦૧૪ |
| ૧૩ | અંગ્રેજી ટાઇપીસ્ટ | ૦૧ | ૦૦ | |
| ૧૪ | ગુજરાતી ટાઇપીસ્ટ | ૦૦ | ૦૨ | ૩૧-૦૩-૨૦૧૪ |
| ૧૫ | પટાવાળા | ૦૩ | ૦૦ | |
| | કુલ | ૩૩ | ૧૮ | |

(૩) ઉક્ત સ્થિતિએ ઉર્જા પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓની સંવર્ગવાર ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન નીચે મુજબ છે.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગમાં ખાલી જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે.

મુખ્ય વિદ્યુત નિરીક્ષક

ખાલી જગ્યાઓ ભરવા માટે જુ.સ.વિ.નિ. ની જીપીએસસી દ્વારા કાર્યવાહી થઇ રહેલ છે અને વિ.પે.નિ. અને જુ.કલાર્ક કમ ટાઇપીસ્ટ ની જગ્યાઓ ભરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળ મારફત કાર્યવાહી ચાલુ છે. તેમજ સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ ૧૦ વર્ષના ભરતી કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવેલ છે અને વાહન ચાલક તથા વર્ગ-૪ ની જગ્યાઓ હાલમાં આઉટ સોર્સથી ભરવામાં આવેલ છે.

વિદ્યુત શુલ્ક સમાહર્તા

જુનીયર આસીસ્ટન્ટની ૦૩ જગ્યાઓ ભરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ સાથે પરામર્શ ચાલી રહેલ છે.

## મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

અતારાંકિતઃ ૪૧૩૬ (૦૯-૦૧-૨૦૧૫) શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૪ ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષણથી પિડાય છે અને કેટલા બાળકોનું ઉંમરના પ્રમાણમાં વજન ઓછું છે,

(૨) બાળકોમાં કુપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા કેવા પગલાં લેવામાં આવે છે, અને

(૩) બાળકોને કુપોષણથી મુકિત મળે તે માટે ક્યા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે ?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૦૩-૦૬-૨૦૧૫)

(૧) પત્રક-અ મુજબ.
(૨) પત્રક-બ મુજબ.
(૩) પત્રક-ક મુજબ.

પત્રક-અ

પંચમહાલ

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બોળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જાંબુઘોડા | ૯૧૧ | ૧૪ |
| ૨ | શહેરા | ૫૭૫૧ | ૧૦૩ |
| ૩ | કાલોલ | ૩૫૧૩ | ૧૬૩ |
| ૪ | હાલોલ | ૪૧૮૬ | ૫૦ |
| ૫ | ગોધરા | ૬૭૦૮ | ૨૦૩ |
| ૬ | મોરવા | ૩૨૨૧ | ૪૪ |
| ૭ | ઘોઘંબા | ૪૩૦૦ | ૧૧૯ |

| | | | |
|---|---|---|---|
| | કુલ | ૨૮૫૯૦ | ૬૯૬ |
| મહિસાગર | | | |
| ૧ | લુણાવાડા | ૨૯૯૪ | ૭૦ |
| ૨ | સંતરામપુર | ૧૦૭૧ | ૧૭ |
| ૩ | કડાણા | ૨૪૯૦ | ૧૪ |
| ૪ | ખાનપુર | ૧૨૬૫ | ૪૬ |
| ૫ | બાલાસિનોર | ૧૭૭૯ | ૨૦૮ |
| ૬ | વિરપુર | ૧૨૭૮ | ૯૦ |
| | કુલ | ૧૦૮૭૭ | ૪૪૫ |

પત્રક–બ

બાળકોમાં કુપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે. તેમાંથી નિર્દેશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્ન પ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.
- આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને THR તરીકે પુરક પોષણ આહાર આપવામાં આવે છે.
- રાજ્ય સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ આઇ.ડી.સી./૧૧૨૦૧૪/૧૪૧૬/બ તા.૧–૮–૨૦૧૪ ના ઠરાવથી દુધ સંજીવની યોજનાનો વ્યાપ વધારી ૩૮ આદીજાતિ ઘટકોને યોજના હેઠળ આવરી લેવાનું ઠરાવવામાં આવેલ છે. તદ્ઉપરાંત તા.૨૦–૧૨–૨૦૧૪ ના ઠરાવથી આદિજાતિ વિસ્તારના બાકી રહેતા ૪૨ આદિજાતિ ઘટકોમાં દુધ સંજીવની યોજનાનો અમલ કરવાનું ઠરાવવામાં આવેલ છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શકિતમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે.
- ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ–સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.
- ગતિશીલ ગુજરાત અંતર્ગત ૧૦૦ દિવસમાં અતિ ઓછા વજનવાળા ૪૩૮૫ બાળકોને બાલ સેવા કેન્દ્રમાં સારવાર આપેલ છે. ૬૬૯૦૯૫ ઓછા વજનવાળા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે.

પત્રક–ક

આગામી સમયમાં બાળકોને કુપોષણથી મુક્તિ મળે તે માટે હાલમાં ચાલતી વિવિધ યોજનાઓ ઉપરાંત નીચેની કામગીરી કરવાનું આયોજન છે.

- ઇલેક્ટ્રોનિક વજન કાંટાના માધ્યમથી બાળકોનું ચોક્કસ વજન અને ગ્રોથ મોનીટરીંગ.
- આરોગ્ય વિભાગની સહાયથી આંગણવાડીના તમામ ઓછા વજનવાળા બાળકોની તબીબી ચકાસણી.
- ઘનિષ્ટ પોષણ સુધારણા કાર્યક્રમ અંતર્ગત પોષણ સપ્તાહની ઉજવણી દરમ્યાન ચાલુ વર્ષે ઓછા વજનવાળા બાળકો ધરાવતી ૧૦૦૦૦ આંગણવાડીઓને ઘનિષ્ટ પોષણ અભિયાન કેન્દ્ર તરીકે તબક્કાવાર શરૂ કરવાનું આયોજન કરેલ

- છે જેને માર્ચ–૨૦૧૫ સુધીમાં પુર્ણ કરવામાં આવનાર છે. અત્યાર સુધીના કુલ ૨૦૦૦ ઘનિષ્ટ પોષણ અભિયાન કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે બાકી રહેતા ઘનિષ્ટ પોષણ અભિયાન કેન્દ્રો જિલ્લાવાર ફાળવણી કરેલ છે. ઘનિષ્ટ પોષણ અભિયાન કેન્દ્ર ૩૦ દિવસ ચાલુ રાખવા અને ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોને સારવાર આપીને કુપોષણના પ્રમાણમાં ઘટાડો કરવાના પગલાં લેવામાં આવેલ છે.
- ગતિશીલ ગુજરાત કાર્યક્રમ કેમ્પ–૨ અંતર્ગત આગામી સમયમાં ૧૦૦૦૦ અતિ ઓછા વજનવાળા જરૂરીયાતમંદ બાળકોને બાલ સેવા કેન્દ્રમાં સારવાર આપવાનું આયોજન કરેલ છે.

અતાંરાકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૪૮૨૪ | ૦૧ |
| ૨ | નાણા વિભાગ | ૫૪૮૬ | ૦૧ |
| ૩ | વન અને પર્યાવરણ વિભાગ | ૪૦૪૦, ૪૫૧૫, ૪૭૪૯, ૪૭૫૧, ૪૭૫૪, ૪૭૬૪, ૪૭૬૫, ૪૭૭૧, ૪૭૭૨, ૪૭૭૭, ૪૭૮૬, ૪૭૯૩ | ૧૨ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૪૬૭૦ | ૦૧ |
| ૫ | ગૃહ વિભાગ | ૫૭૩૧, ૫૭૩૩, ૫૭૯૯ | ૦૩ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪૯૨૦ | ૦૧ |
| ૭ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૫૨૪૫, ૫૨૫૩, ૫૬૧૬, ૫૬૧૮ | ૦૪ |
| ૮ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૪૨૭૯, ૪૨૮૦, ૪૪૪૦, ૪૫૩૪, ૪૫૩૬, ૪૫૩૮, ૪૫૪૩, ૪૬૪૭, ૪૬૪૮, ૪૬૪૯, ૪૬૫૦ | ૧૧ |
| ૯ | મહેસૂલ વિભાગ | ૩૫૭૫, ૪૦૪૯, ૪૦૫૦, ૪૦૫૨, ૪૦૫૪, ૪૦૫૫, ૪૦૫૯, ૪૦૬૧, ૪૦૬૨, ૪૦૬૪, ૪૦૬૫ | ૧૧ |
| ૧૦ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૩૫૪૧, ૫૨૪૦ | ૦૨ |
| ૧૧ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૪૮૬૨, ૫૪૯૨ | ૦૨ |
| ૧૨ | મહિલા અને બાળ કલ્યાણ વિભાગ | ૪૧૩૬ | ૦૧ |
| | | કુલ | ૫૦ |

પહેલી, બીજી અને ત્રીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

પોઇન્ટ ઓફ ઓર્ડર

સભાગૃહ મોકૂફ રાખવા અંગે

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે સ્થિતિ છે એવી સ્થિતિ ૨૦૦૨માં ગોધરા તોફાનો બાદ જે હાલત હતી એવી હાલત છે. આજે પણ આર્મી ગુજરાતમાં, અમદાવાદમાં છે, એ વખતે પણ આર્મી ગુજરાતના અમદાવાદમાં હતી. એ વખતે માનનીય અધ્યક્ષશ્રીએ માયાબેન કોડનાનીને પોઇન્ટ ઓફ ઓર્ડર માટેની અનુમતિ આપેલી. આ બિઝનેશ તા. ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨નો છે. આમાં પાના નંબર ૨૨૧ ઉપર છે. આપે ઝીરો અવર્સ માટે સંમતિ આપી તે બદલ આપનો આભાર માનું છું. એનો અર્થ એ કે ઝીરો અવર્સની સંમતિ સ્પેશિયલ કેસમાં આપવામાં આવેલી. બહુ ડિટેઇલમાં નથી જતો. એના પછી બીજા દિવસે સવારે ૮–૩૦ વાગ્યે વિધાનસભા મળી એ વખતે શોક પ્રસ્તાવ હતો. ગોધરાના મિત્રો ગુજરી ગયા એમના માટે. આજે પણ હું એક શોક પ્રસ્તાવ અધિકૃત વિપક્ષના નેતા તરીકે આપની સમક્ષ ૧૦ જેટલા મિત્રો ગુજરી ગયા એમના આશ્વાસન માટે, શ્રદ્ધાંજલિ માટે મૂકું છું. એમના જે શબ્દો હતા કે ગોધરા કાંડમાં થયેલ મૃત્યુ અંગે એવા શબ્દો હતા કે આતંકવાદના કાળા કૃત્યની કરૂણ કથા કહેતી હતી, સમગ્ર ગુજરાત સહિત, એટલે આતંકવાદી શબ્દ એમાં ખાસ ઉમેરવામાં આવેલ હતો. આખા વિશ્વની માનવતા આ સામૂહિક આતંકથી શોકમગ્ન બની ગઇ છે ત્યારે અહીં બેઠેલા આપણા પૈકીના એક પણ માનનીય સભ્ય આ સંવેદનાથી, આજે પણ એ જ સંવેદના છે. જો એમની સંવેદના હતી તો આજે આખા હાઉસની અને આખા ગુજરાતની પ્રજાની એ સંવેદના છે કે બાકાત રહી શકે નહીં. આ સામૂહિક હત્યામાં, એ બહુ વિગતમાં હું નથી જતો. જે શબ્દો એ વખતે હતા એ એવા હતા કે, આ કરૂણતમ દ્રશ્ય જોનારા કઠોરતમ માનવીનું હૈયું પણ પીગળી જાય, સમગ્ર ગુજરાતની પ્રજા જ્યારે નિર્દોષ યાત્રાળુઓની સામૂહિક હત્યાના શોકમાં ગરકાવ છે ત્યારે આજે જે ૧૦ જેટલા લોકોના

મૃત્યુના શોકમાં ગરકાવ છે ત્યારે ગુજરાત સરકાર અને સમગ્ર પ્રજાનું લોકશાહીમાં પ્રતિનિધિત્વ કરતી સર્વોચ્ચ સંસ્થા એટલે આ વિધાનસભા ગૃહ, આ વિધાનસભા પણ શોકાતુર જનતાની સાથે સંવેદનામાં સહભાગી બને એ સી.એમ. સાહેબની એ વખતે વિનંતી હતી. એના પછી જે છેલ્લું છે એ હું કહીશ, એ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, દિવંગત યાત્રિકોની શાંતિ માટે શ્રદ્ધાંજલિ અર્પીને મૌન પાળીએ અને ગૃહની બન્ને બેઠકો સહિત આજના દિવસનું કામકાજ મુલતવી રાખીએ તેવી ગૃહના નેતા તરીકે હું આપને અપીલ કરું છું. આ બધામાં ક્યાંય શાંતિની અપીલ ન હતી પણ ગૃહને મુલતવી રાખવાની એમની અપીલ હતી. એ ગૃહને મુલતવી રાખવા માટેની બાબતમાં આપના તરફથી જે હતું તે એ કે રાજ્યની પ્રવર્તમાન ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં લઇ માનનીય ધારાસભ્યશ્રીઓ તેમના મત વિસ્તારમાં સુલેહ અને શાંતિ જાળવવા પ્રયાસો હાથ ધરી શકે તેમજ રાજ્યમાં ઝડપથી સામાન્ય પરિસ્થિતિનું નિર્માણ થાય તે હેતુને લક્ષમાં રાખીને માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯ હેઠળ શુક્રવાર ૧લી માર્ચ ૨૦૦૨ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે મળનાર બેઠક મુલતવી રાખી અને સોમવાર તારીખ ૪થી માર્ચ ૨૦૦૨ના રોજ બપોરના ૧૨–૦૦ કલાકે મળશે. એના પછી એ જ મુદ્દો લઇને ૪થી માર્ચ ૨૦૧૨ થી ૧૨મી માર્ચ સુધી ફરી વિધાનસભા મુલતવી રાખી. એ જે ૪થી માર્ચે વિધાનસભા મળવી જોઇએ એ મળી નહીં. ૪થી માર્ચના બદલે ૧૨ માર્ચ સુધી એ હાઉસ મુલતવી રહ્યું હતું. આપના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે શોક પ્રસ્તાવ મૂકેલો એવો શોક પ્રસ્તાવ હું ૧૦ જેટલા મિત્રો તાજેતરમાં જે સ્વર્ગવાસી થયા છે, એ મૃતકોને શ્રદ્ધાંજલિ આપવાનો ઠરાવ મૂકું છું. એમણે પણ એક દિવસ ગૃહ મુલતવી રાખવાનું કહેલું. ૧૨ દિવસ ગૃહ મુલતવી રહ્યું હતું. હું તો આવતી કાલ સાંજ સુધી ગૃહ મુલતવી રાખવાનું કહું છું. બધા માનનીય સભ્યશ્રીઓ પોતાના મત વિસ્તારમાં જાય અને શાંતિ જાળવવાની કોશિશ કરે એવી મારી આપના માધ્યમથી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : અગાઉની જે ઘટનાનો ઉલ્લેખ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ (અંતરાય)(આ તકે કોંગ્રેસના સભ્યશ્રી પૂંજાભાઇ વંશે, સરકારે કાંઇ કહેવું જોઇએ આમાં, એમ બેઠાંબેઠાં બોલતાં) ગોધરાકાંડનો જે ઉલ્લેખ કર્યો તે આખો બનાવ અને ઘટના અલગ છે. અત્યારની જે ગુજરાતની પરિસ્થિતિ છે (અંતરાય ) એ ગોધરા કાંડની પરિસ્થિતિની સરખામણી ન થઇ શકે. અંતરાય) છતાં ગોધરા કાંડ વખતે પણ ૧૦૮ નામંજૂર કરી, નિયમ–૪૪નું નિવેદન જે તે વખતે પણ ગૃહમંત્રી ગોરધનભાઇ જડફીયાએ કર્યું હતું. એની અને અત્યારની સરખામણી આપણે ના કરી શકીએ. એ બનાવ અને આ બનાવ સાથે આપણે ના જોડી શકીએ, એટલે હું પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરું છું. નેકસ્ટ ૧૧૬, માનનીય શ્રી પરબતભાઇ. (સતત અંતરાય)

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)

અતિ ભારે વરસાદને કારણે સર્જાયેલ તારાજીના પરિણામે થયેલ નુકસાન માટે જરૂરી આર્થિક સહાય આપવા અંગે.

શ્રી પરબતભાઇ સ. પટેલ(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્ય મંત્રીશ્રી(મહેસૂલ)નું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.(અંતરાય)

"પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને કચ્છ જિલ્લાઓમાં થયેલ અતિભારે વરસાદને કારણે સર્જાયેલ તારાજીના પરિણામે મોટાભાગના વિસ્તારોના ઘરોમાં પાણી ભરાઇ જતાં મકાનો તથા ઘરવખરી તણાઇ જતાં તેમજ આ વિસ્તારમાં અસંખ્ય પશુઓના થયેલ મોત તેમજ ઉભા પાક તથા ખેતીની જમીનનું ધોવાણ થવાથી ખેડૂતો, પશુ માલિકો વગેરેને થયેલ નુકસાન માટે જરૂરી આર્થિક સહાય આપવા રાજ્ય સરકારે લીધેલા કે લેવા ધારેલાં પગલાં."

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં ચાલુ વર્ષે ચોમાસાની શરૂઆત થોડીક મોડી થઇ હતી અને ખાસ કરીને ઉત્તર ગુજરાત તથા કચ્છ જિલ્લાઓમાં કચ્છ, પાટણ અને બનાસકાંઠાના ૩૩ તાલુકાઓ પૈકી દાંતા, અમીરગઢ, ભચાઉ અને અંજાર સિવાયના ૨૯ તાલુકાઓમાં તા.૨૪–૦૭–૨૦૧૫ સુધીમાં ૧૨૫ મિ.મિ.(પાંચ ઇંચ ) કરતાં ઓછો વરસાદ પડ્યો હતો. હવામાન ખાતા તરફથી તા. ૨૨–૭–૨૦૧૫ના રોજ મળેલી ભારે વરસાદની ચેતવણી મુજબ કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ પડે તે પ્રકારની એક સિસ્ટમ બંગાળના ઉપસાગરમાં ઉભી થઇ હતી અને આ લો પ્રેસરની સિસ્ટમ મધ્ય પ્રદેશ તથા રાજસ્થાન બાજુથી ગુજરાત તરફ આવી રહી હતી. આ સંદર્ભે રાહત કમિશનર દ્વારા ઉત્તર ગુજરાતના અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, કચ્છ અને મોરબી જેવા જિલ્લાઓના વહીવટી તંત્ર સાથે વિડિયો કોન્ફરન્સ કરીને ભારે વરસાદની ચેતવણી સામે તમામ ગામો અને શહેરોમાં તાકીદની પરિસ્થિતિ માટે સાવધ રહેવા જણાવ્યું હતું. તે સાથે જ જિલ્લાઓમાંના બધા જ સરકારી કર્મચારીઓ ફરજ ઉપર હાજર રહે તેવી સૂચના આપી હતી. ભારે વરસાદથી ઉભી થતી પરિસ્થિતિમાં બચાવના સાધનો તૈયાર રાખવા તથા નીચાણવાળા ભાગો, નદીકાંઠા ઉપરના ગામો અને શહેરોના નીચાણવાળા વિસ્તારોમાં જરૂરી સ્થળાંતરની તૈયારી સાથે બચાવ પગલાં માટેની તમામ પૂર્વ તૈયારી કરવાની સૂચના આપી હતી. તાલુકા/જિલ્લા કક્ષાના પૂર નિયંત્રણ કક્ષમાં જવાબદાર અધિકારી હાજર રહે તેમ સૂચના આપી હતી. બંગાળના ઉપસાગર તરફથી સર્જાયેલી આ લો પ્રેસર સિસ્ટમના કારણે તા.૨૫મી જુલાઇ દરમિયાન કચ્છ જિલ્લામાં ૩૬૯ મિ.મિ., પાટણમાં ૩૧૪ મિ.મિ. અને બનાસકાંઠામાં ૫૧૪ મિ.મિ. વરસાદ થયેલ જેમાં સુઇગામમાં સરેરાશ વાર્ષિક વરસાદના ૪૬૩% સહિત મોસમના કુલ અપેક્ષિત વરસાદની સામે કચ્છમાં ૯૫%, પાટણમાં ૫૮% અને બનાસકાંઠામાં ૯૦% વરસાદ આ સ્પેલમાં નોંધાયો છે. સામાન્ય રીતે આખા વર્ષના કુલ વરસાદ જેટલો વરસાદ ત્રણ જ દિવસમાં પડે અને વર્ષોથી અછતનો સામનો કરતાં બનાસકાંઠા, કચ્છ અને પાટણના વિસ્તારમાં આટલો વરસાદ પડે તે છેલ્લા ૧૦૦ વર્ષની મોટી

ઘટના છે. ધાનેરામાં ૭૪૦ મિ.મિ.નો સૌથી વધારે વરસાદ આ પિરિયડમાં નોંધાયેલ.

ઉપરવાસમાં રાજસ્થાજમાં માઉન્ટ આબુ અને અન્ય વિસ્તારોમાં ભારે વરસાદ થતાં દાંતીવાડા, સીપુ અને ધરોઇ ડેમમાં પણ પાણીની મોટી આવક થઇ હતી. બનાસકાંઠા જિલ્લાના ધાનેરા, લાખણી, વાવ, થરાદ, સુઇગામ તાલુકાઓમાં તથા પાટણ જિલ્લાના રાધનપુર, સાંતલપુર, સરસ્વતિ અને શંખેશ્વર તાલુકામાં અને કચ્છ જિલ્લાના અંજાર, ભચાઉ, ભુજ, નખત્રાણા અને રાપર તાલુકામાં પડેલા ભારે વરસાદથી બનાસકાંઠાના ૪૨૯ ગામો અને ૪ શહેરો, પાટણના ૧૮૬ ગામો અને ૩ શહેરો તથા કચ્છના ૬૨ ગામો અને ૨ શહેરો વધારે અસરગ્રસ્ત થયા હતા અને ૨૬૮૬ ગામોનો પાણી પુરવઠો ખોરવાયો હતો. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાને કારણે ૩૭૭૨૬ જેટલા વ્યક્તિઓનું હંગામી સ્થળાંતર કરવામાં આવ્યું હતું તથા ૫૯૮ રસ્તાઓને નુકસાન થયા હતા. વીજ પુરવઠો ખોરવાઇ જવાથી, રસ્તાઓ તૂટી ગયા હોવાથી તથા મોબાઇલના ટાવર્સ બંધ પડી ગયા હોવાથી સંપર્ક અને બચાવ કાર્ય સારું Air Force, NDRF, Army, SRPF, BSF તથા અમદાવાદ, વડોદરા અને સુરત મહાનગરપાલિકાઓના ફાયર બ્રિગેડની ટીમોની મદદથી મોટા પાયે બચાવ કામગીરી તથા જીવન જરૂરી પાણી અને ફૂડ પેકેટ પહોંચાડવાની કામગીરી કરવામાં આવી હતી. સરકારે તાકીદે નીચે મુજબના પગલાં લીધા હતા :

૧. હોડીઓ, હેલિકોપ્ટર્સ, તરવૈયા અને દોરડાની મદદથી અને ઉપરોક્ત સૈનિક, અર્ધસૈનિક અને સિવિલ ફોર્સની મદદથી પૂરમાં ફસાયેલા ૮૫૦૦ કરતાં વધારે વ્યક્તિઓને બહાર કાઢી સલામત સ્થળે પહોંચાડ્યા.

૨. અંબાજી સંસ્થાન, ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી ૫૦ લાખ જેટલા ફૂડ પેકેટ્સ તથા પાણીના પાઉચરની રાહત સામગ્રી ગામે ગામે પહોંચાડવામાં આવી.

૩. ૯૪૨૫૯ જેટલા નાનાં–મોટાં પશુઓ મૃત્યુ પામ્યા હોવાથી મોટા પાયે મૃત પશુ નિકાલ માટેની કામગીરી યુદ્ધના ધોરણે કરી કેમિકલ અને જંતુનાશક પાવડરનો ઉપયોગ કરી મૃતદેહોનો નિકાલ કરવામાં આવ્યો જેથી રોગચાળો ન ફેલાય.

૪. રાજ્યના અન્ય વિસ્તારોમાંથી અધિક કલેકટરો, નાયબ કલેકટરો, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ, ડોકટરો, ઇજનેરો, પેરા–મેડિકલ કર્મચારીઓ, સફાઇ કર્મચારીઓ વિગેરે ૩૮૦૦ કરતાં વધુ કર્મચારીઓને અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કામગીરી સારુ મોકલવામાં આવ્યા.

૫. રાજ્યના અન્ય જિલ્લાઓમાંથી ૭ સેટેલાઇટ ફોન બનાસકાંઠા જિલ્લામાં મોકલી સંપર્ક કામગીરી કરી.

૬. ૪૦૦ કરતાં વધુ ટીમો કામે લગાડી વીજ પુરવઠો કાર્યરત કર્યો તેજ રીતે યુદ્ધના ધોરણે ૫૯૩ રસ્તાઓની મરામત કરી વાહન જઇ શકે તેવા તૈયાર કર્યા.

૭. ૨૭૩ જેટલા ટેન્કરોની મદદથી પાણી પુરવઠો પહોંચાડવામાં આવ્યો.

૮. NDRFની ૧૭ કંપનીઓ કામે લગાડી જેમાં ગુજરાત ઉપરાંત પૂણેથી ૪ અને ભટિંડાથી ૪ કંપનીઓ બોલાવવામાં આવી હતી.

૯. એર ફોર્સની ૬ ટીમો, લશ્કરની ૯ ટીમો, SRPFની ૮ કંપણી, BSFની ૪ કંપની અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ૧૧ ટીમોની મદદ લેવામાં આવી હતી.

૧૦. આરોગ્ય વિભાગની ૧૩૦૦ ટીમોને આરોગ્ય વિષયક સેવાઓ માટે અને ૭૧૦૦ કરતાં વધુ મજુરો તથા ૧૪૫૦ જેટલા જેસીબી–ટ્રેકટર વિગેરેની મદદથી સફાઇ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

દૂધ, શાકભાજી, પીવાનું પાણી, કેરોસીન, ધાબળા, તાડપત્રી અને ફૂડ પેકેટ જેવી વસ્તુઓ હેલિકોપ્ટર્સ, હોડીઓ અને બચાવ ટૂકડીઓની મદદથી પહોંચાડવામાં આવ્યા છે. નુકસાનીનો વ્યાપ જોતાં વધારે અસરગ્રસ્ત વિસ્તારોમાં પ્રાથમિક શાળા અને આંગણવાડીઓ ૭ દિવસ માટે બંધ રાખીને બાળકોને મધ્યાહ્ન ભોજન કે પૌષ્ટિક નાસ્તો ગામડાંમાં જ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

અસરગ્રસ્ત ગામો અને શહેરોમાંથી વરસાદી પાણીના નિકાલ માટે કાચી નીકો તૈયાર કરવી. નજીકની કેનાલમાં પાણી છોડવું કે મોટા મોટા ડીવોટરિંગ પંપ કામે લગાડવા અને ખાનગી મકાનો, શેરીઓ, જાહેર ઇમારતો તથા સરકારી કચેરીઓની સફાઇ માટે સ્થાનિક કર્મચારીઓ ઉપરાંત મોટા પાયે સ્વૈચ્છિક સંગઠનો, બહારથી મોકલવામાં આવેલ સફાઇ કામદારો, ટેકનીસીયન્સ અને આધુનિક મશીનોની મદદ લેવામાં આવી છે વળી પાણીના નિકાલની સાથે રોગચાળાની સમસ્યા ઉભી ન થાય તે માટે જંતુનાશક પાવડરનો છંટકાવ, ફોગિંગ મશીન, ક્લોરિન ટેબ્લેટ્સનો ઉપયોગ અને મોબાઇલ મેડિકલ વાહનો સહિત ૧૨ લાખ કરતાં વધુ વ્યક્તિઓની આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે.

ભારે વરસાદથી અસરગ્રસ્ત થયેલા ગામોમાં વીજળી, સંદેશાવ્યવહાર, વાહન વ્યવહાર ખોરવાઇ જવાથી ઉભી થયેલ પરિસ્થિતિમાં બચાવ અને રાહત કામગીરીના યોગ્ય સંકલન માટે મહેસૂલ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, આરોગ્ય તંત્ર, પાણી પુરવઠા, ઉર્જા, વાહન વ્યવહાર, પશુપાલન, કૃષિ, પંચાયત અને નગરપાલિકા તંત્રના વરિષ્ઠ અધિકારીઓ તથા કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગો સાથે સતત સંકલન અને મોનિટરિંગ દ્વારા મુખ્ય સચિવશ્રીની આગેવાની હેઠળ તંત્રએ સક્રિયપણે બચાવ અને રાહતની કામગીરી હાથ ધરી હતી તથા માનનીય મુખ્ય મંત્રીશ્રી, માનનીય મુખ્ય સચિવશ્રી અને વરિષ્ઠ સચિવશ્રીઓએ સ્થળ મુલાકાત લઇ પરિસ્થિતિનું નિરિક્ષણ કર્યું હતું. રાજ્ય કક્ષાએ માનનીય મુખ્ય સચિવશ્રી અને રાહત કમિશનર વ અધિક મુખ્ય સચિવશ્રીએ સવાર–સાંજ સમીક્ષા બેઠકો હાથ ધરી દૈનિક ધોરણે અસરગ્રસ્ત જિલ્લાઓને બચાવ–રાહત કામગીરીની સતત સમીક્ષા કરી યોગ્ય માર્ગદર્શન આપ્યું છે.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)

પૂર/અતિ ભારે વરસાદથી અસરગ્રસ્ત લોકોને આર્થિક સહાય આપવા રાજ્ય સરકારે નીચે મુજબના પગલાં લીધાં છે :

૧. માનનીય મુખ્ય મંત્રીશ્રીની સૂચનાથી અસરગ્રસ્ત વિસ્તારનાં ઇસમોને ૧૦ દિવસનું કેશ ડોલ્સ આપવાનું નક્કી કરવામાં આવેલ. વયસ્ક માટે દિવસ દીઠ રૂ.૬૦/– અને બાળકો માટે દિવસ દીઠ રૂ. ૪૫/– પ્રમાણે કેશ ડોલ્સ આપવાનું ઠરાવેલ છે.

૨. ભારત સરકારના SDRF અંતર્ગત નક્કી કરેલ ધોરણો મુજબ કપડાં, ઘરવખરી સહાય મળીને કુટુંબ દીઠ રૂ. ૩,૮૦૦/– આપવાની જોગવાઇ છે, એમાં રાજ્ય સરકારે રાજ્યના બજેટમાંથી વધારાના કુટુંબ દીઠ રૂ. ૩,૨૦૦/– આપવાનું નક્કી કરીને કુલ કપડાં/ઘરવખરી સહાય કુટુંબ દીઠ રૂ.૭,૦૦૦/– આપવાની સૂચના આપવામાં આવેલ.

૩. થયેલ માનવ મૃત્યુ માટે મૃતકના વારસદારોને કેસ દીઠ રૂ.૪ લાખ આપવાનું ઠરાવીને તે રકમ તાત્કાલિક આપી દેવાની સૂચના આપવામાં આવેલ.

૪. પશુ મૃત્યુ અંગે SDRFના ધોરણો મુજબ ૩ દુધાળા પશુઓની મર્યાદામાં પશુ દીઠ રૂ.૩૦,૦૦૦/– આપવાની જોગવાઇ છે, તે રકમમાં રાજ્ય બજેટમાંથી રૂ.૧૦,૦૦૦/– ઉમેરીને ૩ દુધાળા પશુઓની મર્યાદામાં દુધાળા પશુ દીઠ કુલ રૂ. ૪૦,૦૦૦/– આપવાનું નક્કી કરવામાં આવેલ અને ૩ કરતાં વધારાના બે દુધાળા પશુઓ માટે પણ પશુ દીઠ રૂ. ૩૦,૦૦૦/– રાજ્યના બજેટમાંથી આપવાનું સરકારે ઠરાવેલ છે.

૫. મકાનોને થયેલ નુકસાન અંગે કાચા / પાકા મકાન સંપૂર્ણ નાશ પામેલા હોય તો કેસ દીઠ રૂ. ૯૫,૧૦૦/– આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ઓછામાં ઓછું ૧૫% નુકસાન હોય તેવા આંશિક રીતે નુકસાન પામેલ પાકા મકાનના કેસમાં રૂ.૧૧,૨૦૦/– અને કાચા મકાનના કેસમાં રૂ.૯,૨૦૦/– આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. નાશ / નુકસાન પામેલ ઝૂંપડાના કેસમાં કેસ દીઠ રૂ.૭,૧૦૦/– આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આંશિક રીતે નુકસાન પામેલ મકાનો અને નાશ / નુકસાન પામેલ ઝૂંપડાઓના કેસમાં રાજય સરકારે પોતાના બજેટમાંથી ક્રમશ: રૂ.૬,૦૦૦/– અને રૂ.૩,૦૦૦/– કેસ દીઠ આપવાનું ઠરાવેલ છે, જેનો ઉપરોક્ત રકમમાં સમાવેશ થાય છે.

૬. પાક નુકસાનીના કેસમાં ૩૩%થી વધારે નુકસાન થયેલ હોય તેવા બિનપિયત વિસ્તારમાં હેક્ટર દીઠ રૂ.૬,૮૦૦/–, પિયત વિસ્તારમાં પ્રતિ હેક્ટર રૂ. ૧૩,૫૦૦/– અને બારમાસી પાકના કેસમાં રૂ.૧૮,૦૦૦/– પ્રતિ હેક્ટર ખેડૂત દીઠ મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં આપવાનું ઠરાવેલ છે. એ સહાય બે હેક્ટરની મર્યાદામાં બધા અસરગ્રસ્ત ખેડૂતોને મળવાપાત્ર થશે.

૭. બે હેક્ટર સુધીની જમીન ધરાવતા ખેડૂતોને જમીન ધોવાણ માટે પ્રતિ હેક્ટર રૂ. ૧૨,૨૦૦/– અને નદીનું વહેણ બદલાવાના કારણે જમીન નકામી બની ગયેલ હોય કે વહેણમાં દબાઇ ગયેલ હોય તેવા કેસમાં પ્રતિ હેક્ટર રૂ. ૩૭,૫૦૦/– આપવાનું ઠરાવવામાં આવેલ છે.

૮. અસરગ્રસ્ત સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કેટેગરીના વાણિજ્યિક અને સેવા એકમો તેમજ સુક્ષ્મ અને લઘુ ઉત્પાદક એકમો માટે પણ રાજ્ય સરકારે પોતાના બજેટમાંથી સહાય આપવાની જાહેરાત કરેલ છે. સુક્ષ્મ કેટેગરીના વાણિજ્યિક અને સેવા એકોમને નુકસાનની રકમના ૫૦ ટકાના ધોરણે રૂ. ૩૫,૦૦૦/–ની મર્યાદામાં રોકમ સહાય મળવાપાત્ર છે. લઘુ અને મધ્યમ કેટેગરીના વાણિજ્યિક અને સેવા એકમો માટે બેન્ક / નાણાંકીય સંસ્થાઓ પાસેથી અસરગ્રસ્ત એકમે પુન:વસન માટે લીધેલ લોન ઉપર એક વર્ષ માટે ૫%ના દરે પરંતુ મહત્તમ રૂ. બે લાખની મર્યાદામાં વ્યાજ સહાય મળવાપાત્ર છે. સુક્ષ્મ ઉત્પાદક એકમોને થયેલ નુકસાનની રકમના ૫૦%ના ધોરણે પરંતુ રૂ.૫૦,૦૦૦/–ની મર્યાદામાં રોકડ સહાય મળવાપાત્ર થશે. લઘુ ઉત્પાદક એકમોના કેસમાં બેન્ક/ નાણાંકીય સંસ્થાઓ પાસેથી અસરગ્રસ્ત એકમે પુન:વસન માટે લીધેલ લોન ઉપર એક વર્ષ માટે ૫%ના દરે મહત્તમ રૂ. ૩ લાખની મર્યાદામાં વ્યાજ સહાય મળવાપાત્ર થશે.

ઉપરોક્ત વિગતો ફક્ત રોકડ સ્વરૂપે સહાય આપવાની જોગવાઇઓ અંગેની છે. તે ઉપરાંત પૂરના કારણે મૂળભુત સુવિધાઓને જે અસર થયેલ હતી તેને રીસ્ટોર કરવા રાજ્ય સરકારે મોટા પ્રમાણમાં રકમ પોતાના બજેટમાંથી ખર્ચેલ છે, જે કાર્યવાહી હજુ ચાલુ છે.

તા.૨૪–૦૭–૨૦૧૫થી તા.૨૯–૦૭–૨૦૧૫ સુધીમાં થયેલા આ ભારે વરસાદથી રાજ્યના જળાશયોમાં જળ સંગ્રહ વધ્યો છે, સરદાર સરોવર ડેમ સિવાયના જળ સંગ્રહોનું પ્રમાણ ૩૧.૭૪% હતું જે વધીને ૭૨.૨૫% થયું છે જેનાથી રવી પાકોને ફાયદો થશે. કચ્છમાં ૪.૯૬%ના જળ સંગ્રહ સામે હાલ ૮૯.૬૪%, ઉત્તર ગુજરાતમાં ૨૦.૪૭%ની સામે ૮૧.૬૭%, મધ્ય ગુજરાતમાં ૫૦.૭૭%ની સામે ૭૦.૦૯% અને દક્ષિણ ગુજરાતમાં ૨૭.૭૨%ની સામે ૭૪.૪૪% તથા સૌરાષ્ટ્રમાં ૩૯.૮૭%ની સામે હાલ ૫૯.૧૩% જળ સંગ્રહ છે. સરદાર સરોવર નર્મદા જળાશયમાં હાલ ૧૦૦% જળ સંગ્રહ હોવાથી અને રાજ્યમાં ૪૫.૯૬%ની સામે ૭૧.૧૯% જળ સંગ્રહ થયો છે જે વાત ગૃહ સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે. સરકારે સજાગ રહીને બચાવ અને રાહતના તમામ પગલાં લીધા છે જેથી વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ની આ સૂચના પાછી ખેંચી લેવા માટે હું અનુરોધ કરું છું.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારું નિવેદન એ છે કે, "પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને કચ્છ જિલ્લાઓમાં થયેલ અતિભારે વરસાદને કારણે સર્જાયેલ તારાજીના પરિણામે મોટાભાગના વિસ્તારોના ઘરોમાં પાણી ભરાઇ જતાં મકાનો તથા ઘરવખરી તણાઇ જતાં તેમજ આ વિસ્તારમાં અસંખ્ય પશુઓના થયેલા મોત તેમજ ઉભા પાક તથા ખેતીની

જમીનનું ધોવાણ થવાની ખેડૂતો, પશુમાલિકો વગેરેને થયેલ નુકસાન માટે જરૂરી આર્થિક સહાય આપવા રાજ્ય સરકારે લીધેલા કે લેવા ધારેલાં પગલાં." (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં ગુજરાતમાં આ વર્ષે બે વખત જે ભારે પૂર આવ્યાં એમાં સૌરાષ્ટ્રમાં અમરેલી જિલ્લો, રાજકોટ જિલ્લો, જુનાગઢ અને ભાવનગર જિલ્લો અને એ પછી જે ભારે વરસાદ થયો અને આપણા પડોશી રાજ્ય રાજસ્થાનમાં ભારે વરસાદ થયો એના કારણે બનાસકાંઠા જિલ્લામાં, પાટણ જિલ્લામાં, મહેસાણા જિલ્લામાં, કચ્છ જિલ્લામાં અને સુરેન્દ્રનગર જિલ્લામાં મોટા પ્રમાણમાં પૂરની પરિસ્થિતિ પેદા થઇ, અચાનક થયેલો વરસાદ જેમ અમરેલીમાં ૩૦ ઇંચ કરતાં વધુ વરસાદ થયો એ જ પ્રમાણે બનાસકાંઠા જિલ્લામાં એક સાથે ૩૦ ઇંચ કરતાં વધુ વરસાદ થવાના કારણે જુદી જુદી નદીઓમાં ભારે પૂર આવ્યું. રાજસ્થાનમાંથી પણ ઝાલોર જિલ્લો અને આપણા આબુમાંથી એ પૂર આવ્યું એના કારણે બનાસકાંઠાની બધી નદીઓ ઓવર ફ્લો થઇ, જે ડેમ દસ વર્ષે બે –ત્રણ વખત ભરાય એવા ડેમો સતત ઉભરાઇ ગયા, ઓવર ફ્લો થયા એના કારણે પણ વધારાનું પૂર આવ્યું અને સુઝલામ્ સુફલામ્ કેનાલ છે એમાં પણ ભારે પાણી આવ્યું એના કારણે ગામડાંઓમાં પાણી નિકાલની વ્યવસ્થા ઓછી હોવાથી, નાની હોવાથી રૂંધાઇ ગયું. પાણી મોટા પ્રમાણમાં ભરાયું. ગામોની અંદર, ઘરોની અંદર, ખેતરોમાં પાણી ભરાયું અને જે રસ્તા અવરજવર માટે ઉપયોગમાં લેવાય છે એમાં પણ ભારે નુકસાન થયું અને આ બધાને કારણે જે ગંભીર પરિસ્થિતિ ઉભી થઇ એ માટે રાજય સરકારે તાત્કાલીક પગલાં લઇને ભારત સરકારની મદદથી ગુજરાત સરકારના દરેક વહીવટી વિભાગના દરેક તંત્રની મદદ લીધી. જુદાજુદા વિભાગોને રાજય સરકારે કામગીરી પર લગાડયા અને એને કારણે ઝડપથી લોકોને સહાય મળે, પૂરમાં ઓછામાં ઓછું નુકસાન થાય, માનવીનું મૃત્યુ ન થાય એ બધી સરકારે કાળજી લીધી એને કારણે ભારે પૂર હોવા છતાં મર્યાદિત વિસ્તારોને આપણે છોડી દઇએ તો બાકીના બધા વિસ્તારોમાં ૨૪ કલાકની અંદર આપણે પરિસ્થિતિ થાળે પાડી શકયા. અમારા મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કલેકટરો અને સરકારની જુદીજુદી કચેરીઓના વડાઓને ત્યાં વિસ્તારમાં મોકલી આપ્યા. માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેને પણ તે જ દિવસે મહેસાણા અને પાલનપુરની મુલાકાત લીધી અને વહીવટીતંત્રને બધી જ કામગીરી સારી કરવા માટે માર્ગદર્શન આપ્યું. ભારત સરકારે પણ આપણને એરફોર્સની મદદ આપી, એન.ડી. આર.એફ.ની ટીમો આવી અને આપણી એસ.આર.પી.ની ટીમોને પણ કામે લગાડી, જી.એસ.ડી.એમ.એ દ્વારા પણ મોટા પ્રમાણમાં કામગીરી કરી અને ઝડપથી પરિસ્થિતિ થાળે પડે, નાગરિકોને જમવા માટેની વ્યવસ્થા હોય ( વિરોધ પક્ષના સભ્યો દ્વારા લાઠીગોલી કી સરકાર નહીં ચલેગી, નહીં ચલેગી, આતંકવાદી આ સરકાર, નહીં ચલેગી, નહીં ચલેગી ના સતત સુત્રોચ્ચાર) પીવાના પાણીની વ્યવસ્થા હોય તો પચાસ લાખથી વધુ ફુડ પેકેટ સરકાર અને લોકોના સહયોગથી, સેવાભાવી સંસ્થાઓના સહયોગથી આપણે તાત્કાલીક મોકલી આપ્યા. પીવાના પાણી માટે ટેન્કરોની વ્યવસ્થા કરી, માર્ગ અને મકાન વિભાગ તરફથી ઝડપથી રસ્તાઓ ખુલ્લા, ચાલુ થાય એ માટે પણ કામગીરી કરવામાં આવી. આરોગ્ય વિભાગની ટીમો આપણે મોકલી આપી અને ખાસ કરીને નાગરિકોને વીજળી ઝડપથી મળે એવી વ્યવસ્થા કરવા માટે પણ ગુજરાત વિદ્યુત બોર્ડ અને ઉર્જા વિભાગ દ્વારા મોટા પ્રમાણમાં કામગીરી કરી સમગ્ર રાજયમાંથી ત્યાં આગળ વધારાની ટીમો મોકલીને, એડિશનલ કલેકટરો મોકલ્યા, અમારા ચીફ એન્જીનીયરો મોકલ્યા અને બધાએ સાથે મળી અને ૪૮ કલાકની અંદર બનાસકાંઠા, પાટણ જિલ્લામાં પૂર્વવત વ્યવહાર થાય એ માટે સરકારે સતત પ્રક્રિયા કરી, જે વિસ્તારોમાં પાણી વધારે ભરાઇ ગયેલું એ વિસ્તારોમાં સિંચાઇ વિભાગના મોટી કેપેસીટીના પંપો રાજય સરકારે મોકલ્યા, જે.સી.બી. દ્વારા પાણી નિકાલ માટેની કેનાલો તાત્કાલીક બનાવાવામાં આવી. બુલડોઝરો મુકીને જયાં પાળા તુટી ગયા હતા એને રીપેર કરવાનું કામ હાથ પર લીધું અને મોટા પ્રમાણમાં સમગ્ર તંત્રના હજારો કર્મચારીઓ અમારા ભારતીય જનતા પક્ષના ચૂંટાયેલી પાંખના અને પક્ષના સંગઠનના તમામ હોદ્ધેદારો, કાર્યકરોએ રાત દિવસ મહેનત કરી પ્રજાની વચ્ચે રહ્યા. અમારા પરિવારમાંથી પણ સ્વયંસેવકો આવી અને જુદાજુદા વિસ્તારોમાંથી આવી અને બચાવ કામગીરી કરી અને એના કારણે આપણે પ્રજાને ઘણા મોટા પ્રમાણમાં સહાય આપી છે. અમારી સરકારે ભારત સરકારના જે ધોરણો હતા, સહાયના ધોરણો હતા એ મુખ્યમંત્રીશ્રી આનંદીબહેને અમરેલીમાં જયારે પૂર આવ્યું ત્યારે ભારત સરકારની સ્કીમ સિવાય રાજય સરકાર તરફથી પણ વધારાની જોગવાઇ કરીને જે ખેડૂતોની જમીનનું ધોવાણ થયું હોય, જે ગરીબોના ઘર પડી ગયા હોય, જે ઘરવખરી તણાઇ ગઇ હોય, જે કેશડોલ્સ આપવાનું હોય એ બધી જ કામગીરીની સહાય આપણે વધારી અને મને જણાવતા આનંદ થાય છે કે આખા દેશની અંદર કોઇ જગ્યાએ કુદરતી આપત્તિમાં કોઇ રાજય સરકારે જે નાણાકીય સહાય ન આપી હોય એના કરતા અનેકગણી સહાયનું પેકેજ ગુજરાતની અમારી ભારતીય જનતા પક્ષની આનંદીબહેનની સરકારે મંજૂર કર્યું અને પ્રજાને એની આપણે વહેંચણી પણ કરી આપી. અગાઉ કેન્દ્રમાં જયારે કોંગ્રેસની યુ.પી.એ.ની સરકાર હતી ત્યારે માનવ મૃત્યુ સહાય ફકત દોઢ લાખ રૂપિયા હતી જે માનનીય નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન થયા. અમારી ભારતીય જનતા પક્ષની એન.ડી.એ.ની સરકાર બની અને ૧.૫ લાખના બદલે માનવ મૃત્યુ સૃહાય ૪ લાખ રૂપિયા આપવાનું પણ ઉદાર વલણ અમારી ભારતીય જનતા પક્ષની સરકાર કેન્દ્રની નરેન્દ્રભાઇ મોદીની સરકારે જે સહાય કરી તે પ્રમાણેની સહાય આપી. ખેડૂતોની કિંમતી ફળદ્રુપ જમીન જ્યાં મોટા પ્રમાણમાં પાક લેવામાં આવે છે તે ખેડૂતોની જમીનને જે ધોવાણ થયું, તેની પણ અગાઉ જે કેન્દ્રની કોંગ્રેસની સોનિયા ગાંધી, મનમોહનસિંહની જે સરકાર હતી એ સરકાર વખતે જે ધોરણો હતા એના કરતા પણ ગુજરાતની આનંદીબેન પટેલની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે અનેકગણો વધારો કરી અને ખેડૂતોની જે જમીન ધોવાણ થઇ હોય એ ફળદ્રુપ જમીનને પુનઃસ્થાપિત કરવા માટે, ફળદ્રુપતા જળવાઇ રહે તે માટે અમે સહાય આપીએ છીએ. જે તળાવો ઉંડા કરવાના હોય એ તળાવોની માટી પણ ખેડૂતોને ફળદ્રુપતા માટે પોતાના

ખેતરમાં નાખવા માટે સિંચાઇ વિભાગ તરફથી અમે આયોજન કર્યુ અને અમારી સરકારે ખેડૂતોને સામેથી કહ્યું અમે જે.સી.બી. દ્વારા આ ફળદ્રુપ માટી ખોદીને તમને આપીશું. આ માટી તમારા વાહનમાં લઇ જાવ અને અમરેલી હોય, બનાસકાંઠા હોય, પાટણ જિલ્લો હોય જ્યાં જ્યાં ખેડૂતોની કિંમતી ફળદ્રુપ જમીનનું ધોવાણ થયું ત્યાં આ સરકારે મદદ કરી છે. મારે બીજું એ પણ ખાસ જણાવવું છે કે અત્યાર સુધી નાના વેપારીઓ, નાના કારખાનાવાળા પોતે ધંધો કરે, પોતે મહેનત મજૂરી કરે એમને ભૂતકાળમાં કોંગ્રેસની સરકારના પેકેજમાં આવી કોઇ મદદ આપવાની જોગવાઇ નહોતી. અમારી ગુજરાતની આનંદીબેન પટેલની સરકારે જે નાના વેપારીઓ છે, હાથલારી ચલાવે છે, રોજે રોજનો ધંધો કરે છે જેમને ૧૦–૧૦ હજાર રૂપિયાની સહાય આપવાની અમરેલીથી માંડીને શરૂઆત કરી. અમરેલીમાં જ્યારે પૂર આવ્યું ત્યારે કોંગ્રેસના પરેશભાઇ અને કોંગ્રેસના બીજા ધારાસભ્યો જે અહીયા છે તે વખતે ત્યાં નાટક કરતા હતા. ત્યાં ખોટી રીતે રાજકીય લાભ લેવા માટે ઉપવાસ ઉપર ઉતર્યા હતા, પણ એમને ખબર નહોતી કે અમારી ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય, સંસદસભ્ય, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના હોદેદારો, પ્રજાની વચ્ચે જઇ પ્રજાને મદદ કરતા હતા ત્યારે પરેશભાઇ ધાનાણી એ વખતે ઉપવાસનું નાટક કરીને ત્યાં બેસી ગયેલા અને તેમણે એમ કહેલ કે આ સહાય આપો, પણ તેમણે ધારેલ તે કરતા અનેકગણી સહાય આ ભાજપની સરકાર આનંદીબેન પટેલની સરકારે આપી. તે વખતે પરેશભાઇ એમ કહેતા હતા, કે આંદોલન વિપક્ષના નેતાએ પણ કહેલું આ આંદોલન અમે આખા ગુજરાતમાં વિસ્તારીશું. એ વખતે અમરેલીની, સૌરાષ્ટ્રની પ્રજાએ, બનાસકાંઠાની ઉત્તર ગુજરાતની પાટણ, મહેસાણાની પ્રજાએ કોંગ્રેસને ફગાવી દીધી અને ભારતીય જનતા પાર્ટીની સરકારે અમારી સરકારે જે ઉદાર પેકેજ આપ્યું એના કારણે બધાને ફાયદો થયો અને કચ્છની અંદર, બનાસકાંઠાની અંદર, પાટણની અંદર પણ તમામ પ્રકારની કામગીરી આ સરકારે કરી અને સમગ્ર જીવન થાળે પડ્યું. અગાઉ પશુપાલકોને ફકત બે પશુદીઠ મૃત્યુ સહાય ચૂકવવામાં આવતી હતી. અમારી ભારતીય જનતા પાર્ટીની આનંદીબેનની સરકારે પશુપાલકોને, ગરીબોને, રોજે રોજનું જે જીવન જીવે છે એમને મદદરૂપ થવા માટે પશુ સહાયમાં પણ ધરખમ વધારો કર્યો અને એક એક પશુપાલકને પોણા બે લાખ રૂપિયા સુધીની મદદ મળે તેવી યોજના બનાવી અને કોંગ્રેસવાળાની જે ઇચ્છા હતી કે પ્રજામાં અજંપો થાય, કોંગ્રેસવાળા જે તોફાન કરાવવા માગતા હતા, કોંગ્રેસવાળા ગરીબ લોકોનું, પૂર પીડિતોનું અહિત થાય તેવું ઇચ્છતા હતા તેના બદલે અમારી આનંદીબેન પટેલની આ ભારતીય જનતા પક્ષની સરકારે ન કોઇ ઇશ્યુ હતો કે ન કોઇએ માગ્યું હતું છતાં સવાઇ રકમ આપીને આ ગરીબોને, ખેડૂતોને, પશુપાલકોને, નાના વેપારીઓને અને ગરીબોને અમે મદદ આપી છે અને એ કામ અમારી સરકારે કર્યુ છે. અધ્યક્ષશ્રી : પ્લીઝ બધા સભ્યશ્રીઓને વિનંતી છે કે આપ બેસી જાઓ. આપના પક્ષના સભ્યશ્રીની આ નિયમ–૧૧૬ની નોટીસ છે અને અતિભારે વરસાદ, તેનાથી થયેલ નુકસાન માટે આપ આપના વિસ્તારના પ્રશ્નો, પ્રજાના પ્રશ્નો ધ્યાને મૂકી શકશો. સરકારે કરેલી કામગીરી પણ ધ્યાને મૂકી શકશો. આપ બેસો તો ચર્ચા થાય. પ્લીઝ આપ બેસી જાઓ. માનનીય કેશાજીભાઇ.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૨૬ થી ૨૯ જુલાઇ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદના કારણે વિનાશક પૂર આવ્યું. જે દિવસે પૂરના પાણી આવ્યા એ જ દિવસથી આ રાજયના મંત્રી આદરણીય શંકરભાઇ ચૌધરી સાહેબે ત્યાં કંટ્રોલ રૂમમાં હાજર રહી આખી પરિસ્થિતિ હાથમાં લઇ લીધી હતી. તેમની દેખરેખ નીચે બચાવ અને રાહત કામગીરી ચાલી હતી. આ રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી આદરણીય આનંદીબેન પટેલ સાહેબે બીજા જ દિવસે તે જિલ્લાની મુલાકાત લઇ સ્થળ ઉપર વહીવટી તંત્રને રાહત કામગીરી બાબતે આદેશો આપ્યા. આ બનાસકાંઠાના પ્રભારી મંત્રી આદરણીય રમણભાઇ વોરા સાહેબે સતત આખા જિલ્લાનો પ્રવાસ કરી બચાવ અને રાહત કામગીરી માટે વહીવટી તંત્રને સતત માર્ગદર્શન આપ્યું. આ ઉપરાંત રાજયના સિનિયર કેબિનેટ મંત્રીશ્રી આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબ, આદરણીય ભુપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબ, આદરણીય બાબુભાઇ બોખીરીયા સાહેબ અને આપણા રાજયકક્ષાના મંત્રી આદરણીય જસાભાઇ બારડ સાહેબે પણ બનાસકાંઠા જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોનું જાત નિરીક્ષણ કરી ત્યાં સ્થળ ઉપર લોકોને માર્ગદર્શન આપ્યું હતું અને વહીવટી તંત્રને આદેશો આપ્યા. ઉપરાંત કેન્દ્રના..

અધ્યક્ષશ્રી : માનનીય કેશાભાઇ તમે પ્રશ્ન પૂછો.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ઉપરાંત કેન્દ્રના કૃષિ રાજયમંત્રી મોહનભાઇ કુંડારીયા, રાજયમંત્રી હરિભાઇ ચૌધરી અને રાજયના મુખ્ય સચિવથી માંડીને તમામ કક્ષાના અધિકારીઓએ બનાસકાંઠા જિલ્લાની મુલાકાત લઇ આ આફતમાંથી જિલ્લાને ઉગાર્યો અને જે ભગીરથ પ્રયાસ કર્યો એટલા માટે રાજય સરકારને અભિનંદન આપું છું. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ આફતમાં સહાયરૂપ થવા માટે બનાસકાંઠા જિલ્લાને કેટલી રકમ ફાળવવામાં આવી છે? (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : હું ગૃહનું કામકાજ અડધો કલાક માટે મુલતવી રાખું છું. (૧.૨૩)

માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૧.૨૩ થી ૧.૫૩ વાગ્ય સુધી મુલતવી રહ્યું.

સભાગૃહ બપોરના ૧.૫૩ કલાકે ફરી મળ્યું.

અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : અત્યારે કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી, પ્લીઝ. અત્યારે કોઇપણ બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. નહીં કંઇ નહીં. એવી કોઇ જ ઘટના જ બની નથી, કોઇ કાર્યક્રમ કર્યો નથી. પરમિશન ન અપાય, નહીં નહીં.

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદો તો સાંભળવો પડે.

અધ્યક્ષશ્રી : નહીં કંઇ સાંભળવાનું જ નથી. નેકસ્ટ.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૫નો ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વટહુકમ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૫નો વટહુકમ ક્રમાંક–૧–સન ૨૦૧૫નો ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું જાહેરનામું.

શ્રી સૌરભભાઇ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેના તા. ૦૨–૦૩–૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચયુ–૨૦૧૫–૧૭–જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ ફાઇલ) વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામું વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યું.

અધ્યક્ષશ્રીઃ ભાઇ, બેસી જાવ નહીં તો પછી મારે એકશન લેવા પડશે. હું સવારથી વિનંતી કરું છું ગૃહ ચલાવવા માટે સહકાર આપો. પ્લીઝ. (અંતરાય)

સન ૨૦૧૨–૧૩નો અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલો, હિસાબ ઓડિટ અહેવાલ, ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટીપ્પણ, સરકારની સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૩–૧૪નો ઈન્ડિયન ઓઇલ કોરપોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ (પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ હિસાબો અને ઓડિટ અહેવાલ, ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટીપ્પણ તથા સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૨–૧૩નો ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલો, હિસાબો ઓડિટ અહેવાલ, ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટીપ્પણ, સરકારની સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૨–૧૩નો ગુજરાત રાજય ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટીપ્પણ, સરકારની સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૩–૧૪નો વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રીનો વાર્ષિક અહેવાલ

શ્રી રમણલાલ વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ સભગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત

સન ૨૦૧૨-૧૩નો ગુજરાત મેરીટાઇમ બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઇમ બોર્ડનો સન ૨૦૧૨-૨૦૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૩-૧૪નો ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ તથા હિસાબો

શ્રી સૌરભભાઇ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૧૩-૨૦૧૪ના વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૪-૧૫નો ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો વહીવટી અહેવાલ

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા ( રાજય કક્ષાના ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૧૪-૨૦૧૫નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના જાહેરનામા

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( નાગરિક પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના સન ૧૯૮૬ના ગ્રાહક સંરક્ષણ અધિનિયમ અન્વયેના

૧. તા. ૧-૧૨-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંકઃજીટીએચ-૨૦૧૪-૩૮-સીપીએ-૧૦-૨૦૧૩ -૪૮૦૩૨૩-ડી

૨. તા. ૨૬-૧૧-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક: જીટીએચ-૨૦૧૪-૩૭-સીપીએ-૧૦૨૦૦૧-૪૩૦૨-ડી

૩. તા. ૧૫-૧-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક: જીટીએચ-૨૦૧૫-૨-સીપીએ-૧૦-૨૦૧૩-૪૮૯૮૬૩-ડી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેના જાહેરનામા

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગના સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેના

૧. તા. ૧-૪-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ(જીએચએન-૧૪)વીએટી-૨૦૧૫- એસ. ૫(૨)(૪૩)-ઠ

૨. તા. ૧-૪-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ(જીએચએન-૧૫)વીએટી-૨૦૧૫- એસ. ૪૦(૧)(૯)-ઠ

૩. તા. ૧૮-૫-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ(જીએચએન-૧૮)વીએઆર-૨૦૧૫(૩૬)-ઠ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૪ના ઉદ્યોગ અને ખાણ વિભાગના જાહેરનામા

શ્રી સૌરભભાઇ પટેલ (ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગના સન ૨૦૦૯ના ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ અધિનિયમ અન્વયેનું તા. ૧૪-૨-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંકઃજીએચયુ-૨૦૧૪-૦૫-એસઆઇઆર-૧૧૨૦૧૦-૨૦૬૦૯૪-ભાગ-૨-આઇ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામુ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૪-૧૫ના વર્ષ દરમ્યાન આપેલ બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક

શ્રી સૌરભભાઇ પટેલ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૬૩ના ગુજરાત રાજય બાંહેધરી અધિનિયમ અન્વયે

(ક) રાજય સરકારે સન ૨૦૧૪-૧૫ના વર્ષ દરમિયાન આપેલ બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક

(ખ) રાજયસરકાર દ્વારા બાંહેધરી આપવાના કારણે સન ૨૦૧૪-૧૫ના વર્ષ દરમિયાન રાજયના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગત દર્શાવતું પત્રક

(ગ) બાંહેધરી આપનારની રૂએ સરકારે ચૂકવેલ રકમ પૈકી સન ૨૦૧૪-૧૫ના વર્ષ દરમિયાન જે તે સંસ્થાઓ/વ્યકિતઓએ ભરપાઇ કરેલ રકમોની વિગતો દર્શાવતું પત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

બાંહેધરી પત્રકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા (રાજ્ય કક્ષાના પંચાયત મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેનું તા. ૧૬-૪-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃકેપી-૨૦૧૫નો ૨૪-પીઆરઆર-૧૦૨૦૧૪-૯૫૯-ચ
સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

અનુમતિ મળેલા વિધેયકો

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૨, તેરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક-૨ અને ૩ તથા રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક-૮, ૯, ૧૩, ૧૪, ૧૬, ૧૯, ૨૦ અને ૨૧ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત

કામકાજ સલાહકાર સમિતિના નવમા અહેવાલની રજૂઆત

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો નવમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તારીખ ૨૫મી ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ સાંજના ૬-૦૦ વાગ્યે અધ્યક્ષના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

૧) ગુરૂવાર, તારીખ ૨૭મી ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ નીચે દર્શાવેલા સરકારી વિધેયકો તેની વિચારણા માટેનો સમય લંબાવીને હાથ ધરવા અને વિચારણા પુરી કરવી. ત્યારબાદ બિન-સરકારી કામકાજ હાથ ધરવું.

(૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૨૩- સન ૨૦૧૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (દ્વિતીય સુધારા) વિધેયક

(૨) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૩૦- સન ૨૦૧૫નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક,

(૩) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૨૮-સન ૨૦૧૫નું ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક

(૪) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૧૫નું ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયક,

૨) શુક્રવાર તા. ૨૮મી ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ નીચે દર્શાવેલા સરકારી વિધેયકો તેની વિચારણા માટેનો સમય લંબાવીને હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી. ત્યારબાદ છેલ્લા દિવસનો પ્રસ્તાવ હાથ ધરવો.

(૫) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૧૫નું શ્રી ગુરૂ ગોવિંદ યુનિવર્સિટી વિધેયક.

(૬) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૧૫નું ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી વિધેયક.

(૭) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક -૨૭-સન ૨૦૧૫નું ગુજરાત યુનિવર્સિટી કાયદા (સુધારા) વિધેયક.

(૮) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૧૫નું ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર (દ્વિતીય સુધારા) વિધેયક.

(૯) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૧૫નું ગુજરાત નશાબંધી (સુધારા)વિધેયક.

જાહેર હિસાબ સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત

## વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : (સમિતિના માનનીય પ્રમુખ) માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહમાં જે પરંપરા છે એ મુજબ જ્યારે કોઇ શહીદ થયા હોય એમને શોકાંજલિ આપવામાં આવતી હોય છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ ભાઇ, એમનું માઇક બંધ કરી દો, પ્લીઝ, નહિ પ્લીઝ, આપ સૌને મારી નમ્ર વિનંતી છે કે, ગૃહ ચલાવવામાં આપ મદદ કરો પ્લીઝ, આપને હું સવારથી વિનંતી કરું છું પ્લીઝ, આજની બેઠકની શરૂઆતથી જ વિપક્ષના સભ્યોનું વલણ ગૃહની કાર્યવાહીમાં સતત અવરોધરૂપ જોવા મળ્યું છે અને ખાસ કરીને આપના જ સભ્યશ્રીનો જ્યારે ટૂંકી મુદતનો પ્રશ્ન હતો ત્યારે પણ આપે સહકાર નથી આપ્યો, ત્યારે પણ મારે પ્રશ્નોત્તરી સહિત એક કલાક ગૃહ મુલતવી રાખવું પડ્યું હતું, ત્યારપછી પણ આપના સભ્યશ્રી મારી ચેમ્બરમાં મળ્યા, મને રજૂઆત કરી, મેં એમને સમજાવ્યા કે તમે ચર્ચામાં ભાગ લો, મારો આપને ગૃહની બહાર બેસાડવાનો કોઇ ઇરાદો નથી. છતાં પણ અડધો કલાક પછી પણ આપને પૂરેપૂરી તક આપવામાં આવી, અતિવૃષ્ટિ થઇ તેનો ૧૧૬ની નોટિસનો પ્રશ્ન આવ્યો, આપના સભ્યો પણ હતા અને વિપક્ષના સભ્યો પણ હતા છતાં પણ આપે પ્રજાના કોઇ કાર્યમાં ગૃહ ચલાવવામાં સહકાર નથી આપ્યો મહેરબાની કરીને આપને વારંવાર વિનંતી કરી છે છતાં પણ આપના તરફથી કોઇ સહકાર નથી મળતો. પ્લીઝ....નહીં..(અંતરાય) કેટલી તક આપવાની ભાઇ, આ બધા કાગળો નાખો છો બેંચીસ ઉપર ઉભા થવાનું નહીં. પ્લીઝ. મેં વાત કરી કે નિયમ ૪૪નું નિવેદન છે તેમાં તમને બધાને તક મળશે છતાં પણ તમે સહકાર નથી આપતા. પ્લીઝ, આ પ્રકારનું વલણ કોઇ પણ રીતે ચાલે નહીં. જેટલા પણ સભ્યો ઉભા થઇને સતત ગૃહને અવરોધ કરી રહ્યાં છે, પટ્ટીઓ બેન્ચ ઉપર મારી રહ્યાં છે, કાગળો ઉછાળી રહ્યાં છે, સૂત્રો પોકારી રહ્યાં છે આપ સૌને વારંવાર વિનંતી કરી છે છતાં પણ આપે અધ્યક્ષની વિનંતીનો સ્વીકાર નથી કર્યો એટલે મારે બહુ દુઃખ સાથે નિયમ-૫૧ હેઠળ આજના દિવસની કાર્યવાહીમાંથી આપ સૌને સસ્પેન્ડ કરું છું. પ્લીઝઘ આપ સૌને નમ્ર વિનંતી છે કે જેટલા પણ સભ્યો ઉભા છે તેઓ બહાર જાવ પ્લીઝ, આપના સભ્યોને મેં ચેમ્બરમાં બોલાવીને વિનંતી કરી હતી કે ગૃહ ચાલે તેમાં અમે બધા માનીએ છીએ પ્લીઝ. અમે વિપક્ષના નેતાશ્રીને પણ સાંભળ્યા છે. હું ૧૫ મિનિટ માટે ગૃહને મુલત્વી રાખું છું.

( ગૃહ બપોરના ૨-૦૭ થી ૨-૨૩ વાગ્યા સુધી મુલતવી રહ્યું.)

(મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૨-૨૩ વાગ્યે ફરી મળ્યું )

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર. પ્લીઝ જેટલા પણ મિત્રોને, જેટલા ઉભા હતા એટલા બધા મિત્રો (અંતરાય) પ્લીઝ..એક વખત નિર્ણય થયો પછી તેમાં આપણે બધાએ ગૃહનું માન-પાન જાળવવું જોઇએ પ્લીઝ..નહીં..(અંતરાય) કાગળો ફેંકવાથી લઇને, ફૂટપટ્ટી પછાડવાથી લઇને, સૂત્રો પોકારવાથી લઇને બધુજ કામ બધાએ કર્યુ છે પ્લીઝ...નહીં. એક વખત આપણે નિર્ણય કર્યો પછી આપણે ગૃહની મર્યાદા જાળવવી જોઇએ. આપ સૌને વિનંતી છે. પ્લીઝ, મારે કોઇ સાર્જન્ટને આદેશ પણ નથી આપવો. આપ પ્રેમપૂર્વક બહાર જાઓ. પ્લીઝ, પ્લીઝ, (અંતરાય) આપ સૌને નમ્ર વિનંતી છે. (અંતરાય) નહીં, નહીં, ભાઇ આપને અને શૈલેષભાઇને ૧૦ મિનિટ સમજાવ્યા હતા. મારી કચેરીમાં બેસાડીને ચા પીવડાવીને સમજાવ્યા હતા કે આપ પૂરો દિવસ બેસો, ચર્ચા કરો બધા બિલોમાં, આપે હા પાડી છે કે સાહેબ હવે અમે જઇને શાંતિ જાળવીશું, બેસીશું, (અંતરાય) નહીં, આપ મારી કચેરીમાં આવ્યા, આપણે ૧૦ મિનિટ ચર્ચા કરી, આપે અને શૈલેષભાઇએ કહ્યું કે, સાહેબ અમે શાંતિ જાળવીશું, ચર્ચામાં ભાગ લઇશું અને પછી આ પ્રમાણે ગૃહ ચાલવા ન દઇએ તો એ વાજબી નથી. પ્લીઝ, હું સવારથી વિનંતી કરું છું. હું સવારથી વિનંતી કરતો હતો. પ્લીઝ, નહીં.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતમાં મેં કહેલું, એ વખતે એનડીએની સરકાર દિલ્હીમાં હતી, બીજેપીની અહીં હતી, આજે એનડીએની સરકાર ત્યાં છે, બીજેપીની અહીં છે. એ વખતે આર્મી હતી, આજે પણ આર્મી છે. એ વખતે મુખ્ય મંત્રીશ્રીનો પ્રસ્તાવ આવ્યો, આજે વિપક્ષમાંથી એ પ્રસ્તાવ આવ્યો છે. એ વખતે ગૃહ મોકૂફ રાખવામાં આવે છે તો આજે પણ એ ્ જ અમારી અપીલ છે.

અધ્યક્ષશ્રી : પણ મેં સવારે આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો છે એટલે એના ઉપર ચર્ચા ના કરો, પ્લીઝ,

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, અમે એ અપેક્ષા આપની પાસેથી રાખીએ. આમાં એવું શું થયું કે જેથી કરીને પ્રણાલિકાનો ભંગ થાય છે?

અધ્યક્ષશ્રી : આજની બધી જ મહત્વની ચર્ચાઓ આપણે જોઇએ તો ટૂંકી મુદતનો જે પ્રશ્ન હતો એ પણ વિપક્ષના સભ્યશ્રીનો હતો. અતિવૃષ્ટિનો જે પ્રશ્ન હતો એ પણ બન્ને પક્ષના મહત્વના સભ્યશ્રીઓનો હતો. પ્રશ્નોત્તરીનો જે જવાબ હતો એ પણ ગૃહના બધા જ સભ્યશ્રીઓનો હતો. હું સવારથી લઇને છેલ્લા બે કલાકથી વિનંતી કરું છું. મને વિપક્ષના સભ્યશ્રીઓ તરફથી કે આપના તરફથી કોઇપણ પ્રકારનો સહકાર નથી મળ્યો. પ્લીઝ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, અમે અધ્યક્ષ તરફથી પ્રણાલિની અપેક્ષા રાખીએ છીએ. આમાં કયાંય ખોટું હોય તો અમને કહો.

અધ્યક્ષશ્રી : (અંતરાય) પ્લીઝ, માનનીય શૈલેષભાઇ, (અંતરાય) કોને બોલવા દેવા કોને ન બોલવા દેવા એ અધ્યક્ષનો અધિકાર છે. (અંતરાય) માનનીય શક્તિસિંહજી, પોઇન્ટ ઓફ ઓર્ડર એલાઉ કરવો કે ન કરવો એ અધ્યક્ષ નિર્ણય કરે છે. સરકારને કે મંત્રીશ્રીને બોલવા દેવું કે ન બોલવા દેવું એ પણ અધ્યક્ષનો અધિકાર છે. મેં જયારે સવારે એમ કહયું છે કે, ગૃહ મંત્રીશ્રી ૪૪ નું નિવેદન કરવાના છે, માનનીય શૈલેષભાઇ અને માનનીય બલવંતસિંહભાઇ મારી કચેરીમાં આવ્યા

એમને મેં ચા પીવડાવી, એમણે કહ્યું કે, તમને પૂરેપૂરી તક આપીશ તો અમે ચર્ચામાં ભાગ લઇશું એમણે હા પાડી અને ગૃહમાં આવીને બીજા પ્રકારનું વર્તન કરવું એ કેવા પ્રકારનું વલણ છે? પ્લીઝ, એ આપને શોભતું નથી, પ્લીઝ, (અંતરાય) નહીં, નહીં. આપણે આપણી પરંપરા જાળવવી જોઇએ, આપણી પરંપરા આપણે જાળવીએ. માનનીય શૈલેષભાઇ, પ્લીઝ, બધા સભ્યશ્રીઓએ સૂત્રો પણ પોકાર્યા છે, કાગળો પણ નાખ્યા છે. પ્લીઝ, માનનીય શક્તિસિંહજી આપ દલીલ ના કરો. પ્લીઝ, આપ બેસી જાઓ. બધા સભ્યશ્રીઓને નમ્ર વિનંતી છે કે, આપ બહાર જાઓ. આજના દિવસ પૂરતો જયારે નિર્ણય કર્યો છે એ આપણા ગૃહનો નિર્ણય કહેવાય, એને માન સન્માન આપણે આપવું જ જોઇએ એ આપણી પરંપરાઓ રહી છે. અધ્યક્ષના આદેશ–નિર્દેશ ઉપર ભૂતકાળમાં પણ ચર્ચાઓ નથી થઇ. પ્લીઝ, (અંતરાય) ગમે તેવા આદેશ નથી, બે કલાકથી વિનંતી કરું છું, આ કોઇ ગમે તેવો આદેશ નથી. સવારથી હું વિનંતી કરું છું. (આ તબકકે માનનીય સભ્યશ્રી પરેશભાઇ ધાનાણી વેલમાં આવી જતાં) ભાઇ, સાર્જન્ટ મિત્રો, માનનીય પરેશભાઇને બહાર લઇ જાઓ. નહીં, નહીં, પ્લીઝ, પ્લીઝ, નહીં, નહીં. (અંતરાય) હું છેલ્લા બે કલાકથી બધા જ સભ્યશ્રીઓને નમ્ર વિનંતી કરું છું. પ્લીઝ, એમને પ્રેમથી બહાર લઇ જાઓ ભાઇ, પ્લીઝ, પ્લીઝ, પ્લીઝ, ચાલો, પ્લીઝ, સાર્જન્ટ મિત્રો એમને બહાર લઇ જાઓ, પ્લીઝ, શાંતિથી બહાર લઇ જાઓ. વિરામના સમય સુધી હું ગૃહ મુલતવી રાખું છું અને સાર્જન્ટ મિત્રોને વિનંતી કરું છું કે, બધાને શાંતિથી બહાર લઇ જાય, પ્લીઝ. (બપોરના ૨.૨૯ કલાકે ગૃહ મુલતવી રહ્યું.)

વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૧૫

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

અધ્યક્ષશ્રી : વિરોધપક્ષના મિત્રોને મારે દુઃખ સાથે કહેવું પડે છે, આટલી બધી વિનંતી કર્યા પછી પણ અને એક વખત જે નિર્ણય થયો એની વારંવાર અવગણના કરવી એ આપણા માટે યોગ્ય નથી. પ્લીઝ, આપ સૌ મિત્રોને મારી વિનંતી છે કે જે બેઠા હતા એ મિત્રો બેસી શકે એ સિવાયના બાકીના ઉભા હતા એ તમામને મેં દૂર કર્યા છે, તેથી તેઓ બધા બહાર જાય. આ પ્રકારનું આપનુ વર્તન યોગ્ય નથી. આ વિધાનસભાની ઘણી બધી પ્રણાલિકાઓ છે એનું આપણે સૌ પાલન કરીએ. (અંતરાય) અત્યારે કોઇ ચર્ચા નથી કરવી. આપ સૌને વિનંતી છે કે બહાર જાવ. આટલી બધી વિનંતી કરવા છતાં પણ આ ગૃહનું અવમાન કરીને આ પ્રકારનું આપનુ વર્તન બિલકૂલ યોગ્ય નથી. મારે નાછૂટકે સાર્જન્ટ મિત્રોને આપને બહાર લઇ જવા માટે કહેવું પડશે.(અંતરાય) મારી સાર્જન્ટ મિત્રોને વિનંતી છે કે શાંતિપૂર્વક બધાને બહાર લઇ જાવ. સભ્યશ્રીઓને આટલી બધી વિનંતી ન કરવાની હોય વારાફરતી બધા બહાર જાવ.

(આ તબક્કે માનનીય પરેશભાઇ ધાનાણી, હર્ષદભાઇ રીબડીયા, મણીભાઇ વાઘેલા, રાઘવજીભાઇ પટેલ, બળદેવજી ઠાકોર, મહેન્દ્રસિંહ બારૈયા, અમિતભાઇ ચૌધરી વગેરે વેલમાં આવી બેસી જતાં તેઓને સાર્જન્ટ દ્વારા બહાર લઇ જવામાં આવ્યા. ત્યારબાદ બાકીના સૌ સભ્યશ્રીઓ પણ સભાગૃહ છોડી ગયા.)

જાહેર હિસાબ સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત

શ્રી રાકેશ જ. શાહ: (સમિતિના સભ્યશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર હિસાબ સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અગિયારમા અહેવાલની રજૂઆત

શ્રી ભરતભાઇ કી. પટેલ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો અગિયારમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પહેલા અને બીજા અહેવાલની રજૂઆત

શ્રી રમણલાલ ના. પાટકર (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પહેલો અને બીજો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલો રજૂ કરવામાં આવ્યો.

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના નવમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ભરતભાઇ કી. પટેલ : (સમિતિના પ્રમુખશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના અગિયારમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સરકારી વિધેયકો

સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૩

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૫

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ રાજ્યપત્રમાં* પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક – ૨૩ સન ૨૦૧૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (દ્વિતીય સુધારા) વિધેયકને આપની અનુમતીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક– ૨૩ સન ૨૦૧૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (દ્વિતીય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીએ આ કાયદો લાવવા માટે વટહુકમ બહાર પાડેલ છે. વિધાનસભાની અને બંધારણીય જોગવાઇ પ્રમાણે આને વિધાનસભામાં કાયદા તરીકે પસાર કરાવવા એ વટહુકમના સ્થાને કાયદો લાવવો જરૂરી છે. એટલા માટે માનનીય સભ્યશ્રીઓ સમક્ષ આ બિલ હું રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે, અગાઉ અમારી સરકાર તરફથી ગુજરાતમાં વિવિધ પ્રકારની લોકશાહીને પુખ્ત બનાવતી બાબતોને જુદી જુદી રીતે અમલમાં લાવવામાં આવી છે. ગુજરાત સરકારે સ્ત્રી સશક્તિકરણના ભાગરૂપે માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની આ સરકાર તરફથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓ માટે ૫૦ ટકા સીટ રિઝર્વ કરી છે, અનામત કરી છે. જે સંસ્થાની કુલ સીટ હોય એના ૫૦ ટકા સીટ બહેનો માટે અનામત રાખવામાં આવેલ છે. ત્યારે સ્વાભાવિક એને અમલમાં લાવવા માટે વિવિધ કાયદાકીય જોગવાઇઓ કરવી જોઇએ. એના માટેની રાજ્ય સરકારે પ્રક્રિયા કરી છે. અમારી સરકાર તરફથી નાગરિકો વધુ જાગૃતતાથી પોતાના ઉમેદવારો પસંદ કરે, વધુ જાગૃતતાથી મતદાન થાય અને વધુમાં વધુ મતદાન થઇને સારામાં સારા ઉમેદવારો સત્તામંડળની ચૂંટણીઓમાં વિજેતા બને. નગરપાલિકા, મહા નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ હોય, એની પાંચ વર્ષની કામગીરી આ ચૂંટાયેલી પાંખ દ્વારા કરવાની થાય છે. એ વધુ અનુભવી, વધુ પ્રતિષ્ઠિત, વધુ શિક્ષિત એવી વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે અને લોકોને આવી લોકશાહી સંસ્થાઓમાં વધુમાં વધુ વિશ્વાસ દ્રઢ થાય એવા ઉમદા હેતુથી ફરજિયાત મતદાન દરેક નાગરિકો કરે એ માટેનો કાયદો પણ આપણે મંજૂર કરેલો છે અને એને પણ અમલમાં મૂકવા માટેની કાર્યવાહી કરી છે એ પણ માનનીય સભ્યશ્રીઓએ અગાઉ મંજૂરી આપી છે. આપણા બધાની જાણકારીમાં છે કે એ કાયદો આપણે અમલમાં લાવી રહ્યા છીએ ત્યારે ફરજિયાત મતદાન અને મહિલાઓ માટેનું ૫૦ ટકાનું રિઝર્વેશન આ બે જોગવાઇઓ અમલમાં લાવવા માટે હવે નજીકના સમયમાં જે સ્થાનિક સ્વરાજ્યની મોટી ચૂંટણીઓ મોટા પ્રમાણમાં મોટી સંખ્યામાં જ્યારે આવી રહી છે ત્યારે સ્વભાવિક છે કે કેટલીક નગરપાલિકાઓમાં જુદા જુદા કારણોસર જે સીટ ખાલી પડી હતી એ સીટ ભરવા માટેની પેટા ચૂંટણીઓ કરવાની સમયમર્યાદા થઇ જતી હતી. કેટલીક જગ્યાએ નગરપાલિકાઓ સરકારે નવી બનાવી એમાં પણ સામાન્ય ચૂંટણીઓ કરવાની સમયમર્યાદા કાયદાકીય રીતે પૂર્ણ થવામાં હતી એટલે ફરજિયાત મતદાન અને ૫૦ ટકા મહિલાઓનું રિઝર્વેશન સાથેની ચૂંટણીઓ આ બન્ને જોગવાઇઓને બધી જ ચૂંટણીઓમાં એકી સાથે લાગુ કરવા માટે રાજ્ય સરકારને જરૂરી જણાયું કે આ સમયમર્યાદામાં આપણે ચૂંટણી કરી શકીએ નહીં. નહિતર એ વખતે ચૂંટણી કરતા તો ફરજિયાત મતદાન અથવા મહિલાઓ માટેની અનામત એ બે નિયમો લાગુ કરવામાં વહીવટી રીતે મુશ્કેલીઓ હતી, કાયદાકીય રીતે મુશ્કેલીઓ હતી. એટલે જે વટહૂકમ બહાર પાડ્યો હતો એ વટહૂકમને કાયદાનું સ્વરૂપ આપીને એ વટહૂકમને આપણા માનનીય સભ્યશ્રીઓ અને વિધાનસભાની મંજૂરી મેળવવા માટે આ બિલ અહીંયા રજૂ કરું છું. મને વિશ્વાસ છે કે બધા જ માનનીય સભ્યશ્રીઓ આ બિલ સર્વાનુમતે મંજૂર કરશે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે બિલ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપાલિટી અધિનિયમ ૧૯૪૯, ગુજરાત અધિનિયમ ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩માં ચૂંટણીમાં મત આપવા માટે મતદારોને ફરજિયાત બનાવવાના હેતુથી તેમજ ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા સુધારા અધિનિયમ ૨૦૦૯, સન ૨૦૧૪થી સ્થાનિક સત્તા મંડળમાં મહિલાઓ માટે ૫૦ ટકા અનામત રાખવા માટેની અમુક જોગવાઇઓ દાખલ કરેલ છે. તે મુજબ પંચાયત અધિનિયમમાં નીચે મુજબ જોગવાઇઓ કરવામાં આવેલ છે. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ–૩૦ની પેટા કલમ–૨ પછી નીચે

* વિધેયક તા.૧૯મી ઓગસ્ટ ૨૦૧૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

મુજબની પેટા કલમ–૪ ઉમેરવામાં આવેલ છે. કલમ–૩માં જે કોઇ સભ્ય અથવા કાઉન્સિલર જો ગુજરાત પંચાયત એક્ટની કલમ ૨૪(ગ) અને ૨૪(ચ), ૩૪(ડી) અને ૩૪(ઇ) અન્વયે ડિફોલ્ટર ઘોષિત થયા હશે તો તે વ્યક્તિ તેનું સભ્યપદ ગુમાવશે. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૭૪ની પેટા કલમ–૫ નીચે મુજબ બદલવામાં આવેલ છે. કલમ–૫માં આ કલમ અન્વયે કરવાના થતા નિયમોની પૂર્વ પ્રસિદ્ધિ કરવાની રહેશે પરંતુ જો કોઇ તાકીદના સંજોગોમાં અને અત્યંત અગત્યની બાબતમાં રાજ્ય સરકારને સંતોષ જણાય ત્યારે કોઇપણ નિયમોને પૂર્વ પ્રસિદ્ધ કર્યા સિવાય સદરહુ નિયમોની પ્રસિદ્ધિ કરી શકશે અને પ્રકરણ–૧૩ અન્વયે નિયમો બનાવવામાં આવ્યા હોય તો તેવા નિયમોને પૂર્વ પ્રસિદ્ધિની જરૂર રહેતી નથી. રાજ્ય સરકાર સ્થાનિક સત્તામંડળમાં કે જેની ચૂંટણીઓ ઓકટોબર–નવેમ્બર ૨૦૧૫માં યોજાનાર છે, તેમાં ફરજીયાત મતદાન તેમજ સ્ત્રીઓ માટે પણ પચાસ ટકા અનામત સંબંધની જોગવાઇઓનું અમલીકરણ કરવાનો નિર્ણય લીધેલ હોવાના કારણે ઉપર્યુક્ત અધિનિયમની વિદ્યમાન જોગવાઇઓ સુધારેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું, અસ્તુ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એક વધારાની વાત ઉમેરું કે, માનનીય સભ્યશ્રી ચીમનભાઇએ જે એમના પ્રવચનમાં પણ ઉલ્લેખ કર્યો કે, લોકશાહીમાં આપણા નાગરિકો ઉપર જ્યારે કોઇ જવાબદારી મૂકતા હોઇએ તો અમારી સરકારમાં એવો પણ અમે નિર્ણય કર્યો કે, જે ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે આપણા, નગરપાલિકા, તાલુકા–જિલ્લા પંચાયત કે મહાનગપાલિકાના એમને પણ લોકશાહીને વધુ મજબૂત બનાવે એમની જવાબદારી બજાવવા માટે કોઇ સભ્ય એમના વિસ્તારની ચૂંટણી આવી હોય એમાં એમને મતદાન કરવું જરૂરી હોય અને કોઇ ઉચિત કારણ કે વાજબી કારણ સિવાય જો એ મતદાન ન કરે અને સંબંધકર્તા સક્ષમ અધિકારી, એમણે મતદાન નથી કર્યું એ પ્રમાણેનું જાહેર કરે ડિફોલ્ટર તરીકે તો આપણે કાયદામાં એટલી સરસ જોગવાઇ કરી છે કે, ચૂંટાયેલો પ્રતિનિધિ જેની જવાબદારી ખાસ કરીને વિશેષ છે કે, ચૂંટણીઓમાં મતદાન કરવું જોઇએ. એ જો ના કરે તો એને પણ હોદા ઉપરથી ગેરલાયક ઠરાવવા સુધીની કડક જોગવાઇ આપણે આ કાયદાની અંદર કરી છે. એટલે ફક્ત નાગરિક કે સામાન્ય મતદાર નહીં પણ ચૂંટાયેલા વ્યક્તિને વધારે જવાબદાર આપણે આમાં હેરવ્યા છીએ.

બીજું, માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી ચીમનભાઇએ જે વાત કરી એ પ્રમાણે અન્ય પણ જે આપણે કલમોમાં સુધારો કર્યા છે એ કલમોમાં સુધારા આપણે અહીંયા મૂક્યા છે એ મંજૂર કરવા વિનંતી છે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૧૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા(દ્વિતિય સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ– ૨ થી ૧૧, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૧૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા(દ્વિતિય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૧૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા(દ્વિતિય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૩૦

ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા(સુધારા) વિધેયક,૨૦૧૫

ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં* અગાઉ પ્રસિદ્ધ થયેલા સન૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૫નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા(સુધારા) વિધેયક આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધયક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૫ના ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

---

* વિધેયક તા.૨૧મી ઓગસ્ટ,૨૦૧૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જયારથી અમારી ભારતીય જનતા પક્ષની સરકાર આવી ત્યારથી જૂના કાયદાઓ, પ્રજાને કામોમાં વિલંબ કરતા કાયદાઓ અથવા સમયની જરૂરિયાત પ્રમાણે જયાં કાયદામાં સુધારો કરવો પડે એવી રીતે વિવિધલક્ષી રીતે મહેસૂલ વિભાગના કાયદાઓમાં અમે અત્યાર સુધી વ્યાપક સુધારા કર્યા છે. અમારા માટે ગુજરાતના ખેડૂતો, ગુજરાતના નાગરિકો અને ગુજરાતના પ્રજાજનો માટે કાયદો અગત્યનો છે. કાયદો એ પ્રજાને સુવિધા આપવા માટે, રાજયના વિકાસ માટે, રાજયની પ્રગતિ માટે અને નાગરિકોને ઉપયોગી થવા માટે સરકારો તરફથી બનાવવામાં આવતા હોય છે. ભૂતકાળમાં જે કાયદાઓ બન્યા એમાંના ઘણા કાયદાઓ અત્યારે સમય સંજોગોને અનુરૂપ જરૂરી નથી અથવા ગુજરાતનો વિકાસ સતત થઇ રહ્યો છે. આપણા અત્યારના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે વાઇબ્રન્ટ ગુજરાતથી શરૂ કરી અને અનેક રીતે ગુજરાતમાં મૂડીરોકાણ આવે, ઉદ્યોગો વધે, ઉદ્યોગો વધે એટલે રાજયમાં ધંધા, રોજગારી વધે. આપણા ગુજરાતના છોકરા–છોકરીઓને સારી નોકરીની તક મળે, દરેક ઘર સુધી ગુજરાતના વિકાસની, પ્રગતિની આહલેક પહોંચે અને દરેક ગુજરાતી વિકાસનો લાભ લઇ શકે એ માટે ખૂબ મોટા આયોજનો કર્યા એની સાથે સાથે અમારી સરકાર તરફથી નર્મદા યોજનાથી શરૂ કરી વિવિધ સિંચાઇ યોજનાઓ, ખેડૂતોને મદદરૂપ થવા માટેની ડ્રીપ ઈરીગેશન સિસ્ટમો, લાખો ચેકડેમ, લાખો તળાવોની કામગીરી આવું બધું ખૂબ મોટાપ્રમાણમાં ખેડૂતલક્ષી આયોજન પણ અમારી સરકારે કર્યું છે અને એના કારણે જ લોકોની જરૂરિયાતો સંતોષાય, ખેડૂતોની જરૂરિયાતો સંતોષાય, લોકોની જરૂરિયાતો સંતોષાય, રોજગારી રાજયની અંદર વધે, રાજયમાં મૂડી રોકાણ વધે એવું જે અમે કામ કર્યું એના કારણે ભૂતકાળમાં અનેક મૂડીરોકાણ અબજો રૂપિયાનું વધ્યું છે. ખેતીમાં પણ ભૂતકાળમાં જે ઉત્પાદન હતું, એક જમાનામાં એના કરતા અનેક ગણું ખેડૂતોનું કૃષિ ઉત્પાદન વધ્યું છે. ખેડૂતોની રોજગારી હોય, ખેડૂતોની આવક હોય, ખેડૂતોની જમીનોની કિંમત હોય એમાં સરકારે જે જે પગલાં લીધાં, ખેડૂત ઉપયોગી, ગામડાંને ઉપયોગી જે પગલાં લીધા એનો ફાયદો ગુજરાતના ખેડૂતોને ખૂબ મોટા પ્રમાણમાં થયો છે. પશુપાલનમાં પણ ગુજરાત સરકારે જે સુધારા કર્યા એના કારણે ગુજરાતના પશુપાલકોની દૂધ ઉત્પાદકતામાં પણ ઘણો મોટો વધારો થયો. આજે સમગ્ર દેશમાં ગુજરાતનો આપણો સહકારી ડેરી ઉદ્યોગ એ અવ્વલ નંબરનું સ્થાન ધરાવે છે. આ બધું અમે સતત કરતા જ જઇએ છીએ. આપણા મુખ્યમંત્રી, અમારા ગૃહના નેતા માનનીય આનંદીબેન પટેલે પણ વધુ ને વધુ સુધારા કરીને ગુજરાતના ખેડૂતોને, પ્રજાને વધુ ને વધુ ઉપયોગી થાય એ રીતની જયારે કામગીરી અમે કરી રહ્યા હોઇએ, ભૂતકાળમાં પણ મહેસૂલ વિભાગના મહેસૂલી કાયદાઓમાં મુખ્યમંત્રી આનંદીબેન જયારે મહેસૂલ મંત્રી તરીકેની જવાબદારી સંભાળતા હતા ત્યારે પણ ઘણા સુધારા કરેલા, અત્યારે પણ એમના મુખ્યમંત્રી બન્યા પછી પણ જયાં જયાં રજૂઆતો આવી. ખેડૂતો તરફથી, ખેડૂત સંગઠનો તરફથી, ઉદ્યોગ સંગઠનો તરફથી, ધારાસભ્યો તરફથી તો એને કેવી રીતે વહીવટી રીતે સાંકળી લઇ કાયદામાં સુધારો કરીએ જેથી ગુજરાતની વિકાસની ગતિ જળવાઇ રહે, એમાં વધારો થાય, એ કામ અમારી સરકાર જ્યારે કરી રહી હોય ત્યારે ગુજરાતના આપણા મહેસુલ કાયદા આપણે બધા જાણીએ છીએ કે ઘણા અંગ્રેજોના વખતના છે અને ઘણા રાજાશાહી વખતના છે. સૌરાષ્ટ્રની રાજાશાહી હતી, કચ્છની રાજાશાહી હતી તે વખતના છે. મુંબઇ રાજ્ય થયું તો તે વખતના છે. એવા જૂના કાયદા અત્યારે જેને બદલવા જરૂરી છે. જે બદલવાથી રાજ્યનો વિકાસ ઝડપી બને, લોકોને હાડમારી ઓછી થાય, પારદર્શકતા આવે અને લોકોને ફાયદો થાય એ માટે આજે બિલમા અમે જે સુધારા સૂચવ્યા છે તે સુધારા હું માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકું છું.

અગાઉ કોઇ ખેડૂતની જમીન કોઇ વ્યક્તિ ખરીદે અને તે વ્યક્તિ ઉદ્યોગ કરવા માટે પરવાનગી લે, એન.એ. વગેરે કરાવે તે વખતે જૂની જોગવાઇ એવી હતી કે એન.એ. થયા પછી દસ્તાવેજ થયા પછી એણે વહેલામાં વહેલી તકે આ વ્યક્તિએ ઉદ્યોગ શરૂ કરી દેવો પડે અને તે વખતે જે સમય મર્યાદા હતી તે સમય મર્યાદા ખૂબ ઓછી હતી. આપણે બધા જાણીએ છીએ કે જમીન લીધા પછી ઉદ્યોગ કરનારને અનેક મંજૂરીઓ મેળવવાની હોય છે. પર્યાવરણની મંજૂરી મેળવવાની હોય, બીજી બધી જુદા જુદા વિભાગોની એન.ઓ.સી મેળવવાની હોય, પર્યાવરણ સાથે સંકળાયેલ નર્મદા કે અન્ય વન વિભાગની મંજૂરી મેળવવાની હોય. આ બધી મંજૂરીઓ મેળવવામાં સમય મર્યાદા વધી જાય છે. એ સમય મર્યાદા સમયસર જો એને પરવાનગી ન મળે તો નવા કાયદા ભારત સરકારના આવ્યા છે, વન વિભાગના પર્યાવરણને લગતા આવ્યા છે એમાં જે સમય લાગે છે તે સમય મર્યાદાની અંદર ઉદ્યોગ કરનાર ગમે એટલી ઉતાવળ કરે, પણ સમય મર્યાદામાં એમનું કામ શરૂ કરી શકતો નથી, એટલે હવે આપણે એક કલમમાં સુધારો કરીએ છીએ. અત્યારે ૩ વર્ષની અંદર એમણે ઉદ્યોગની પવૃત્તિ જમીન ખરીદ્યા પછી ચાલુ કરવી અને ૫ વર્ષની અંદર ઉત્પાદન ચાલુ કરી દેવું. આ બે શરતોનો ભંગ થાય તો સમજી લો કે કોઇને ભારત સરકારની, રેલ્વેની, વન વિભાગની પરવાનગી લેવાની છે અને ૯૯ ટકા કામ પૂરું થયું હોય અને એક પરવાનગી ન હોય તો ઉદ્યોગ ચાલુ ન થાય અને નિયમનો ભંગ થાય, એટલે જમીન ખાલસા કરવી પડે, એવી પરિસ્થિતિમાં એ આવી જતો હતો. એકબાજુ રાજયમાં ઉદ્યોગ ધંધાને એટલા માટે પ્રોત્સાહન આપીએ છીએ કે આપણા રાજયમાં રોજગારી વધે, લોકોની આવક વધે, સ્થાનિક જુદા જુદા તાલુકા, જિલ્લામાં વધુને વધુ ધંધા આવે. ખેતીની સાથે સાથે ઉદ્યોગોમાં રોજગારી યુવાનો માટે પૂરક થાય એટલે કલમમાં જે સુધારો કરીએ છીએ એ પ્રમાણે જે ૩ વર્ષ અને ૫ વર્ષની સમય મર્યાદા હતી એમાં હવે ૩ વર્ષના બદલે પહેલી સમય મર્યાદા ૫ વર્ષ કરીએ છીએ. ઉદ્યોગ કરનારે જમીન ખરીદ્યા પછી ૫ વર્ષની અંદર એની પ્રક્રિયા ચાલુ કરવી પડશે અને પહેલા ૫ વર્ષમાં ઉત્પાદનમાં આવવાની શરત હતી એ ૨ વર્ષ લંબાવી આપણે ૭ વર્ષ સુધીમાં એ ઉદ્યોગ ચાલુ કરી શકે એવી જોગવાઇ કરીએ છીએ અને એમાં પણ આપણે ઉદારતા રાખી છે. કોઇ મજબૂત કારણોસર કોઇ માન્યતા આપી શકાય તેવા કારણોસર જો કદાચ

૭ વર્ષમાં ઉદ્યોગ ચાલુ ન કરે. કોઇની લોન મંજૂર ન થાય, સાજા માંદા થાય, ઉદ્યોગ ચાલુ કરવા માટે જમીન લીધી હોય અને છોકરો પરદેશ જતો રહે, વધુ ભણવા જાય તેવા અનેક સંજોગો ઉપસ્થિત થઇ શકતા હોય, કોઇ કુદરતી આપત્તિ આવી જાય ન થઇ શકે આવું બધુ ધ્યાને લેતા ૭ વર્ષમાં ઉદ્યોગ શરૂ ન કરે તો વધુ ૩ વર્ષ લંબાવવા માટે જે જમીન હોય તે જમીનની જેટલી જંત્રી થતી હોય તે જંત્રીના ૫૦ ટકા પેનલ્ટી ભરવાની શરતે ૧૦ વર્ષ સુધીમાં એને ઉદ્યોગ ચાલુ કરવાની આપણે પરવાનગી આપીશું. એટલે ૧૦ વર્ષ સુધી કરી શકશે અને ૭ થી ૧૦ વર્ષ કરવા હોય તો ૫૦ ટકા પેનલ્ટી ભરવાની રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના ધ્યાન ઉપર એવું આવ્યું, અનેક કિસ્સાઓ ઉદ્યોગગૃહો તરફથી, નવા ઉદ્યોગ સાહસિકો તરફથી રાજય સરકારના ધ્યાન ઉપર આવ્યા. એક વ્યકિતએ ઉદ્યોગ કરવા માટે જમીન ખરીદી પણ કોઇ કારણસર જેમ કે ધંધામાં મંદી આવી જાય, ટેકનોલોજી બદલાઇ જાય, મુખ્ય ધંધો કરનાર કે જેણે આ બધું ગોઠવ્યું હોય તેને કોઇ કુદરતી આપત્તિ આવી જાય, આવું બધું થાય અને તે વ્યક્તિ ત્યાં ઉદ્યોગ શરૂ કરવા માગે નહીં તો તે વ્યક્તિને તે જમીન બીજાને વેચવા માટેની એટલે કે ઉદ્યોગ થી ઉદ્યોગ, એક ઉદ્યોગ કરવા માટે કોઇએ જમીન લીધી અને કોઇપણ કારણસર તે ત્યાં ઉદ્યોગ ના કરી શકે તો ફકત ઉદ્યોગ કરવા માટે બીજાને તે જમીન વેચી શકે તેવો આપણે કાયદામાં સુધારો કરીએ છીએ. પહેલાં એવી રીતે હતી કે ઉદ્યોગ શરૂ ન કરે તો તે જમીન ખાલસા થતી હતી, સરકાર હસ્તક આવતી હતી એટલે લોકો ધંધા માટે આગળ વધતા પહેલાં, આવું રીસ્ક લેતા પહેલાં, જોખમ કરતાં પહેલાં બહુ વિચાર કરતા હતા. એટલે તેના કારણે ઉદ્યોગ સાહસિકો આગળ આવવા જોઇએ તે પૂરતા પ્રમાણમાં ન્હોતા આવતા. હવે તેમને ખાતરી અને એશ્યોરન્સ મળશે કે કદાચ કોઇ કારણસર ઉદ્યોગમાં રોકાણ ન કરે, ધંધો ન કરે તો તે ઉદ્યોગવાળી જમીન તે બીજા કોઇને ઉદ્યોગ માટે, ફકત ઉદ્યોગના હેતુ માટે વેચી શકે. તે રીતે વેચવાની આપણે પરવાનગી આપીએ છીએ. આ આખા કાયદા બાબતમાં મને એક સ્પષ્ટતા કરવાની ખાસ જરૂર લાગે છે. આ કાયદામાં જે સુધારો કરી રહ્યા છીએ તે ફકત ખાનગી જમીનને લગતો કાયદો છે. સમજો કે કોઇને સરકારે પૂરેપૂરી કિંમત લઇને ઉદ્યોગ કરવા જમીન આપી હોય અને તે ઉદ્યોગ ધંધો ન કરે તો તે વ્યક્તિને આ કાયદાની છૂટછાટો, બીજાને જમીન વેચવા માટેની કે બીજાને હસ્તાંતર કરવા માટેની મળતી નથી. ફકત ખાનગી જમીનવાળાને જ આ લાભ મળશે. કોઇ સરકારી જમીન આવી રીતે લઇ શકશે નહીં કે બીજાને વેચી પણ શકશે નહીં. બીજાને વેચવાની પરવાનગી આ કાયદાથી આપતા નથી. સરકારની જમીન લીધી હોય તો સરકારની શરતો પ્રમાણે ઉદ્યોગ વ્યવસાય કરવો પડશે, નહીં કરે તો તે જમીન ખાલસા થશે. તેની રકમ ફોરફીટ થશે, જપ્ત થશે. એટલે કયાંય કોઇએ એવો વિચાર કરવાની જરૂર નથી કે સરકારી જમીનો કોઇને આપી દેવા માટે, કોઇને સાચવવા માટે આ કાયદો લાવ્યા છે. આ ફકત ખાનગી ખેડૂતની જમીન કોઇ ખરીદે અને ધંધો કરે, તેના પૈસાથી બધુ કરે તો જ આ લાગુ પડે છે. સરકારી જમીન જેને પ્રાપ્ત થઇ હશે તેવો નાનામાં નાનો ઉદ્યોગવાળો હોય કે મોટામાં મોટા ઉદ્યોગવાળો હોય, કોઇને આ છૂટછાટનો આ કાયદાથી કોઇ લાભ મળવાનો નથી. બીજું એક સુધારો જે કરી રહ્યા છીએ તે પ્રમાણે અત્યારે ગુજરાતમાં આપણે જોઇએ છીએ કે જી.આઇ.ડી.સી.ની સાથે સાથે મોટા પ્રમાણમાં ખાનગી જી.આઇ.ડી.સી.નું સ્વરૂપ કહીએ તેવા ઉદ્યોગ સંકૂલો ચાલુ થાય છે. આ ઉદ્યોગ સંકૂલોને જે લોકો ડેવલપ કરે છે, ખાનગી જમીન ઉપર ડેવલપ કરે છે. સમજી લો કે કોઇ પાંચ લોકો ભેગા થઇ એક વિસ્તારમાં, એક તાલુકામાં ૨૦૦-૩૦૦ વીઘા કે ૧૦૦-૨૦૦ વીઘા જમીન લેવી હોય તે લઇને નાના નાના શેડ બનાવે, કોઇને ૧૦૦૦ વારનો, કોઇ ૨૦૦૦ વારનો, કોઇ ૩૦૦૦ વારનો તેને નાનો ઉદ્યોગ કરનાર માટે અમારી માનનીય આનંદીબેનની સરકારે આ વખતે બજેટમાં અમે જોગવાઇ કરી છે. માત્ર મોટા ઉદ્યોગ નહીં, મધ્યમ ઉદ્યોગ નહીં, જે નાના નાના ઉદ્યોગસાહસિક છે, કોઇ એન્જિનિયર થયો અને તેને પોતાનું કારખાનું નાંખવું છે, કોઇએ આઇ.ટી.આઇ. કરીને પોતાનું કારખાનું નાંખવું છે, કોઇએ મોટી ફેકટરીમાં અનુભવ મેળવ્યો અને ૨-૫ કે ૧૦ કરોડ રૂપિયા ખર્ચીને પોતાનું નાનું કારખાનું નાંખીને લઘુ કે મધ્યમ ઉદ્યોગ કરવો છે તેવા લોકો માટે આવા જે ઇન્ડસ્ટ્રીયલ પાર્ક બને છે તે ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં, આમ તો મેઇન જવાબદારી ઉદ્યોગ વિભાગ હસ્તક છે પણ તે ઉદ્યોગ વિભાગની જે પોલીસી છે તેમાં જે વિલંબ થવાના કારણો હતા કે નાના મોટા વહીવટી કારણો હતા તેમાં આપણે સુધારો કરી જે લોકો આ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક બનાવે, ૨૫-૫૦, ૧૦૦- ૨૦૦ કે ૫૦૦ પ્લોટ પાડે તે બધા પ્લોટ કંઇ રાતોરાત વેચાઇ ન જાય. આજે ૧૦૦ પ્લોટ વેચાય પછી કારખાના ચાલુ થાય પછી એને જોઇને બીજા ૫૦ લોકો આવે પછી બધું ધમધમતું થાય પછી બીજા ૫૦ લોકો આવે એમ ધીમે ધીમે આ બધું ડેવલપ થાય. પહેલા શરતો એવી હતી આટલા અમૂક સમયમાં જો ડેવલપ ન કરે તો એના પ્લોટ વગેરે જપ્ત થાય, ખાનગી જમીન જપ્ત કરવાની દરખાસ્તો વગેરે હતું એ બધું હવે આપણે રદ કરીએ છીએ, સુધારો કરીએ છીએ. ખાનગી ઇન્ડસ્ટ્રીયલ પાર્ક પણ વધુ સરળતાથી વધુ સારી રીતે વિકસે, તાલુકાઓ અને જિલ્લાઓ વિકસે અને નાના નાના ઉદ્યોગ સાહસિકો ૫, ૧૦, ૧૫ કરોડનું રોકાણ કરનારાઓને ઉદ્યોગ ધંધો કરવાની તક મળે એ માટે જે જે જરૂરિયાત હતી એ પ્રમાણેની જરૂરિયાત માટેનો સુધારો અમે આ ઇન્ડસ્ટ્રીયલ પાર્કની મૂળ પોલીસી છે એમાં લાવ્યા છીએ. એજ રીતે જે અન્ય જોગવાઇઓ છે એની અંદર પણ આપણે સુધારા કર્યા છે. પહેલા ફકત ઉદ્યોગ માટે ખરીદી કરવી હોય તો એના નિયમો જરા જુદી રીતના હતા અને હવે જ્યારે ખરીદી કરવી હોય તો એને સરકાર તરફથી સરળતા થાય એ માટે અમે આ કાયદામાં વાજબી રીતે, ઉદ્યોગને ફાયદાકારક રીતે, ખેડૂતને ફાયદાકારક રીતે, એક નવી કલમ પણ ઉમેરી છે. સમજી લો કે કોઇ મોટો ઉદ્યોગ થાય છે જેના શેર બહાર પડવાના છે, હવે ખેડૂતો પણ શિક્ષિત થઇને સમૃધ્ધ થયા છે અને એ વિચાર કરે કે મારી જમીન હું વેંચી નાખું એના પૈસા આવે એ પૈસા મારે ગમે ત્યાં વપરાય જાય એના કરતા મારી જમીનમાં જે ધંધો-ઉદ્યોગ મોટો આવે છે કોઇ XYZ મોટી ફેકટરી આવે છે તો એના શેર હું ખરીદુ તો મારે જમીનમાં ધંધો થાય એનું જે રોકાણ થાય એના શેરના શેર હોલ્ડર તરીકે હું ભાગીદાર થઉં તો જમીન વેચાણના તો ખેડૂતને

પૈસા મળે જ પણ સાથે સાથે એનો શેર હોલ્ડર થાય તો શેરની કિંમતમાં પણ જે વધારો થાય અથવા ભવિષ્યમાં શેર ઉપર જે ડિવિડન્ટ મળે અથવા શેર ઉપર જે પ્રિમિયમ મળે એનો પણ ખેડૂતને ઉદ્યોગિક વધારાનો જે કંપની સારી ચાલે એના નફાનો પણ એના શેરના ડિવિડન્ટ તરીકે, બોનસ તરીકે આ ફાયદો થાય. જો ખેડૂત ઇચ્છે તો, ફરજિયાત નથી. ખેડૂત ઇચ્છે કે મારે આ ફેકટરી જે બને છે એના શેર મારે લેવા છે તો એ શેરના સ્વરુપમાં એ જે જમીન વેંચે તો એને પણ કાયદાકીય રીતે ઇક્વિટી ગણી એને આપણે મંજૂરી આપીએ છીએ. આ રીતે રાજયમાં ઉદ્યોગો વધે, નવા ઉદ્યોગ સાહસિકોને સરળતા થાય, ખેડૂતોની જમીનોની કિંમત વધે અને વધુ વિસ્તૃત પ્રમાણમાં રોજગારી ઉભી થાય અને ગુજરાત વધુને વધુ ગતિશીલ ગુજરાત બને એ માટે સરકાર તરફથી આ સુધારા ગુજરાત ગણોત બિલ–૩૦માં હું રજૂ કરું છું એ મંજૂર કરવા માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક જે લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકારે હંમેશા જયારે જયારે આવા સુધારા રજૂ કર્યા છે ત્યારે ડેવલપમેન્ટ વિથ જસ્ટીસ એટલે સમાનતાના આધારે પ્રગતિ અને ગ્રોથ વિથ ઇક્વાલિટીના આ લક્ષ્યને હંમેશા ધ્યાનમાં રાખ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગણોત ધારામાં ઇન્ડસ્ટ્રીયલ પાર્ક અંગેની મુખ્ય જોગવાઇઓ છે તેમ માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે. રાજય સરકારે રાજયના આ બહોળા વિકાસને ધ્યાને લઇને ગણોત કાયદાની અંદર સુધારો કરેલો છે. રાજયમાં હવે જોવા જઇએ તો ઇન્ડસ્ટ્રીયલ પાર્કનું વિશેષ યોગદાન રહ્યું છે અને હું એમ કહીશ કે વાઇબ્રન્ટ ગુજરાતનું સાતમું એડિશન છે જે હમણા ૨૦૧૫ની અંદર યોજાયું એની અંદર વિશેષ કરીને નાના એટલે સ્મોલ અને મિડિયમ ઇન્ડસ્ટ્રીઝને ખૂબ પ્રાધાન્ય આપ્યું છે ત્યારે આ જે બિલમાં સુધારો કર્યો છે એના લીધે આવનારા દિવસોની અંદર અનેકગણા ફાયદા થવાના છે. માનનીય અધ્યક્ષશ્રી, ઇન્ડસ્ટ્રીયલ પાર્કને કારણે નાના અને મોટા ઉદ્યોગો એક સાથે સુનિશ્ચિત આયોજન કરીને માળખાકીય સુવિધાઓ સાથે આ પાર્ક ડેવલપ કરવાનો મૂળ હેતુ છે. આપણે જોઇ શકીએ છીએ કે આજે ગુજરાત એ ઓટો હબ છે, કેમિકલ હબ છે, આજે એગ્રો હબ છે ત્યારે જ્યારે મોટા મોટા ઉદ્યોગો આવે છે ત્યારે એના એન્સીલરી ઇન્ડસ્ટ્રીઝ, જેને કહેવાય એની સાથેના સંલગ્ન નાના નાના ઉદ્યોગો પણ સ્થપાતા હોય છે અને જેમ કહેવામાં આવ્યું કે આવી પ્રાઇવેટ જમીન લઇને કોઇ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક બનાવતા હોય તો તે વખતે એમાં પાડેલા પ્લોટો પૈકી નાનો પ્લોટ એ વેચી શકતા ન હતા, તો આ કાયદાની અંદર મુખ્ય હેતુ એ છે કે, હવેથી આ કાયદામાં સુધારો થવાથી એ જમીનમાં નાના નાના પ્લોટ બનાવીને એ વેચી શકશે અને આ પાર્કની અંદર એમ કહી શકાય કે જે નીતિ છે એના આધારે કમિશનર ઓફ ઇન્ડસ્ટ્રીઝ એ નક્કી કરશે એ શરતોને આધિન રહેશે અને ત્યારબાદ એના પ્રમાણપત્ર પણ એમણે લેવાના રહેશે, જેના કારણે મેં જેમ કહ્યું તેમ આ ઇન્ડસ્ટ્રીયલ પાર્કની અંદર તમામ સુવિધાઓ ઉપલબ્ધ થશે, કોઇપણ ઉદ્યોગકાર ત્યાં આવીને પોતે આમાં બીઝનેસીસ સ્થાપી શકશે અને ખાસ કરીને આ બિલથી જે નાના ઉદ્યોગો છે એન્સીલરી બીઝનેસ જે મેં અગાઉ કહ્યું તેમ કે નાના ઉદ્યોગો આની અંદર મોટા પ્રમાણમાં લાભ લઇ શકશે અને જો જે કોઇ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક ડેવલપ કરે છે એ સમય મર્યાદામાં નિષ્ફળ જશે તો આ જમીન સરકાર નક્કી કરે તે વળતર ચૂકવણી કર્યેથી સરકાર હસ્તક લઇ શકાશે તેવી પણ જોગવાઇ આમાં છે. આવા ડેવલપર દ્વારા માળખાકીય સુવિધા સાથેના એકમો વેચાણ કરવા અને એકમોમાં આવી જમીનો પુનઃ વેચાણ કરી શકે તેવી જોગવાઇ કરીને આ બિલ જે માનનીય મંત્રીશ્રી લાવ્યા છે એનાથી ઔદ્યોગિક વિકાસને અનેક ગણી તક મળશે તેથી હું આ બિલને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૫નું બિલ નંબર–૩૦ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (દ્વિતીય સુધારા) વિધેયક લઇને માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ આવ્યા છે તેને હું હ્રદયપૂર્વક સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પણ કાયદો બનાવવામાં આવે છે ત્યારે ઘણા કોર્નરથી આને આમેજ કરવામાં આવે છે આની અંદર કોઇ ત્રુટિઓ ના રહી જાય એની પુરેપુરી કાળજી રાખવામાં આવે છે. વરસો પહેલાં બનેલો આ કાયદો, એમાં તબક્કાવાર નાના મોટાં સુધારા થતાં ગયા અને થતાં આવે છે ત્યારે જે જે સરકાર આવે છે તે એના ઉપર નજર કરે છે. સમાજની અંદર કોઇ ઉભી થયેલી પરિસ્થિતિમાં ખેડૂતો તેમની જમીનોમાં કેવી જાતની તકલીફો ભોગવે છે તેનો ખ્યાલ જ્યારે સરકારને આવે છે ત્યારે એની અંદર સુધારા મૂકે છે. આજે મને કહેતા આનંદ થાય છે કે આ સરકારને માનનીય શ્રીમતી આનંદીબહેનની સરકારમાં આ એક ખુબ સારી એવી ત્રુટિ ખ્યાલમાં આવી છે સમગ્ર સમાજમાં ખેડૂતોને એક મોટું પેનિક છે, ખેડૂત જમીન ખરીદે છે ખેડૂત અભણ છે ખેડૂત નિર્દોષ છે એને ખબર નથી એ શું કરે છે. એને ખેતી માટે જમીન ખરીદવાની ઇચ્છા થાય છે અને એ જમીન ખરીદે છે પરંતુ એ જ્યારે જમીન ખરીદે છે ત્યારે એ એટલું જ જુએ છે કે આ જમીન કોની પાસે છે, ખેડૂત ૭/૧૨ અને ૮/અ નો ઉતારો જોઇએ છે, એને એમ લાગે છે કે આ જમીન ચોખ્ખી છે એનો દસ્તાવેજ થાય છે, દસ્તાવેજ કરનારા પણ એમને મદદ કરે છે, દસ્તાવેજ થયા પછી રેકર્ડ ઉપર દસ્તાવેજ આવી જાય છે અને ૭/૧૨ના ઉતારામાં નવો ખેડૂત દાખલ થાય છે, વરસો વીત્યા પછી એની સ્થિતિ એવી થાય છે કે એ જમીન એને વેચવી છે, જ્યારે એ જમીન કોઇ ખેડૂતને વેચાણ કરવા માગે છે ત્યારે એ વખતે જે અધિકારીઓ હોય એ એનું ટાઇટલ જૂએ છે અને જ્યારે ટાઇટલની ત્રુટિનો ખ્યાલ આવે છે. જ્યારે જ્યારે આપણે પક્ષીઓને ચણ નાંખીએ છીએ, ચકલાઓને ત્યારે કાગડા વચ્ચેથી પહેલાં ચણ ખાઇ જાય છે, એમ આની અંદર સમાજમાં એવી વ્યક્તિઓ રહેતી હોય છે, જે જમીનોનો સોદો કરે છે જમીનના રેકર્ડમાં એમની એન્ટ્રી નંખાવી દે છે વ્યવસ્થા કરીને એ એન્ટ્રી પોતાના નામે કરે છે અને પરિણામે રેકર્ડમાં ખામી ઉભી થાય છે અને એના કારણે એ ત્રુટિ જે રહી જાય

છે એ છેલ્લો ખેડૂત જ્યારે જમીન વેચવા જાય છે ત્યારે એને ભોગવવાનું આવે છે. આ જમીન એને વેચવી છે ત્યારે અધિકારીઓને ઘણી મુશ્કેલી પડે છે અધિકારીઓ જાણે છે કે આ અધિકૃત ખેડૂત જમીન વેચાણ કરવા માગે છે પણ આ વેચાણ શક્ય નથી, કારણ કે મામલતદારે વચ્ચે કહ્યું કે આની અંદર હું એન્ડોસ કરીશ નહીં કલેકટર પણ કહે કે આ અધિકૃત ખેડૂત છે પરંતુ તેના નામે ચડી શકતી નથી એ સંજોગોમાં જો કોઇ આનો ફેંસલો કરી શકે તેમ હોય તો તે સરકાર છે અને આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ ત્રૂટિ શોધી કાઢી છે અને તેના કારણે અધિકૃત ખેડૂત તે જમીન ખરીદે તે વખતે તેને પડતી મુશ્કેલીઓનો આની અંદર સમાવેશ કર્યો છે. ૩૦-૬ પહેલાંના આવા જેટલા કરારો થયા હોય, આવી જેટલી ત્રૂટીઓ ખેડૂતોના નામે આવી હોય તે તમામ ત્રૂટીઓને બાજુમાં મૂકીને ફકત ૧૦ ટકા એને સરચાર્જ આપીને ખેડૂત જે છે તે ફકત જંત્રીના દસ ટકા ચાર્જ ભરે તો તે તેના નામે ખેતી અધિકૃત કરી શકે છે, જમીન લઇ શકે છે આ એક સુંદર કાયદો છે, કાયદામાં સુધારો છે. આ આટલા વર્ષો પછી ખ્યાલમાં આવ્યો આ પડેલી ગંદકીથી આની કેટલી તકલીફ ઉભી થઇ તે તો જેને જમીનનો અનુભવ હોય તેને ખબર છે. એટલુ જ નહીં પણ સરકારે ખૂબ ઉદારતાપૂર્વક તેનો ઉલ્લેખ પણ કર્યો છે કે ૩૦-૬ પહેલાં કાયદામાં એવી પણ જોગવાઇ સૂચવી છે કે આવા બિન ખેડૂતના વેંચાણ, વ્યવહાર સબંધે રેવન્યુ તંત્ર સમક્ષ ચાલતી અપીલો, રીવીઝન અરજીઓ પણ પડતી મૂકવામાં આવનાર છે. કેટલી ઉદારતાપૂર્વક આ સરકારે આ કાયદામાં સુધારો કર્યો છે હજારો અરજીઓ પડી છે, તેને લીટીગેશનો પડયા છે તે તમામને નેસ્ત નાબૂદ કરવાનો પણ અધિકાર આપ્યો છે તેથી લીટીગેશનનો પણ અંત આવશે અને સરકારી તંત્રનો સમય અને નાણાંનો વ્યય અટકશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ પ્રમાણે ઘણી સંસ્થાઓ, ચેરીટેબલ ટ્રસ્ટો પણ જમીન ખરીદે છે. એમને એ ખબર નથી કે એન.એ.કરવું કે શું કરવું અને કેવી રીતે કરવું. કારણ કે ચેરીટી ઉભી કરનાર બધા લોકો ભણેલાં હોય છે એવું નથી હોતુ, એકસપર્ટ હોય છે એવું નથી હોતું જમીન ખરીદે છે, તેનો વિકાસ કરે છે અને પછી તેમને આવી સંસ્થાઓને પશ્ચાદવર્તી અસરથી પરવાનગી મળી શકતી નથી તેનો પણ સમાવેશ કર્યો છે. કોઇ સારું કામ કરનારી સંસ્થાઓને પણ આ બાબતમાં પડતી મુશ્કેલીઓનો અંત લાવવા માટે આની અંદર પ્રોવિઝન કર્યુ છે ત્યારે હું આ સરકારને અભિનંદન આપુ છું અને આ કાયદો પસાર કરવા માટે હું હૃદયપૂર્વકની અપીલ કરું છું ધન્યવાદ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દુષ્યંતભાઇ અને માનનીય નરોત્તમભાઇએ મને સમર્થન આપ્યું તે બદલ હું આભાર માનુ છું. આ કાયદામાં આપણે ચેરીટેબલ ટ્રસ્ટોને પણ આવરી લીધા છે કે સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ની અન્ડરમાં રજિસ્ટ્રેશન થયેલી જે સખાવતી સંસ્થાઓ છે તે ખરેખર સામાજિક સેવાનું, ધાર્મિક કામનું અથવા પાંજરાપોળ કે ગૌશાળા વગેરે ચલાવે છે એવા ટ્રસ્ટોએ પણ જો પોતાનો અધિકાર નથી છતાં જમીનની ખરીદી કરી હશે તો તેમની જમીનને પણ ૨૦૧૫ના જૂન મહિનાની ૩૦મી તારીખ અથવા એની સાપેક્ષમાં જે પ્રસ્તુત જમીન ખરીદી હોય એવા તમામને પણ યોગ્ય રકમની ચૂકવણી કરે તો એની જમીન પણ દસ્તાવેજને ખરીદવાની પરવાનગી નિયમિત કરવાની પરવાનગી માનનીય અધ્યક્ષશ્રી આપણે આ કાયદા અન્વયે આપી રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારના ધ્યાન ઉપર ઘણી વખત એવુ આવ્યુ છે કે જે વ્યકિતઓ ખેડૂત ના હોય એ ખોટી રીતે ખેડૂત બની ગયા હોય અને જમીન ખરીદી હોય અને આવુ ધ્યાન ઉપર આવે તો તે જમીન તો આપણે હવે કાયદો અમલમાં આવ્યા પછી નવી જોગવાઇ તરીકે જે ખેડૂત થવાપાત્ર નથી અને ખેડૂત થઇ જાય છે અને જમીન ખેતી તરીકે, ખેડૂત તરીકે ખરીદે છે એવા કિસ્સા ધ્યાનમાં આવશે તો એ જમીન મૂળ માલિકને પાછી આપવામાં આવશે એટલે એ સોદો રદ કરવામાં આવશે અને જેણે ખોટી રીતે ખેડૂત બની આવી જમીન ખરીદી છે એને એ જમીનની કિંમતનો ત્રણ ગણો દંડ કરવામાં આવશે. આ કાયદો આપણે એટલા માટે લાવીએ છીએ કે આદિવાસી વિસ્તારોમાં આદિવાસી ભાઇઓની જમીન ઘણાં લોકો કાયદા પ્રમાણે ખરીદી શકતા નથી. છતાં ચેનકેન પ્રકારે ખરીદી લે છે અને પછી ખેડૂત તરીકે એ જમીન વાપરે છે એટલે આદિવાસીઓની ખોટી રીતે જમીન વેચાઇ ના જાય, આદિવાસી જમીન વિહોણો થઇ ન જાય, એની આપણે આમાં એક તો સલામતી રાખીએ છીએ અને રાજયમાં અન્ય જગ્યાએ કોઇ ખોટી રીતે ખેડૂત ખાતેદાર બની જાય તો એ ધ્યાન ઉપર આવ્યેથી એની જમીન ખાલસા કરવામાં આવશે. મૂળ જમીન માલિકને એ જમીન પાછી આપવામાં આવશે અને જે કિંમતે એને એ જમીન ખરીદી હશે એનો ત્રણ ગણો દંડ ખરીદનાર પાસે લેવામાં આવશે અને ખરીદનાર નહીં ભરે તો એના ઉપર કાયદાકીય કાર્યવાહી કરીને એ દંડની વસુલાત કરવામાં આવશે. એવી જોગવાઇ પણ ખેડૂતો માટે આપણે કરી છે. એટલે ખેડૂતને ફાયદો કર્યો છે, નાના ઉદ્યોગને ફાયદો કર્યો છે, ટ્રસ્ટોને, ચેરીટેબલ ટ્રસ્ટોને ફાયદો કર્યો છે અને આદિવાસોઓની જમીન ખોટી રીતે ના વેચાઇ જાય અને કોઇ ખોટી રીતે ખેડૂત થઇ એની જમીન ખરીદી ના લે એ માટે આ જોગવાઇ આપણે કરી છે. એ વધારાની બાબત હું ધ્યાન ઉપર મૂકું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૫નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા(સુધારા) વિધેયક નું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ-૨ પરનો સુધારો

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ ૨ ઉપરનો નીચે પ્રમાણેનો મારો સુધારા ક્રમાંક-૧ રજૂ કરું છું.

In Clause 2, in sub-clause (3), in sub-clauses (a) and (b) of clause (vi) of new sub-section (4B), proposed to be inserted in section 63AA of the Gujarat Tenancy and Agricultural Lands Act 1948, add the words, brackets, letters and figure "as referred to in sub-clause (i) of clause (c) of sub-section (3)", at the end

સુધારા ક્રમાંક–૧ રજૂ કરવામાં આવ્યો.

સુધારા ક્રમાંક–૧ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ –૨ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.

સુધારેલી કલમ–૨ વિધેયકનો ભાગ બની.

કલમ ૩ થી ૫ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.

કલમ ૩ થી ૫ વિધેયકનો ભાગ બની.

કલમ–૬ પરનો સુધારો

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ–૬ ઉપરના નીચે પ્રમાણેના સુધારા ક્રમાંક–૨ અને ૩ રજૂ કરું છું.

In Clause 6, in sub-clause (2), read the word, brackets and figure "sub-section (2)", for the word, brackets and figure "sub-section (3)",

In Clause 6, in sub-clause (3), in sub-clauses (a) and (b) of clause (vi) of sub-section (3B), proposed to be inserted in section 55 of the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949, add the words, brackets, letters and figure "as referred to sub-clause (i) of clause (c) of sub-section (2)" at the end.

સુધારા ક્રમાંક ૨ અને ૩ રજૂ કરવામાં આવ્યા.

સુધારા ક્રમાંક–૨ અને ૩ મત માટે મૂકવામાં આવ્યા અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યા.

સુધારેલી કલમ–૬ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સુધારેલી કલમ–૬ વિધેયકનો ભાગ બની

કલમ–૭ પરનો સુધારો

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ ૭ પરનો નીચે પ્રમાણેનો મારો સુધારા ક્રમાંક–૪ રજૂ કરું છું.

"In clause 7, in sub-section (1) of new section 75 A, proposed to be inserted in the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949, read the words "the Collector" for the words "the Mamalatdar".

સુધારા ક્રમાંક–૪ રજૂ કરવામાં આવ્યો.

સુધારો ક્રમાંક–૪ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૭ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.

સુધારેલી કલમ–૭ વિધેયકનો ભાગ બની.

કલમ–૮ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.

કલમ–૮ વિધેયકનો ભાગ બની.

કલમ–૯ પરનો સુધારો

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ ૯ પરનો નીચે મુજબનો મારો સુધારા ક્રમાંક–૫ રજૂ કરું છું.

In clause 9, in sub-clause (3), in sub-clauses (a) and (b) of clause (vi) of new sub-section (4B), proposed to be inserted in section 89A of the Gujarat Tenancy and Agricultural Lands (Vidarbha Region and Kutch Area) Act, 1958, add the words, brackets, letters and figure "as referred to in sub-clause (i) of clause (c) of sub-section (3)" at the end.

સુધારા ક્રમાંક–૫ રજૂ કરવામાં આવ્યો.

સુધારો ક્રમાંક–૫ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૯ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.

સુધારેલી કલમ–૯ વિધેયકનો ભાગ બની.

કલમ ૧૦ અને ૧૧, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫
ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક, ૨૦૧૫

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૫નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૫નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨૮
ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક, ૨૦૧૫
ગુજરાત ખેત–જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૬૦ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૧૫ના ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૧૫ના ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ભૂતકાળમાં જે આઝાદી પછીના જમીન સુધારા થયા તેમાં ગુજરાત જમીન ખેત ટોચમર્યાદા અધિનિયમ–૧૯૬૦ એ પ્રજા માટે, ખેડૂતો માટે, નાના વર્ગ, મધ્યમ વર્ગ માટે ખૂબ ઉપયોગી હતો. તે વખતે જે મોટા પ્રમાણમાં જમીનદારોની જમીનો હતી એ જમીનો નાના નાના ખેડૂતોને ખૂબ મોટા, વ્યાપક પ્રમાણમાં જયારે મળી, તે જમીન ટોચમર્યાદા કાયદો અમલમાં છે અને તેના કારણે જે જમીનો, વધારાની ફાજલ થયેલી જમીનો હતી એ જમીનો રાજય સરકારને પ્રાપ્ત થઇ અને એ જમીનો ખેતી માટે, નાના ખેડૂતો માટે ફાળવણી કરવી એ તેનું મુખ્ય લક્ષ્ય હતું અને એ પ્રમાણે અત્યાર સુધીમાં મોટા પ્રમાણમાં કામગીરી પણ થઇ છે. હવે જે પ્રમાણે શહેરીકરણ વધ્યું છે, શહેરોનો વ્યાપ વધ્યો છે અને ઘણી જગ્યાએ મહાનગરપાલિકા હોય તેમને પોતાની જરૂરિયાત માટે, સાર્વજનિક ઉપયોગ માટે જમીનોની ઉપલબ્ધતા કરાવવી એ જરૂરી છે, એટલા માટે જ રાજય સરકારમાં આવી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ તરફથી જે રજૂઆતો

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

આવી તેને ધ્યાનમાં લઇ જે જમીન ટોચમર્યાદા કાયદાની જમીનો પ્રાપ્ત થઇ એ જમીનો સાર્વજનિક હેતુ માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને એટલે કે મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ વગેરેને દવાખાના બનાવવા હોય, શહેરી ગરીબોના મકાનો બનાવવા હોય, બાગ–બગીચા બનાવવા હોય, શાળાઓ વગેરે બનાવવી હોય, આવી સાર્વજનિક જરૂરિયાતની જમીન ઉપલબ્ધ કરાવવાની જરૂરિયાત હોય તો આ ટોચમર્યાદા હેઠળની જે જમીનો રાજય સરકારને સંપ્રાપ્ત થઇ છે એ જમીનો ફાળવી શકાય એવો સુધારો કરવા માટે હું આ બિલ લઇને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે ગુજરાતનો અનેકગણો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. પહેલાં નગરપાલિકા, મહાનગરપાલિકા એટલે પીવાનું પાણી, રસ્તા એવી બધી નાની મોટી પ્રાથમિક જરૂરિયાતો સંતોષતી હતી, પણ હવે જેમ જેમ જીવન આગળ વધતું ગયું, આધુનિકીકરણ વધતું ગયું, લોકોની જરૂરિયાતો વધતી ગઇ, શહેરોની વસતિ પણ વધતી ગઇ તેને આનુષાંગિક આ સાર્વજનિક જગ્યાઓ ફાળવવી જરૂરી છે એટલે આપણે ફાળવી રહ્યા છીએ.

બીજું, રાજયમાં મોટા પ્રમાણમાં ઔધોગિક વિકાસ થાય છે. તે વિકાસમાં પણ કોઇ ખાનગી ઉદ્યોગકારે મોટા પ્રમાણમાં ખાનગી જમીનો ખરીદી હોય એ ખાનગી જમીનોની વચ્ચે આવી કોઇ સાર્વજનિક જમીન જો આવી જાય, યુ.એલ.સી.ની જમીન અથવા સરકારની જમીન તો એ સરકારની જમીન જો મોટી ઇન્ડસ્ટ્રીઝ નાખવી હોય, હજારો–લાખો લોકોને રોજગારી મળે એવું સર્જન કરવું હોય તો તેને પૂરતી જમીન, એકતરફી જમીન મળવી જરૂરી છે, કારણ કે, ટેકનોલોજી હોય, મશીનરીનું એક્સપાન્સન હોય, ગોડાઉન હોય કે અન્ય જરૂરિયાત હોય તો એના માટે એકહથ્થુ જમીન જોઇએ. એમને કોલોની કરવાની હોય, ક્વાર્ટર બનાવવાના હોય, ઓફિસો કરવાની હોય. આપણે આ બધુ સમજીએ છીએ. વચમાં કોઇ સરકારી જમીન આવે, આવવા–જવાનો રસ્તો હોય, ત્યારે પ્રશ્નો થાય. સરકાર પણ એ જમીનનો ઉપયોગ કરવા ઇચ્છતી હોય તો આજુબાજુમાં જુદી જુદી રીતે ડેવલપ થયું હોય, વિકાસ થયો હોય તો જમીન સરકાર બીજા કોઇને આપી શકે નહીં. એટલે સરકારમાં જે રજૂઆત અને માગણી આવી એને ધ્યાનમાં લઇ મહેસૂલ વિભાગ તરફથી આ સુધારો આવ્યો છે એને આપણે

---

• વિધેયક તા. ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સુધારીશું. ક્યાંક મોટી જગ્યાની જરૂરિયાત સામે કોઇ નાનો ટૂકડો સરકારનો એ ડેવલપમેન્ટની વચ્ચે આવતો હોય તો એ સરકારની જમીન તે વ્યક્તિને આપીએ અને બીજી સામે એટલી જ જમીન અરસપરસ સામસામે બદલીને તે સરકારને આપે. દા.ત. બે વિઘા જમીન આપી હોય તો બીજી જગ્યાએ બે વિઘા જમીન તે ઉદ્યોગ તરફથી સરકારને ફાળવવામાં આવે. એટલે સરકારની જમીન પણ ક્યાંય ઓછી ન થાય અને જેને ઉદ્યોગ કરવો છે એને વચમાં સરકારી જમીન જે ટાપુ જેવી આવતી હોય એ ન આવે અને આખા વિસ્તારમાં ડેવલપમેન્ટ કરી શકે એના માટેની સત્તા આપવા માટે આપણે આ સુધારો લાવ્યા છીએ. એટલે એક સુધારો શહેરી વિસ્તારની જમીન, નગરપાલિકાને, મહાનગરપાલિકાને યુ.એલ.સી.માંથી પ્રાપ્ત થયેલી જમીન આપી શકાય એ સુધારો છે. આમાં બીજું મેં કહ્યું એ પ્રમાણે એકત્રીત જથ્થામાં કોઇ નાની જમીન ફાળવવાની થતી હોય તો અરસપરસ બદલાના સ્વરૂપમાં એ જમીન ફાળવી શકાય એ બે પ્રકારની કલમો આપણે સુધારીએ છીએ. જે મંજૂર કરવા માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક ૨૦૧૫ લઇને આવ્યા છે ત્યારે એને મારું સમર્થન આપવા અને વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે ખેત જમીન ટોચ-મર્યાદા ધારો કે જે ખેતીની જમીનો હોય તેમાંથી સરકાર જ્યારે પ્રાપ્ત કરે અને સરકારી જમીન પ્રાપ્ત કર્યા પછી ખેતીની જમીનમાં બિલકૂલ ઘટાડો ન થાય એ શરતે આ કલમમાં સુધારો કરતું આ વિધેયક છે. માનનીય મંત્રીશ્રીએ શહેરી સત્તામંડળની વાત કરી. ક્યાંક જમીન વચ્ચોવચ્ચ આવેલી હોય અને જ્યારે એ જમીન ખેતીલાયક હોય અને એ જમીન ઉદ્યોગગૃહોની વચ્ચે હોઇ પણ ન શકે અને જે હેતુસર આ મહેસૂલ વિભાગ સુધારા લાવ્યા છે એને આવકારું છું. જે મુખ્ય કલમ ૩૦ પછી નીચેની કલમ દાખલ કરવાની વાત છે. એમાં મારી વાત એવી છે કે, શહેરી સ્થાનિક મંડળ અથવા કોઇ વ્યક્તિને ફાળવેલી કોઇ જમીન જુના જમીનના ભોગવટા પ્રમાણેની રહેશે અને એમાં કલમ ૩૦ (ક) દાખલ કરવાની વાત છે. ખેત જમીન ટોચ મર્યાદા ધારા હેઠળ સરકાર હસ્તક પ્રાપ્ત જમીનો સરળ રીતે જાહેર હેતુસર ઉપયોગમાં આવે અને સાથોસાથ આવી જમીનો ઔદ્યોગિક વિકાસને બાધક ન બને તે હેતુસર મહેસૂલ વિભાગ આ સુધારાઓ લાવ્યા છે. આ સુધારાના કારણે ઉદ્યોગમાં લેવાતી કે ઉદ્યોગકારોને ફાળવવામાં આવતી જમીનને કારણે ખેતીલાયક જમીનમાં કોઇ ઘટાડો થશે નહીં. નજીકમાં આવેલ ખેતીલાયક જમીન સરકારને આપવાની રહેતી હોય તો એ આપી શકાશે અને કાયદાનું હાર્દ પણ જળવાશે અને રાજ્યના ઔદ્યોગિક વિકાસને પણ જાળવી શકાશે અને તેમાં વધારો કરી શકાશે. ઔદ્યોગિકકરણને વેગ આપવા તથા રોજગારીના સર્જન માટે આ જોગવાઇમાં કેટલોક સુધારો જરૂરી બન્યો છે અને એ સંજોગોમાં કલમ-૩૦માં સુધારા કરવાનું નક્કી કરેલ. ભવિષ્યમાં કોઇપણ પ્રકારની વહીવટી ગૂંચ ન આવે અને સરળતાથી તબદીલ થઇ શકે તે માટે કાયદાની કલમ-૩૦ ઉમેરવામાં આવી છે. જેના પરિણામે પ્રજાને પડતી હાડમારીનો અંત આવી શકશે. આ પ્રમાણેના વર્ષોથી જે કાયદાઓ જરૂરી હતા જેને ક્યારેય કોઇએ વિચાર્યું ન હતું. અત્યારના ગતિશીલ ગુજરાતના વડા ભારતીય જનતા પાર્ટીના વડા અને આપણા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ જે સુધારા પ્રજાની હાડમારી દૂર કરવા લઇને આવ્યા છે એને ધન્યવાદ આપું છું, આભાર માનું છું અને આ બિલને સમર્થન આપું છું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૫નું ગુજરાત સુધારા વિધેયક ૨૮ લઇને માનનીય નીતિનભાઇ કે જેઓ પણ મહેસૂલના માસ્ટર છે એ લઇને આવ્યા છે એ બિલને હું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદો ક્યારેય જડ હોતો નથી. કાયદામાં લચીલાપણું હોય છે. જરૂર પડે ત્યારે કાયદામાં ફેરફારો કરવા પડતા હોય છે. આ ૧૯૬૦નો કાયદો ઘરડો થયો, ઘરડા માણસને ટેકાની જરૂર પડે એટલે જ્યારે જ્યારે જરૂરિયાત ઉભી થાય ત્યારે કાયદામાં બીજા સંશોધનો કરીને વિધેયકથી એને મજબૂત કરવો પડે અથવા તો ઉપયોગી કરવો પડે. જાહેર જનતા માટે, ખેત મજૂરો માટે, ભૂમિહીનો માટે આ કાયદાની જરૂરિયાત ઉભી થઇ. કારણ કે ૧૯૬૦ના કાયદા અન્વયે જે કાંઇ જમીન આપણને ફાજલ મળી એ જમીન જ્યાં હતી ત્યાં ક્યાંક આજુબાજુ શહેરીકરણના કારણે અથવા ઔદ્યોગીકરણના કારણે એનો વિસ્તાર વધતો ગયો અને આ જમીનો વચ્ચે પોકેટ લેન્ડ રહી ગઇ. એ પોકેટ લેન્ડની જરૂરિયાત બાજુમાં આવેલ ઉદ્યોગ હોય તો એને હતી અથવા જ્યાં શહેર હોય તો શહેરમાં એ જાહેર જનતા માટે ઉપયોગી થઇ શકે એ માટે એ લેવી પડે. એના કારણે આ સંશોધનની જરૂર હતી અને તેના કારણે કલમ-૨૧ તથા કલમ ૨૬ મુજબ પ્રાપ્ત થતી આ જમીન, તેમાં પણ સરકારે કાળજી રાખી છે કે ગોચરની જમીન નહીં. ગોચરની જમીન એમને એમ રાખીને સંશોધન કર્યું તેની અંદર ખંડ-૪ પછી બે સંશોધનો મૂક્યા. ખંડ-૫ મુજબ જમીન શહેરી સ્થાનિક મંડળના વિસ્તારોની અંદર આવેલી હોય, ત્યારે જાહેર હેતુ માટે, આવું કોઇપણ સ્થાનિક મંડળ એટલે કે કોર્પોરેશન કે નગરપાલિકા અને ખંડ-૬માં જમીન શહેરી સ્થાનિક મંડળના વિસ્તારોની બહાર આવેલી હોય, ત્યારે ઔદ્યોગિક હેતુ માટે અથવા તેના વિકાસના હેતુ માટે કોઇપણ વ્યક્તિ, આ સુધારો આપણે લાવ્યા છીએ. કલમ-૩ પછી ૪ અને ૫, બીજા બે સુધારા મૂક્યા અને તેમાં ઠરાવવામાં આવ્યું કે આવી રીતે અને તેવી શરતોને આધીન રહીને આવી જમીન કોઇ જાહેર હેતુ માટે વેચીને ફાળવવી જોઇશે. કલમ-૫માં તે જ પ્રમાણે આપણે સુધારા લાવ્યા. સરકારનું કામ શું હોય છે? સરકારનું કામ એ હોય છે કે જૂના અને જરી-પૂરાણા કાયદા થઇ ગયા હોય અને લોકોને મુશ્કેલી પડતી હોય તો એ મુશ્કેલીમાંથી માર્ગ કાઢવો. આપણી આ કામ કરતી અને ગતિશીલ સરકારના કારણે આપણે આ નવા સુધારા લાવ્યા છીએ. જેથી કોઇ જાતની હાડમારી રહે નહીં. આમાં આમુખમાં પણ ફેરફાર કર્યો છે. પ્રિઅમ્બલમાં ફેરફાર કરવાના કારણે એને મૂલવી

શકાય. એને સરળ રીતે આપણે આપી શકીએ. આમુખમાં જે ફેરફાર કર્યો તેમાં પૂરેપૂરો અને કાર્યસાધક ઉપયોગ કરવા માટે એવો શબ્દ હતો તેના બદલે અથવા ઔદ્યોગિક હેતુ માટે ફાળવણી કરવા માટે અથવા તેના વિકાસ માટે અથવા કોઇ જાહેર હેતુ માટે આ શબ્દો આપણે આમેજ કર્યા. આ ફાજલ પડતી જમીન સરકારે સહકારી કૃષિ મંડળી કે જેના સભ્ય ખેતમજૂર હોય, ભૂમિહીન વ્યક્તિ હોય, ઓછી જમીન ધરાવનાર હોય અથવા આવી વ્યક્તિઓમાંથી હોય તે સહકારી કૃષિ મંડળી હોય તો ખેતમજૂરો, ભૂમિહીન વ્યક્તિ અથવા ઓછી જમીન ધરાવનાર આવી સહકારી કૃષિ મંડળીના સભ્ય હોય, ખેતમજૂર અને ભૂમિહીન વ્યક્તિ હોય અને નાની જમીન ધરાવનારને લાભ કરાવવા માટે સરકાર આ કાયદામાં સુધારા લાવી છે. આટલું સુંદર સંશોધન વિધેયક લાવવા બદલ હું માનનીય નીતિનભાઇને અભિનંદન આપતો નથી, પરંતુ તેમના સહિત આખા મંત્રીમંડળને અભિનંદન આપીશ, આ સરકારને અભિનંદન આપીશ. ધન્યવાદ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા જે ખેત જમીન ટોચ મર્યાદા કાયદો, યુ.એલ.સી.માં સુધારા બાબતમાં મેં અગાઉ વિચારો રજૂ કર્યા એમાં માનનીય સભ્યશ્રી પરબતભાઇ પટેલ અને માનનીય વકીલશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ એને સમર્થન આપ્યું એ બદલ હું એમનો આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો એ સમગ્ર ગુજરાતની જે ગતિશીલતા છે, ગુજરાતનો વિકાસ છે એને વધુ વેગ આપવો અને ખાસ કરીને શહેરી ગરીબોને, શહેરી વર્ગની જનતાને વધુ સગવડો પૂરી પાડવા માટેનો અમારો સુધારો છે એટલે એ મંજૂર કરો એવી વિનંતી છે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૨૮- સન ૨૦૧૫નું ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ-૨ થી ૪, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૨૮- સન ૨૦૧૫નું ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૨૮- સન ૨૦૧૫નું ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

## રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં અંગે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ (રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની કાયદો અને વ્યવસ્થાની પ્રવર્તમાન પરિસ્થિતિ અને તેના અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંની વિગત દર્શાવતું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળનું નિવેદન રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં વિવિધ સમાજો તરફથી સરકારી નોકરીઓ તેમજ ઉચ્ચ શિક્ષણમાં અનામત આપવાની માંગણીઓ છેલ્લા કેટલાક સમયથી કરવામાં આવી રહી છે. આ માંગણીઓના સમર્થનમાં પગપાળા રેલી, બાઇક રેલી, કેન્ડલ રેલી, આવેદનપત્રો, મિટીંગ, પત્રકાર પરિષદો, સ્નેહમિલનો, શપથ, જાહેર સભા, પત્રિકાઓની વહેંચણી જેવા કાર્યક્રમો આપવામાં આવતાં સરકાર દ્વારા આ બાબતમાં વિવિધ સમાજોની રજૂઆતો/માંગણીઓ સંદર્ભમાં સર્વગ્રાહી વિચારણા કરવા રાજયના સિનિયર કેબીનેટ મંત્રી શ્રી નીતિનભાઇ પટેલના અધ્યક્ષપદે મંત્રીમંડળના અન્ય છ મંત્રીશ્રીઓની બનેલ એક ઉચ્ચકક્ષાની સમિતિની રચના કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમિતિએ તા.૧૭-૦૮-૨૦૧૫ અને તા.૧૯-૦૮-૨૦૧૫ના રોજ વિવિધ સમાજના પ્રતિનિધિઓની લેખિત તથા મૌખિક રજૂઆતો સાંભળેલ હતી. આ રજૂઆતો અંગે રાજ્ય સરકારને વિસ્તૃત અહેવાલ સોંપવામાં આવશે તેવી હૈયાધારણ રજૂઆતકર્તાઓને આપવામાં આવેલ હતી. આ સમિતિ દ્વારા પાટીદાર આંદોલન સમિતિના શ્રી હાર્દિકભાઇ પટેલને સમિતિ સમક્ષ રજૂઆત કરવા માટે તા. ૨૨-૮-૨૦૧૫ ના રોજ આમંત્રણ પાઠવીને બોલાવવામાં આવ્યા પરંતુ અનામત આંદોલન સમિતિના સભ્યો દ્વારા તા. ૨૩-૮-૨૦૧૫ના રોજ લેખિતમાં આમંત્રણનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો પરંતુ તે પૈકીના ત્રણ સભ્યોએ તા. ૨૪-૮-૨૦૧૫ના રોજ ઉપસ્થિત રહી સમિતિ સાથે બે-ત્રણ કલાક ચર્ચા કરેલ હતી. ત્યારબાદ તા. ૨૫-૮-૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે જી.એમ.ડી.સી. મેદાનમાં પાટીદાર અનામત આંદોલન સમિતિના નેજા હેઠળ મહાસભા અને ત્યારબાદ કલેકટર કચેરી સુધીની રેલીનું અગાઉ કરેલ આયોજન ચાલુ રાખવામાં આવ્યું હતું. મહાસભા તથા રેલીનો કાર્યક્રમ કોઇપણ પ્રકારના સંઘર્ષ વગર સરળતાથી પૂર્ણ થાય તેવા આશય સાથે રાજય સરકાર અને પોલીસે તમામ શકય સહકાર દાખવ્યો હતો. કલેકટરશ્રી, અમદાવાદ આવેદનપત્ર સ્વીકારવા માટે જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે ગયા, પરંતુ આંદોલનકારીઓ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું નહીં અને શ્રી હાર્દિક પટેલે અચાનક એવી જાહેરાત કરી કે આવેદનપત્ર કલેકટરને નહીં પરંતુ રાજયના મુખ્યમંત્રીશ્રી અહીં આવીને સ્વીકારે તો જ આપવામાં આવશે અને એમણે એવી પણ જાહેરાત કરી કે મુખ્યમંત્રીશ્રી અહીં આવીને આવેદનપત્ર નહીં સ્વીકારે ત્યાં સુધી હું ઉપવાસ પર બેસીશ. તેમણે આવી જાહેરાત

કરતા આયોજકોમાં મતભેદ ઉભો થતાં એક ગૃપે રેલી કાઢવાની શરૂઆત કરી અને તેમાં મોટો સમુદાય જોડાતા તેઓ પણ સ્ટેજ છોડીને રેલીમાં જોડાઇ ગયા. કલેકટર કચેરીએ પહોંચીને તેઓએ જાહેરાત કરી કે હું ફરી જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ પર જઇ ઉપવાસ પર બેસું છું અને આવેદનપત્ર પોતે આપેલ નહીં અને જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ તરફ પરત જતા રહેલ. ત્યારપછી કમિટીના બીજા માણસોએ કલેકટરને આવેદનપત્ર આપેલ. ત્યારપછી ત્યાં પોલીસ અને આયોજકોના માણસો વચ્ચે ઘર્ષણ થતાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા અને વધુ અવ્યવસ્થા ન સર્જાય તેવા હેતુસર તેઓ તમામને સુરક્ષિત જગ્યાએ લઇ જઇને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૬૮ અને ૬૯ મુજબની કાર્યવાહી કરવામાં આવી હતી. ઉપરોકત કાર્યવાહીના સમાચાર ફેલાતા આંદોલનકારીઓ દ્વારા અમદાવાદ શહેરમાં ઘણી જગ્યાએ તોડફોડની ઘટનાઓ બની. અમદાવાદમાં બનેલી ઘટના અંગેના સમાચાર રાજયમાં ફેલાતા રાજયના અમુક ભાગમાં તોડફોડ અને આગચંપીની ઘટનાઓ બનેલ. અનામત આંદોલનના સંદર્ભે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમયાંતરે સમીક્ષા કરવામાં આવતી હતી. સરકાર દ્વારા સૌ પ્રથમ તા. ૨૦–૮–૨૦૧૫ના રોજ કેન્દ્ર સરકાર પાસેથી આરએએફની ચાર કંપની મંગાવવામાં આવેલ હતી ત્યારબાદ કેન્દ્ર સરકાર પાસે સીએપીએફની ૧૫ કંપનીઓની માંગણી કરવામાં આવેલ હતી. તા. ૨૧–૮–૨૦૧૫ના રોજ રાજય સરકાર દ્વારા તમામ વર્તમાનપત્રોમાં જાહેર જનતાને બંધારણીય જોગવાઇઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી હતી. તા. ૨૩–૮–૨૦૧૫ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજયમાં શાંતિ અને સુમેળ જાળવી રાખવા માટે પ્રજાજોગ સંદેશ તમામ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તા. ૨૫–૮–૨૦૧૫ બાદ રાજયમાં બનેલ હિંસક બનાવોને કાબૂમાં લેવા રાજય સરકાર પાસે ઉપલબ્ધ તમામ પોલીસ ફોર્સ (એસઆરપીએફ સહિત) ઉપયોગમાં લેવામાં આવ્યો છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર તરફથી રાજયમાં ઉપલબ્ધ થયેલ સીએપીએફની ૪૨ કંપનીઓ અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે તથા વધારાની ૧૧ સીએપીએફની કંપનીઓ ટૂંકમાં રાજય સરકારને ઉપલબ્ધ થશે. તા. ૨૬–૮–૨૦૧૫ના રોજ રાજયમાં બનેલ બનાવોને ધ્યાને લઇ કેન્દ્ર સરકાર પાસે લશ્કરની મદદની માગણી કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે રાજય સરકારની આ માગણી ગ્રાહ્ય રાખતા અમદાવાદ, સુરત, રાજકોટ અને મહેસાણા ખાતે સ્થાનિક તંત્રને મદદરૂપ થવા લશ્કરના જવાનો ગોઠવવામાં આવ્યા. રાજયમાં ઉશ્કેરણીજનક અફવાઓ ફેલાય નહીં એ આશયથી તમામ પોલીસ કમિશ્નરશ્રીઓને તથા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને સીઆરપીસીની કલમ–૧૪૪નો ઉપયોગ કરી મોબાઇલ ઇન્ટરનેટ સેવાઓ પર હંગામી પ્રતિબંધ મુકવા જણાવવામાં આવ્યું. પરવાનાવાળા હથિયારો જમા લઇ લેવા માટે સ્થાનિક તંત્રને સૂચના આપવામાં આવી છે. લોકોમાં એકતા, એખલાસ અને શાંતિ જળવાઇ રહે તે હેતુથી શાંતિ સમિતિ, એકતા સમિતિઓ, મહોલ્લા સમિતિઓને કાર્યાન્વિત કરી જે તે વિસ્તારોમાં શાંતિ જળવાઇ રહે તેવા તમામ પ્રયાસો કરવા, જેમાં સ્થાનિક અને ધાર્મિક અગ્રણીઓને સામેલ કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. રાજયના ધાર્મિક અગ્રણીઓ, સંતો દ્વારા સર્વ પ્રજાજનોને શાંતિ સદભાવના જાળવવા હાર્દિક અપીલ કરવામાં આવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તા. ૨૫–૮–૨૦૧૫ અને ૨૬–૮–૨૦૧૫ ના રોજ રાજ્યના પ્રજાજનોને શાંતિ અને ધૈર્ય જાળવવા પ્રજાજોગ વાયુ સંદેશામાં અપીલ કરવામાં આવી છે. તદુપરાંત તા. ૨૬–૮–૧૫ ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા ગુજરાતની પ્રજાજોગ જાહેર અપીલ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ ત્વરીત અસરકારક પગલાંનાં કારણે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ થાળે પડતી જાય છે. આજરોજ રાજયમાં કોઇ અનિચ્છનીય બનાવ બનેલ નથી. રાજયનું જનજીવન પૂર્વવત બને તે માટે આપ સૌ તમામ પ્રયાસો કરશો અને રાજય સરકારના પ્રયાસોમાં સહભાગી બનશો તેવી અપેક્ષા રાખું છું.

## સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક–૨૨
## ગુજરાત વિદ્યુત શુલ્ક(સુધારા) વિધેયક,૨૦૧૫

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૫ના ગુજરાત વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૫ના ગુજરાત વિદ્યુત શુલ્ક(સુધારા) વિધેયક આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી સૌરભભાઇ પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૫નું ગુજરાત વિદ્યુત શુલ્ક(સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી સૌરભભાઇ પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી એક્ટ ૧૯૫૮ આની અંદર સુધારા લઇને હું આપની વચ્ચે આવ્યો છું. ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી એ આપણા રાજયની એક ખૂબ અગત્યની રેવન્યુ છે. આ રેવન્યુને પ્રોટેકશન કરવા માટે આ કાયદામાં સુધારા માટે મારાં સૂચન છે. ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી જે વીજળી વપરાય છે, તેટલું કન્ઝ્યુમ થાય છે તે કન્ઝ્યુમર દ્વારા પે કરવામાં આવે છે. ઘણી વખત બનતું હોય છે કે કન્ઝ્યુમર આ ઇલેક્ટ્રિસિટીના પેમેન્ટો નથી કરી શકતા. જયારે ન કરી શકતા હોય અને કદાચ કાલે ઉઠીને મેટર લિક્વિડેશનમાં જાય તો પહેલા ચાર્જ કોનો એ સુધારો લઇને આ હાઉસની

---

* વિધેયક તા.૧૯મી ઓગસ્ટ ૨૦૧૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અંદર આવ્યો છું. આપણે ત્યાં ઉદ્યોગો ખૂબ મોટા ઝડપથી આગળ વધતા આવ્યા છે. ઉદ્યોગની અંદર ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી હોય છે. ઘણી વખત ભરી શકતા નથી. ઘણી વખત બનતું હોય છે કે એ સીક યુનિટ થતું જાય છે. હવે જ્યારે સીક યુનિટ થાય ત્યારે તે ઉદ્યોગને બેન્કોએ ધિરાણ કરેલું હોય છે. બેન્કે ધિરાણ કર્યુ હોય તે મશીનરી માટે કરેલ હોય, ધિરાણ લેન્ડ માટે કર્યુ હોય અને આજની તારીખમાં જ્યારે સરફેસી એક્ટ પાસ થયો પછી સિક્યોર્ડ ક્રેડિટર્સ જે બેન્કો હોય ફાઇનાન્શિયલ ઇન્સ્ટિટ્યૂટ હોય એ લોકોનો પહેલો રાઇટ એ એસેટ ઉપર હોય છે. એ પતી જાય પછીના પછી બીજા ક્રેડિટરને પૈસા આપવાના હોય છે. આના કારણે ગવર્નમેન્ટના ડ્યૂસ ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી અને એના ઉપરનું વ્યાજ હોય એ આપણને મળતું ન હતું, કારણ કે જે કોઇ એસેટ વેચાય તે વેચીને ફાઇનાન્સિયલ ઇન્સ્ટિટ્યૂટને પૈસા મળી જતા હતા. આ કાયદામાં ૮-એ ના સુધારા પછી હવે પહેલો ચાર્જ રાજ્ય સરકારનો રહેશે. કોઇપણ મિલકત વેચાય એ મિલકતમાંથી જે કોઇ રૂપિયા આવે તે રૂપિયા ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીમાં ભરપાઇ થાય તે પ્રમાણે આ કાયદામાં સુધારો લાવ્યા છીએ. આના કારણે રાજ્ય સરકારના જે ડ્યૂસ છે એ ડ્યૂસ કાયમ માટે સુરક્ષિત રહેશે. રાજ્ય સરકારના ડ્યૂસ અપાઇ જાય પછી ફાઇનાન્શિયલ ઇન્સ્ટિટ્યૂટને એની રીકવરી મળશે. સિક્યોર્ડ ક્રેડિટર્સને મળશે પછી અનસિક્યોર્ડ ક્રેડિટર્સને પૈસા મળશે. તે ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીની આપણી આવક આશરે ૫૮૦૦ કરોડ રૂપિયા જેટલી છે એમાં ખાસ કરીને ઉદ્યોગમાંથી આવે છે અને ઉદ્યોગો જો માંદા પડી જાય તો પૈસાની સુરક્ષા માટે ૮-એ ની અંદર સુધારા લઇ આ વિધાનસભાની અંદર હું આવ્યો છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ગુજરાત વિદ્યુત શુલ્ક સુધારા વિધેયક ૨૦૧૫ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકોથી રચાયેલી સરકાર, લોકો માટે અને લોક વિકાસ માટે આ સરકાર હર હંમેશ આગળ આવી છે અને સારા નિર્ણયો લીધા છે. સરકાર દ્વારા સરફેસી એક્ટ એટલે તેને ઇંગ્લીશમાં કહીએ તો સિક્યુરીટાઇઝેશન રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સીયલ એક્ટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ આ કેન્દ્ર સરકારનો કાયદો છે. આ કાયદા હેઠળ જેમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે નાણાંકીય મિલકતની વહેંચણી નિયમિત કરવા કેટલાક માર્ગદર્શક સૂચનો ઘડવામાં આવેલા છે અને તે મુજબ આ એક્ટની જોગવાઇ છે. કોર્ટ કે ટ્રીબ્યુનલના હસ્તક્ષેપ વગર લેણદાર તેની રકમને પ્રાપ્ત કરી શકે છે. જો કોઇ દેવાદાર અર્થાત ચૂકવણી કરતી કંપની એટલે કે ઇન્ડસ્ટ્રીયાલીસ્ટ તેવી નાણાંકીય ચૂકવણીની જવાબદારીમાં નિષ્ફળ જાય ત્યારે આ એક્ટ હેઠળ લેણદાર કે જેનું નાણાંકીય હિત રચાયેલ છે તે વ્યક્તિ આ રકમને સુનિશ્ચિત કરી શકે છે. આ એક્ટ બેન્ક અને નાણાંકીય સંસ્થાઓને તેની પાસેથી નાણાં ઉછીના લેનાર વ્યક્તિ સંસ્થા સામે રક્ષણ પૂરું પાડે છે અને આવા કિસ્સામાં મિલકતને હસ્તગત કરવી કે વેચાણ કરવા માટેના હકક આપે છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે તમામ લેણદાર હોય અને જ્યારે યુનિટ માંદુ પડે છે ત્યારે અત્યાર સુધી એમ હતું કે ઇલેક્ટ્રીસીટી ડ્યુટી તે સૌથી છેલ્લે લેવાતી હતી. જ્યારે કંઇ બાકી હોય અને સૌથી પહેલા જે માગતા હોય તેના ચાર્જીસ પતી જતા હોય તો ઇલેક્ટ્રીસીટી ડ્યુટી પે કરી શકતા ન હતા. તેથી રાજ્ય સરકારે વિદ્યુત શુલ્ક સમાહર્તા કચેરીએ વીજ કરની આવક રાજ્ય સરકારની મહેસૂલી આવક છે અને આ આવક રાજ્યના વિકાસના ઉપયોગમાં લેવાતી હોય છે ત્યારે તેને પ્રથમ ચાર્જ તરીકે લેવો તેવો સુધારો આ બિલમાં માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા મંત્રી આદરણીય સૌરભભાઇ પટેલ સને ૨૦૧૫ના વિધેયક ક્રમાંક-૨૨ ગુજરાત વિદ્યુત શુલ્ક સુધારા અધિનિયમ ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક લાવ્યા છે તેમને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો ગતિશીલ ગુજરાતના પ્રણેતા શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વવાળી આ સરકારના વહીવટમાં આદરણીય સૌરભભાઇ પટેલ તેમના ઉર્જા ખાતામાં સૌરભ પુરાવા સમાન આ સુધારા વિધેયક લાવ્યા છે તેને હું હાર્દિક અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારથી ગુજરાતના ખમીરવંતા, વિશ્વમાં અને દેશમાં એક વિઝનરી અને વિકાસના પર્યાય તરીકે જેમને બિરુદ મળી ચૂક્યું છે તેવા તત્કાલીન મુખ્યમંત્રી અને આજે ગુજરાતના ગૌરવસમા એવા વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ આ રાજ્યની ધુરા સંભાળી ત્યારથી અને તેને ગતિ પુરવાનું કામ આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં ભાજપા સરકારમાં આખા દેશમાં ઔદ્યોગિક સ્થાનમાં ગુજરાતે એક આગવી અને ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બની ચૂક્યું છે ત્યારે સમગ્ર દેશની અંદર ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં મોખરે છે. રાજ્યમાં નવા ઉદ્યોગો આવવાની સાથે રાજ્યને વીજ કરની પણ આવકો થતી હોય છે. પરંતુ હમણાં જ સૌરભભાઇ અને મારા સાથી શ્રી દુષ્યંતભાઇએ વાત કરી તે મુજબ આની સાથોસાથ ક્યારેક ઉદ્યોગો બંધ પણ પડતા હોય છે અને માંદા પણ પડતા હોય છે. જે પુનર્જીવીત થવાની શક્યતાઓ હોતી નથી ત્યારે આવા ઉદ્યોગો સરકારી કરવેરા સહિતની નાણાંકીય જવાબદારી સમયસર નિભાવી શકતા નથી. આવા સંજોગોમાં માનનીય મંત્રીશ્રીએ વાત કરી એમ આવા એકમો એ લિક્વિડેશન અને ફડચામાં જાય તો સરકારી કરવેરાની જવાબદારીના નાણાં પ્રથમ ચૂકવવાના થાય અને આવા સંજોગોમાં માંદા એકમના સરકારી કરવેરા એટલે કે એ પ્રજાના પૈસા છે એ વસુલ કરવા માટે હાલના વિજકરના કાયદામાં જરૂરી સુધારો કરવો આવશ્યક બન્યો અને એના માટે માનનીય મંત્રીશ્રી આ બિલ લઇને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાથી સભ્યશ્રી દુષ્યંતભાઇએ વાત કરી એમ મહેસૂલી આવકની સંતુલિતતા જળવાય એ પણ ખૂબ જરૂરી છે ત્યારે આ પ્રજાના પૈસા એ મહેસૂલી આવકરૂપે આ વીજદરના સુધારામાં આવવાના છે એટલા માટે આ સુધારો દાખલ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, સરફેસી

એક્ટની પણ અહીંથી વાત થઇ છે, એની હેઠળ ભારત સરકાર તરફથી કેટલીક માર્ગદર્શક સૂચનાઓ પણ આમાં ઘડવામાં આવેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, એનો પણ અહીંથી ઉલ્લેખ થયો છે એટલે વિશેષ ઉલ્લેખ નથી કરતો. રાજય સરકાર દ્વારા ગુજરાત ઇલેક્ટ્રિસિટી એક્ટ ૧૯૫૮ના સેક્શન ૮ની વિવિધ જોગવાઇઓ હેઠળ રાજય સરકાર દ્વારા હવે એક નવી કલમ હેઠળ સુધારો દાખલ કરેલ છે. સરફેસી એક્ટમાં સમાવેશ કરેલ ભિન્ન કે પ્રતિકૂળ અથવા અન્ય કોઇ એક્ટ કોઇ એક સમય પૂરતો અમલમાં હોય ત્યારે કોઇ વ્યક્તિ, માલિક, ગ્રાહક કે સંસ્થા વીજકરના લીધે વ્યાજ અથવા પેનલ્ટી સરકારને ભરવા માટે જવાબદાર હોય છે. તેમાં વ્યક્તિ, માલિક, ગ્રાહક કે સંસ્થાની મિલકત માટે પ્રથમ હક એ સરકારને મળવાપાત્ર થશે મતલબ કે રાજયની મહેસૂલી આવકની સંતુલિતતા જળવાઇ રહેશે અને ગુજરાત તેની વિકાસની ઉંચાઇને આગળ લઇ જઇ શકશે એટલા માટે સૌરભભાઇ આજે વિદ્યુત શુલ્ક સુધારા વિધેયક ક્રમાંક–૨૨ અહીં લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું, અભિનંદન આપું છું અને સમયની સાથે ચાલનારી આ સરકારે વધુ એક આવો સુધારો અહીંયા દાખલ કર્યો છે ત્યારે એ સમયમાં પાછળ ન રહી જાય એવી પહેલ ગુજરાત ભાજપની સરકારે કરી છે ત્યારે હું અભિનંદન આપું છું અને આ વિધેયકને આવકારું છું અને સમર્થન આપું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૫નું ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૨ અને ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૫નું ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૫નું ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

દાખલ કરવાના બિન સરકારી વિધેયકો)

ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક, ૨૦૧૫

ગુજરાત રાજ્યમાં અવાજ પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા, તેનું નિયમન કરવા અને તેને દૂર કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઇ કરવા માટેનું વિધેયક

શ્રી રજનીકાન્ત મો. પટેલ (અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો

શ્રી રજનીકાન્ત મો. પટેલ (અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૫નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

ગુજરાત અમુક જાહેર સ્થળોમાં ધૂમ્રપાન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક, ૨૦૧૫

જાહેર સ્થળોમાં ધૂમ્રપાન કરવા પર અને હુક્કા બાર પર પ્રતિબંધ મૂકવા માટેની અને ધૂમ્રપાન ન કરનાર વ્યક્તિઓના સ્વાસ્થ્યનું રક્ષણ કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક

ડો. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું ગુજરાત અમુક જાહેર સ્થળોમાં ધૂમ્રપાન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો

ડો. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૫નું ગુજરાત અમુક જાહેર સ્થળોમાં ધૂમ્રપાન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક, ૨૦૧૫

ધોરી માર્ગો ઉપર થતા અકસ્માતોના નિવારણ માટે અને તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઇઓ કરતું વિધેયક

શ્રી અશોકકુમાર ર. પટેલ (ગાંધીનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો

શ્રી અશોકકુમાર ર. પટેલ (ગાંધીનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૫નું ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૬
દાખલ કરવાના બિન સરકારી વિધેયકો

જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક, ૨૦૧૫
રાજ્યમાં જાહેર સંસ્થાઓ દ્વારા થતાં ખોટી ગુજરાતી જોડણીના ઉપયોગને નિયંત્રણમાં રાખવા માટે જોગવાઇ કરવા માટેનું વિધેયક,

શ્રીમતી મનિષા રા. વકીલ (વડોદરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો

શ્રીમતી મનિષા રા. વકીલ (વડોદરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૫નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન સરકારી વિધેયકો

સચિવશ્રી : સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંકઃ૧૭, સન ૨૦૧૫નું ગુજરાત બિન નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક. ( થોડીવાર બાદ ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

સભાગૃહનું કામકાજ સાંજના ૫-૦૬ વાગ્યે પૂરું થતાં, સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| અનિલ જોષીયારા | રાજ્યમાં અતિવૃષ્ટિ અને પૂરથી મૃત્યુ પામેલ દિવંગતોનો શોકદર્શક ઉલ્લેખ | ૧૦ |
| અશ્વિન કોટવાલ | રાજ્યમાં અતિવૃષ્ટિ અને પૂરથી મૃત્યુ પામેલ દિવંગતોનો શોકદર્શક ઉલ્લેખ | ૧૨ |
| આનંદીબેન મ. પટેલ | ૧૩મી ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી રાજેન્દ્રભાઇ પરભુભાઇ પટેલના અવસાન અંગે | ૨ |
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કલજીભાઇ રત્નાજી કટારાના અવસાન અંગે | ૩ |
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કાનજીભાઇ રાયાભાઇ તળપદાના અવસાન અંગે | ૪ |
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બેચરભાઇ ખાતુજી બારાના અવસાન અંગે | ૪ |
| | પૂર્વ અધ્યક્ષશ્રી બરજોરજી કાવસજી પારડીવાલાના અવસાન અંગે | ૨ |
| | પૂર્વ મંત્રીશ્રી શંકરભાઇ દેસાઇભાઇ વાઘેલાના અવસાન અંગે | ૩ |
| | પૂર્વ મંત્રીશ્રી સનતકુમાર મગનલાલ મહેતાના અવસાન અંગે | ૨ |
| | પૂર્વ સભ્યશ્રી ડો.કાંતિલાલ મણીલાલ પટેલના અવસાન અંગે | ૩ |
| | ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડો.એ.પી. જે.અબ્દુલકલામના અવસાન અંગે | ૧ |
| | રાજ્યમાં અતિવૃષ્ટિ અને પૂરથી મૃત્યુ પામેલ દિવંગતોનો શોકદર્શક ઉલ્લેખ | ૪ |
| ગૌતમભાઇ રા. ચૌહાણ | રાજ્યમાં અતિવૃષ્ટિ અને પૂરથી મૃત્યુ પામેલ દિવંગતોનો શોકદર્શક ઉલ્લેખ | ૧૧ |
| ચીમનભાઇ ધ. સાપરીયા | ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૨૫૦ |
| જીતેન્દ્રભાઇ સ. વાઘાણી | ગુજરાત વિદ્યુત શુલ્ક(સુધારા) વિધેયક,૨૦૧૫ | ૨૬૧ |
| જોઇતાભાઇ ક. પટેલ | રાજ્યમાં અતિવૃષ્ટિ અને પૂરથી મૃત્યુ પામેલ દિવંગતોનો શોકદર્શક ઉલ્લેખ | ૧૦ |
| દુષ્યંતભાઇ ર. પટેલ | ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા(સુધારા) વિધેયક,૨૦૧૫ | ૨૫૪ |
| | ગુજરાત વિદ્યુત શુલ્ક(સુધારા) વિધેયક,૨૦૧૫ | ૨૬૧ |
| નરોત્તમભાઇ ત્રિ. પટેલ | ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા(સુધારા) વિધેયક,૨૦૧૫ | ૨૫૪ |
| | રાજ્યમાં અતિવૃષ્ટિ અને પૂરથી મૃત્યુ પામેલ દિવંગતોનો શોકદર્શક ઉલ્લેખ | ૭ |

| | | |
|---|---|---|
| નારાયણભાઇ લ. પટેલ | રાજ્યમાં અતિવૃષ્ટિ અને પૂરથી મૃત્યુ પામેલ દિવંગતોનો શોકદર્શક ઉલ્લેખ | ૧૧ |
| નીતિનભાઇ ર. પટેલ | અતિ ભારે વરસાદને કારણે સર્જાયેલ તારાજીના પરિણામે થયેલ નુકસાન માટે જરૂરી આર્થિક સહાય આપવા અંગે. | ૨૪૦ |
| | ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૨૫૭ |
| | ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા(સુધારા) વિધેયક,૨૦૧૫ | ૨૫૧ |
| | ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૨૫૦ |
| પંકજ દેસાઇ | ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા(સુધારા) વિધેયક,૨૦૧૫ | ૨૫૬ |
| | ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા(સુધારા) વિધેયક,૨૦૧૫ | ૨૫૬ |
| પુંજાભાઇ ભી. વંશ | રાજ્યમાં અતિવૃષ્ટિ અને પૂરથી મૃત્યુ પામેલ દિવંગતોનો શોકદર્શક ઉલ્લેખ | ૧૩ |
| પરબતભાઇ સ. પટેલ | અતિ ભારે વરસાદને કારણે સર્જાયેલ તારાજીના પરિણામે થયેલ નુકસાન માટે જરૂરી આર્થિક સહાય આપવા અંગે. | ૨૪૦ |
| પરબતભાઇ સ. પટેલ | ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૨૫૮ |
| મિતેષભાઇ ક. ગરાસીયા | રાજ્યમાં પીજીના રેસીડન્સ ડોકટરોના સ્ટાઇપેન્ડમાં વધારો કરવાની દરખાસ્ત | ૫૭ |
| | રાજ્યમાં મંજૂર કરેલ સેઝ, કેન્દ્ર સરકાર દ્વારા રદ કરવા બાબત | ૨૧ |
| રજનીકાન્ત સો. પટેલ | કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં અંગે. | ૨૫૯ |
| રાજેન્દ્ર ત્રિવેદી | ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૨૫૮ |
| રામસિંહ પ્ર. પરમાર | રાજ્યમાં અતિવૃષ્ટિ અને પૂરથી મૃત્યુ પામેલ દિવંગતોનો શોકદર્શક ઉલ્લેખ | ૧૧ |
| શંકરસિંહ લ. વાઘેલા | પોઇન્ટ ઓફ ઓર્ડર | ૨૩૯ |
| શંકરસિંહ લ. વાઘેલા | રાજ્યમાં અતિવૃષ્ટિ અને પૂરથી મૃત્યુ પામેલ દિવંગતોનો શોકદર્શક ઉલ્લેખ | ૪ |
| શંકરસિંહ લ. વાઘેલા | વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત | ૨૪૮ |
| | વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત | ૨૪૮ |
| | વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત | ૨૪૮ |
| શકિતસિંહ હ. ગોહિલ | રાજ્યમાં અતિવૃષ્ટિ અને પૂરથી મૃત્યુ પામેલ દિવંગતોનો શોકદર્શક ઉલ્લેખ | ૭ |
| | વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત | ૨૪૮ |
| સૌરભભાઇ પટેલ | ગુજરાત વિદ્યુત શુલ્ક(સુધારા) વિધેયક,૨૦૧૫ | ૨૬૦ |